णमो तित्थस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्री गंगेशोपाध्यायविरचित "तत्त्वचिंतामणि" ग्रन्थना अंशभूत



સામાન્ય નિરુક્તિ

દીધિતિ + ગાદાધરી વૃતિ તથા ગુજરાતી વિવેચન સહિત

વિવેચનકાર
પં. ચન્દ્રશેખરવિજયજી

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

श्रीगंगेशोपाध्यायप्रणीत तत्त्वचिंतामणी ग्रन्थ अंतर्गत

सामान्य निरुक्ति

श्रीरघुनाथशिरोमणिकृत दीधिति तथा
श्रीगदाधरभट्टाचार्य विरचित गादाधरी उपर
चन्द्रशेखरीया गुजराती विवेचन सहित

विवेचनकार
पं. चन्द्रशेखरविजयजी

३४९

कमल प्रकाशन ट्रस्ट

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી

આવૃત્તિ :
પ્રથમ સંસ્કરણ : નકલ : ૫૦૦
સંવત ૨૦૬૧, તા. ૨૦-૧૦-૨૦૦૫

મૂલ્ય રૂા. ૭૫/-

ટાઈપસેટિંગ :
અરિહંત ગ્રાફિક્સ
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

મુદ્રક :
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.

વિવેચનકારની પ્રસ્તાવના

વિ.સં. ૨૦૦૮ના વૈ.વ. છઠ્ઠે ભાયખલા-મુંબઈમાં મારી દીક્ષા થઈ.

મારા તરણતારણહાર દીક્ષા દાતા - જીવનદાતા - ગુરુદેવ પૂજ્યપાદ સ્વ. આ. દેવ **શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

સર્વ રીતે મારા અનન્ત ઉપકારી ગુરુદેવ પૂજ્યપાદ સ્વ. આ. દેવ **શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

બે ય ગુરુદેવો વારાફરતી મારા પ્રાયશ્ચિત્ત દાતા - મારી ગુરુમૈયાઓ.

દીક્ષાના સોળ વર્ષ થયા અને - પ્રથમ ગુરુદેવશ્રીએ ધરતી ઉપરથી વિદાય લીધી.

એ કાળ એ મારો અભ્યાસકાળ તેમાં ગુરુદેવોના માર્ગદર્શન પૂર્વક ન્યાય અને વ્યાકરણનો અભ્યાસ કર્યો.

મારી એવી ટેવ પડી હતી કે જે જાણવું તેનું વિશદરૂપે લેખન કરવું.

અહીં નવ્ય ન્યાયના ગ્રન્થો ઉપર મેં કરેલા લેખનની વાત કરું.

લગભગ ૩ થી ૪ વર્ષમાં મેં તે અભ્યાસ પૂરો કર્યો.

ન્યાયસિદ્ધાન્ત મુક્તાવલિ, તેની ટીકા – દિનકરી, વ્યાપ્તિ પઞ્ચક (જાગદીશી અને માથુરીટીકા) સિદ્ધાન્ત લક્ષણ, અવચ્છેદક નિરુક્તિ, બાધ, પક્ષતા, સામાન્યલક્ષણા, તર્કપ્રકરણ, સમ્પ્રતિપક્ષ, વ્યધિકરણ સવ્યભિચાર, વ્યુત્પત્તિવાદ (બે કારક) ન્યાય-કુસુમાંજલિ (વર્ધમાનપ્રકાશટીકા) નામના ગ્રન્થો ધુરંધર પંડિતવર્યશ્રી દુર્ગાનાથજી પાસે હું ભણ્યો. તે જ વખતે - રોજેરોજ તેનું વિવેચન ગુજરાતી ભાષામાં લખતો ગયો. કુલ ૧૧ હજાર ઉપરાન્ત પેઈજો લખ્યા. લગભગ ૩૦ નોટો લખી.

પરમકૃપાળુ ગુરુમાતાની એવી ભાવના હતી કે તે તમામ ગ્રન્થોનું હિન્દીકરણ થાય. પછી કાશીના પંડિતોને તે પુસ્તકોના વિવરણનું મૂલ્યાંકન કરાવાય. પણ ભવિતવ્યતાએ તે વાત અમલમાં ન આવી.

ઘણી બધી નોટો અધ્યેતાઓમાં ફરતી રહી. તેના સહારાથી ગ્રન્થોનું ખૂબ અઘરું પઠન સાવ સરળ બની ગયું.

હવે ૪૫ વર્ષ બાદ તે વિવેચનનું મુદ્રણકાર્ય કમલ પ્રકાશનમાં શરૂ થયું છે.

મારા શિષ્યગણમાં નવ્ય-ન્યાયનો અભ્યાસ દસેક જેટલા મુનિઓએ કર્યો છે. તેમણે પણ જે ગ્રન્થોનો અભ્યાસ કર્યો તેના મારી મારફત પોતાના સ્વતન્ત્ર વિવેચનો લખ્યા છે.

કેટલાક મારા વિવેચનો, તો કેટલાક તેમના વિવેચનો કમલ પ્રકાશન ટ્રસ્ટ બે વર્ષથી મુદ્રિત કરી રહેલ છે.

અહીં તેમની નોંધ આપું છું.

(૧) ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલિ – પ્રેસમાં છે.

(૨) મુક્તાવલિ - ટીકા : દિનકરી – પ્રેસમાં છે.

(૩) વ્યાપ્તિપઞ્ચક - મુદ્રિત થઈ ગયેલ છે.

(૪) સિદ્ધાન્ત લક્ષણ ભાગ-૧-૨ – મુદ્રિત થઈ ગયેલ છે.

(૫) સામાન્ય નિરુક્તિ – પ્રસ્તુત વિવેચન.

હજી ઘણા ભાષાંતર પામેલા વિવેચનો મુદ્રિત કરી શકાય; પણ વર્ત્તમાનકાળમાં ઉપરની કક્ષામાં ગણાતા તે બધા ગ્રન્થોનો અભ્યાસ થતો જણાતો નથી. એટલે તેનું મુદ્રણ કમલ પ્રકાશન ટ્રસ્ટે હાથ ઉપર લીધું નથી.

આ ગ્રન્થોમાં ક્યાંય પણ મુદ્રણ-ક્ષતિ કે પદાર્થ-ક્ષતિ જોવામાં આવે તો મને તુરત જણાવવા વિનંતિ કરું છું.

તેવી ક્ષતિઓ બદલ ક્ષમા યાચું છું.

જૈન - જ્ઞાનભંડારોને, અધ્યયન કરનારા વિદ્યાર્થીઓને તથા અધ્યાપન કરતાં પંડિત-પ્રવરોને ઉપર્યુક્ત પુસ્તકો વિના મૂલ્યે કમલ પ્રકાશન ભેટ આપશે. પુસ્તકો પોસ્ટથી નહિ મંગાવતા રૂબરૂ મેળવવા.

તા. ૧૬-૧૦-૨૦૦૫
૨૦૬૧, આસો સુદ ૧૫મ
પંકજ સોસાયટી, અમદાવાદ-૭.

લિ. ગુરુપાદપદ્મરેણુ
પં. ચન્દ્રશેખરવિજય

એક ઉડતી નજર

'નવ્ય ન્યાય'નું નામ શ્રવણપથ પર આવતા તરત તેના આદ્યપ્રણેતા 'શ્રીગંગેશ ઉપાધ્યાય'નું નામ સ્મૃતિપટ પર આવ્યા વિના ન રહે. એક નાનો બાળક જેને કશી ગતાગમ પડે નહીં, જે લગભગ ઠોઠ જેવો હતો, તેના મગજમાં અચાનક એક દિવસ એવો જાદુ થયો કે તેણે નવ્યન્યાયની રચના કરી અને તે રચના એવી કરી કે ભલભલા વિદ્વાનોને ય તેને ઉકેલવામાં નાકે દમ આવી જાય. શ્રીગંગેશજીએ નવ્યન્યાયનો મૂળભૂત તત્ત્વચિંતામણી નામનો ગ્રંથ રચ્યો. આ તત્ત્વચિંતામણી ગ્રંથના અમુક અમુક અંશોને લઈ પાછળથી થયેલા ટીકાકારોએ તેના પર સ્વતંત્ર ટીકાઓ રચી અને ટીકાસહિત તે અંશો જુદા જુદા લઘુગ્રંથો રૂપે બહાર આવ્યા, જેમકે - વ્યાપ્તિના પૂર્વપક્ષીએ કહેલા પાંચ લક્ષણો ઉપર મથુરાનાથે માથુરી ટીકા રચી અને જગદીશ તર્કાલંકારે જાગદીશી ટીકા રચી અને તે 'વ્યાપ્તિપંચક' નામના ગ્રંથરૂપે બહાર આવ્યો. ઉત્તરપક્ષીએ કહેલા વ્યાપ્તિના સૈદ્ધાંતિક લક્ષણ ઉપર રઘુનાથ શિરોમણીએ દીધિતિ ટીકા રચી અને જગદીશ તર્કાલંકારે જાગદીશી ટીકા રચી અને તે 'સિદ્ધાંતલક્ષણ' નામના ગ્રંથરૂપે બહાર આવ્યો. એવી જ રીતે હેત્વાભાસના ત્રણ લક્ષણો ઉપર રઘુનાથ શિરોમણીએ દીધિતિ ટીકા રચી અને ગદાધર ભટ્ટે ગાદાધરી ટીકા રચી અને તે 'સામાન્ય નિરુક્તિ' નામના ગ્રંથરૂપે બહાર આવ્યો. આવા અનેક ગ્રંથો નવ્યન્યાયમાં રચાયા છે.

પ્રસ્તુત પ્રકાશનમાં આ જ 'સામાન્યનિરુક્તિ' ગ્રંથ અનુવાદસહિત પ્રકાશિત કરાયો છે. આ મૂળગ્રંથમાં હેત્વાભાસના ત્રણ લક્ષણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. દીધિતિકારે આ મૂળગ્રંથ ઉપર સંક્ષિપ્ત પણ મહત્ત્વના મુદ્દાઓને આવરી લેતી દીધિતિ નામની ટીકા રચી છે. તેમાં "મૂળગ્રંથમાં તે તે પદો શા માટે મૂક્યા છે ?" તેના સચોટ અને સુંદર હેતુઓ આપ્યા છે. આ 'દીધિતિ' ઉપર ગદાધર ભટ્ટે 'ગાદાધરી' નામની વિસ્તૃત ટીકા રચી છે. તેમાં દીધિતિનું પદકૃત્ય કરાયું છે. તેમજ હેત્વાભાસના લક્ષણોની અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ જણાવવા દ્વારા સહેતુક પરિષ્કારો કરાયા છે. ટૂંકમાં આ નાના ગ્રંથની અંદર હેત્વાભાસના લક્ષણનું સંપૂર્ણ સ્વરૂપ આવરી લેવાયું છે. જો હેત્વાભાસનું સંપૂર્ણ જ્ઞાન હોય તો પ્રતિવાદીએ પ્રયોજેલા અસદ્ધેતુને ઓળખી, તેનો નિરાસ કરી, પોતાના સદ્ધેતુનો પ્રયોગ કરી, પોતાનો પક્ષ સ્થાપિત કરી શકાય છે. તે માટે આ ગ્રંથનું અધ્યયન ખૂબ ઉપયોગી બને તેમ છે.

જો કે નૈયાયિકમત જૈનમત કરતા તદ્દન ભિન્ન છે તેથી નૈયાયિકોના ગ્રંથોનું અધ્યયન

જૈનો માટે સીધી રીતે જરાય ઉપયોગી નથી, છતાં નૈયાયિકોના ગ્રંથોનો અભ્યાસ કરવા પાછળ મુખ્યતયા બે પ્રયોજનો છે : (૧) નૈયાયિકોના પદાર્થોનો અભ્યાસ કરી તેઓ જૈનમતથી ક્યાં ક્યાં જુદા અને ખોટા પડે છે તે વિચારવું અને તેના દ્વારા અવસરે અવસરે નૈયાયિકમતનું ખંડન કરી જૈનમતની સર્વોપરિતા સ્થાપવી. (૨) નૈયાયિક ગ્રંથોમાં આવતા વારંવારના આક્ષેપ-પરિહારોથી બુદ્ધિને એવી રીતે ઘડવી અને કસવી જેથી જૈનગ્રંથો વાંચતા તે તીક્ષ્ણ બનેલી બુદ્ધિ સર્વત્ર અપ્રતિહતગતિવાળી બને. આવી રીતે કસાયેલી બુદ્ધિ જૈનશાસ્ત્રોના ઉંડા રહસ્યાર્થોને પકડવામાં ખૂબ સહાયભૂત બને છે. આવી બુદ્ધિ તત્ત્વચિંતનમાં મિત્રની ગરજ સારે છે.

જૈનશાસ્ત્રોમાં યાકિનીમહત્તરાસુનુ પૂજ્યશ્રીહરિભદ્રસૂરિ મહારાજાના ગ્રંથો અને ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર્યના ગ્રંથો ખુબ મહત્ત્વના, ઉંડાણભર્યા અને આકર ગ્રંથો ગણાય છે. નવ્યન્યાયનો અભ્યાસ કર્યા પછી આ ગ્રંથોમાં ચંચુપાત કરવો સરળ પડે છે અને પદાર્થોનો બોધ સરળતયા થાય છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે પોતાના ગ્રંથોમાં નવ્યન્યાયનો ઉપયોગ કર્યો છે. તેથી નવ્યન્યાયમાં હથોટી બેસી જતા ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો ઉકેલવાની કળા હસ્તગત થઈ જાય છે.

નવ્યન્યાયના ગ્રંથો માત્ર વાંચી જવા માટે કે પંક્તિઓ બેસાડવા માટે જ નથી હોતા. ખરી હોંશિયારી તો દરેક પંક્તિની પાછળ છૂપાયેલા અને નહીં કહેલા એવા હેતુ-પ્રશ્નને શોધી કાઢવાની અને તે દ્વારા ચિંતન-શક્તિ, તર્કશક્તિ વધારવાની છે. પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથોનો અભ્યાસ પણ આવી શક્તિ ખીલ્યા બાદ સુગમ બને છે. કેમકે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથોમાં જેટલું શબ્દ દ્વારા નથી કહેવાયુ તેટલું અશબ્દ દ્વારા કહેવાયું છે. અને તે અશબ્દને શોધી કાઢવાની શક્તિ આવા અભ્યાસ પછી પ્રગટ થાય છે.

હાલ નવ્યન્યાયના અભ્યાસી સાધુ-સાધ્વીઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે. પણ સામે નવ્યન્યાયનો અભ્યાસ કરાવનારા વિદ્વાન સાધુઓ-પંડિતો બહુ વિરલ પ્રમાણમાં છે. તેથી ઘણા અભ્યાસુઓને સીદાવું પડે છે. આવા અભ્યાસીઓને તે ગ્રંથો ઉકેલવામાં - બેસાડવામાં મદદરૂપ બને એવા ઉદ્દેશથી કમલ પ્રકાશન ટ્રસ્ટે નવ્યન્યાયના ગ્રંથોની સરળ ટીકાઓ અને ભાવાનુવાદો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું છે. આ પૂર્વે વ્યાપ્તિપંચક અને સિદ્ધાંતલક્ષણની સરળ ટીકા અને ભાવાનુવાદ પ્રકાશિત થઈ ગયા છે. હાલ આ ટ્રસ્ટ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રખરપ્રવચનકાર પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર્યશ્રી દ્વારા લિખિત ભાવાનુવાદ સહિત 'સામાન્યનિરુક્તિ' ગ્રંથ પ્રકાશિત કરી રહ્યું છે. પ્રસ્તુત ભાવાનુવાદ પૂજ્યશ્રીએ

જ્યારે પોતે આ ગ્રંથ ભણતા હતા ત્યારે રચ્યો છે. પૂજ્યશ્રીએ આ ભાવાનુવાદ છપાવવાની દૃષ્ટિએ નહોતો રચ્યો પણ માત્ર પોતાના અભ્યાસ માટે જ રચ્યો હતો. એ રચતી વખતે કદાચ એમને પોતાને પણ કલ્પના નહી હોય કે આ ભાવાનુવાદ એક દિવસ પુસ્તકરૂપે પ્રગટ થઈ ઘણા અભ્યાસીઓ માટે ભોમિયાસ્વરૂપ બનશે. પૂજ્યશ્રીની એ એક વિશેષતા હતી કે કોઈ પણ ગ્રંથનો અભ્યાસ કરતી વખતે તેની નોટ અવશ્ય બનાવતા. અને એ નોટ એવી સુંદર, સરળ અને સચોટ બનાવતા કે એ નોટના આધારે પણ ઘણા અભ્યાસીઓ ગ્રંથો બેસાડી શકતા.

બીજા વિષયના ગ્રંથનો ભાવાનુવાદ રચવો સહેલો છે. પણ ન્યાયના ગ્રંથો પ્રથમ તો પોતે સમજવા જ અઘરા હોય છે, સમજ્યા પછી બીજાને સમજાવવા તો તેનાથી પણ અઘરા હોય છે. અને તેનો સરળ ભાષામાં ભાવાનુવાદ રચવો તો બહુ જટિલ અને દાદ માગી લે તેવું કાર્ય છે. પૂજ્યશ્રીએ ખૂબ જ સફળતાપૂર્વક આ કાર્ય પાર પાડ્યું છે.

બાહ્ય જગતમાં પૂજ્યશ્રીની છાપ એક પ્રખરપ્રવચનકાર અને સંસ્કૃતિપ્રેમી લેખક તરીકેની છે. જોશિલા પ્રવચનો દ્વારા એમણે ગુમરાહ થયેલા યુવાનોના જીવન પરિવર્તન કર્યા છે. એમણે લગભગ ૩૦૦ થી વધુ જેટલા પુસ્તકો લખી યુવા પેઢીનો ઉદ્ધાર કર્યો છે. પણ આ પુસ્તક પ્રગટ થયા પછી જનમાનસપટ પર એમની એક નવી છાપ ઉપસી આવશે અને એ હશે 'ન્યાયવિશારદ' તરીકેની.

એમણે નવ્યન્યાયના ઘણા ગ્રંથો ઉપર ભાવાનુવાદો લખ્યા છે, જેમકે - મુક્તાવલી, દિનકરી, વ્યાપ્તિપંચક, સિદ્ધાંતલક્ષણ, સામાન્યનિરુક્તિ, અવચ્છેદકત્વ નિરુક્તિ, પક્ષતા, સામાન્યલક્ષણાપ્રકરણ, તર્કપ્રકરણ, સવ્યભિચાર, વ્યધિકરણ, ન્યાયકુસુમાંજલી વગેરે. આમાંનું પ્રસ્તુત પ્રકાશન એ ત્રીજું પુષ્પ છે. આશા છે કે ટૂંક સમયમાં જ બાકીના પુષ્પો પણ સુગંધ પસરાવવા ખીલી ઊઠશે.

સંયમજીવનના પ્રારંભિક કાળમાં પૂજ્યશ્રીએ ખૂબ અભ્યાસ કરેલો. એમણે ૨૦,૦૦૦ શ્લોકો કંઠસ્થ કર્યા હતા. દરરોજ તેનું પુનરાવર્તન કરતા હતા. ૧ કલાકના ૧૦૦૦ શ્લોકોનો પાઠ કરતા હતા. શ્લોકોનો પાઠ એટલો બધો રૂઢ થઈ ગયેલો કે એમને ઘડિયાળ જોવાની જરૂર ન પડે. ૧૦૦૦ શ્લોકનો પાઠ થાય એટલે ૧ કલાક થઈ જ ગયો હોય. ન્યાયના વિષયમાં પણ પૂજ્યશ્રી ખૂબ ઊંડા ઉતરેલા. છેક ન્યાય કુસુમાંજલી સુધીનો અભ્યાસ કરેલો. જ્ઞાનાભ્યાસ સાથે ગુરુમહારાજની તનતોડ ભક્તિ પણ એમણે કરેલી. પોતાના ગુરુમહારાજની બધા પ્રકારની વૈયાવચ્ચ પોતે સંભાળતા. એમની દરેક પ્રવૃત્તિ પાછળ એક જ ઉદ્દેશ રહેતો "મારા ગુરુ મહારાજ કેમ ખુશ થાય ?" ગુરુ મહારાજને

પ્રસન્ન રાખવા તેઓ આકાશ-પાતાળ એક કરી નાખતા. એમના અભ્યાસથી ગુરુમહારાજને ખૂબ પ્રસન્નતા થતી. તેથી એમણે વિચાર્યું કે 'હું જેટલો વધુ અભ્યાસ કરીશ તેટલા ગુરુમહારાજ વધુ પ્રસન્ન થશે. તેથી રાત્રે સુવુ નથી. ૨૪ કલાક અભ્યાસ કરવો.' ડૉક્ટરની સલાહ લઈ ઊંઘ ન આવે તેવી ગોળીઓ લઈ એક મહિના સુધી સતત એક પણ મટકુ માર્યા વિના ૨૪ કલાક અભ્યાસ પૂજ્યશ્રીએ કર્યો હતો. આજે પૂજ્યશ્રીની જિનશાસનમાં જે પ્રભાવકતા દેખાય છે તેના મૂળમાં આવો ગુરુસમર્પણભાવ રહેલો છે. પૂજ્યશ્રી આજે લગભગ ૭૦ જેટલા શિષ્યરત્નોના ગુરુપદે બિરાજમાન છે. પૂજ્યશ્રીનો બ્રહ્મચર્ય ગુણ અદ્વિતીય છે. કોઈએ ક્યારેય પણ કોઈ સ્ત્રીને એકાંતમાં એમની સાથે વાત કરતા પાંચ મિનિટ માટે પણ નહી જોઈ હોય. પ્રભાવકતાની સાથે એમની અંતરની જાગૃતિ પણ ઉત્કટ કોટિની છે. તેથી જ તેઓ પ્રભાવકતાથી નિર્લેપ રહી શક્યા છે.

પ્રસ્તુત ભાવાનુવાદ પૂજ્યશ્રીએ એકદમ સરળ ભાષામાં રચ્યો છે. તેથી કોઈ અધ્યાપકની મદદ વિના પણ અભ્યાસુ પોતે જ એનો બોધ પામી શકે તેમ છે. આ ભાવાનુવાદ અતિસંક્ષિપ્ત પણ નથી અને અતિવિસ્તૃત પણ નથી. તેથી વાચકવર્ગ સહેલાઈથી તેનો બોધ પામી પોતાની અધ્યયનયાત્રા આગળ વધારી શકે છે.

પ્રાંતે આ ગ્રંથરત્ન ન્યાયાભ્યાસુઓ માટે ખૂબ ઉપયોગી બનશે. કોઈની પણ સહાયતા વિના માત્ર આ ભાવાનુવાદની મદદથી સામાન્યનિરુક્તિનો તલસ્પર્શી બોધ તેઓ પામી શકશે. સહુ તેના પઠન-પાઠન દ્વારા જિન-આગમોના ઐદંપર્યાર્થને પામી સ્વપરકલ્યાણને સાધે એજ શુભાભિલાષા.

નાના મોઢે મોટી વાતની જેમ મારું જ્ઞાન ઓછુ છે અને મેં લખી ઘણું જ નાખ્યું છે, તેમાં કંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયુ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

વિ.સં. ૨૦૬૧
તા. ૨૫-૮-૨૦૦૫

લિ.
આ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો શિષ્યાણુ
રત્નબોધિવિજય

ગણિવરશ્રી પૂ. મેઘદર્શન વિ.
મ.સા.ની પ્રેરણાથી

શ્રી નવજીવન
જૈન શ્વે. મૂ.પૂ. સંઘ

નવજીવન સોસાયટી,
લેમિંગ્ટન રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ફોન : ૨૩૦૧૧૪૦૬

ઉનાળુ વેકેશનમાં બે સંસ્કરણ શિબિરો

બે તપોવનમાં

શિબિરોમાં બાળકોને અવશ્ય મોકલો

બાળકોને મનગમતી, વિવિધતા સભર,
અનેક સ્પર્ધાઓ રમત ગમતો
અને ઈનામોથી ભરપૂર,
તૂફાનમેલ બાળકને ડાહ્યોડમરો બનાવતી,
એપ્રીલ - મે મહિનામાં યોજાતી,
હાઉસફૂલ થઈ જતી અને
જીવન - પરિવર્તક

ફી માત્ર ૫૦૦/- રૂપિયા

તપોવન સંસ્કારપીઠ

મુ. અમીયાપુર, પો. સુઘડ, ગાંધીનગર-૩૮૨૪૨૪.

ફોન : ૨૩૨૭૬૯૦૧

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ
સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી
સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
તપોવન સંસ્કારપીઠ, મુ અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૯૯૦૧-૯૦૨

લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩
રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨

નોંધ : પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના

સોપાન સર કરવાના લક્ષને વરેલા

તપોવનમાં ભણતા બાળકો

અતિથિઓને નમોનમઃ કરે છે.

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

માતાપિતાના સેવક બને છે.

પ્રભુના ભક્ત બને છે.

ગરીબોના બેલી બને છે.

પ્રાણીઓના મિત્ર બને છે.

શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

चन्द्रशेखरीया

આ ગ્રન્થમાં ૫ પ્રકારના હેત્વાભાસનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હેતુનું પૂર્વે નિરૂપણ કર્યા બાદ હેત્વાભાસનું નિરૂપણ કરવું જરૂરી છે. કેમકે દોષરહિત જે હેતુ તે સદ્ધેતુ કહેવાય અને દોષસહિત હેતુ હોય તો તે અસદ્ધેતુ અર્થાત્ હેત્વાભાસ કહેવાય. આમ હેતુત્વેન હેતુ તો બન્ને ય છે જ. એટલું જ માત્ર કે હેતુવદ્ જેમાં આભાસ થાય અથવા તો હેતુનો જે આભાસ તે હેત્વાભાસ દોષ કહેવાય.

આમ આ પ્રસંગ સંગતિ અહીં આવી.

હેતુના જ્ઞાનથી તત્ત્વજ્ઞાન થાય અને વાદીવિજય થાય. તે જ કાર્ય હેત્વાભાસના જ્ઞાનનું પણ છે, કેમકે એનું જ્ઞાન જો ન હોય તો પ્રતિવાદી હેત્વાભાસથી અસદનુમિતિ કરી લે તો ત્યાં અસત્તત્ત્વ (સાધ્ય)નો તે હેતુથી નિર્ણય થઈ જાય. હવે જો હેત્વાભાસનું જ્ઞાન હોય તો તરત જ પ્રતિવાદીને તે વખતે પરાસ્ત કરી શકાય. અર્થાત્ પ્રતિવાદી ઉપર વિજય મેળવી શકાય અને તત્ત્વનિર્ણય પણ થાય. આમ, હેતુ અને હેત્વાભાસનું એક જ કાર્ય હોવાથી **एककार्यकारित्वसंगति** પણ અહીં રહેલી છે.

હવે આપણે એ જોઈએ કે સદ્ધેતુ કોને કહેવાય ? સદ્ધેતુને શોધવાની સરળ રીત આ છે. પચ્ચરૂપથી જે ઉપપન્ન હોય તે સદ્ધેતુ કહેવાય. (**अयं सद्धेतुः पञ्चरूपोपपन्नत्वात्**) પક્ષસત્વ, સપક્ષસત્વ, વિપક્ષ-અસત્વ, અબાધિતત્વ અને અસત્પ્રતિપક્ષિતત્વ. આ ૫ રૂપો જે હેતુમાં ઉપપન્ન થાય તે સદ્ધેતુ કહેવાય.

वह्निमान् धूमात् સ્થળે જોઈએ. ધૂમની પક્ષમાં=પર્વતમાં સત્તા છે, સપક્ષ મહાનસમાં સત્તા છે, વિપક્ષ જલહ્રદમાં અસત્ત્વ છે, આ ધૂમ વહ્ન્યભાવવત્ પર્વતમાં રહી શકતો નથી એટલે અબાધિત છે, તેમજ તેની સામે સત્પ્રતિપક્ષ દોષ ઊભો થઈ શકતો નથી. (કોઈ ઊભો કરે તો તેમાં અનુકૂળતર્કાભાવાત્ તે સત્પ્રતિપક્ષનો હેતુ અપ્રયોજક બની જાય.) તેથી હેતુ અસત્પ્રતિપક્ષિત પણ છે. આમ પાંચ રૂપોથી આ હેતુ ઉપપન્ન હોવાથી તે સદ્ધેતુ કહેવાય.

આમાનું એક પણ રૂપ જો હેતુમાં ઉપપન્ન ન થાય તો તે અસદ્ધેતુ બની જાય.

પ્રશ્ન : **घटोऽभिधेयः वाच्यत्वात्** । અહીં વિપક્ષ જ કોઈ પ્રસિદ્ધ નથી તો

વિપક્ષાસત્ત્વ હેતુમાં ઉપપન્ન નહિ થાય અને તેથી આ વાચ્યત્વરૂપ સદ્ધેતુ પણ અસત્ બની જવાની આપત્તિ આવશે.

ઉત્તર : ના, એ માટે અમે કહીશું કે કવચિત્ આવા સ્થળે ચાર રૂપથી ઉપપન્ન હેતુ પણ સદ્ધેતુ બની શકે. અન્યત્ર તો એકની પણ ન્યૂનતા આવે તો તે સદ્ધેતુ બની શકે નહિ.

અસદ્ધેતુના વક્ષ્યમાણ લક્ષણમાંથી અન્યતમ લક્ષણને આપણે બધે હેતુમાં લગાડીને તેમાં અસદ્ધેતુ કે સદ્ધેતુનો નિર્ણય કરી શકીએ નહિ. એટલે પૂર્વોક્ત રીતિથી જ તે નિર્ણય સુગમતાપૂર્વક થઈ શકે.

હેત્વાભાસના મુખ્ય ૫ પ્રકાર છે. તેમાં વ્યભિચારના અવાંતર ૩ પ્રકાર છે. અસિદ્ધિના પણ અવાંતર ૩ પ્રકાર છે.

(૧) બાધ (૨) સત્પ્રતિપ્રક્ષ (૩) વ્યભિચાર (૪) વિરોધ (૫) અસિદ્ધિ

સાધારણ અસાધારણ અનુપસંહારી આશ્રયા-સિદ્ધિ સ્વરૂપા-સિદ્ધિ વ્યાપ્યત્વા-સિદ્ધિ

હેતુમાં પાંચ રૂપમાંનું કયું રૂપ નિત્ય છે ?

સાધ્યાભાववાન્ પક્ષઃ - બાધ - બાધિતત્વ છે.

સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ - સત્પ્રતિપક્ષ - સત્પ્રતિપક્ષિતત્વ છે.

સાધ્યાભાववદ્વૃત્તિત્વમ્ - વ્યભિચાર-વિપક્ષસત્ત્વ છે.

સાધ્યાસામાનાધિકરણઃ - હેતુ-વિરોધ - સપક્ષાસત્ત્વ છે, વિપક્ષ સત્ત્વ છે.

અથવા સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગી હેતુઃ - વિરોધ

આશ્રયાસિદ્ધિમાં કાંચનમયપર્વતો વહ્નિમાન્ ધૂમાત્ । દૃષ્ટાન્ત છે. અહીં આશ્રય જ અસિદ્ધ છે. સ્વરૂપાસિદ્ધિમાં હેતુ પક્ષમાં ન રહ્યો હોય. હા, ભલે તે હેતુ જગતમાં બીજે પ્રસિદ્ધ હોય. દૃષ્ટાન્તઃ **હ્રદો વહ્નિમાન્ ધૂમાત્ ।**

જો હેતુ જગતમાં ય અપ્રસિદ્ધ હોય તો તે હેત્વપ્રસિદ્ધિ દોષ કહેવાય. દા.ત. **પર્વતો વહ્નિમાન્ કાઞ્ચનમયધૂમાત્ ।**

પર્વતો વહ્નિમાન્ નીલધૂમાત્ - અહીં હેતુમાં વ્યાપ્યત્વાસિદ્ધિ રહેલી છે. હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેતુમાં વ્યાપ્યત્વ અર્થાત્ વ્યાપ્તિ રહે. અહીં નીલધૂમત્વ એ ગુરૂભૂતધર્મ હોવાથી હેતુતાનો અવચ્છેદક ન બને એટલે **નીલધૂમત્વાવચ્છિન્ননીલધૂમ** હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેતુ ન બને તેથી તેમાં વ્યાપ્યત્વની = વ્યાપ્તિની અસિદ્ધિ રહે.

વ્યભિચારમાં અવાંતર સાધારણાદિ દોષ :

(૧) **सपक्षविपक्षसाधारणवृत्तिः हेतुः साधारणदोषदुष्टः** । આ ચાલુ વ્યભિચાર દોષ તરીકે પ્રસિદ્ધ છે.

(૨) **सपक्षविपक्ष-एतदुभयस्माद्व्यावृत्तः हेतुः असाधारणदोषदुष्टः। साध्यवत्तया निश्चितः सपक्षः । साध्यशून्यतया निश्चितः विपक्षः** । દા.ત. **शब्दो अनित्यः शब्दत्वात्** અહીં શબ્દમાં અનિત્યત્વનો સંદેહ હોય ત્યારે સપક્ષ ઘટ બને. વિપક્ષ આકાશ બને. આ બે યમાં શબ્દત્વ અવૃત્તિ છે માટે બે યથી વ્યાવૃત્ત શબ્દત્વ બને. એટલે તે અસાધારણદોષ દુષ્ટ બને.

(૩) અનુપસંહારી : **सर्वं अभिधेयं प्रमेयत्वात्** ।

વિપક્ષ-અસત્ત્વ અપ્રસિદ્ધ - જ્યાં વ્યતિરેક વ્યાપ્તિનું દૃષ્ટાન્ત જ ન મળે તે હેતુ અનુપસંહારીદોષદુષ્ટ કહેવાય. અહીં વિપક્ષાસત્ત્વ જ નથી મળતું કેમકે વિપક્ષ જ અપ્રસિદ્ધ છે.

હવે હેત્વાભાસનું પ્રથમ સામાન્ય લક્ષણ આપણે બધા ય હેત્વાભાસમાં જોઈ લઈએ.

अनुमितिकारणीभूताभावप्रतियोगियथार्थज्ञानविषयत्वम् हेत्वाभासत्वम् ।

બાધ :

ह्रदो वह्निमान् धूमात् એ સ્થળે અનુમિતિ પ્રત્યે **ह्रदो वह्न्यभाववान्** ઈત્યાકારક નિશ્ચય પ્રતિબંધક બને છે. એટલે આ અનુમિતિ પ્રતિ **वह्न्यभाववान् ह्रदः** ઈત્યાકારક નિશ્ચયનો અભાવ કારણ બને. **ह्रदो वह्न्यभाववान् जलात्** એવી અનુમિતિ પ્રતિ **ह्रदो वह्निमान्** એવો બાધનિશ્ચય જરૂર પ્રતિબંધક બને પણ બાધદોષથી હેતુ=જલ બાધિત અર્થાત્ દુષ્ટ ન થાય કેમકે **वह्निमान् ह्रदः** એ જ્ઞાનનો વિષય વહ્નિમાનહ્રદ જ અપ્રસિદ્ધ છે. આથી સિદ્ધ થયું કે પ્રમાત્મક એવા જ બાધ નિશ્ચયથી હેતુ દુષ્ટ થાય - બાકી ભ્રમ-પ્રમાસાધારણ તાદશનિશ્ચયથી અનુમિતિ તો જરૂર રોકાય. પણ હેતુ દુષ્ટ ન થાય. એટલે તાદશનિશ્ચયનો અભાવ એ કારણીભૂત અભાવ છે. એનો પ્રતિયોગી वह्न्यभाववान् ह्रदः ઈત્યાકારક યથાર્થનિશ્ચય - યથાર્થજ્ઞાન છે. એ યથાર્થજ્ઞાનનો વિષય वह्न्यभाववत्ह्रद બને. એટલે वह्न्यभाववत्ह्रद દોષ બને. આ દોષથી દુષ્ટ હેતુ બને.

અર્થાત્ હેતુમાં આ દોષ **स्वविषयकज्ञानविषयप्रकृतहेतुतावच्छेदकधर्मवत्त्व** સંબંધથી રહી જાય. **वह्न्यभाववत्ह्रदः धूमश्च** એવું સમૂહાલંબન જ્ઞાન કરવું. અર્થાત્ દોષજ્ઞાન આ સમૂહાલંબન સ્વરૂપ કરવું. એનો વિષય વહ્ન્યભાવવત્ હ્રદ અને ધૂમ. તદ્વિષયતરીકે હેતુતાવચ્છેદક ધૂમત્વ છે અને તાદશહેતુતાવચ્છેદધર્મવત્ત્વ ધૂમમાં છે એટલે સ્વ-દોષ ધૂમમાં રહી જાય.

આમ **वह्न्यभाववत्ह्रदः** ઈત્યાકારક બાધ દોષને લઈને **ह्रदः इति पक्षे, वह्नि साधने, धूमो हेतुः तादृशसम्बन्धेन दुष्टः ।**

હવે અહીં જો હેતુને જ સીધો દુષ્ટ બનાવવો હોય તો પહેલેથી જ કારણીભૂતાભાવપ્રતિયોગીવહ્ન્યભાવવદ્હ્રદયથાર્થજ્ઞાન ન લેતાં **वह्न्यभाववद्ह्रदः धूमश्च** એવું યથાર્થજ્ઞાન લેવું. તેથી વિષયતા પ્રાક્તનસંબંધથી ધૂમમાં ચાલી જાય. (અહીં જો તે પણ ન લઈએ તો **वह्न्यभाववद्ह्रदः घटश्च** એ જ્ઞાન પણ અનુમિતિ પ્રતિબંધક બનતું હોવાથી ઘટમાં પણ તાદશયથાર્થજ્ઞાનીયવિષયતા ચાલી જતાં લક્ષણ અતિવ્યાપ્ત થાય તે ન થવા દેવા 'પ્રકૃતહેતુતાવચ્છેદકધર્મવત્ત્વ' ઘટિત સંબંધ લીધો.)

બે પ્રક્રિયામાં ફેર એટલો જ કે દોષને લેવો હોય તો પહેલા વહ્ન્યભાવવદ્હ્રદઃ એ જ જ્ઞાન પ્રતિબંધક તરીકે લેવું પછી સંબંધ દ્વારા દોષને હેતુમાં લઈ જવા માટે સમૂહાલંબન જ્ઞાન કરવું.

અને જો હેતુને જ દોષદુષ્ટ બનાવવો હોય અર્થાત્ વહ્ન્યભાવવદ્ પક્ષને દોષ બનાવીને હેતુમાં દોષ ન લઈ જવો હોય અને સીધો હેતુમાં જ દોષ લઈ જવો હોય તો પહેલેથી જ સમૂહાલંબન જ્ઞાન પ્રતિબંધક તરીકે લઈ લેવું અને પ્રોક્તસંબંધથી હેતુદુષ્ટ બની જાય.

सत्प्रतिपक्ष દોષ : અનુમિતિ પ્રતિ સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સત્પ્રતિપક્ષઃ. તેનું જ્ઞાન અનુમિતિનું પ્રતિબંધક બને. તદભાવ અનુમિતિકારણીભૂત અભાવ બને. દા.ત. હ્રદો વહ્નિમાન્. આ અનુમિતિ પ્રતિ **वह्न्यभावव्याप्यजलवत्ह्रदः** ઈત્યાકારક નિશ્ચયનો અભાવ કારણ બને. તત્પ્રતિયોગી યથાર્થજ્ઞાન બને. તેનો વિષય તાદશ હ્રદ દોષ બને.

व्यभिचार (१) साधारण : અહીં લક્ષણગત અનુમિતિ પદથી અનુમિતિકારણ લેવું. **धूमवान् वह्नेः** અનુમિતિ કારણ જે હેતુમાં સાધ્યાભાવવદ્વૃત્તિત્વના જ્ઞાનનો અભાવ, તેનો પ્રતિયોગિ તાદશયથાર્થજ્ઞાન અને તેની વિષયતા સાધ્યાભાવવદ્વૃત્તિત્વરૂપ

સાધારણદોષમાં રહે. આવો દોષ યદ્યપિ સ્વરૂપસંબંધથી હેતુમાં જ રહી જાય છે. પણ સર્વત્ર એક જ સંબંધ લેવા માટે પૂર્વોક્ત સંબંધથી જ દોષ હેતુમાં લઈ જવો જોઈએ.

(૨) **અસાધારણ :** અહીં પણ લક્ષણગત અનુમિતિ પદથી અનુમિતિકારણ લેવુ. શબ્દમાં અનિત્યત્વનો જો નિશ્ચય થઈ જાય તો અસાધારણ દોષ ન રહે કેમકે સાધ્યવત્તયા નિશ્ચિત બનતાં શબ્દ જ સપક્ષ બની જાય અને તેથી તેમાં તો શ્રાવણત્વ વૃત્તિ છે જ એટલે વિપક્ષવ્યાવૃત્ત રહેવા છતાં સપક્ષવ્યાવૃત્ત ન બનતાં તેમાં અસાધારણ્ય ન આવે.

शब्दः अनित्यः श्रावणत्वात् ।

અનુમિતિ કારણીભૂત વ્યાપ્તિજ્ઞાન=સાધ્યસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિજ્ઞાન. એમાંના સાધ્ય સામાનાધિકરણ્યક-અંશને સાધ્યાસામાનાધિકરણ્યનિશ્ચય રોકે. એટલે સાધ્યાસામાનાધિકરણ્ય નિશ્ચયનો અભાવ એ વ્યાપ્તિજ્ઞાનમાં કારણ બને. (સાધ્યાસામાનાધિકરણ્યનો નિશ્ચય હોય તો આ અનુમિતિનું ભ્રમાત્મક સાધ્યસામાનાધિકરણ્ય વ્યાપ્તિજ્ઞાન ન થાય.) આમ અનુમિતિ-વ્યાપ્તિજ્ઞાન કારણીભૂત જે સાધ્યાસામાનાધિકરણ્ય નિશ્ચયઅભાવ. તેનો પ્રતિયોગી સાધ્યાસામાનાધિકરણ્ય નિશ્ચય. તેનો વિષય સાધ્યાસામાનાધિકરણ્ય બને તેમાં વિષયતા આવી જવાથી તે વિષય સાધ્યાસામાનાધિકરણ્ય દોષ બને. પ્રોક્તસંબંધથી હેતુ દુષ્ટ બને. (**घटोऽभिधेयः प्रमेयत्वात्** એ સદ્ધેતુક વ્યાપ્તિ છે. કેમકે દૃષ્ટાન્ત પટાદિ મળે છે.)

(૩) **અનુપસંહારી : सर्वं अभिधेयं प्रमेयत्वात् ।**

અહીં પણ લક્ષણગત અનુમિતિ પદથી અનુમિતિકારણ લેવું.

અહીં સપક્ષ-સત્ત્વ અને વિપક્ષ-અસત્ત્વ નથી. અહીં વ્યતિરેકવ્યાપ્તિજ્ઞાન પ્રતિ સાધ્યાભાવવ્યાપકી-ભૂતાભાવાપ્રતિયોગીત્વનો નિશ્ચય પ્રતિબંધક બને. આ નિશ્ચયનો અભાવ એ પ્રોક્તાનુમિતિવ્યાપ્તિજ્ઞાનમાં કારણ બને. તેનો પ્રતિયોગી સાધ્યાભાવવ્યાપકી-ભૂતાભાવ-અપ્રતિયોગિત્વ નિશ્ચય બને. તેનો વિષય સાધ્યાભાવવ્યાપકીભૂતાભાવા-પ્રતિયોગિત્વ એ દોષ બને.

વિરોધ – **ह्रदो वह्निमान् जलात् ।**

અહીં પણ લક્ષણગત અનુમિતિ પદથી અનુમિતિકારણ લેવું.

સાધ્યવ્યાપ્યહેતુ (વ્યાપ્તિ)જ્ઞાન પ્રતિ સાધ્યાભાવવ્યાપ્યહેતુનિશ્ચય પ્રતિબંધક બને. તન્નિશ્ચયનો અભાવ એ ઉક્તાનુમિતિમાં કારણ બને. તત્પ્રતિયોગી સાધ્યાભાવવ્યાપ્યહેતુ નિશ્ચય બને. તેનો વિષય વહ્ન્યભાવવ્યાપ્ય હેતુ દોષ બને.

સ્વરૂપ-અસિદ્ધિ : હ્રદો વહ્નિમાન્ ધૂમાત્ ।

અહીં પરામર્શમાં પ્રતિબંધક દોષ બને. વહ્નિવ્યાપ્યધૂમવાન્ હ્રદઃ પરામર્શનો પ્રતિબંધક ધૂમાભાવવાન્ હ્રદઃ નિશ્ચય છે. તદભાવ અનુમિતિમાં કારણ બને. કારણીભૂતાભાવપ્રતિયોગીધૂમાભાવવાન્ હ્રદ નિશ્ચય બને. તદ્વિષયતા ધૂમાભાવવત્હ્રદમાં જતાં ધૂમાભાવવત્હ્રદ એ દોષ બને. પ્રોક્ત સંબંધથી હેતુ દુષ્ટ બને.

પક્ષ - અસિદ્ધિ (આશ્રયાસિદ્ધિઃ) : અહીં પરામર્શ કે અનુમિતિ - ઊભયને પક્ષાસિધ્ધિ દોષ રોકે છે. એટલે **કાઞ્ચનમયપર્વતો વહ્નિમાન્ ધૂમાત્ ।** સ્થળે વહ્નિવ્યાપ્યધૂમવાન્ કાઞ્ચનમયત્વાવચ્છિન્નઃ પર્વતઃ એ પરામર્શ પ્રતિ કે પ્રોક્તાનુમિતિ પ્રતિ કાઞ્ચનમયત્વાભાવવાન્ પર્વતઃ નિશ્ચય પ્રતિબંધક બને. તન્નિશ્ચયાભાવ અનુમિતિમાં કારણ બને. તે અભાવનો પ્રતિયોગી કાઞ્ચનમયત્વાભાવવત્પર્વત નિશ્ચય બને. તેનો વિષય કાઞ્ચનમયત્વાભાવવત્ પર્વત એ દોષ બને.

(૩) વ્યાપ્યત્વાસિદ્ધિ : વહ્નિમાન્ વ્યાપ્યધૂમાત્ ।

અનુમિતિ વ્યાપ્તિજ્ઞાન પ્રતિ વ્યાપ્યત્વાસિદ્ધિ નિશ્ચય પ્રતિબંધક બને. તદભાવનિશ્ચય વ્યાપ્તિજ્ઞાનમાં કારણ બને.

તેનો પ્રતિયોગી વ્યાપ્યત્વાસિદ્ધિનિશ્ચય=વ્યાપ્યત્વાભાવવત્ધૂમઃ એ નિશ્ચય બને. તેનો વિષય વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ બને.

આ રીતે આપણે હેત્વાભાસનું સામાન્ય લક્ષણ બધે જોઈ ગયા.

(૨) હેત્વાભાસનું બીજું લક્ષણ : यद्विषयकत्वेन ज्ञानस्य अनुमिति विरोधित्वम्। યદ્વિષયક જ્ઞાન અનુમિતિવિરોધી હોય તે હેત્વાભાસ કહેવાય. વ્યભિચાર-બાધાદિ વિષયક જ્ઞાન અનુમિતિ વિરોધી છે માટે વ્યભિચાર-બાધાદિ દોષ કહેવાય.

(૩) હેત્વાભાસનું ત્રીજું લક્ષણ : જ્ઞાયમાન સત્ જે અનુમિતિ પ્રતિબંધક હોય તે હેત્વાભાસ દોષ કહેવાય. (આ લક્ષણ પ્રાચીનોના અનુસારે છે.)

આ ત્રણ લક્ષણ ઉપર હવે વિસ્તારથી આપણે સામાન્ય નિરુક્તિની પંક્તિ સાથે ચાલશું.

चिंतामणिः

अथ हेत्वाभासास्तत्त्वनिर्णयविजयप्रयोजकत्वान्निरूप्यन्ते ।

दीधितिः

एतावता प्रबन्धेन सपरिकरं हेतुं निरूप्य तत्प्रसङ्गात् तत्त्वनिर्णयादि-रूपतत्कार्यकारित्वाच्च तदाभासनिरूपणं प्रतिजानीते अथेति ।

चन्द्रशेखरीया : અહીં ગઙ્ગેશે એકકાર્યકારિત્વસંગતિ જ બતાવી છે. એટલે દીધિતિકાર પ્રસંગસંગતિ પણ બતાવવા માટે કહે છે કે

પઞ્ચરૂપોપન્ન હેતુનું અર્થાત્ પક્ષધર્મતા અને વ્યાપ્તિજ્ઞાન ઉપપન્ન હેતુનું અર્થાત્ સપરિકર=સપરિવાર હેતુનું નિરૂપણ કરીને - તેના પ્રસંગથી પણ હેત્વાભાસનું નિરૂપણ કરે છે. स्मृतस्य उपेक्षानर्हत्वम् प्रसङ्गसङ्गतिः। હેતુ નિરૂપણથી હેત્વાભાસ નિરૂપણ સ્મૃત બને છે કે જે ઉપેક્ષાને યોગ્ય નથી. એટલે આ રીતે હેત્વાભાસનિરૂપણમાં પ્રસઙ્ગસંગતિ આવી.

गादाधरी :

हेत्वाभासनिरूपणे प्रसङ्गस्याऽपि सङ्गतित्वं सम्भवति, व्याप्तिपक्षधर्मताविशिष्टहेतुनिरूपणे सति – व्याप्तिपक्ष-धर्मताविरोधितद्विरहवतो दुष्टहेतोः स्मरणाद्, अतस्तदप्रदर्शकमूलस्य न्यूनतां परिजिहीर्षुः प्रसङ्गस्यापि तन्निरूपणप्रयोजकत्वमाह एतावतेति ॥

હવે એ જ દીધિતિની પંક્તિ ઉપર ગદાધર કહે છે કે હેત્વાભાસના નિરૂપણમાં પ્રસંગસંગતિ પણ છે જ. કેમકે વ્યાપ્તિ અને પક્ષધર્મતાથી વિશિષ્ટ હેતુનું નિરૂપણ પૂર્વે થયેલું છે. તેનાથી વ્યાપ્તિ+પક્ષધર્મતાના વિરોધી એવા વ્યાપ્તિ-પક્ષધર્મતાના વિરહવાળા દુષ્ટ હેતુનું સ્મરણ થઈ જાય છે. એટલે આ પ્રસંગસંગતિનું મૂલકારે તો પ્રદર્શન કર્યું નથી માત્ર એકકાર્યકારિત્વનું જ કથન કર્યું છે. આ તેમની ન્યૂનતા દૂર કરવા દીધિતિકારે 'एतावता प्रबन्धेन' ઇત્યાદિ કહ્યું છે.

गादाधरी : परिकरो व्याप्तिपक्षधर्मते ।

પરિકર એટલે વ્યાપ્તિ અને પક્ષધર્મતા છે. અથવા તો પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ આદિ પાંચ રૂપને પણ હેતુનો પરિકર કહેવાય. એનો ઉક્ત બેમાં સંકોચ કરી લીધો છે.

गादाधरी : निरूप्येत्यन्तमुक्तक्रमेण दुष्टहेतोः स्मृतत्वस्य प्रसङ्ग-निर्वाहकस्य लाभाय । तत्प्रसङ्गादिति । सपरिकरहेतुनिरूपित-प्रसङ्गसङ्गतेरित्यर्थः । तज्ज्ञानजन्यजिज्ञासाधीनत्वं पञ्चम्यर्थः। अन्वयश्चास्य निरूपणमित्यनेन ।

'एतावता प्रबन्धेन सपरिकरं हेतुं निरूप्य' એ દીધિતિ-પંક્તિનું પ્રયોજન ગદાધર બતાવે છે. માત્ર प्रसङ्गात् एककार्यकारित्वाच्च हेत्वाभासनिरूपणं आरभते । એમ તેમણે કહ્યું હોત તો ય મૂલકારની ન્યૂનતાપન્ન પ્રસંગસંગતિનું કથન તેઓ કરી શકતા જ હતા. છતાં ય તેમ ન કહેતા **निरूप्यान्त** સહિત કહ્યું છે તેનું કારણ આ છે : હેત્વાભાસનિરૂપણની પૂર્વે જો વ્યાપ્તિ-પક્ષધર્મતાવિશિષ્ટ હેતુનું નિરૂપણ હોય તો વ્યાપ્તિ પક્ષધર્મત્વાભાવવત્ હેતુ એ દુષ્ટ છે એમ કહી શકાય. આ સૂચિત કરવા જ તેમણે "સપરિકર હેતુનું નિરૂપણ પૂર્વે થયેલું છે" તે નિરૂપ્યાન્ત પદથી જણાવ્યું જેથી હવે તરત જ એકસંબંધીજ્ઞાનથી દુષ્ટ હેતુ રૂપ બીજા સંબંધીના સ્મરણનો પ્રસંગ ઉપસ્થિત થાય એ નિર્ણીત થઈ જાય અને તેથી પ્રસંગ સંગતિ ઉપપન્ન બને અથવા દુષ્ટહેતુ એ સ્મૃત બને છે. અને એ સ્મૃતત્વ જ પ્રસંગનો નિર્વાહક બને છે. એવા જ્ઞાનના લાભ માટે **निरूप्यान्त**નો નિવેશ કરવામાં આવ્યો છે.

यन्निरुपणानन्तरं यो निरूपितो भवति तन्निरुपितसंगतिमान् स भवति એવી વ્યાપ્તિના બળથી सद्धेतुनिरूपणानन्तर નિરૂપણીય હેત્વાભાસમાં પણ सद्धेतुनिरूपितसंगतिमत्व આવશ્યક બને છે એ સૂચિત કરવા ગદાધર કહે છે કે **तत्प्रसंगात्** એટલે કે सपरिकरहेतुनिरूपितप्रसङ्गसङ्गतेः ।

અહીં પંચમીનો અર્થ तज्ज्ञानजन्यजिज्ञासाजन्यत्व એમ કરવો. તે પ્રસંગસંગતિના જ્ઞાનથી જન્ય હેત્વાભાસજિજ્ઞાસા અને એ જિજ્ઞાસાથી જન્ય હેત્વાભાસ નિરૂપણ બને. આ તજ્જ્ઞાનજન્યજિજ્ઞાસાજન્યત્વનો અન્વય નિરૂપણ પદાર્થમાં કરવો. અર્થાત્ તાદૃશ હેત્વાભાસનું જે નિરૂપણ છે તેમાં પ્રસંગસંગતિ રહી.

गादाधरी : तत्त्वनिर्णयविजयप्रयोजकत्वादिति मूलं यद्यपि हेत्वाभासनिष्ठतत्त्वनिर्णयादिजनकज्ञानविषयत्वार्थकतया शिष्यप्रवृत्त्युपयोगिनिरूपणघटकज्ञानप्रयोजनप्रदर्शनपरम्, तथापि

तन्मात्रपरत्वे सङ्गत्यप्रदर्शनेन न्यूनता स्यादिति

तत्त्वनिर्णयविजयप्रयोजकत्वात् એ મૂળનો અર્થ હેત્વાભાસનિષ્ઠ એવી તત્ત્વનિર્ણયાદિજનકહેત્વાભાસજ્ઞાનનિરૂપિત વિષયતા છે. અને માટે જ શિષ્યની હેત્વાભાસ ગ્રન્થમાં જે પ્રવૃત્તિ થાય છે તેમાં ઉપયોગી જે હેત્વાભાસનું નિરૂપણ છે. તેમાં ઘટકીભૂત જે હેત્વાભાસજ્ઞાન, એનું પ્રયોજન જે તત્ત્વનિર્ણયાદિ છે, તેને દર્શાવનાર આ મૂળ ગ્રંથ બને છે. હેત્વાભાસમાં પ્રસંગસંગતિનું જ્ઞાન થયું એટલે એનાથી જિજ્ઞાસા થાય કે તો પછી હેત્વાભાસ પદાર્થ કોણ ? આ જિજ્ઞાસાથી જન્ય હેત્વાભાસપદાર્થ તો નથી પણ તન્નિરૂપણ છે. આમ નિરૂપણમાં જન્યત્વનો અન્વય કરવાનો કહ્યો. તેનું પ્રદર્શન તો ઉપર્યુક્ત અર્થ લેતાં થઈ જાય છે એટલે કે ફલનું પ્રદર્શન કરાવે છે તે તો બરાબર છે પણ આટલો જ અર્થ લેતાં સંગતિનું પ્રદર્શન તો થયું જ નથી. અને તેથી જો આવો અર્થ લઈએ તો સંગતિના અપ્રદર્શનને લીધે મૂલકારની એ ન્યૂનતા કહેવાય.

<u>गादाधरी</u> : तस्यैककार्यकारित्वरूपसङ्गतिप्रदर्शनपरत्वमपि सम्भवतीति स्फुटीकर्त्तुमाह तत्त्वनिर्णयादीति । आदिपदाद् विजयपरिग्रहः । तत्कार्यकारित्वात्सपरिकरहेतुप्रयोज्यकार्यप्रयोजकत्वात्,

ગદાધર : એ ન્યૂનતાને દૂર કરવાના હેતુથી જ દીધિતિકાર કહે છે કે તે હેતુ એકકાર્યકારિત્વરૂપ સંગતિપ્રદર્શનપરક પણ છે. અર્થાત્ સપરિકરહેતુપ્રયોજ્ય જે તત્ત્વનિર્ણયાદિકાર્ય, તત્પ્રયોજક હેત્વાભાસ બને.

<u>गादाधरी</u> : प्रयोजकत्वं च जनकजनकतावच्छेदकादिसाधारणमिति स्वविषयकज्ञानकार्यं प्रति स्वस्य तथात्वमक्षतमेव ।

પ્રશ્ન : પ્રયોજકત્વં તત્ત્વનિર્ણયાદિજનકત્વં અર્થ કરશો તો તો તત્ત્વનિર્ણયાદિ જનક હેત્વાભાસજ્ઞાન જ જનક હોવાથી તે જ પ્રયોજક બનશે પણ હેત્વાભાસ કે જે જનકતાવચ્છેદક છે તેમાં શી રીતે પ્રયોજકતા આવશે ? અર્થાત્ જનકતાવચ્છેદકરૂપ હેત્વાભાસ પ્રયોજક શી રીતે બનશે ?

ગદાધર : પ્રયોજકત્વં જનક-જનકતાવચ્છેદકાદિ-સાધારણમ્ । હવે હેત્વાભાસવિષયકજ્ઞાનના કાર્ય જે તત્ત્વનિર્ણયાદિ છે, તેના પ્રતિ સ્વ એટલે હેત્વાભાસ જનકતાવચ્છેદક તો સુતરાં બને જ છે અને તેથી હવે તે પૂર્વોક્તાર્થને લીધે પ્રયોજક બની

જશે.

आदि પદનું અહીં કોઈ પ્રયોજન નથી. કેમકે આદિ પદથી જનકતાવચ્છેદકતાવચ્છેદક વિગેરે જ લેવાય. આપણે અહીં તો 'હેત્વાભાસ'ને પ્રયોજકમાં સંગૃહીત કરવો છે તે તો જનકતાવચ્છેદક જ છે. આદિ પદથી 'જનક'નો સંગ્રહ કરવો અનુચિત લાગે છે. વળી તેમ કરવાની જરૂર પણ નથી કેમકે પરંપરાએ કારણ એવું હેત્વાભાસજ્ઞાન એ જનક છે અને તેથી તે પ્રયોજક છે જ - આથી એને પ્રયોજક કહેવાની જરૂર નથી.

<u>गादाधरी</u> : तत्त्वनिर्णयः प्रमितकोटिनिश्चयः । तत्र व्याप्तिपक्षधर्मता-विशिष्ट प्रकृतहेतुज्ञानमिव तद्विपरीतकोटिसाधकस्य हेत्वाभासत्वज्ञानम-प्युपयुज्यते, प्रतिबन्धकीभूतविपरीतकोटि व्याप्यवताज्ञानेऽप्युभयो-स्तत्त्वनिर्णयप्रयोजकत्वम् ।

પ્રશ્ન : સપરિકર હેતુ અને હેત્વાભાસ તત્ત્વનિર્ણયપ્રયોજક શી રીતે ?

ઉત્તર : तत्त्वनिर्णयः प्रमितकोटिनिश्चयः ।

पर्वतो वह्निमान् वह्न्यभाववान् वा ઈત્યાકારક સંશયીયપ્રકારત્વરૂપકોટિત્વ યદ્યપિ વહ્નિમાં અને વહ્ન્યભાવમાં પણ છે. કિન્તુ વહ્નિમત્પર્વતવિશેષ્યક-વહ્નિપ્રકારક-પ્રમાજ્ઞાનીયવિષયત્વરૂપ પ્રમિતત્વ તો વહ્નિમાં જ છે. એટલે પર્વતાદિમાં વહ્ન્યાદિકોટિ નિશ્ચય એ જ તત્ત્વનિર્ણય શબ્દનો અર્થ છે. વહ્ન્યભાવમાં તાદેશ પ્રમિતત્ત્વ નથી. માટે વહ્ન્યભાવ એ પ્રમિતકોટિ જ નથી. વહ્નિ જ પ્રમિત હોવાથી તેમાં જ પ્રમિતકોટિનિશ્ચય અર્થાત્ તત્ત્વનિર્ણય રહેલો છે. પર્વતમાં વહ્ન્યાદિનિશ્ચય એ વહ્ન્યાદિ અનુમિતિ સ્વરૂપ જ છે.

અર્થાત્ જેમ વહ્નિની અનુમિતિમાં (પ્રમિતકોટિનિશ્ચયમાં) વ્યાપ્તિધર્મતાવિશિષ્ટ= સપરિકર ધૂમ હેતુનું જ્ઞાન ઉપયોગી બને છે માટે પ્રયોજક બને છે તેમ વિપરીતકોટિ વહ્ન્યભાવસાધક જે હેતુ તેમાં હેત્વાભાસત્વનું જ્ઞાન પણ તે વહ્નિની અનુમિતિમાં ઉપયોગી બને છે. જો વહ્ન્યભાવસાધક હેતુમાં હેત્વાભાસત્વનું જ્ઞાન ન થાય તો વહ્ન્યભાવની અનુમિતિના પરામર્શમાં અપ્રામાણ્યનો ગ્રહ ન થાય અને તેથી તે અપ્રામાણ્ય ગ્રહાનાસ્કન્દિત નિશ્ચય પ્રથમની વહ્ન્યનુમિતિમાં પ્રતિબંધક બની જાય. અર્થાત્ પ્રમિતકોટિનિશ્ચય=વહ્નિ-તત્ત્વનિશ્ચય ન થાય. જો વિપરીતકોટિ સાધક હેતુમાં

હેત્વાભાસત્વનું જ્ઞાન થઈ જાય તો તે જ્ઞાન વિપરીતકોટિકાનુમિતિના પરામર્શમાં અપ્રામાણ્યનો નિશ્ચય કરાવી દે અને તેમ થતાં અપ્રામાણ્યગ્રહાસ્કન્દિત નિશ્ચય વહ્નિની અનુમિતિમાં પ્રતિબંધક ન બને અને તેથી જ વહ્નિની અનુમિતિ અર્થાત્ પ્રમિતકોટિ નિશ્ચય અર્થાત્ તત્ત્વનિર્ણય થઈ શકે. આમ હેત્વાભાસત્વનું જ્ઞાન પણ તત્ત્વનિર્ણયમાં પ્રયોજક બન્યું.

<u>गदाधरी</u> : अथवा-तत्त्वनिर्णयः साध्यवत्ताज्ञाने प्रमात्वनिश्चयः । तत्राऽनुमापकहेतोर्व्याप्त्यादिविशिष्टत्वरूपसद्धेतुत्वज्ञानमिव विपरीत-कोटिसाधकहेतोर्दुष्टत्वग्रहविघटकत्वात् ।

ગદાધરે તત્ત્વનિર્ણયનો અર્થ પ્રમિતકોટિનિશ્ચય અહીં કર્યો છે. અર્થાત્ તત્ત્વ પદને પ્રમિતકોટિપરક કરવાથી લક્ષણાની આપત્તિ આવે છે. વસ્તુતઃ તત્ત્વં પદ યથાર્થ બ્રહ્મ આદિમાં પ્રસિદ્ધ છે. (तत्त्वं ब्रह्मणि याथार्थ्ये धर्मे साधारणेऽपि च) આ અરૂચિને લીધે હવે તે તત્ત્વનિર્ણયનો અર્થ બદલીને તેના પ્રતિ ઉભયની (હેતુ+હેત્વાભાસની) પ્રયોજકતા બતાવે છે.

तत्त्वनिर्णयः साध्यवत्ताज्ञाने प्रमात्वनिश्चयः । સાધ્યવત્તાજ્ઞાન એટલે વહ્ન્યાદિપ્રકારક **पर्वतो वह्निमान्** । એવી અનુમિતિ અને પ્રમાત્વનિશ્ચય એટલે वह्न्यादिमति पर्वतादौ वह्न्यादिप्रकारकत्व રૂપ-યથાર્થનિશ્ચય.

હવે વહ્નિમત્ પર્વતમાં વહ્નિપ્રકારકત્વરૂપ નિશ્ચય તો તત્= વહ્નિમત્માં વહ્નિ-તત્ત્વનો જ નિશ્ચય છે એટલે અહીં લક્ષણા કરવાની આપત્તિ નથી.

હવે ઊભયની પ્રયોજકતા જોઈએ.

સાધ્યવત્તાજ્ઞાનધર્મિકપ્રમાત્વનિશ્ચયના અનુમાપક હેતુ ધૂમમાં સદ્ધેતુત્વજ્ઞાન ઉપયોગી બને છે. તેમ વિપરીતકોટિસાધક હેતુમાં દુષ્ટત્વજ્ઞાન પણ ઉપયોગી બને છે. કેમકે વિપરીતકોટિસાધક હેતુમાં જો અદુષ્ટત્વનું જ્ઞાન હોય તો વહ્ન્યનુમિતિમાં જ અપ્રામાણ્યનો ગ્રહ થઈ જાય. અને જો વિપરીતકોટિ સાધક હેતુમાં દુષ્ટત્વનો ગ્રહ થાય તો તે ગ્રહ અદુષ્ટત્વના ગ્રહનું વિઘટન કરી નાંખે અને તેથી વહ્નિમત્તાનિશ્ચયમાં અપ્રામાણ્યનો ગ્રહ ન રહે અને તેથી વહ્નિમત્તાજ્ઞાનમાં પ્રમાત્વનિશ્ચય ઉપપન્ન થાય. આમ ઊભયની તત્ત્વનિર્ણયમાં ઉપયોગિતા અર્થાત્ પ્રયોજકતા બતાવી.

गादाधरी : विजयप्रयोजकत्वं च हेत्वाभासस्य स्वज्ञानाधीनपरोक्त-हेतुदोषोद्भावनद्वारा, व्याप्त्यादिविशिष्टहेतोश्च स्वज्ञानाधीनसन्न्याय-प्रयोगद्वारेति बोध्यम् ।

હવે ઊભયની વિજય પ્રતિ પ્રયોજકતા બતાવે છે.

હેત્વાભાસજ્ઞાન હોય તો પરોક્ત હેતુના દોષનું ઉદ્ભાવન કરી શકાય. એટલે તેના દ્વારા વિજય પ્રાપ્ત થાય. આમ હેત્વાભાસ એ સ્વજ્ઞાનાધીન-પરોક્તહેતુદોષોદ્ભાવન દ્વારા વિજયપ્રયોજક બને છે.

જો વ્યાપ્તિવિ.થી વિશિષ્ટ હેતુનું જ્ઞાન હોય તો એ સદ્ધેતુ પોતાના જ્ઞાનથી જન્ય પ્રતિજ્ઞાદિપંચાવયવ-વાક્યાત્મકસન્ન્યા પ્રયોગ દ્વારા વિજય પ્રયોજક બને. જો સપરિકર હેતુ - સદ્ધેતુનું જ્ઞાન ન હોય તો પંચાવયવવાક્યપ્રયોગ થઈ શકે નહિ અને તેમાં ક્ષતિ આવતાં પોતાનો વિજય થાય નહિ.

આ રીતે તત્ત્વનિર્ણય અને વિજય પ્રતિ સદ્ધેતુ અને હેત્વાભાસની પ્રયોજકતા બતાવી.

चिन्तामणिः - अथ प्रथमलक्षणम् ।

तत्राऽनुमितिकारणीभूताऽभावप्रतियोगियथार्थज्ञानविषयत्वम्।

हेत्वाभासाः निरूप्यन्ते એમ પૂર્વે ચિંતામણિકારે કહ્યું હતું. એના અનુસંધાનમાં હવે આગળ વધે છે. **तत्र = हेत्वाभासनिरूपणे = सप्तम्यर्थो विषयत्वं । अन्वयश्चास्य हेत्वाभासत्वमित्यनेन ।**

हेत्वाभासनिरूपणविषयत्वं हेत्वाभासत्वं किम् ? अत्रोच्यते अनुमितिकारणीभूताभावप्रतियोगियथार्थज्ञानविषयत्वम् । અનુમિતિમાં કારણીભૂત જે પ્રતિબંધકાભાવ, તેનો પ્રતિયોગી જે યથાર્થજ્ઞાનરૂપ પ્રતિબંધક તેનું વિષયત્વ એ હેત્વાભાસત્વ ।

આ લક્ષણની દરેક દોષમાં જુદી જુદી સંગતિ આપણે પ્રારંભમાં જ કરી છે. હવે પાંચ દોષોપેત એક સ્થળ જોઈ લઈએ.

હ્રદો વહ્નિમાન્ ઘટત્વાત્ - અહીં વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ઘટત્વરૂપ વ્યભિચાર છે. સાધ્યાસામાનાધિકરણ્યવિશિષ્ટઘટત્વરૂપ વિરોધ છે, ઘટત્વાભાવવિશિષ્ટહ્રદરુપ અસિદ્ધિ

છે, વહ્ન્યભાવવ્યાપ્યજલવદ્-હ્રદરૂપ સત્પ્રતિપક્ષ છે, અને વહ્ન્યભાવવદ્હ્રદરૂપ બાધ પણ છે.

નિરુક્ત જે વ્યભિચારાદિ, તેના નિશ્ચયનો અભાવ એ પ્રોક્ત અનુમિતિમાં કારણ બને. તત્પ્રતિયોગી યથાર્થજ્ઞાન=વ્યભિચારાદિનિશ્ચય બને. તેની વિષયતા વ્યભિચારાદિમાં જાય એટલે વ્યભિચારાદિ દોષ બને. અર્થાત્ હેત્વાભાસ બને.

अयं वह्निमान् जलात् સ્થળે વહ્નિવ્યાપકીભૂતાભાવપ્રતિયોગીજલરૂપ અસાધારણમાં **सर्वं अनित्यं मेयत्वात्** સ્થળે નિત્યત્વવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વાભાવવિશિષ્ટ-પ્રમેયત્વરૂપ અનુપસંહારીમાં, **काञ्चनमयपर्वतः काञ्चनमयवह्निमान् काञ्चनमयधूमात्** સ્થળે કાઞ્ચનમયત્વાભાવવિશિષ્ટપર્વતરૂપ આશ્રયાસિદ્ધિમાં, કાઞ્ચનમયત્વાભાવ-વિશિષ્ટવહ્નિસ્વરૂપ સાધ્યાસિદ્ધિમાં અને કાઞ્ચનમયત્વાભાવવિશિષ્ટધૂમસ્વરૂપહેત્વસિદ્ધિમાં ક્રમશઃ અસાધારણ-અનુપસંહારી-આશ્રયાસિદ્ધિ-સાધ્યાસિદ્ધિ-હેત્વસિદ્ધિના નિશ્ચયનો અભાવ અનુમિતિમાં કારણીભૂત અભાવ છે. તત્પ્રતિયોગિયથાર્થજ્ઞાનવિષયતા અસાધારણ્યાદિમાં જતાં લક્ષણ સમન્વય થઈ જાય.

गादाधरी : मूलोक्तलक्षणानां दुष्टहेतुलक्षणत्वे दोषेष्वतिव्याप्तिः -

હવે ગદાધર કહે છે કે મૂલોક્ત લક્ષણો જો દુષ્ટહેતુના હોય તો આ લક્ષણ દોષમાં પણ પૂર્વોક્ત રીતે જાય છે માટે તેમાં અતિવ્યાપ્તિ થાય છે.

गादाधरी : यथार्थज्ञाननिष्ठानुमितिप्रतिबन्धकतावच्छेदकविषयता-श्रयत्वपर्यन्तस्य समूहालम्बनज्ञानविषयताश्रयोदासीनपदार्थवारणाय प्रथमलक्षणे विवक्षणीयतया बाधादिज्ञानप्रतिबन्धकतायां प्रायशो हेतुविषयताया अनवच्छेदकत्वात्तत्रत्यहेतावव्याप्तिश्च ।

વળી **पर्वतो धूमवान् वह्नेः** ઇત્યાદિ સ્થળે તો દુષ્ટહેતુનું પણ આ લક્ષણ બની શકે જ છે. કેમકે ધૂમાભાવવદ્-વૃત્તિત્વવિશિષ્ટવહ્નિ-નિશ્ચયાભાવ આ પ્રસ્તુત અનુમિતિના-વ્યાપ્તિજ્ઞાનમાં કારણ છે. તેના પ્રતિયોગીની વિષયતા ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિ પર જતાં વહ્નિરૂપ હેતુમાં જ લક્ષણ ઘટી જાય એટલે વહ્નિ દુષ્ટ બની ગયો આમ અહીં તો દુષ્ટ હેતુનું લક્ષણ બની શકે છે. પણ **ह्रदो वह्निमान् धूमात्** સ્થળે અનુમિતિ કારણીભૂત વહ્ન્યભાવવાત્ત્વદઃ ઇત્યાકારક નિશ્ચયનો જે અભાવ - તેના પ્રતિયોગીની વિષયતા

વહ્ન્યભાવવદ્ હ્રદમાં જતાં વહ્ન્યભાવવત્હ્રદ દોષ બન્યો પણ 'ધૂમ' હેતુ તો દુષ્ટ ન બન્યો.

આમ બાધાદિ સ્થળમાં તો હેતુમાં દુષ્ટહેતુનું લક્ષણ અવ્યાપ્ત પણ થાય છે.

અર્થાત્ દુષ્ટહેતુનું જો આ લક્ષણ હોય તો દોષમાં પણ તે જતાં અતિવ્યાપ્ત થાય છે. અને બાધાદિસ્થળમાં દોષમાં ચાલી જતાં અને હેતુમાં ન જતાં અવ્યાપ્તિ પણ થાય છે.

પ્રશ્ન - ના, લક્ષણમાં જે અવ્યાપ્તિ આવે છે તેને અમે આ રીતે દૂર કરશું. **વહ્ન્યભાવવાન્ હ્રદઃ ધૂમશ્ચ** એવું સમૂહાલંબન જ્ઞાન પ્રતિબંધક કહીશું હવે યથાર્થજ્ઞાનીયા વિષયતા ધૂમ પર આવી જતાં અર્થાત્ લક્ષણ ધૂમમાં પણ આવી જતાં ધૂમ દુષ્ટહેતુ બની જશે. આમ લક્ષણની અવ્યાપ્તિ નહિ રહે.

ઉત્તર - નહિ, એમ કહો તો તો **વહ્ન્યભાવવાન્ હ્રદઃ ઘટશ્ચ** એવા સમૂહાલંબન જ્ઞાનની તાદેશ વિષયતા ઘટમાં પણ આવી જતાં ઘટમાં ય લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય. એટલે તેના વારણ માટે અનુમિતિકારણીભૂતાભાવપ્રતિયોગી = અનુમિતિપ્રતિબંધકજ્ઞાન વિષય એટલો જ અર્થ ન લેતાં (તેમ લે તો ઘટમાં લક્ષણ ચાલી જાય) **અનુમિતિ પ્રતિબંધક યથાર્થજ્ઞાનનિષ્ઠ-અનુમિતિપ્રતિબંધકતાવચ્છેદકવિષયતાશ્રયત્વં** એમ લક્ષણ કહેવું જ પડશે. એટલે હવે **હ્રદો વહ્નિમાન્** અનુમિતિ પ્રતિ પ્રતિબંધકીભૂત યથાર્થજ્ઞાન ભલે **વહ્ન્ય-ભાવવત્ હ્રદ ઘટશ્ચ** બને. અને બે યમાં તદીયવિષયતા રહે પણ પ્રતિબંધકતાવચ્છેદકીભૂત વિષયતાનો આશ્રય તો વહ્ન્યભાવવાન્ હ્રદ જ છે. ઘટ નહિ, કેમકે એકલા ઘટના જ્ઞાનથી અનુમિતિ પ્રતિબધ્ય બનતી નથી. આમ તાદેશપ્રતિબંધકતાઽનવચ્છેદક વિષયતાશ્રય ઘટ બનવાથી લક્ષણ તેમાં તો હવે નહિ જ જાય.

આમ અનુમિતિપ્રતિબંધકયથાર્થજ્ઞાનવિષયતાનો "અનુમિતિપ્રતિબંધક યથાર્થજ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતાવચ્છેદકવિષયતાશ્રયત્વ" અર્થ કરવાથી યદ્યપિ ઘટમાં અતિવ્યાપ્તિ હતી તે દૂર થઈ, પણ તેથી હેતુમાં લક્ષણની અવ્યાપ્તિ તો રહી જ છે. કેમકે **વહ્ન્યભાવવાન્ હ્રદઃ ધૂમશ્ચ** એવા સમૂહાલંબન-આત્મક-યથાર્થજ્ઞાન પ્રતિબંધકતાવચ્છેદકવિષયતાશ્રય ધૂમ નથી જ.

આમ દુષ્ટહેતુનું આ લક્ષણ માનીએ તો દોષોમાં અતિવ્યાપ્તિ અને બાધાદિક હેતુમાં લક્ષણની અવ્યાપ્તિ **પ્રાયશઃ** કહી છે એનું કારણ એ કે **હ્રદો વહ્નિમાન્ હ્રદાત્**

ઇત્યાદિસ્થળે તો પ્રતિબંધકતાવચ્છેદક વિષયતાશ્રય હ્રદ બને જ છે જે હેતુરૂપ પણ છે જ એટલે ત્યાં તો હેતુમાં જ લક્ષણ જાય છે. જ્યાં પક્ષ પોતે હેતુ ન બને તેવા બાધાદિ દોષ સ્થળે હેતુમાં અવ્યાપ્તિ દોષ પણ ઊભો રહે.

<u>गादाधरी</u> : यद्विषयकत्वेनेत्यादिलक्षणे च तृतीयाया अवच्छेदकत्वार्थकतया सुतरां तथेत्यत आह

હવે યદ્વિષયકત્વેન અનુમિતિ પ્રતિબન્ધકત્વં રૂપ જે બીજું લક્ષણ છે અને ત્રીજું જે લક્ષણ છે, તેમાં તો સુતરાં દોષમાં અતિવ્યાપ્તિ અને હેતુમાં બાધાદિસ્થળે અવ્યાપ્તિ ઊભી છે કેમકે **यद्विषयकत्वेन**માં તૃતીયાર્થ: અવચ્છેદકત્વં છે એટલે યદ્વિષયકત્વાવચ્છિન્ના પ્રતિબંધકતા અર્થ થયો. અર્થાત્ **यन्निष्ठविषयता प्रकृतानुमितिप्रतिबंधकतावच्छेदिका तत्त्वं हेत्वाभासत्वं** એવું લક્ષણ થયું. આમ અહીં તો સ્પષ્ટતયા તે જ રીતે અતિવ્યાપ્તિ દોષ અને હેતુમાં અવ્યાપ્તિ દોષ ભાસે જ છે.

<u>दीधितिः</u> - यथाश्रुतमिदं हेतुदोषाणां लक्षणम्, तद्वत्त्वं च दुष्टहेतुनाम्, तदभिप्रायेणैव उपधेयसङ्करेऽपीत्यादि वक्ष्यति ।

<u>गादाधरी</u> : यथाश्रुतमिति । इदम्=एतल्लक्षणत्रयम् ।

આ આપત્તિને લીધે દીધિતિકાર કહે છે કે યથાશ્રુત આ ત્રણ લક્ષણ દોષના જ લક્ષણ છે. દુષ્ટહેતુનાં નહિ.

આ અભિપ્રાયથી જ **ઉપધેયસઙ્કરેઽપિ** ઇત્યાદિ ચર્ચા આગળ ઉપર મણિકાર કહેવાના છે.

<u>गादाधरी</u> : ननु हेतुवदाभासन्ते इति व्युत्पत्त्या हेत्वाभासपदस्य दुष्टहेतुपरत्वाद् दुष्टहेतुनिरूपणस्यैव प्रतिज्ञातत्वात्तल्लक्षणमेवाऽऽकाङ्क्षितम्, अतस्तदनुक्तौ मूलस्य न्यूनता,

પ્રશ્ન - હેતુવદાભાસન્તે ઇતિ હેત્વાભાસા: એ વ્યુત્પત્તિના બળથી તો દુષ્ટહેતુપરક જ આ હેત્વાભાસ પદ બને છે એટલે દુષ્ટહેતુ નિરૂપણની જ પ્રતિજ્ઞા કરેલી છે માટે તેના જ લક્ષણની આકાંક્ષા છે તો હવે જો દોષના લક્ષણ કરે તો મૂલકારની ન્યૂનતા કહેવાય. કેમકે

(यदाकाङ्क्षितं भवति तस्यैव निरूपणं भवितुं अर्हति) જેની આકાંક્ષા નથી તેવા દોષનું લક્ષણ કરવું એ યોગ્ય નથી. આકાંક્ષા દુષ્ટહેતુનિરૂપણની અને નિરૂપણ દોષનું કરવું એ કેમ બને?

<u>गादाधरी</u> : अन्यविधव्युत्पत्त्या हेत्वाभासपदस्य हेतुदोषपरत्व-सम्भवेऽपि 'तेचे'त्यादिना दुष्टहेतूनामेव विभजनाद् दुष्टहेतुनिरूपणस्या-ऽप्रतिज्ञातत्वे तदसङ्गतेः,

ઉત્તર - हेतोः आभासाः हेत्वाभासाः । એ વ્યુત્પત્તિથી તો હેત્વાભાસ પદ દોષપરક જ બને છે. આમ દોષ-નિરૂપણની જ પ્રતિજ્ઞા થતાં તેની આકાંક્ષા થાય છે અને તેનું જ નિરૂપણ થાય તે ઉચિત જ છે એમાં મૂલકારની ન્યૂનતા શી છે ?

પૂર્વપક્ષ - ते च सव्यभिचारविरुद्धसत्प्रतिपक्षासिद्धिबाधिता पञ्च આ પંક્તિમાં દુષ્ટહેતુઓના જ વિભાગ કરવામાં આવ્યા છે. હવે જો દુષ્ટહેતુના નિરૂપણની પ્રતિજ્ઞા ન હોય તો દુષ્ટહેતુના વિભાજનની સાથે વિરોધ આવશે. यन्निरूपणं प्रतिज्ञातं भवति तस्यैव विभागः इति नियमात् । દોષનિરૂપણની પ્રતિજ્ઞા કરી છે અને દુષ્ટહેતુનો વિભાગ કર્યો છે તો વિરોધ આવશે.

<u>गादाधरी</u> : एवं दुष्टहेतुनिरूपणस्याऽप्रकृतत्त्वे दुष्टहेतूनां विभागानर्हतया तेषां सङ्करेण विभागव्याघातशङ्कया अनवतारात्,

વળી દુષ્ટહેતુનું નિરૂપણ જો અપ્રકૃત હોય તો દુષ્ટહેતુના વિભાગ કરાય નહિ અને તો પછી આગળ જે શંકા કહેવાના છે કે → દુષ્ટહેતુના સાંકર્યને લીધે તેમના વિભાગ વ્યાઘાત થઈ જશે. ← એનો પણ અવતાર શી રીતે થાય? ← કેમકે દુષ્ટહેતુના વિભાગનું નિરૂપણ પ્રતિજ્ઞાત નથી માટે તેના વિભાગ કરી શકાય નહિ અને તેથી વિભાગના વ્યાઘાતની શંકા શી રીતે સંભવે ?

<u>गादाधरी</u> : उपधेयसङ्करेऽपीत्यादिग्रन्थस्य उपाध्यसङ्करेण विभागोप-पादनपरस्याऽसङ्गतिरिति ।

વળી તે શંકાનો નિરાસ કરવા માટે ઉત્તર આપવામાં આવ્યો છે કે ઉપધેય (દુષ્ટહેતુ)નું સાંકર્ય આવવા છતાં ઉપાધિ (દોષ)માં તો ભેદ=ભિન્નતા છે જ એટલે દોષના વિભાગથી

દુષ્ટહેતુના વિભાગ થઈ શકે છે. આ જે સમાધાન છે તે પણ હવે સંગત થતું નથી મૂલં નાસ્તિ કુતઃ શાખા ।

ગાદાધરી - अत आह तद्वत्त्वं चेति । तादृशदोषवत्त्वं चेत्यर्थः । दुष्टहेतूनां लक्षणमित्यनुषज्यते । स्फुटिमिति शेषः । तथा च दुष्टहेतुनिरूपणस्य प्रकृतत्वेऽपि दोषलक्षणे कृते तद्वत्त्वरूपदुष्टहेतु-लक्षणस्य स्फुटतया लाभेन दोषलक्षणाभिधानस्य तत्र तात्पर्यान्नोक्ता-नुपपत्तिरिति भावः । तदभिप्रायेणैवेति । दुष्टहेतुलक्षणाभिप्रायेणैवेत्यर्थः ।

સિદ્ધાન્તી : એટલે જ અમે કહીશું કે યથાશ્રુત આ લક્ષણ દોષનું બને. અને તદ્વત્ત્વં એ દુષ્ટ હેતુનું લક્ષણ બને. આમ બે ય ના લક્ષણનું નિરૂપણ પ્રતિજ્ઞાત બન્યું એટલે કોઈ આપત્તિ રહી નહિ.

'ઉપધેયસાંકર્ય' સ્થળ પર આમ દુષ્ટહેતુનું નિરૂપણ પણ પ્રકૃત થયું છતાં ય દોષનું લક્ષણ કરવામાં આવે તો તદ્વત્ત્વરૂપ દુષ્ટહેતુનું લક્ષણ સરળતાથી લબ્ધ બને એ માટે જ દુષ્ટહેતુના લક્ષણના તાત્પર્યથી (ધ્યેયથી) દોષલક્ષણાભિધાન કરવાથી ઉક્તાનુપપત્તિ રહેલી નથી.

આમ દુષ્ટહેતુલક્ષણના નિરૂપણની પ્રતિજ્ઞાના અભિપ્રાયથી જ 'ઉપધેયસઙ્કરે' સ્થળે શંકા અને સમાધાન કરવામાં આવ્યું છે.

अनुमितिकारणीभूताभावप्रतियोगियथार्थज्ञानविषयत्वम् ।

ગાદાધરી : अनुमितिपदस्याऽनुमितिसामान्यपरत्वेऽसम्भवात्, यत्किञ्चिदनुमितिपरत्वेऽतिप्रसङ्गात् प्रकृतपक्षसाध्यहेतुकाऽनुमितिपरत्व-मावश्यकम्, तथा च व्यभिचारादावव्याप्तिः, वह्निर्धूमव्यभिचारीति-ज्ञानाभावस्य पर्वतः धूमवानित्यनुमित्यजनकत्वात्,

પૂર્વપક્ષ : અહીં અનુમિતિપદ કોને જણાવે છે ?

જો અનુમિતિ સામાન્ય પરક હોય તો અસંભવ દોષ આવે કેમકે અનુમિતિ સામાન્ય પ્રતિ કોઈ એક યથાર્થજ્ઞાન પ્રતિબંધક બની શકે જ નહિ તેથી તદીય વિષયતા ક્યાંય મળે જ નહિ.

મધ્યસ્થ : યત્કિંચ્ચિદનુમિતિપરક અનુમિતિપદ કહીશું. હવે **હ્રદો વહ્નિમાન્** એ યત્કિંચિત્ અનુમિતિ પ્રતિ **વહ્ન્યભાવવાન્ હ્રદ** એ પ્રતિબંધક બને. તેમાં વિષયતા રહી જતાં તે દોષ બને.

પૂર્વપક્ષ - તેમ કહેશો તો તો **પર્વતો વહ્નિમાન્** અનુમિતિને અમે યત્કિંચિત અનુમિતિ તરીકે લઈશું અને **હ્રદો વહ્નિમાન્** અનુમિતિ પ્રતિબંધકીભૂત વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બને છે તે સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવ. સં. થી સદ્ધેતુ ધૂમમાં ચાલી જાય એટલે ધૂમ હેતુ દુષ્ટ બની જાય. અહીં ખ્યાલ રાખવો કે હ્રદો વહ્નિમાન્ અને પર્વતો વહ્નિમાન્ ઊભયાનુમિતિમાં 'ધૂમ' હેતુ છે. એટલે જ પ્રકૃતહેતુતાવચ્છેદકધર્મવત્તાસંબંધથી સદ્ધેતુ ધૂમ પણ દુષ્ટ બની ગયો. આમ યત્કિંચિત્ અનુમિતિપરક અનુમિતિ પદ લેતાં અતિવ્યાપ્તિ આવે.

સિદ્ધાન્તી - વારૂ, અમે કહીશું પ્રકૃતપક્ષક-પ્રકૃતસાધ્યક-પ્રકૃતહેતુકાનુમિતિપરક અનુમિતિ પદ લેવું. હવે હ્રદપક્ષક, વહ્નિસાધ્યક, ધૂમહેતુક અનુમિતિ પ્રતિ જ **વહ્ન્યભાવવાન્ હ્રદઃ** પ્રતિબંધક બને અને તેથી દોષવત્તા તેમાં જ જાય. પર્વતો વહ્નિમાન્ સ્થલીય ધૂમહેતુ દુષ્ટ ન બને. કેમકે તે પ્રકૃતપક્ષકાદિ અનુમિતિ નથી માટે તેના પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક જ ન બને.

પૂર્વપક્ષ - વારૂ, તેમ કહેશો તો વ્યભિચાર-વિરોધાદિમાં અવ્યાપ્તિ આવશે. કેમકે પ્રકૃતપક્ષકાદિ અનુમિતિ પ્રતિ વહ્નિઃ ધૂમવ્યભિચારી (વહ્નિમાં સાધ્યાભાવવદ્વૃત્તિત્વ) એ જ્ઞાન પ્રતિબંધક જ નથી બનતું. એ તો વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પ્રતિબંધક બને છે. અને તેથી જ વ્યભિચારાદિજ્ઞાનાભાવ અનુમિતિ કારણ ન બને. જો તાદૃશજ્ઞાન અનુમિતિપ્રતિબંધક બનતું હોત તો પ્રતિબંધકાભાવ અનુમિતિમાં કારણ બને એટલે તેના રહેતાં જ અનુમિતિ થવી જોઈએ. પણ તેમ થતું નથી : હવે આમ અનુમિતિપ્રતિબંધક વ્યભિચારાદિ યથાર્થજ્ઞાન ન બનતાં તદીયવિષયતા વ્યભિચારાદિ પર ન જતાં તેમાં લક્ષણની અવ્યાપ્તિ ઊભી રહે છે.

<u>ગાદાધરી</u> : લક્ષણયા તસ્ય તાદૃશાનુમિતિજનકજ્ઞાનમાત્રપરત્વે ચ બાધાદાવવ્યાપ્તિઃ, બાધાદિજ્ઞાનસ્ય પરામર્શાઽપ્રતિબન્ધકત્વાત્ ।

સિદ્ધાન્તી - અનુમિતિ પદની અમે તાદૃશાનુમિતિજનકજ્ઞાનમાત્ર (વ્યાપ્તિજ્ઞાન-પરામર્શ) માં લક્ષણા કરશું. અર્થાત્ અનુમિતિપ્રતિબંધકયથાર્થજ્ઞાનવિષયતા એટલે

વ્યાપ્તિજ્ઞાનપ્રતિબંધકયથાર્થજ્ઞાનવિષયતા એ હેત્વાભાસનું લક્ષણ બન્યું. હવે વ્યાપ્તિજ્ઞાનપ્રતિબંધક વ્યભિચારજ્ઞાન છે જ. માટે તદીયવિષયતા વ્યભિચારમાં આવી જતાં તે દોષ બની જાય.

પૂર્વપક્ષ - તેમ કહેશો તો બાધાદિમાં અવ્યાપ્તિ આવશે. કેમકે બાધજ્ઞાન વ્યાપ્તિ-જ્ઞાનાદિ (પરામર્શ પણ સમજી લેવો) પ્રતિ પ્રતિબંધક નથી. પરંતુ અનુમિતિ પ્રતિ જ પ્રતિબંધક છે.

<u>गादाधरी</u> : अतः तत्रानुमितिपदमजहत्स्वार्थलक्षणया तदुभयपरतया व्याचष्टे - तत्रेति ।

<u>दीधितिः</u> : तत्राऽनुमितिपदम् अनुमितिनिष्ठकार्यतानिरूपक-सम्बन्धित्वेनाऽनुमितितत्कारणज्ञानपरम् ।

<u>गादाधरी</u> : तादृशलक्षणवाक्ये इत्यर्थः । लक्षणघटकतावच्छेदकमु-भयसाधारणमनुगतरूपमाह अनुमितिनिष्ठकार्यतानिरूपकसम्बन्धित्वेनेति। अनुमितिपदस्य प्रकृतपक्षतावच्छेदकविशिष्टे प्रकृतसाध्यतावच्छेदका-वच्छिन्नप्रकारकहेतुतावच्छेदकावच्छिन्नहेतुकानुमितिपरत्वं स्वयमेव दर्शयिष्यति, अतो न वक्ष्यमाणाऽतिप्रसङ्गः ।

સિદ્ધાન્તી - વારૂ, તો ઊભયત્ર અવ્યાપ્તિ દૂર કરવા માટે અમે અજહત્ સ્વાર્થલક્ષણયા અનુમિતિ પદને અનુમિતિ, વ્યાપ્તિજ્ઞાન, પરામર્શ પરક કહીશું.

જે પોતાનો અર્થ છોડ્યા વિના અન્યપરક પણ બને તે અજહત્સ્વાર્થ-લક્ષણા કહેવાય. काकेभ्यो दधि रक्ष्यताम् સ્થળે કાક અને અકાક ઊભયનો અજહત્સ્વાર્થલક્ષણાથી સંગ્રહ થાય. કાક એ શક્ય પદ છે, અકાક એ લક્ષ્ય છે. ઊભયનું સંગ્રાહક લક્ષ્યતાવચ્છેદક અકાકત્વ તો થાય નહિ એટલે ત્યાં તેવું લક્ષ્યતાવચ્છેદક દધ્યુપઘાતકત્વ બને.

કાક=શક્યનો અને અકાક=લક્ષ્યનો ઊભયનો સંગ્રહ લક્ષ્યતાવચ્છેદક દધ્યુપઘાતકત્વેન રૂપેણ થઈ જાય.

એ જ રીતે પ્રસ્તુતમાં અનુમિતિ પદ શક્ય છે અને વ્યાપ્તિજ્ઞાન-પરામર્શ લક્ષ્ય છે. અહીં લક્ષ્યતાવચ્છેદક કોણ બને કે જેનાથી શક્ય-લક્ષ્યનો સંગ્રહ થાય ? એ જોઈએ.

અનુમિતિ એ કાર્ય હોવાથી તેમાં કાર્યતા રહી. આ કાર્યતા રૂપ સંબંધ અનુમિત્યનુયોગિક વ્યાપ્તિજ્ઞાન-પરામર્શપ્રતિયોગિક છે. કાર્યતાના નિરૂપક અનુમિતિ, વ્યાપ્તિજ્ઞાન-પરામર્શ છે. આથી કાર્યતારૂપ સંબંધના અનુમિતિ અને વ્યાપ્તિજ્ઞાન-પરામર્શ સંબંધિ પણ બન્યા. એટલે તે બધાયમાં કાર્યતાનિરૂપકસંબંધિત્વ રહ્યું. આ બને લક્ષ્યતાવચ્છેદક. આ કાર્યતાનિરૂપકસંબંધિત્વ નામના લક્ષ્યતાવચ્છેદકરૂપથી અનુમિતિપદ અનુમિતિ-તત્કારણપરક બન્યું. આમ થતાં હવે બાધાદિમાં અવ્યાપ્તિ પ્રસંગ સંભવતો નથી.

અહીં એ ખ્યાલ રાખવો કે અનુમિતિપદ એ પ્રકૃતપક્ષતાવચ્છેદકથી વિશિષ્ટ પર્વતાદિમાં પ્રકૃતસાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારક અને પ્રકૃતહેતુતાવચ્છેદકાવચ્છિન્નહેતુક એવી અનુમિતિને જણાવનારું છે. એમ દીધિતિકાર જાતે જ આગળ કહેશે. એટલે વક્ષ્યમાણ અતિપ્રસંગદોષ નહિ લાગે.

<u>गादाधरी</u> : निरूपकत्वं चाऽत्र यदि प्रतियोगित्वं, तदा कार्यस्य कार्यताप्रतियोगित्वाभावादनुमित्यसंग्रहः,

પ્રશ્ન - કાર્યતાનિરુપકસંબંધિત્વ રૂપ લક્ષ્યતાવચ્છેદકમાં નિરૂપકત્વ એટલે જો પ્રતિયોગિત્વ કહેશો તો કાર્યતાપ્રતિયોગી સંબંધિ તો વ્યાપ્તિજ્ઞાન-એ પરામર્શ જ બનશે એટલે બાધાદિમાં અવ્યાપ્તિ આવશે. કેમકે બાધાદિ વ્યાપ્તિજ્ઞાનાદિ પ્રતિ પ્રતિબંધક બનતાં નથી. હવે જો નિરૂપકનો અર્થ અનુયોગી કરશો તો કાર્યતાનિરૂપકસંબંધિ અનુમિતિ બને એટલે વ્યભિચારાદિમાં અવ્યાપ્તિ આવે કેમકે વ્યભિચારાદિ અનુમિતિ પ્રતિબંધક બનતાં નથી.

<u>गादाधरी</u> - अतः सम्बन्धिपदं सम्बन्धिद्वयसाधारणस्य तत्साक्षात्कारजनकसाक्षात्कारविषयतात्मकनिरूपकत्वस्य लाभाय ।

સિદ્ધાન્તી - સંબંધિદ્વયનો સંગ્રહ કરી લેવા અમે નિરૂપકત્વનો અર્થ આમ કરીશું. સંબંધના સાક્ષાત્કારમાં સંબંધિનો સાક્ષાત્કાર કારણ બને છે. કાર્યતારૂપ સંબંધના સાક્ષાત્કારનો જનક અનુમિતિ-પરામર્શ સાક્ષાત્કાર બને. તેની વિષયતા અનુમિતિ, વ્યાપ્તિજ્ઞાન, પરામર્શમાં રહે. બસ, આ વિષયતા રૂપ નિરૂપકત્વ લેવાનું અમે કહીશું. હવે તાદૃશસાક્ષાત્કારીય વિષયતા અનુમિતિ અને વ્યાપ્તિજ્ઞાન-પરામર્શમાં છે એટલે તદ્રૂપ નિરૂપકત્વ પણ તે બધાયમાં છે. આમ કાર્યતાનિરૂપક સંબંધિત્વ રૂપ જે લક્ષ્યતાવચ્છેદક છે

તેમાં નિરૂપકત્વનો અર્થ પ્રતિયોગિત્વ કે અનુયોગિત્વ કોઈ ન લેતાં પૂર્વોક્ત લેવો જોઈએ.

અહીં કાર્યતાનિરૂપક સંબંધિત્વ માં સંબંધિ પદ તાત્પર્યગ્રાહક છે. અર્થાત્ કાર્યતાનિરૂપકત્વ માત્ર કહેતાં આવું નિરૂપકત્વ બે યમાં રહેતું ન હતું હવે જયારે સંબંધિપદ મૂક્યું ત્યારે પણ યદ્યપિ પૂર્વોક્ત પ્રતિયોગિત્વ રૂપ કે, અનુયોગિત્વ રૂપ નિરૂપકત્વ હોય, તો આપત્તિ ઊભી જ રહે, તથાપિ તે આપત્તિ હવે ન આવે કેમકે સંબંધિત્વ પદનું તાત્પર્ય જ તાદૃશનિરૂપકત્વમાં છે.

<u>गादाधरी</u> : अत्र पर्वतो वह्निमान् ह्रदश्च तथेत्यादिसमूहालम्बनानुमित्यादिविरोधिह्रदनिष्ठवह्न्यभावादिरूपबाधादेः पर्वतादौ धूमादिना वह्न्यादिसाधने दोषताप्रसङ्गः,

પૂર્વપક્ષ - વારૂ, તમારું લક્ષણ આવુ થયું છે. **प्रकृतानुमितिनिष्ठकार्यतासाक्षात्कारजनकसाक्षात्कारविषयताश्रयग्रहनिष्ठप्रतिबध्यतानिरूपक-प्रतिबंधकतावत् यथार्थज्ञानविषयत्वं हेत्वाभासत्वम् ।**

હવે જુઓ આમાં દોષ આવે છે. **पर्वतो वह्निमान् ह्रदश्च वह्निमान्** આવી સમૂહાલંબન અનુમિતિ લઈશું.

આ અનુમિતિ કાર્યતાસાક્ષાત્કારજનકસાક્ષાત્કારવિષયતાના આશ્રયભૂત સંબંધિ-ગ્રહરૂપ છે. તાદૃશગ્રહનિષ્ઠ-પ્રતિબધ્યતાનિરૂપક એ પ્રતિબંધકતાવત્ યથાર્થજ્ઞાન વહ્ન્યભાવવાન્ હ્રદ બને. તેમાં વિષયતા રહી એટલે તે વહ્ન્યભાવવત્હ્રદ સમૂહાલંબન ગત **पर्वतो वह्निमान्** અનુમિતિ પ્રતિ દોષ બની ગયો.

<u>गादाधरी</u> : प्रकृतानुमितिनिष्ठकार्यतासम्बन्धिग्रहत्वस्य कस्यापि प्रतिबध्यतानवच्छेदकतया तदवच्छिन्नप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकता-निवेशाऽसम्भवात् ।

સિદ્ધાન્તી - पर्वतो वह्निमान् અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ ન બને એ માટે અમે કહીશું કે પ્રકૃતપક્ષક-સાધ્યક-હેતુકાનુમિતિનિષ્ઠકાર્યતા-સાક્ષાત્કારજનક સાક્ષાત્કારવિષયતાશ્રય જે સંબંધિગ્રહ બને. તાદૃશસંબંધિગ્રહત્વાવચ્છિન્નપ્રતિબધ્યતા-નિરૂપિતપ્રતિબંધકતાવત્યથાર્થજ્ઞાનવિષયત્વં હેત્વાભાસત્વમ્ ।

હવે પર્વતપક્ષક વહ્નિસાધ્યકાનુમિતિનિષ્ઠ કાર્યતા સાક્ષાત્કારજનક સાક્ષાત્કાર વિષયતાશ્રય **સંબંધિગ્રહત્વેન** - પર્વતપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિરૂપ સંબંધિગ્રહનો અને વહ્ન્યભાવવાન્ હ્રદઃ ઇત્યાકારક નિશ્ચયત્વેન વહ્ન્યભાવવાન્ હ્રદ નિશ્ચયનો પરસ્પર પ્રતિબધ્ય પ્રતિબંધકભાવ નથી.

પણ હ્રદો વહ્નિમાન્ અનુમિતિ સાથે વહ્ન્યભાવવાન્ હ્રદનો પ્રતિબધ્ય-પ્રતિબંધક ભાવ છે.

એટલે વહ્ન્યભાવવાન્ હ્રદમાં પ્રતિબંધકતા રહેવા છતાં પણ પર્વતપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિનિષ્ઠકાર્યતાનિરૂપકસંબંધિગ્રહત્વાવચ્છિન્નપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતા નથી જ.

એટલે પર્વતપક્ષકવહ્ન્યનુમિતિ પ્રતિબંધક વહ્ન્યભાવવાન્ હ્રદમાં **તાદશવિષયતાની** અતિવ્યાપ્તિ હવે આવતી નથી.

પૂર્વપક્ષ - ભલે તે અતિવ્યાપ્તિ દૂર થઈ ગઈ, પણ હવે તો જ્યાં લક્ષણ જવું જોઈએ ત્યાં પણ તે ક્યાંય ન જતા અસંભવ દોષ જ ઊભો થાય છે. જુઓ, પ્રકૃતાનુમિતિનિષ્ઠકાર્યતાસાક્ષાત્કારજનકસાક્ષાત્કારવિષયતાશ્રયસંબંધિગ્રહત્વાવચ્છિન્નપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિયથાર્થજ્ઞાન - વિષયત્વં હેત્વાભાસત્વં લક્ષણ થયું.

હવે હ્રદો વહ્નિમાન્ અનુમિતિ પ્રતિબંધક વહ્ન્યભાવવાન્ હ્રદમાં પણ તાદશવિષયતા ન જતાં અસંભવ દોષ આવે, કેમકે તદ્વત્તાબુદ્ધિમાં તદભાવવત્તા નિશ્ચય પ્રતિબંધક બને.

એટલે તદભાવનિશ્ચયનિરૂપિતા પ્રતિબધ્યતા તત્પ્રકારકબુદ્ધિત્વાવચ્છિન્ના બને. તમે તો તાદશસંબંધિગ્રહત્વાવચ્છિન્ના-પ્રતિબધ્યતા કહો છો તે તો ક્યાંય ન સંભવતાં અર્થાત્ તાદશગ્રહત્વાવચ્છિન્નપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિયથાર્થજ્ઞાનવિષયતા કોઈ પણ દોષમાં ન મળતાં અસંભવ દોષ જ આવી પડશે. એટલે તેમ ન લેવાય તેથી પર્વતો વહ્નિમાન અનુમિતિ સ્થલે વહ્ન્યભાવવાન્ હ્રદમાં અતિવ્યાપ્તિ થઈ જશે.

<u>गादाधरी</u> : तथाविधग्रहत्वव्यापकप्रतिबध्यतानिवेशे चाऽनुमित्यविरोधिनि व्यभिचारादौ परामर्शाविरोधिनि बाधादौ चाऽव्याप्तिः, उभयविरोधिपक्षाऽप्रसिद्ध्यादावेव तादृशप्रतिबध्यतानिरूपकज्ञानविषयत्वसत्त्वात् ।

સિદ્ધાન્તી - ચાલો, અમે તાદશગ્રહત્વાવચ્છિન્નપ્રતિબધ્યતાદિ ન કહેતાં તાદશગ્રહત્વ

વ્યાપક પ્રતિબધ્યતાદિ કહીશું. હવે **पर्वतो वह्निमान् ह्रदश्च** સમૂહા. સ્થળે વહ્ન્યભાવવદ્ હ્રદ દોષ બની શકે નહિ. કેમકે કેવળ પર્વતો વહ્નિમાન્ અનુમિતિમાં પણ સંબંધિગ્રહત્વ છે પણ વહ્ન્યભાવવત્હ્રદનિષ્ઠપ્રતિબંધકતાનિરૂપિતપ્રતિબધ્યતા નથી એટલે ગ્રહત્વવ્યાપક પ્રતિબધ્યતા ત્યાં ન હોવાથી તાદશગ્રહત્વવ્યાપકપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતા વહ્ન્યભાવવાન્ હ્રદ નિશ્ચયમાં ન મળતાં તે દોષ નહિ બને.

પૂર્વપક્ષ - જો તેમ કહેશો તો અનુમિતિ પ્રતિ વ્યભિચારાદિ અપ્રતિબંધક છે. અને પરામર્શપ્રતિ બાધાદિ અપ્રતિબંધક છે. હવે વ્યભિચારાદિ વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પ્રતિબંધક છે. એટલે પ્રતિબધ્યતા વ્યાપ્તિજ્ઞાનમાં રહી હવે અનુમિતિનિષ્ઠકાર્યતાના સંબંધિ તો અનુમિતિ અને પરામર્શ પણ છે. તેમાં સંબંધિગ્રહત્વ છે. પણ વ્યભિચારજ્ઞાનનિષ્ઠ પ્રતિબંધકતાનિરૂપિતપ્રતિબધ્યતા અનુમિતિમાં તો નથી. તે તો માત્ર વ્યાપ્તિજ્ઞાન રૂપ સંબંધિગ્રહમાં છે. આથી સંબંધિગ્રહત્વવ્યાપકપ્રતિબધ્યતા ન બની. બલ્કે સંબંધિગ્રહત્વવ્યાપ્યપ્રતિબધ્યતા બને.

આ જ રીતે બાધનિષ્ઠપ્રતિબંધકતાનિરૂપિતપ્રતિબધ્યતા પોતાના સંબંધિગ્રહભૂત અનુમિતિ-વ્યાપ્તિજ્ઞાન-પરામર્શમાંથી અનુમિતિમાં જ છે. વ્યાપ્તિજ્ઞાન, પરામર્શમાં તો તાદશ પ્રતિબધ્યતા નથી. અને ત્યાં સંબંધિગ્રહત્વ છે. એટલે અહીં પણ ગ્રહત્વવ્યાપક પ્રતિબધ્યતા ન બની એટલે હવે વ્યભિચાર-વિરોધ-બાધાદિમાં આ લક્ષણ ન જતાં અવ્યાપ્તિ આવશે.

અહીં અસંભવ દોષ નથી કહ્યો, કેમકે આશ્રયાસિદ્ધિ સ્થળે સંબંધિગ્રહત્વવ્યાપક પ્રતિબધ્યતા મળી જાય છે. **वह्निमान् धूमात्** અનુમિતિ પ્રતિ કાઞ્ચનમયત્વાભાવવાન્ પર્વતઃ જ્ઞાન પ્રતિબંધક બને તેમ પરામર્શ પ્રતિ પણ તાદશજ્ઞાન પ્રતિબંધક બને અને પરામર્શઘટકીભૂત વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પણ પ્રતિબંધક બને. એટલે સંબંધિગ્રહમાં પ્રતિબધ્યતા છે. માટે સંબંધિગ્રહત્વવ્યાપક પ્રતિબધ્યતા મળી જાય માટે તાદશપ્રતિબધ્યતાનિરૂપિત-પ્રતિબંધકતા શાલિ નિશ્ચય વિષયતા આશ્રયાસિદ્ધિ દોષમાં મળવાથી તે તો દોષરૂપ બની જાય છે.

આમ સંબંધિગ્રહત્વવ્યાપક પ્રતિબધ્યતા લેવા પર પણ દોષ ઊભો જ રહે છે એટલે તે અર્થ પણ કરી શકાતો નથી. અને તેથી પર્વતો વહ્નિમાન્ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક બની જાય એ મૂળ આપત્તિ ઊભી જ રહે છે. એટલે **અનુમિતિ** પદનો અર્થ શું કરવો ?

गादाधरी : अतः कल्पान्तरमाह

दीधितिः - साध्यव्याप्यहेतुमान्पक्षः साध्य-वानित्याकारानुमितिपरं वा ।

गादाधरी - प्रकृतपक्षतावच्छेदकविशिष्टपक्षे प्रकृतसाध्यता-वच्छेदकावच्छिन्नतद्व्याप्तिविशिष्टप्रकृतहेतुतावच्छेदकावच्छिन्नप्रकारका-नुमितिसामान्यपरमित्यर्थः ।

ઉત્તર - સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ એવી સમૂહાલંબન અનુમિતિ લક્ષણમાં રહેલા અનુમિતિ પદથી લેવી. એમ અમે કહીશું. અર્થાત્ પક્ષ માં સાધ્ય વિશેષણ છે અને સાધ્યવ્યાપ્ય હેતુ વિશેષણ છે. સાધ્ય એ પક્ષમાં વિશેષણ છે એટલે પ્રકૃતપક્ષતાવચ્છેદકા-વચ્છિન્નવિશેષ્યતાનિરૂપિતા પ્રકૃતસાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારતા બની.

હવે સાધ્યાવ્યાપ્ય હેતુ એ પણ પક્ષમાં વિશેષણ છે. એટલે પ્રકૃત પક્ષતાવચ્છેદકાવચ્છિન્નવિશેષ્યતાનિરૂપિતા પ્રકૃતસાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન્નિરૂપિત-વ્યાપ્તિવિશિષ્ટહેતુતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારતા બની. તાદશપ્રકારતાશાલિ અનુમિતિ સામાન્ય લક્ષણઘટક અનુમિતિ પદથી લેવી જોઈએ. હવે સામાન્યપદ કહ્યું છે. તે વ્યાપકનું સૂચક છે. માટે તાદશ અનુમિતિત્વવ્યાપકપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિ યથાર્થજ્ઞાનવિષયત્વં દોષઃ । આ પરિષ્કૃત લક્ષણ બન્યું.

હવે આમ કહેવાથી **पर्वतो वह्निमान् ह्रदश्च तथा** એવી સમૂહાલંબન અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ એ દોષ નહિ બને. કેમકે પર્વતો વહ્નિમાન્ અનુમિતિ પણ ઉક્ત પરિષ્કૃત અનુમિતિ હોવાથી તે પણ અનુમિતિ સામાન્યપદથી લેવાય હવે તન્નિષ્ઠપ્રતિબધ્યતાનિરૂપિત પ્રતિબંધકતા વહ્ન્યભાવવાન્ હ્રદમાં નથી જ એટલે કે તે અનુમિતિમાં અનુમિતિત્વ હોવા છતાં ત્યાં **"વહ્ન્યભાવવાન્ હ્રદનિષ્ઠપ્રતિબંધકતા** નિરૂપિત પ્રતિબધ્યતા નથી" માટે અનુમિતિત્વવ્યાપક પ્રતિબધ્યતા ન બની એટલે તે અંશ ખૂટતાં વહ્ન્યભાવવાન્ હ્રદ એ સમૂહાલંબન અનુમિતિમાં રહેલી પર્વતો વહ્નિમાન્ અનુમિતિ પ્રતિ દોષ બનવાની અતિવ્યાપ્તિ રહેતી નથી.

એ ખાસ ખ્યાલ રાખવો કે અનુમિતિ પદથી તે બધી અનુમિતિ લઈ શકાય જેમાં પરિષ્કૃત રૂપ હોય. એ બધી અનુમિતિ સામાન્ય જેનાથી પ્રતિબધ્ય બને તે દોષ બને.

અર્થાત્ તાદશ અનુમિતિત્વવ્યાપકપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિયથાર્થજ્ઞાન વિષયતાશ્રય દોષ બને. હવે પૂર્વોક્ત સ્થળે વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ ન બન્યો કેમકે તાદશપક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતાશાલિ તો શુદ્ધ પર્વતો વહ્નિમાન્ અનુમિતિ પણ છે તેમાં વહ્ન્યભાવ હ્રદની પ્રતિબધ્યતા નથી માટે અનુમિતિત્વવ્યાપકપ્રતિબધ્યતા નથી એટલે તાદશ પ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિયથાર્થજ્ઞાનવિષયતા વહ્ન્યભાવવાન્ હ્રદમાં ન આવતાં તે **પર્વતો વહ્નિમાન્** અનુમિતિ પ્રતિ દોષ ન બને.

<u>गादाधरी</u> : एवं च समूहालम्बनानुमितेर्व्याप्त्यादिविषयकतया व्यभिचारादिज्ञानप्रतिबध्यत्वान्न व्यभिचाराद्यसङ्ग्रहः ।

આપણે જોઈ ગયા છીએ કે અનુમિતિ પદને તાદશ સંબંધિગ્રહત્વ પરક કરીને તદ્વ્યાપક પ્રતિબધ્યતા લેતાં પર્વતો વહ્નિમાન્ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ રહેતો નથી પણ ત્યાં વ્યભિચારાદિ અને બાધાદિમાં પાછી અવ્યાપ્તિ હતી માટે તેમ માની તે દોષ દૂર થઈ શકયો નહિ.

હવે અહીં તે દોષ દૂર થાય છે અને પછી બાધાદિમાં અવ્યાપ્તિ પણ રહેતી નથી. એનું કારણ એ છે કે પૂર્વે સંબંધિગ્રહત્વવ્યાપકપ્રતિબધ્યતા લીધેલી, તે બાધાદિસ્થળે ન મળી કેમકે સંબંધિગ્રહત્વ તો વ્યાપ્તિજ્ઞાન-પરામર્શમાં પણ હોય ત્યાં બાધાદિની પ્રતિબધ્યતા ન મળે. અને સંબંધિગ્રહત્વ અનુમિતિમાં હોય ત્યાં વ્યભિચારાદિની પ્રતિબધ્યતા ન મળે એટલે સંબંધિગ્રહત્વની વ્યાપક પ્રતિબધ્યતા ન મળી માટે અવ્યાપ્તિ આવેલી. હવે અહીં તો અનુમિતિત્વવ્યાપક પ્રતિબધ્યતા લેવાની છે. અને અનુમિતિ સમૂહાલંબનાત્મક છે. એટલે તેમાં વ્યાપ્તિજ્ઞાન-પરામર્શ પણ આવી જ જાય છે માટે બાધાદિની પ્રતિબધ્યતા આ સમૂહાલંબનાત્મક અનુમિતિમાં સાધ્યવાન્ પક્ષઃ અંશમાં રહે, વ્યભિચારાદિની પ્રતિબધ્યતા વ્યાપ્તિ અંશમાં રહે અને આશ્રયાસિદ્ધિ આદિની પ્રતિબધ્યતા પરામર્શ અંશમાં રહે આમ જયાં અનુમિતિત્વ છે ત્યાં પ્રતિબધ્યતા પણ દરેકની કોઈને કોઈ અંશમાં મળી જાય એટલે તેમાં અનુમિતિત્વની વ્યાપકતા મળી જાય. આ રીતે અહીં બાધાદિસ્થળે અને વ્યભિચારાદિ સ્થળે અવ્યાપ્તિ સંભવ રહેતો નથી.

<u>गादाधरी</u> : दर्शितसमूहालम्बनानुमितिप्रतिबन्धकतामादायाऽति-प्रसङ्गवारणाय सामान्यपदम् ।

દર્શિતસમૂહાલંબન અનુમિતિ - **"પર્વતો વહ્નિમાન્ હ્રદશ્ચ તથા"** એ અનુમિતિ છે.

તેના પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક હોવાથી તેની પ્રતિબધ્યતા સમૂહાલંબન અનુમિતિ પર્વતો વહ્નિમાન્....માં રહે એટલે સમૂહાલંબન અનુમિતિ પ્રત્યેની પ્રતિબંધકતાને લઈને વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બને એટલે અતિવ્યાપ્તિ આવે તે હવે દૂર થઈ. કેમકે અનુમિતિ એકાદ નથી લેવાનીસ પણ તાદશ-અનુમિતિસામાન્યનિષ્ઠ પ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતાશાલિયથાર્થજ્ઞાનવિષયત્વ લેવાનું છે. અર્થાત્ અનુમિતિત્વવ્યાપક એવી પ્રતિબધ્યતા લેવાની છે. પણ શુદ્ધ એવી 'પર્વતો વહ્નિમાન્' અનુમિતિમાં તો વહ્ન્યભાવવદ્હ્રદની પ્રતિબધ્યતા નથી. એટલે અનુમિતિત્વવ્યાપક તાદશપ્રતિબધ્યતા ન મળવાથી વહ્ન્યભાવવદ્ હ્રદ દોષ ન બને.

<u>गादाधरी</u> : तथाच तादृशानुमितित्वव्यापकप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकताशालियथार्थज्ञानविषयत्वं पर्यवसितार्थः । एवं च साध्यतावच्छेदकावच्छिन्नादिप्रकारकानुमितिसामान्यान्तर्गतायां पर्वतो वह्निमान् वह्निव्याप्यधूमवांश्चेत्याद्यनुमितौ ह्रदो न वह्निमानित्यादिनिश्चयस्याऽप्रतिबन्धकत्वान्नातिप्रसङ्गः।

આમ સામાન્યપદના ઉપાદાનથી આ અર્થ નીકળ્યો. તાદશાનુમિતિત્વવ્યાપક-પ્રતિબધ્યતાનિરૂપક પ્રતિબંધકતા શાલિ યથાર્થજ્ઞાન વિષયત્વં દોષ.

તાદશાનુમિતિ એટલે આપણે પૂર્વે જ કહી ગયા છીએ છતાં ફરી તે પણ જોઈ લઈએ.

પ્રકૃતપક્ષતાવચ્છેદકાવચ્છિન્નવિશેષ્યતાનિરૂપિતસાધ્યતાવચ્છેદક-અવચ્છિન્નપ્રકારતા-પ્રકૃતપક્ષતાવચ્છેદકાવચ્છિન્નવિશેષ્યતાનિરૂપિતસાધ્યતાવચ્છેદક-અવચ્છિન્ન્નિરૂપિતવ્યાપ્તિ-વિશિષ્ટહેતુતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રકારતાશાલિ-અનુમિતિ.

આવી જે કોઈ અનુમિતિ હોય તે બધાય માં યન્નિરૂપિત પ્રતિબધ્યતા રહે તે દોષ કહેવાય. ફરીને પૂર્વોક્ત અતિપ્રસંગને સ્પષ્ટ રીતે દૂર કરે છે. આપણે પણ તેની પંક્તિ મુજબ ફરી જોઈ લઈએ.

પર્વતો વહ્નિમાન્, વહ્નિવ્યાપ્ય ધૂમવાન્ હ્રદશ્ચવહ્નિમાન્ આ અનુમિતિની જેમ પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પણ અનુમિતિ સામાન્યમાં અન્તર્ગત થાય છે. અને તેના પ્રતિ તો વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બનતો નથી માટે સમૂહાલંબન અનુમિતિ અન્તર્ગત પર્વતો વહ્નિમાન્ અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બની શકે નહિ. હવે આપણે સમસ્ત લક્ષણનો આકાર સામે રાખીને પછી આગળ વધીએ.

प्रकृतपक्षतावच्छेदकावच्छिन्न-विशेष्यता-निरूपिता प्रकृतसाध्यता-वच्छेदकावच्छिन्नप्रकारता, अथ च प्रकृतसाध्यतावच्छेदकावच्छिन्न-निरूपितव्याप्तिविशिष्टहेतुतावच्छेदकावच्छिन्नप्रकारता शालि अनुमितित्व व्यापक प्रतिबध्यता निरूपित प्रतिबंधकता शालि यथार्थज्ञान विषयत्वं तत्त्वम् ।

<u>गादाधरी</u> : **बाधसत्प्रतिपक्षस्वरूपासिद्ध्याश्रयासिद्धिषु अव्याप्तिवारणाय प्रकृतपक्षतावच्छेदकावच्छिन्नपक्षविशेष्यकत्वनिवेशः ।**

હવે અહીં 'प्रकृतपक्षतावच्छेदकावच्छिन्न विशेष्यता' ને કાઢી નાંખે તો બાધ, સત્પ્રતિપક્ષ - સ્વરૂપાસિદ્ધિ, આશ્રયાસિદ્ધિમાં અવ્યાપ્તિ આવે.

બાધ : હ્રદો વહ્નિમાન્ ધૂમાત્ એ અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક બને જ છે પણ હવે તો સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતા..... પ્રકારતાશાલિ અનુમિતિ સામાન્ય લેવાની છે એટલે જેમ હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્ય ધૂમવાંશ્ચ અનુમિતિ તેવી છે તેમ **पर्वतो वह्निमान् वह्निव्याप्यधूमवांश्च** અનુમિતિ પણ તેવી હોવાથી તે પણ અનુમિતિ સામાન્યમાં આવી જાય. (પક્ષતાવચ્છેદકાવ. પક્ષ વિશેષ્ય તો અપેક્ષિત નથી.) આ અનુમિતિ પ્રતિ તો વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક બની શકતો નથી. અર્થાત્ વહ્ન્યભાવવાન્ હ્રદ નિરૂપિત પ્રતિબધ્યતા **पर्वतो वह्निमान् वह्निव्याप्य धूमवांश्च** અનુમિતિનિષ્ઠ નથી બનતી એટલે અનુમિતિત્વ વ્યાપક પ્રતિબધ્યતા ન બની. આમ પક્ષાંશ ન લેતાં બાધમાં અવ્યાપ્તિ આવે. જો તેનો નિવેશ કરીએ તો અવ્યાપ્તિ નથી કેમકે હ્રદત્વાવચ્છિન્નહ્રદ વિશેષ્યતાક અનુમિતિ તો પર્વતો વહ્નિમાન્ અનુમિતિ છે જ નહિ. માટે તેને અનુમિતિ સામાન્યપદથી ન લેવાય. એટલે પછી અવ્યાપ્તિ ન રહે. આ જ રીતે સત્પ્રતિપક્ષમાં અવ્યાપ્તિ આવે.

તે આ પ્રમાણે **वह्निमान् ह्रदो वह्निमान् वह्निव्यायधूमवांश्च** પ્રતિ હ્રદો વહ્ન્યભાવવાન્ જલાત્ સત્પ્રતિપક્ષ બને છે. તે નહિ બને, કેમકે પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ એ અનુમિતિ પણ અનુમિતિસામાન્યથી પકડાય (પક્ષાંશ દૂર કરેલો છે માટે સાધ્ય અને હેતુ સરખા જ્યાં મળે તે અનુમિતિ પકડાય) હવે તેના પ્રતિ તો તે પ્રતિબંધક ન બને. એટલે તેમાં અવ્યાપ્તિ આવે.

સ્વરૂપાસિદ્ધિ : હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ - અહીં ધૂમાભાવવિશિષ્ટહ્રદ એ દોષ બને છે. પણ પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પણ અનુમિતિ સામાન્યથી હવે પકડાય એટલે તેના પ્રતિ તો તે દોષ ન બનતાં અવ્યાપ્તિ આવે છે.

આશ્રયાસિદ્ધિ : કાઞ્ચનમયપર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ આ અનુમિતિ પ્રતિ કાઞ્ચનમયત્વાભાવવાન્ પર્વત દોષ બને છે. પણ અનુમિતિસામાન્ય પ્રતિ તે દોષ ન બને કેમકે હવે તો અનુમિતિ સામાન્યમાં પર્વતો વહ્નિમાન્ અનુમિતિ પણ લેવાય અને તેના પ્રતિ તે દોષ નથી બનતો. આમ અવ્યાપ્તિ આવે.

આ અવ્યાપ્તિ દૂર કરવા પ્રકૃતપક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતાનો નિવેશ કર્યો. હવે પૂર્વોક્ત સ્થળે જેને આપણે અનુમિતિ સામાન્યમાં લઈ લેતા હતાં તે લેવાય જ નહિ એટલે તે સિવાયની અનુમિતિસામાન્યમાં બાધાદિની પ્રતિબધ્યતા મળી જતાં એમાં અવ્યાપ્તિ ન આવે.

<u>गादाधरी</u> : द्रव्यत्वादिना ह्रदादिविशेष्यकानुमितौ तथाविधबाध-निश्चयस्याऽप्रतिबन्धकत्वात्तद्दोषतादवस्थ्यमतः पक्षतावच्छेदकावच्छिन्न-त्वोपादानम् ।

પ્રશ્ન - પ્રકૃતપક્ષતાવચ્છેદકાવચ્છિન્નવિશેષ્યતા ન કહેતાં પ્રકૃતપક્ષનિષ્ઠવિશેષ્યતા જ કહો તો ?

ઉત્તર - તો ફરી તે બધા દોષ ઊભા રહેશે. હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બને છે. હવે પક્ષનિષ્ઠ વિશેષ્યતા નિરૂપિત..... પ્રકારતા શાલિ અનુમિતિ એ અનુમિતિ સામાન્યથી પકડાય એટલે હવે દ્રવ્યં (હ્રદ) વહ્નિમદ્ વહ્નિવ્યાપ્યધૂમવચ્ચ અનુમિતિ પોતે પકડાય, કેમકે તેમાં પણ પક્ષનિષ્ઠવિશેષ્યતા તો છે જ – હવે આ અનુમિતિ પ્રતિ તો વહ્ન્યભાવવાન્ હ્રદ દોષ બનતો નથી. એટલે ફરી અવ્યાપ્તિ ઊભી જ રહે. હવે પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતા મૂકીએ તો વાંધો ન આવે, કેમકે પક્ષતાવચ્છેદક ધર્મ તો હ્રદત્વ છે. માટે હ્રદત્વાવચ્છિન્ન વિશેષ્યતા દ્રવ્યં વહ્નિમદ્ સ્થાનીય પક્ષ દ્રવ્યમાં નથી જ. માટે તે અનુમિતિ સામાન્યમાં ન આવી શકે એટલે પછી આપત્તિ પણ ન રહે.

આ જ રીતે સત્પ્રતિપક્ષમાં હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાયધૂમવાંશ્ચ અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવ્યાપ્યજલવાન્ હ્રદ એ પ્રતિબંધક બને છે. પણ અનુમિતિ સામાન્યમાં તો દ્રવ્યં વહ્નિમત્ વહ્નિવ્યાપ્યધૂમવચ્ચ એ પણ પકડાય અને એના પ્રતિ તો તે સત્પ્રતિપક્ષ પ્રતિબંધક

નથી. એટલે અવ્યાપ્તિ રહે. આમ સર્વત્ર તે અવ્યાપ્તિને દૂર કરવા પક્ષતાવચ્છેદકાવચ્છિન્નત્વનો નિવેશ કરવો જ જોઈએ.

<u>गादाधरी</u> : अवच्छेदकत्वं च तत्पर्याप्त्यधिकरणत्वम्, तेनाऽतेजस्वी पर्वतो वह्निमानित्यादौ विशिष्टपर्वतत्वादिमति वह्न्याद्यभावरूपबाधस्य, काञ्चनमयपर्वतो वह्निमानित्यादौ चाऽश्रयाऽसिद्धेः शुद्धपर्वतत्वावच्छिन्न-पक्षकाऽनुमित्यविरोधित्वेऽपि नाऽसंग्रहः । एवमग्रेऽपि बोध्यम् ।

હવે આગળ વધતાં ગદાધર કહે છે કે અવચ્છેદકત્વ એટલે પક્ષતાવચ્છેદકતાનું પર્યાપ્તિસંબંધથી અધિકરણત્વ લેવું. અર્થાત્ પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતા કહી છે તો પક્ષતાવચ્છેદકમાં જે પક્ષતાવચ્છેદકતા છે. તેનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ લેવું. જો તેમ ન લઈએ તો વળી અવ્યાપ્તિ આવે. अतेजस्वी पर्वतो वह्निमान् – હવે અહીં પક્ષતાવચ્છેદક તેજસ્વી-અભાવવત્પર્વતત્વ છે. અર્થાત્ तेजःसामान्याभावत्व અને પર્વતત્વ બે ય પક્ષતાવચ્છેદક છે. પર્યાપ્તિસંબંધથી પક્ષતાવચ્છેદકતાનું અધિકરણ એ બેય બને. પણ પર્યાપ્તિસંબંધથી ન લઈએ. તો તો પક્ષતાવચ્છેદક માત્ર પર્વતત્વ બની શકે. એટલે પર્વતત્વાવચ્છિન્નપર્વત વિશેષ્યતાક અનુમિતિ એ અનુમિતિ સામાન્યમાં પકડી શકાય એટલે પ્રસ્તુત અનુમિતિ પ્રતિ તો વહ્ન્યભાવવત્-અતેજસ્વી પર્વત રૂપ બાધ દોષ બને પણ અનુમિતિ સામાન્યમાં તો પર્વતો વહ્નિમાન વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ પણ હવે પકડી શકાય. કેમકે તે પણ પક્ષતાવચ્છેદક પર્વતત્વાવચ્છિન્ન વિશેષ્યતા નિરૂપિત... આદિ છે જ અને આ અનુમિતિ પ્રતિ તે પ્રતિબંધક બનતો નથી એટલે તેમાં અવ્યાપ્તિ આવે. આ અવ્યાપ્તિ દૂર કરવા પક્ષતાવચ્છેદકતાનું પર્યાપ્તિસંબંધથી અધિકરણ કહેવું જોઈએ. હવે તેજસામાન્યાભાવત્વાવચ્છિન્ન અને પર્વતત્વાવચ્છિન્નવિશેષ્યતાક અનુમિતિમાં તો પર્વતો વહ્નિમાન્ અનુમિતિ ન પકડાય કેમકે તે તેજસામાન્યાભાવવિશિષ્ટ પર્વતત્વાવચ્છિન્ન વિશેષ્યતાક નથી. અને તે ન પકડાતાં અવ્યાપ્તિ દોષ રહેતો નથી.

કાઞ્ચનમયપર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ આ અનુમિતિ પ્રતિ તો કાઞ્ચનમયત્વાભાવવાન્ પર્વત દોષ બને છે. પણ હવે જો પક્ષતાવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ ન લેવાનું હોય તો પક્ષતા.વ. પર્વતત્વાવચ્છિન્ન વિશેષ્યતા પણ લઈ શકાય. તાદશ વિશેષ્યતાક તો પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પણ છે એટલે એ પણ અનુમિતિસામાન્યથી પકડી શકાય. અને તેના પ્રતિ તો કાઞ્ચનમયત્વાભાવવાન પર્વત

પ્રતિબંધક બનતો નથી એટલે અવ્યાપ્તિ આવે. એને દૂર કરવા પક્ષતાવ.તાનું પર્યાપ્ત્યધિકરણ જ કહેવું જોઈએ. એટલે હવે કાઞ્ચનમયત્વવિશિષ્ટપર્વતત્ત્વાવચ્છિન્નની વિશેષ્યતા પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિમાં ન આવે. અને એટલે તે અનુ.સામાન્યમાં ન આવે, માટે આપત્તિ નથી.

આ રીતે ગદાધરે પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતાદલને લઈને પદવ્યાવૃત્તિ કરી.

<u>गादाधरी</u> - साध्यतावच्छेदकावच्छिन्नसाध्यप्रकारकत्वाऽनिवेशे परामर्शाविरोधितया बाधसत्प्रतिपक्षयोरव्याप्तिः,

હવે પ્રકારતાના બે દલમાં પ્રથમ દલને લઈને પદવ્યાવૃત્તિ કરે છે.

જો સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારતાનો નિવેશ ન કરીએ તો બાધ, સત્પ્રતિપક્ષમાં અવ્યાપ્તિ આવે.

હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ એ અનુમિતિ પ્રતિ તો વહ્ન્યભાવવત્ હ્રદ પ્રતિબંધક બને છે. પણ હવે તો અનુમિતિ સામાન્યમાં હ્રદો વહ્નિવ્યાપ્યધૂમવાન્ એ અનુમિતિ પણ આવી શકે. (સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતાનો અનિવેશ એટલે સાધ્ય કોટિ દૂર કરી નાંખવી જોઈએ.) અને આ અનુમિતિ પ્રતિ તો વહ્ન્યભાવવાન્ હ્રદ પ્રતિબંધક નથી બનતો એટલે તેમાં અવ્યાપ્તિ આવી.

આ જ રીતે હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાન્ પ્રતિ જે વહ્ન્યભાવવ્યાપ્યજલ સત્પ્રતિપક્ષ બને છે, તે નહિ બને કેમકે અનુમિતિ સામા.માં પૂર્વોક્ત રીતે 'હ્રદો વહ્નિવ્યાપ્યધૂમવાન્' અનુમિતિ પણ પકડાય અને તેના પ્રતિ તો તે સત્પ્રતિપક્ષ પ્રતિબંધક નથી બનતો. આ અવ્યાપ્તિ ટાળવા માટે 'સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતા'નો નિવેશ કરવો જોઈએ. તેમ થતાં 'હ્રદો વહ્નિવ્યાપ્યધૂમવાન્' અનુમિતિ એ અનુમિતિસામાન્યમાં ન આવી જાય કેમકે તે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતાક નથી.

<u>गादाधरी</u> - तत्र साध्यतावच्छेदकावच्छिन्नत्वस्यानुपादानेऽपि तद्दोषतादवस्थ्यम्, वह्नित्वावच्छिन्नाभावादिनिश्चयस्य धूमजनकतेजस्वी वह्निव्याप्यधूमवांश्च ह्रद इत्याद्यनुमित्यप्रतिबन्धकत्वात् ।

પ્રશ્ન - સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારતાને બદલે સાધ્યનિષ્ઠ પ્રકારતા જ કહો ને ?

ઉત્તર - તેમ થતાં ફરી તે જ દોષ ઊભા રહે. જુઓ. હ્રદો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ' અનુમિતિ જેમ સાધ્યનિષ્ઠ પ્રકારતાક છે તેમ હ્રદો ધૂમજનકતેજસ્વી વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ એ

અનુમિતિ પણ સાધ્ય=વહ્નિ નિષ્ઠ પ્રકારતાક તો છે જ અને તેથી અનુમિતિ સામાન્યમાં તે અનુમિતિ પણ પકડાય. અને તેના પ્રતિ તો વહ્ન્યભાવવાન્ હ્રદઃ પ્રતિબંધક બનતો નથી એટલે અવ્યાપ્તિ આવી. એને દૂર કરવા "સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રકારતાક અનુમિતિ એ અનુમિતિ સામાન્યમાં લેવી જોઈએ" એમ કહેવું જ રહ્યું. હવે "હ્રદો ધૂમજનકતેજસ્વી વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ" અનુમિતિ નહિ પકડાય, કેમકે વહ્નિત્વાવચ્છિન્નવહ્નિપ્રકારતાક તે અનુમિતિ નથી. તે તો ધૂમજનકતેજસ્વિત્વાવચ્છિન્નપ્રકારતાક છે. માટે તે ન પકડાતાં અવ્યાપ્તિ દોષ રહેતો નથી.

<u>गादाधरी</u> : यत्तु साध्याऽप्रसिद्ध्यव्याप्तिवारणप्रयोजनकत्वं तदुपादानस्येति

કેટલાક કહે છે સાધ્યતાવચ્છેદકતાનું પર્યાપ્તિ અધિકરણ જે ધર્મ બને તદવચ્છિન્ન પ્રકારતા લેવી જોઈએ એમ જે કહ્યું છે તે સાધ્યાપ્રસિદ્ધિસ્થળની અવ્યાપ્તિ દૂર કરવા માટે છે. જો આવી પ્રકારતા ન લઈએ તો પર્વતઃ કાઞ્ચનમયવહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ એ અનુમિતિ પ્રતિ કાઞ્ચનમયત્વાભાવવાન્ વહ્નિઃ જે દોષ બને છે, તે નહિ બને. કેમકે હવે તો અનુમિતિ સામાન્યમાં પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પણ પકડાય કેમકે તે પણ સાધ્યતાવચ્છેદક - વહ્નિત્વાવચ્છિન્નપ્રકારતાક તો છે જ. અને આ અનુમિતિ પ્રતિ તાદશજ્ઞાન તે પ્રતિબંધક નથી બનતું એટલે અવ્યાપ્તિ આવે. એને દૂર કરવા સાધ્યતાવચ્છેદકતા-પર્યાપ્ત્યધિકરણ - ધર્માવચ્છિન્ન-પ્રકારતાક અનુમિતિ કહી છે. હવે પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ અનુમિતિસામાન્યમાં ન પકડાય એટલે પ્રોક્ત અવ્યાપ્તિ ન રહે.

<u>गादाधरी</u> : तन्न सत्, वह्निर्न काञ्चनमय इतिनिर्णयस्य शुद्धवह्नित्वादिना वह्न्याद्यनुमित्यविरोधित्वेऽपि द्वितीयदले प्रकृत-साध्यतावच्छेदकावच्छिन्नान्तर्भावसत्त्वात्, तस्य काञ्चनमयवह्निव्याप्य-धूमवान्पर्वत इत्यनुमितिविरोधितया तत्र लक्षणगमनात् ।

ગદાધર કહે છે કે આ બરોબર નથી. સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નપ્રકારતા નિવેશનું પ્રયોજન સાધ્યાપ્રસિદ્ધિની અવ્યાપ્તિ દૂર કરવાનું નથી કેમકે ત્યાં તે ન કહે તો ય અવ્યાપ્તિ આવે તેમ નથી. પ્રકારતામાં જે બીજું દલ છે – સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નનિરૂપિતવ્યાપ્તિ... તેનાથી જ

અવ્યાપ્તિ દૂર થઈ જાય છે. ૩ ય દલમાં પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નત્વ લેવાનું તો કહ્યું છે જ. એટલે ત્રીજા દલમાં પણ તે સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નત્વનો નિવેશ છે જ. એટલે તેનાથી જ કાઞ્ચનમયવહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વત વાળી જ અનુમિતિ પકડવી રહી. એટલે તેનાથી જ અનુમિતિ સામાન્યમાં પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્ય ધૂમવાંશ્ચ અનુમિતિ પકડી શકાય નહિ અને તેથી સાધ્યાપ્રસિદ્ધિ દોષમાં અવ્યાપ્તિ પ્રકારતાના પ્રથમ દલના અનિવેશથી આવતી જ નથી.

એટલે એ દલના અનિવેશે બાધાદિ સ્થળે જ અવ્યાપ્તિ આવે – એમ જ કહેવું જોઈએ.

<u>गादाधरी</u> : द्वितीयदलप्रवेशाद् व्यभिचारविरोधसाधनाप्रसिद्धि-स्वरूपासिद्धिषु नाव्याप्तिः,

આ રીતે પ્રકારતાના પ્રથમ દલની પદવ્યાવૃત્તિ કરીને ગદાધર પ્રકારતાના દ્વિતીય દલની પદવ્યાવૃત્તિ કરે છે. જો સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટ હેતુતાવચ્છેદ-કાવચ્છિન્ન પ્રકારતાક (પર્વતો વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ) આનો નિવેશ ન કરીએ અર્થાત્ દ્વિ. દલનો આખાનો નિવેશ ન કરીએ તો વ્યભિચાર, વિરોધ, હેત્વપ્રસિદ્ધિ અને સ્વરૂપાસિદ્ધિમાં અવ્યાપ્તિ આવે. કેમકે પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાપ્યવહ્નિમાંશ્ચ અનુમિતિ પ્રતિ ધૂમાભાવવદ્વૃત્તિત્વ એ દોષ નહિ બને. કેમકે પર્વતો ધૂમવાન્ એ પણ અનુમિતિ સામાન્યમાં આવી જાય અને તેના પ્રતિ તો ધૂમાભાવવદ્વૃત્તિત્વ પ્રતિબંધક બને નહિ. હવે પૂર્વોક્ત નિવેશ થાય તો પર્વતો ધૂમવાન્ અનુમિતિ જ ન પકડાય કેમકે તે સાધ્યતાવ.અવ.નિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટહેતુતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતાક નથી.

આ જ રીતે અન્ય સ્થાનોમાં પણ અનુમિતિ સામાન્યથી પર્વતો ધૂમવાન્ અનુમિતિ પકડીને એના પ્રતિ તે તે દોષની અપ્રતિબંધકતા રહેવાથી અવ્યાપ્તિ આવે. (સાધ્યાધિકરણનિરૂપિતવૃત્તિત્વાભાવવિશિષ્ટ હેતુ= વિરોધ, હેતુતાવચ્છેદકાભાવવિશિષ્ટ હેતુ = હેત્વપ્રસિદ્ધિ, હેત્વભાવવત્પક્ષઃ સ્વરૂપાસિદ્ધિ ઇત્યાદિ સમજી લેવું.)

<u>गादाधरी</u> : तत्रापि साध्यतावच्छेदकावच्छिन्ननिरूपितव्याप्ति-विशिष्टत्वनिवेशाद्व्यभिचारविरोधयोर्नाव्याप्तिः ।

પ્રશ્ન - પ્રકારતાનું દ્વિતીય દલ યત્કિંચિત્-નિરૂપિતવ્યાપ્તિ વિ. હેતુતાવચ્છેદકા-વચ્છિન્ન પ્રકારતા એટલું જ કહોને ? શા માટે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન નિરૂપિત વ્યાપ્તિ

વિશિષ્ટત્વનો નિવેશ કરો છો?

ઉત્તર - જો તેમ ન કરીએ તો વ્યભિચાર-વિરોધમાં ફરી અવ્યાપ્તિ રહે. પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાપ્યવહ્નિમાંશ્ચ અનુમિતિ પ્રતિ ધૂમાભાવવદ્વૃત્તિત્વ રૂપ વ્યભિચાર પ્રતિબંધક બને છે. પણ હવે પૂર્વોક્ત રીતે તો અનુમિતિ સામાન્યમાં પર્વતો ધૂમવાન્ રૂપવ્યાપ્યવહ્નિમાંશ્ચ એ અનુમિતિ પણ પકડાય કેમકે દ્વિતીયદલ - યત્કિં. નિરૂપિત વ્યાપ્તિવિશિષ્ટ હેતુતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતારૂપ અહીં છે જ. આ અનુમિતિ પ્રતિ તો ધૂમાભાવવદ્વૃત્તિત્વ એ પ્રતિબંધક બનતું નથી એટલે અવ્યાપ્તિ રહે.

વળી અયં ગોત્વવાન્ અશ્વત્વાત્ અનુમિતિ પ્રતિ ગોત્વાધિકરણ ગોનિરૂપિતવૃત્તિત્વાભાવવદ્ અશ્વત્વ એ પ્રતિબંધક બને છે. પણ હવે તે અનુમિતિ સામાન્ય પ્રતિ પ્રતિબંધક નથી બનતું કેમકે અનુમિતિ સામાન્યમાં તો હવે 'અયં ગોત્વવાન્ પશુત્વવ્યાપ્યઅશ્વત્વવાંશ્ચ' એ અનુમિતિ પણ પકડાય તેના પ્રતિ તો તે પ્રતિબંધક નથી માટે અવ્યાપ્તિ આવે. આ અવ્યાપ્તિ દૂર કરવા સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન્નિરૂપિત વ્યાપ્તિ કહેવી જ જોઈએ.

<u>गादाधरी</u> : वह्निर्धूमव्यभिचारीतिज्ञानदशायामपि द्रव्यत्वादिना धूमादिनिरूपितव्याप्तेर्भानसम्भवात्तद्दोषतादवस्थ्यमतो व्याप्तौ साध्यतावच्छेदकावच्छिन्नीयत्वनिवेशः ।

પ્રશ્ન - ભલે, પણ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન્નિરૂપિતત્વ વિશિષ્ટ વ્યાપ્તિ ન કહેતાં સાધ્યનિરૂપિતત્વવિશિષ્ટ વ્યાપ્તિ અને તદ્વિશિષ્ટ હેતુતાવ. અવ. પ્રકારતા કહો ને ?

ઉત્તર - **ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિઃ** એવા વ્યભિચાર જ્ઞાન દશામાં **પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાપ્યવહ્નિમાંશ્ચ** અનુમિતિ યદ્યપિ ન થાય પણ **પર્વતો ધૂમવાન્ દ્રવ્યવ્યાપ્યધૂમવાંશ્ચ** એ અનુમિતિ વ્યાપ્તિમાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન નિરૂપિતત્વ છોડીને સાધ્યનિરૂપિતત્વની જ વિવક્ષા કરી છે એટલે આવા દ્વિતીય દલવાળી જેમ પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાયવહ્નિમાંશ્ચ અનુમિતિ છે તેમ પર્વતો ધૂમવાન્ દ્રવ્યવ્યાપ્યધૂમવાંશ્ચ અનુમિતિ પણ છે. માટે તે પણ અનુમિતિ સામાન્યમાં આવી ગઈ. અને તેના પ્રતિ વ્યભિચારનિશ્ચય પ્રતિબંધક બનતો નથી એટલે તે દોષ ન બનતાં અવ્યાપ્તિ આવે, એ જ રીતે **હ્રદો વહ્નિમાન્ જલત્વાત્** સ્થળે વહ્નિમદ્વૃત્તિત્વાભાવવિશિષ્ટજલ રૂપ વિરોધ એ પ્રતિબંધક બને છે તે હવે નહિ બને, કેમકે અનુમિતિ સામાન્ય પ્રતિ તે પ્રતિબંધક નથી બનતો અનુમિતિ સામાન્યમાં

હવે હ્રદો વહ્નિમાન્ દ્રવ્યવ્યાપ્યજલવાંશ્ચ એ અનુમિતિ પણ આવે કેમકે અહીં પણ સાધ્યનિરૂપિતત્વ વિશિષ્ટ વ્યાપ્તિ વિશિષ્ટ હેતુતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતા રૂપ દ્વિતીય દલ તો છે જ. એટલે આ અનુમિતિ પ્રતિ વહ્નિમદ્વૃત્તિત્વાભાવવત્ જલત્વ જ્ઞાન એ પ્રતિબંધક નહિ બનતાં તેમાં અવ્યાપ્તિ આવે. આ અવ્યાપ્તિ દૂર કરવા સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન્નિરૂપિતત્વવિશિષ્ટ વ્યાપ્તિ કહેવી જ જોઈએ.

<u>गादाधरी</u> : अन्वयव्याप्ति-व्यतिरेकव्याप्ती विशिष्योपादाय तदुभयविशिष्टहेतुप्रकारकत्वमेव निवेश्यम्, एकतरमात्रव्याप्त्युपादाने साधारण्याऽनुपसंहारित्वयोरेकतराऽसंग्रहप्रसङ्गादित्यग्रे व्यक्तीभविष्यति ।

પ્રશ્ન - સાધ્યતાવ.અવ.નિરૂપિત વ્યાપ્તિ કેવી લેવી ? જો અન્વયવ્યાપ્તિ લેવાનું કહેશો તો સર્વં અનિત્યં પ્રમેયત્વાત્ સ્થળે अनित्यत्वाभावव्यापकीभूताभावा-प्रतियोगित्वविशिष्ट પ્રમેયત્વ રૂપ અનુપસંહારીમાં અવ્યાપ્તિ થશે. કેમકે આ અનુમિતિ તાદશ અન્વયવ્યાપ્તિવિશિષ્ટહેતુતાવચ્છેદકાવ. પ્રકારતાક નથી એટલે અનુમિતિપદથી આ અનુમિતિ પકડાય નહિ. અને તેવી સાધ્યાભાવવદ્વૃત્તિત્વરૂપ અન્વયવ્યાપ્તિ બુદ્ધિ ઘટિત અનુમિતિ પ્રતિ તો નિરૂક્ત અનુપસંહારી પ્રતિબંધક બને નહિ એટલે તેમાં અવ્યાપ્તિ આવશે.

અને જો તે વ્યાપ્તિ વ્યતિરેકવ્યાપ્તિપરક કહેશો તો ધૂમવાન્ વહ્નેઃ પ્રતિ ધૂમાભાવવદ્વૃત્તિ સ્વરૂપ દોષ જે પ્રતિબંધક બને છે તે પ્રકૃત અનુમિતિ પ્રતિ પ્રતિબંધક ન બનતા અવ્યાપ્તિ આવે કેમકે સાધ્યાભાવવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિરૂપવ્યતિરેક-વ્યાપ્તિઘટિત અનુમિતિ એ જ અનુમિતિ સામાન્ય પદથી લેવાની છે. તેના પ્રતિ તો ધૂમાભાવવદ્વૃત્તિત્વ જ્ઞાન પ્રતિબંધક બની શકે નહિ. એટલે તેમાં અવ્યાપ્તિ આવશે.

તો હવે વ્યાપ્તિપદથી કઈ વ્યાપ્તિ લેવી જોઈએ ?

ઉત્તર - અન્વય અને વ્યતિરેક ઊભય વ્યાપ્તિનું વિશેષ રૂપથી નિર્વચન કરીને બેય લઈ લેવી. शृङ्गग्राहकतया અર્થાત્ સાધ્યાભાવ-વદવૃત્તિત્વરૂપ કે સ્વવ્યાપક સાધ્યસામાનાધિકરણ્ય રૂપ અન્વયવ્યાપ્તિ અને સાધ્યાભાવવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વરૂપ વ્યતિરેકવ્યાપ્તિ એ પ્રત્યેકને તે તે વ્યાપ્તિરૂપથી લઈને તદુભયવિશિષ્ટ હેતુનિષ્ઠ પ્રકારતા શાલિ અનુમિતિનિષ્ઠઅનુમિતિત્વ લેવુ. तद्व्यापकप्रतिबध्यतानिरूपित प्रतिबंधकताशालियथार्थनिश्चयविषयत्वं दोषः ।

આ જ લક્ષણને આપણે વ્યવસ્થિત રીતે જોઈ લઈએ. **पक्षतावच्छेदकावच्छिन्न-विशेष्यतानिरूपिता साध्यतावच्छेदकावच्छिन्न प्रकारता अथ च साध्यतावच्छेद-कावच्छिन्ननिरूपित-अन्वयव्याप्तिनिष्ठ प्रकारता निरूपित हेतुनिष्ठ विशेष्यता-तादृशविशेष्यत्वावच्छिन्न-हेतुतावच्छेदकावच्छिन्नप्रकारता-तन्निरूपकत्वे सति या साध्यतावच्छेदकावच्छिन्ननिरूपितव्यतिरेकव्याप्तिनिष्ठप्रकारता-निरूपितहेतु-निष्ठविशेष्यता, तादृशविशेष्यत्वावच्छिन्ना या हेतुतावच्छेदकावच्छिन्न-हेतुनिष्ठप्रकारता, तन्निरूपिका या अनुमितिः तादृशअनुमितित्वव्यापकप्रति-बध्यतानिरूपितप्रतिबंधकताशालि यथार्थज्ञानविषयत्वं तत्त्वम् ।**

હવે આમ થતાં સાધારણાદિદોષ અન્વયવ્યાપ્તિ ઘટિત અનુમિતિના અન્વયવ્યાપ્તિઅંશને પ્રતિબદ્ધ કરે અને અનુપસંહારિદોષ વ્યતિરેક વ્યાપ્તિ ઘટિત અનુમિતિના વ્યતિરેક વ્યાપ્ત્યંશને પ્રતિબદ્ધ કરે એટલે અનુમિતિમાં પ્રતિબધ્યતા આવી જતાં અનુમિતિત્વવ્યાપક પ્રતિબધ્યતા બની જાય. જો વ્યતિરેક વ્યાપ્તિવિરોધી જ્ઞાન હોય તો તે સમૂહાલંબન અનુમિતિના વ્યતિ. વ્યાપ્તિઅંશને પ્રતિબધ્ય કરે અને અન્વયવ્યાપ્તિ વિરોધી જ્ઞાન તે સમૂહા. અનુમિતિમાં રહેલાં અન્વય વ્યાપ્તિના અંશને પ્રતિબધ્ય કરે આમ ઊભયને લેતાં આપત્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : तादृशव्याप्तिद्वयप्रकारतानिरूपितहेतुप्रकारतायाः तत्साध्यकतद्धेतुकानुमितिजनकतावच्छेदकप्रकारतात्वेनाऽनुगमव्य निवेशस्तु न सम्भवति, साध्याभाववद्वृत्तित्वज्ञानदशायां केवलव्यति-रेकव्याप्त्यादिप्रकारकहेतुमत्ताज्ञानोत्पत्त्या साधारण्यादेस्तादृशप्रकारता-शाल्यनुमितिसामान्यविरोधित्वाभावात् ।

પ્રશ્ન - અન્વયવ્યતિરેકવ્યાપ્તિનું શૂન્યગ્રાહકતયા વિશેષરૂપમાં ઉપાદાન કરીને તેમાં તમે ખૂબ જ ગૌરવ કરી દીધું છે લક્ષણ ઘટિત અન્વય-વ્યાપ્તિ પાછી આખી કહેવી પડે તેમ વ્યતિરેક વ્યાપ્તિ પણ કહેવી પડે તેમાં પાછી સિદ્ધાન્તલક્ષણીય અને પૂર્વપક્ષીય વ્યાપ્તિ કહેવી પડે. આ બધા કરતાં જેમ અન્વય વ્યાપ્તિ પ્રકારતામાં અનુમિતિજનકતાવચ્છેદકતા છે તેમ વ્યતિરેક વ્યાપ્તિનિષ્ઠપ્રકારતામાં પણ અનુમિતિજનકતાવચ્છેદકતા છે તો વ્યાપ્તિદ્વયનિરૂપિત એવી હેતુનિષ્ઠપ્રકારતાનો તત્સાધ્યક, તદ્ધેતુકાનુમિતિજનકતા-

વચ્છેદકપ્રકારતાત્વેન અનુગમ કરીને જ લાઘવાત્ નિવેશ કરી લેવો જોઈએ ને ?

એના ઉત્તરમાં ગદાધર કહે છે કે આ નિવેશ સંભવી શકતો નથી માટે જ અમે ગુરૂભૂત લક્ષણનું ઉપાદાન કર્યું છે.

જુઓ, આ જે અન્વયવ્યાપ્તિનિષ્ઠ પ્રકારતાનિરૂપિત હેતુનિષ્ઠપ્રકારતા છે તે જ હેતુનિષ્ઠપ્રકારતા વ્યતિરેકવ્યાપ્તિનિષ્ઠપ્રકારતા નિરૂપિતા પણ છે. હવે આ જ હેતુનિષ્ઠ પ્રકારતા એ અનુમિતિનિષ્ઠ જન્યતા નિરૂપિત જનકતાની અવચ્છેદક છે. (વ્યાપ્તિ વિશિષ્ટ હેતુમાન્ પક્ષઃ એવો પરામર્શ જનક છે એટલે હેતુ જનકતાવચ્છેદક કહેવાય. હેતુ પણ પ્રકારતાવિશિષ્ટ છે માટે તે પ્રકારતા પણ જનકતાવચ્છેદક કહેવાય.) અન્વય-વ્યાપ્તિ કે વ્યતિ.વ્યાપ્તિની પ્રકારતાથી નિરૂપિત હેતુ પ્રકારતા એ અનુમિતિ નિષ્ઠ જન્યતાનિરૂપિત જનકતાચ્છેદક છે. એટલે આ બે ય પ્રકારતાનો તાદશપ્રકારતાત્વેન અનુગમ કરી લઈએ તો લક્ષણનો આકાર આવો થાય. તત્સાધ્યક તદ્ધેતુકાનુમિતિજનકતાવચ્છેદક-પ્રકારતાત્વાવચ્છિન્ના યા. વ્યાપ્તિદ્વય પ્રકારતાનિરૂપિતહેતુપ્રકારતા, તાદશપ્રકારતાશાલિઅનુમિતિત્વ વ્યાપક પ્રતિબધ્યતા નિરૂપિત પ્રતિબંધકતા શાલિ યથાર્થજ્ઞાનવિષયત્વં દોષઃ - હવે આમ કહેવાથી યદ્યપિ 'અન્વય-વ્યાપ્તિ' વિગેરે પદનો ઉલ્લેખ કરવો નથી પડતો અને તત્પ્રયુક્ત લાઘવ પણ છે છતાં ય એમાં દોષ આવવાથી એ લાઘવ અકિંચિત્કર છે.

જુઓ. **पर्वतो धूमवान् वह्नेः** અનુમિતિ પ્રતિ ધૂમાભાવવદ્વૃત્તિત્વજ્ઞાન પ્રતિબંધક બનતું નથી પણ તે જ્ઞાન ધૂમાભાવવદવૃત્તિત્વરૂપ અન્વયવ્યાપ્તિના જ્ઞાન પ્રતિ પ્રતિબંધક બને છે. પણ ધૂમાભાવવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વરૂપ વ્યતિરેક વ્યાપ્તિ-જ્ઞાન પ્રતિ તો તે પ્રતિબંધક બનતું નથી. હવે પ્રકારતાત્વાવચ્છેદેન તાદશઊભય પ્રકારતાને લીધી છે. એટલે પ્રકારતાત્વાવચ્છેદેન ઊભય પ્રકારતા શાલિ અનુમિતિમાં તો વ્યતિ. વ્યાપ્તિ પણ આવે જ અને તેથી પ્રકારતાત્વાવચ્છેદેન પ્રકારતા શાલિ અનુમિતિ પ્રતિ ધૂમાભાવવદ્ વૃત્તિત્વ જ્ઞાન પ્રતિબંધક બનતું નથી તેથી તેમાં અવ્યાપ્તિ આવે. કહેવાનું તાત્પર્ય એ છે કે સાધ્યાભાવવદ્વૃત્તિત્વજ્ઞાન દશામાં કેવલ-વ્યતિ.વ્યાપ્ત્યાદિ પ્રકારક હેતુમત્તાનું જ્ઞાન તો ઉત્પન્ન થાય જ છે. એટલે તાદશાનુમિતિ સામાન્ય પ્રતિ સાધારણ એ પ્રતિબંધક ન બનતાં અવ્યાપ્તિ આવે. એ દોષને લીધે અમે તે લાઘવપ્રયુક્ત એવો પણ નિવેશ ન લઈને વિશેષ રૂપથી વ્યાપ્તિ ઉપાદાન કર્યું છે. હવે ત્યાં તો પૃથક્ પૃથક્ અંશો છે એટલે તે તે અંશને તો તે વ્યભિચારજ્ઞાન પ્રતિબદ્ધ કરી શકે જ છે.

गादाधरी : व्याप्तिविशिष्टविषयकत्वमात्रस्य तद्विशिष्टहेतुतावच्छेदकावच्छिन्नविषयकत्वमात्रस्य वा निवेशे स्वरूपासिद्धावव्याप्तिः, अतः पक्षांशे तादृशव्याप्तिविशिष्टहेतुतावच्छेदकावच्छिन्नप्रकारत्वनिवेशः ।

पूर्वपक्ष - ભલે પ્રકારતાના બીજા દલમાં તમે "તાદશવ્યાપ્તિવિશિષ્ટ હેતુ પ્રકારતાક" કહ્યું છે તેને બદલે તાદશ વ્યાપ્તિવિશિષ્ટ વિષયક માત્રનો જ નિવેશ કરો તો ?

ઉત્તર - તો પછી સ્વરૂપાસિદ્ધિમાં અવ્યાપ્તિ આવશે. **ह्रदो द्रव्यत्ववान् द्रव्यत्वव्याप्तिमांश्च,** અથવા તો **ह्रदो द्रव्यत्ववान् द्रव्यत्वव्याप्यवांश्च** તથા **ह्रदो द्रव्यत्ववान् द्रव्यत्वव्याप्यो धूमश्च** આ અનુમિતિ પણ તાદશવ્યાપ્તિવિશિષ્ટ વિષયક છે જ અને તેના પ્રતિ ધૂમાભાવવાન્ હ્રદ પ્રતિબંધક બનતો નથી. કેમકે અહીં ધૂમનો ઉલ્લેખ છે માટે તે ધૂમત્વાવચ્છિન્નધૂમવાન્ હ્રદ જ્ઞાન પ્રતિ જ પ્રતિબંધક બને. અને ત્યાં તો વ્યાપ્તિવિશિષ્ટ વિષયકત્વેન હેતુ પડેલો છે. ધૂમત્વેન ધૂમ તો છે જ નહિ. આ દોષ દૂર કરવા તેમ કહી શકાય નહિ.

પ્રશ્ન - વારૂ. વ્યાપ્તિવિશિષ્ટહેતુતાવચ્છેદકાવચ્છિન્નહેતુ વિષયકત્વ ત્યાં કહો અથવા સાધ્યતાવચ્છેદકવચ્છિન્ન પ્રકારતાનિરૂપિતા જે પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતા છે તે વિશેષ્યતાનું વ્યાપ્તિવિ. હેતુતાવ. અવ. હેતુ વિષયતા વિશેષણ ન કરો અને વ્યાપ્તિ વિ. હેતુતાવ. અવ. હેતુ વિષયક અનુમિતિ જ કહો.

ઉ - તો પણ સ્વરૂપાસિદ્ધિમાં અવ્યાપ્તિ -

કેમકે તેવી અનુમિતિ તો **पक्षः साध्यवान् साध्यव्याप्य हेतुश्च** પણ બને અને તેના પ્રતિ તો ધૂમાભાવવાન્ હ્રદઃ પ્રતિબંધક બને નહિ. તે તો ધૂમત્વાવચ્છિન્નધૂમવદ્હ્રદ પ્રતિ જ પ્રતિબંધક બને છે. આમ અવ્યાપ્તિ આવે. તેને દૂર કરવા વ્યાપ્તિવિ. હેતુતાવ. અવ. વિષયક અનુમિતિ ન કહેતાં વ્યાપ્તિવિ. હેતુતાવ. અવ. પ્રકારતા નિરૂપિત તાદશ પક્ષતાવ. અવ. વિશેષ્યતા એમ કહેવું જ જોઈએ. તાદશ વિશેષ્યતાશાલિ અનુમિતિ ત્વવ્યાપક પ્રતિબધ્યતાનિરૂપિત પ્રતિબંધકતાશાલિયથાર્થવિષયત્વં દોષઃ ।

गादाधरी : पक्षांशे व्याप्तिविशिष्टप्रकारकत्वमात्रनिवेशेऽपि तद्दोषतादवस्थ्यम्, धूमाभाववान् ह्रद इति ज्ञानस्य द्रव्यत्वादिना हेतुमत्ताज्ञानाऽविरोधित्वात्,

પૂર્વપક્ષ: પક્ષાંશમાં તાદૃશ પ્રકારતાને વિશેષણ કરો પણ વ્યાપ્તિવિશિષ્ટ પ્રકારતાને જ વિશેષણ કરો. વ્યાપ્તિ વિશિષ્ટ હેતુતાવચ્છેદકાવચ્છિન્ન પ્રકારતાને વિશેષણ ન કરો.

ઉત્તર - તો પછી તેવી અનુમિતિ તો પક્ષ: સાધ્યવાન્ સાધ્યવ્યાપ્ય દ્રવ્યવાંશ્ચ તથા પક્ષ: સાધ્યવાન્ સાધ્યનિરૂપિત વ્યાપ્તિવિશિષ્ટવાંશ્ચ અનુમિતિ પણ બને. હવે આના પ્રતિ સ્વરૂપાસિદ્ધિ પ્રતિબંધક નહિ બને કેમકે આ અનુમિતિમાં તો તાદૃશવિશિષ્ટત્વેન પ્રકાર છે. પણ હેતુતાવચ્છેદકરૂપથી નથી. સ્વરૂપાસિદ્ધિ તો હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેતુમાન્ પક્ષ બુદ્ધિ પ્રતિ જ પ્રતિબંધક બને છે. આમ તે દોષને દૂર કરવા માટે હેતુતાવ. અવ. પ્રકારતા ને જ પક્ષાંશમાં વિશેષણ કરવું જોઈએ.

<u>गादाधरी</u> : साधारण्याद्यव्याप्तिश्च वह्नित्वावच्छिन्ने धूमाभाववद्-वृत्तित्वग्रहस्य धूमादिव्याप्तिविशिष्टतद्व्यक्तित्वावच्छिन्नप्रकार-कज्ञानाऽविरोधित्वादतो हेतुतावच्छेदकावच्छिन्नत्वनिवेशः ।

હેતુતાવ. અવ. ત્વ નો નિવેશ ન કરે તો વ્યભિચારમાં પણ આપત્તિ આવે. (૧) પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાપ્તિ વિશિષ્ટ તદ્વહ્નિમાંશ્ચ, (૨) પર્વતો ધૂમવાન્ ધૂમવ્યાપ્ય તદ્વહ્નિશ્ચ અનુમિતિ પણ અનુમિતિ સામાન્યથી પકડાય.

હવે ધૂમાભાવવદ્વૃત્તિત્વ વિશિષ્ટ વહ્નિ: એ જ્ઞાન ધૂમવ્યાપ્તિવિશિષ્ટ વહ્નિ: જ્ઞાન પ્રતિ કે ધૂમવ્યાપ્તિવિશિષ્ટવહ્નિત્વાવચ્છિન્ન વહ્નિ: જ્ઞાન પ્રતિ પ્રતિબંધક છે. પણ ધૂમવ્યાપ્તિવિશિષ્ટતદ્વહ્નિ જ્ઞાન પ્રતિ પ્રતિબંધક નથી આમ પૂર્વોક્ત અનુમિતિદ્વય પ્રતિ અપ્રતિબંધક બનતાં તે અનુમિતિમાં પ્રતિબધ્યતા ન રહેતા અનુમિતિત્વવ્યાપક પ્રતિબધ્યતાનિરૂપિત પ્રતિબંધકતા શાલિ યથાર્થજ્ઞાનવિષયત્વ ધૂમાભાવવદ્વૃત્તિત્વમાં ન રહેતાં દોષ ન બને અને તેથી અવ્યાપ્તિ આવે. એને દૂર કરવા માટે તાદૃશ હેતુતાવ. અવ. હેતુપ્રકારતાને જ પક્ષાંશમાં વિશેષણ બનાવવું જોઈએ.

<u>गादाधरी</u> : पक्षांशे साध्यादिप्रकारकस्य संस्कारादेः आहार्यज्ञानादेश्च बाधादिज्ञानाऽप्रतिबध्यत्वादसंभव इत्यतस्तादृशानुमितित्वव्यापकता-निवेशः ।

પૂર્વપક્ષ : વારૂ, બધું જ કહો. પણ પક્ષતાવ અવ. વિશેષ્યતા નિરૂપક અનુમિતિ શા માટે કહો છો ?

એમ જ કહો કે તાદશપક્ષતાવ અવ. વિશેષ્યતાક જે કોઈ બને, તાદશવિશેષ્યતાકત્વવ્યાપક પ્રતિબધ્યતા નિરૂપિત પ્રતિબંધકતાશાલિ યથાર્થજ્ઞાન વિષયત્વં દોષઃ ।

ઉત્તરપક્ષ - વિશેષ્યતાક માત્ર કહીએ તો તો વિશેષ્યતાનિરૂપક અનુમિતિ રૂપ જ્ઞાન સિવાય દ્વેષ, ઈચ્છા, પ્રયત્ન, સંસ્કાર પણ બને. તે બધાયમાં વિશેષ્યતાકત્વ રહેશે પણ તેમાં પ્રતિબંધકનિરૂપિત પ્રતિબધ્યતા નહિ રહે કેમકે દોષો પ્રતિબંધક તો જ્ઞાન પ્રતિ જ બને, સંસ્કારાદિ પ્રતિ નહિ. આમ વિશેષ્યતાકત્વ વ્યાપક પ્રતિબધ્યતા જ ન મળતાં અસંભવ દોષ આવે.

પૂર્વપક્ષ : ભલે ત્યારે, સંસ્કારાદિ ન પકડાઈ જાય એટલા માટે તાદશ વિશેષ્યતાક જ્ઞાન કહો. તાદશજ્ઞાનત્વવ્યાપક પ્રતિબધ્યતાદિ કહો. પછી તો અસંભવ નથી ને ?

ઉત્તર પક્ષ - નહિ. જ્ઞાન માત્ર લઈએ તો તો તાદશ વિશેષ્યતાનિરૂપક આહાર્યજ્ઞાન પણ બને વળી શંખઃ પીતત્વાભાવવાન્ એવો બાધનિશ્ચય હોવા છતાં દોષ વિશેષાદિથી શંખઃ પીતઃ એવું જ્ઞાન થાય છે. તો ત્યાં બાધનિશ્ચય પ્રતિબંધક બનતો નથી. આમ તે આહાર્યાદિ જ્ઞાનમાં જ્ઞાનત્વ છે પણ પ્રતિબંધકતાનિરૂપિત પ્રતિબધ્યતા નથી. માટે જ્ઞાનત્વવ્યાપક-પ્રતિબધ્યતા જ ન મળતાં અસંભવ દોષ ઊભો જ રહે. માટે જ તાદશવિશેષ્યતાક **અનુમિતિજ્ઞાન** જ કહેવું જોઈએ. અને તેથી તાદશ અનુમિતિત્વવ્યાપક પ્રતિબધ્યતાદિ કહેવું જ જોઈએ.

<u>गादाधरी</u> : साध्यव्याप्यहेतुर्धर्मितावच्छेदकसाध्यवत्ताज्ञानस्यैव साध्यव्याप्यहेतुमान्पक्षः साध्यवानित्याकारकतया तादृशाकार लिखनस्वरसात्तादृशहेतुविशिष्टपक्षतावच्छेदकावच्छिन्नविशेष्यक-साध्यतावच्छेदकावच्छिन्नप्रकारकाऽनुमितित्वव्यापकप्रतिबध्यत्वस्य लक्षणघटकत्वोपगमे पर्वतत्वावच्छेदेन वह्नेः साध्यत्वे तत्सामाना-धिकरण्येन साध्याभावादेरदोषत्वप्रसङ्गः। सामानाधिकरण्यमात्रावगाहि-बाधादिज्ञानस्य शुद्धपर्वतत्वावच्छेदेन वह्न्यादिज्ञानं प्रत्येव प्रतिबन्धकतया धूमविशिष्टपर्वतत्वावच्छिन्नधर्मिकवह्न्यादिज्ञाना-ऽप्रतिबन्धकत्वादिति तदुपेक्षितम् ।

પૂર્વપક્ષ - દીધિતિકારે અનુમિતિશબ્દથી કોણ લેવાય ? એના ઉત્તરમાં પહેલાં અનુમિતિનિષ્ઠકાર્યતાનિરૂપકસંબંધિત્વેન અનુમિતિ+તત્કારણ જ્ઞાનપરક એવું લક્ષણઘટક અનુમિતિપદ કહ્યું હતું. તેમાં અરૂચિ રહેતાં તેમણે 'સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્' ને અનુમિતિ પરક કહ્યું છે. હવે એ કથન બાદ ગદાધરે જે બધી ચર્ચા કરી છે તેમાં પક્ષઃ સાધ્યવાન્ સાધ્યવ્યાપ્યહેતુમાંશ્ચ એવી અનુમિતિને લઈને પરિષ્કાર કર્યો છે. હવે દીધિતિકારે તો સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ એ સમૂહા. અનુમિતિ અનુમિતિપદથી લીધેલી છે. તો તેનું સ્વારસ્ય સાધ્યવ્યાપ્યહેતુનિષ્ઠ અવચ્છેદકતાનિરૂપિતપક્ષતાવચ્છેદકાવચ્છિન્ન વિશેષ્યતાક સાધ્યપ્રકારક અનુમિતિમાં જ છે. (સાધ્યવ્યાપ્યહેતુ એ પક્ષમાં વિશેષણ છે એટલે તે પક્ષતાવચ્છેદક છે તેમાં પક્ષતાવ. તા રહી. વળી પક્ષનિષ્ઠધર્મ પણ પક્ષતાવચ્છેદક બને. એટલે પક્ષતાવચ્છેદકતાથી નિરૂપિત તે પક્ષનિષ્ઠધર્મ રૂપ પક્ષતાવચ્છેદક બને. એનાથી અવચ્છિન્ન પક્ષ બને તેમાં વિશેષ્યતા રહી. તન્નિરૂપક અને સાધ્યપ્રકારક અનુમિતિ) આમ લક્ષણઘટક અનુમિતિપદથી આવી જ અનુમિતિ લેવામાં દીધિતિકારનું સ્વારસ્ય સંભવે છે તો પછી ગદાધરે પક્ષઃ સાધ્યવાન્ સાધ્યવ્યાપ્યહેતુમાંશ્ચ એવો અનુમિતિનો આકાર કેમ લીધો ? દીધિતિકારે ગ્રહણ કરેલી સાધ્યવ્યાપ્યહેતુમાન્પક્ષઃ સાધ્યવાન્ અનુમિતિનું સ્વારસ્ય તે ગુરૂભૂત આકારમાં નથી તો પણ પક્ષઃ સાધ્યવાન્ સાધ્યવ્યાપ્તહેતુમાંશ્ચ એવી અનુમિતિ એ અનુમિતિપદથી લઈને તેનો ગુરૂભૂત આકાર લેવાનું ગદાધરે શા માટે પસંદ કર્યુ ?

સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્માં સાધ્યવ્યાપ્યહેતુ એ પક્ષમાં વિશેષણ બનવાથી પક્ષતાવચ્છેદક અર્થાત્ ધર્મિતાવચ્છેદક બને છે. આથી આ પક્ષમાં સાધ્યવ્યાપ્યહેતુ એ ધર્મિતાવચ્છેદક છે. માટે પક્ષ સાધ્યવ્યાપકહેતુ રૂપ ધર્મિતાવચ્છેદકવાળો બન્યો. તથા તેમાં સાધ્યવત્તાનું જ્ઞાન કરવાનું છે. એટલે આ અનુમિતિનો આકાર સાધ્યવ્યાપ્યહેતુધર્મિતાવચ્છેદકક સાધ્યવત્તાજ્ઞાન જ બને માણ ગદાધરકથિત ગુરૂભૂત આકાર આ અનુમિતિનો બની શકતો જ નથી. એટલે દીધિતિકારના મતાનુસાર તો લક્ષણ આવું બને. સાધ્યવ્યાપ્યહેતુવિશિષ્ટ જે પક્ષતાવચ્છેદક, તદવચ્છિન્ન જે પક્ષ તદ્વિશેષ્યક સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન-સાધ્યપ્રકારક અનુમિતિત્વ વ્યાપક પ્રતિબધ્યતા નિરૂપિત પ્રતિબંધકતા શાલિ યથાર્થજ્ઞાન વિષયત્વં દોષઃ ।

હવે આ બધું છોડીને ગદાધરે અનુમિતિ પદથી 'પક્ષઃ સાધ્યવાન્ સાધ્યવ્યાપ્યવાંશ્ચ" એવી સમૂહાલંબન અનુમિતિ લઈને તેનું ગુરૂભૂત આકાર ઘટિત લક્ષણ કેમ બનાવ્યું ?

ઉત્તર - મૂળનું અનુમિતિપદ વિશિષ્ટવૈશિષ્ટ્યાપન્નાદિ નિશ્ચયરૂપ અનુમિતિને

જણાવનાર ન માનતા, સમૂહાલંબન અનુમિતિપરક કરી લેવામાં દોષનું નિવારણ છે. પર્વતત્વાવચ્છેદેન વહ્નિસાધ્યની અનુમિતિ "પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવાન્ પર્વતઃ" એવો બાધ નિશ્ચય થઈ જાય તો પ્રતિબધ્ય બની જાય છે. હવે પર્વતત્વ સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય એ શુદ્ધ પર્વતત્વાવચ્છેદેન વહ્ન્યનુમિતિ પ્રતિ જ પ્રતિબંધક બને છે. જો દીધિતિના મતાનુસાર તે અનુમિતિનો આકાર સાધ્યવ્યાપ્યવહ્નિમાન્ પર્વતો વહ્નિમાન્ એવો લઈએ તો પર્વતત્વ સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય તેના પ્રતિ પ્રતિબંધક નહિ બને. કેમકે તે વહ્નિ-અનુમિતિ શુદ્ધ પર્વતત્વાવચ્છેદેન પર્વતમાં વહ્નિની અનુમિતિ નથી. પણ સાધ્યવ્યાપ્યહેતુવિશિષ્ટ પર્વતત્વાવચ્છેદેન વહ્નિની અનુમિતિ છે.

હવે પક્ષઃ સાધ્યવાન્ સાધ્યવ્યાપ્યહેતુમાંશ્ચ એવી અનુમિતિ લઈએ તો પર્વતત્વાવચ્છેદેન પર્વતો વહ્નિમાન્ વહ્નિવ્યાપ્યધૂમવાંશ્ચ એ પ્રસ્તુત અનુમિતિ બને.

આ અનુમિતિ તો શુદ્ધપર્વતત્વાવચ્છેદેન પર્વતમાં વહ્નિની અનુમિતિ છે. એટલે તેના પ્રતિ પર્વતત્વસામાનાધિકરણ્યેન બાધનિશ્ચય જરૂર પ્રતિબંધક બની જાય. આમ તેની અપ્રતિબંધકતાની આપત્તિ દૂર થઈ જાય એટલા માટે જ વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચય ન લેતાં તેને સમૂ. લં. અનુમિતિમાં ફેરવી નાંખ્યો.

<u>गादाधरी</u> : न च विशेष्यतावच्छेदककोटौ धूमादेरधिकस्य भानेऽपि शुद्धपर्वतत्वावच्छिन्नसंयोगादेर्यत्र संसर्गता तत्र पर्वतत्वसामानाधिकरण्येन वह्न्यभावादिज्ञानस्य प्रतिबन्धकत्वमावश्यकम्, तादृशानुमितेरपि शुद्धपर्वतत्वावच्छेदेन वह्न्याद्यवगाहित्वा-दिति वाच्यम्,

પૂર્વપક્ષ - साध्यव्याप्यहेतुमान् पक्षः **साध्यवान्** એમાં ભલે ને વિશેષ્યતાવચ્છેદક કોટિમાં અધિકાંશ પ્રવિષ્ટ હોય, ભલેને પક્ષતા તાદશ ધૂમ અને પર્વતત્વાવચ્છિન્ન હોય, પણ સાધ્યતાવચ્છેદક સંસર્ગ તો પર્વતત્વવ્યાપકસંયોગ બને છે ને ? અર્થાત્ પર્વતત્વવ્યાપકસંયોગેન પર્વતમાં વહ્નિ સાધ્ય છે. એટલે આ અનુમિતિમાં પણ શુદ્ધ પર્વતત્વ વ્યાપક વહ્નિ પ્રતિયોગિક સંયોગાવગાહિત્વ તો સ્વીકારવું પડશે. અર્થાત્ ત્યાં તાદશ ધૂમ-પર્વતત્વ વ્યાપક વહ્નિ પ્રતિયોગિકસંયોગાવગાહિત્વ સ્વીકારવાની જરૂર નથી. હવે એ સંસર્ગકોટિમાં જે શુદ્ધપર્વતત્વાવચ્છેદેન વહ્નિ પ્રતિયોગિક સંયોગ છે એને પર્વતત્વસામાનાધિકરણ્યેન બાધનિશ્ચય જરૂર પ્રતિબધ્ય કરી શકે છે. અને તેથી કોઈ દોષ રહેતો નથી. પછી તમે શા માટે વિ. વૈશિ.અવગાહિ નિશ્ચય આકાર છોડીને તેને સમૂહાલંબન અનુમિતિમાં ફેરવી નાંખ્યો ?

<u>गादाधरी</u> : धर्मितावच्छेदकावच्छेदेन विशिष्टबुद्धौ धर्मितावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वमेव संसर्गांशे भासते न तु तदेकदेशावच्छिन्नत्वमपि, तद्धर्मावच्छिन्नविशेष्यतानिरूपिततदेकदेशव्यापकत्वावच्छिन्नसंसर्गताया अप्रामाणिकत्वात् ।

ઉત્તર પક્ષ - ધર્મિતાવચ્છેદકાવચ્છેદેન પર્વતમાં વહ્નિની વિશિષ્ટબુદ્ધિ કરવી છે તો ધર્મિતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્ન વ્યાપકસંયોગ જ સંસર્ગ બને. અર્થાત્ વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતમાં જો વહ્નિમત્તાનું જ્ઞાન કરવું છે તો પક્ષતાવચ્છેદક વહ્નિવ્યાપ્યધૂમ પર્વતત્ત્વ, તન્નિષ્ઠ પક્ષતાવચ્છેદકતા, તેનું પર્યાપ્તિ અધિકરણ વહ્નિવ્યાપ્યધૂમ અને પર્વતત્વ તે ઉભય, તે ઉભયને વ્યાપક સંયોગ જ સંબંધ બને. પણ શુદ્ધ એકદેશરૂપ પર્વતત્ત્વ વ્યાપક સંયોગ સંબંધ બને નહિ. અને તેથી હવે પર્વતત્વ સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય વહ્નિવ્યાપ્યધૂમ વિશિષ્ટ પર્વતત્વ વ્યાપક વહ્નિ સંયોગાવગાહિ બુદ્ધિ પ્રતિ પણ પ્રતિબંધક ન બને એટલે અવ્યાપ્તિ દોષ ઊભો જ રહે. એને દૂર કરવા દીધિતિગત વિ.વૈ. અવગાહિનિશ્ચયનો આકાર સમૂહાલંબન અનુમિતિમાં ફેરવવો જ જોઈએ.

ગદાધર કહે છે કે એકદેશાવચ્છિન્નત્વ સંસર્ગમાં માનવું એ અપ્રામાણિક છે. એમાં કારણ એ છે કે - દ્રવ્યં વહ્નિમાન્ ધૂમાત્માં વહ્નિવ્યાપ્યધૂમવદ્દ્રવ્યં વહ્નિમત્ આ આકાર દીધિતિના અનુસારે થયો. હવે અહીં જો માત્ર દ્રવ્યત્વ વ્યાપક સંયોગસં.થી વહ્નિમત્તાની અનુમિતિ કરીએ તો તે ભ્રમાત્મક બની જાય. કેમકે દરેક દ્રવ્યમાં વહ્નિની અનુમિતિ કરવી એતો ભ્રમ રૂપ જ છે. આ કારણથી જ એકદેશાવચ્છિન્નત્વ સંસર્ગમાં કહી શકાય નહિ.

હા, અહીં વહ્નિવ્યાપ્યધૂમવદ્દ્રવ્યમાં જરૂર ઊભયધર્મ વ્યાપકસંયોગસં.થી વહ્નિની અનુમિતિ થાય જે પ્રમાત્મક જ કહેવાય.

નિષ્કર્ષ એ આવ્યો કે દીધિતિની અનુમિતિ સાધ્યવ્યાપ્ય ધર્મિતાવચ્છેદક પક્ષમાં સાધ્યવત્તાના જ્ઞાન રૂપ છે. માટે ત્યાં સંસર્ગ પણ ઊભય પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન જ માનવો જોઈએ અને તેમ થતા શુદ્ધપર્વતત્વ સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય અપ્રતિબંધક બનતાં દોષ આવે. એને દૂર કરવા **पक्षः साध्यवान् साध्यव्याप्यहेतुमांश्च** એવી સમૂહાલં. અનુમિતિમાં જ તે રૂપાંતર કરવું જોઈએ. જેથી શુદ્ધપર્વતત્વાવચ્છેદેન પર્વતમાં બુદ્ધિમત્તાનું અવગાહન કરનારી આ અનુમિતિ બનવાથી તેના પ્રતિ પર્વતત્વસામાનાધિકરણ્યેન બાધનિશ્ચય પ્રતિબંધક બની જાય.

गादाधरी : अथ लिङ्गोपधानमते हेतोः सर्वत्रैव धर्मितावच्छेदकतया भानात्तादृशसंसर्गताभ्युपगम आवश्यकः, अन्यथा शुद्धपर्वतत्वावच्छेदेन हेतुमत्ताज्ञानस्थले हेतुविशिष्टपर्वतत्वावच्छिन्नधर्मिकसंयोगादि संसर्गकानुमितेरेवोपगमे पर्वतत्वसामानाधिकरण्यमात्रावगाहिबाधादि-ग्रहकालेऽपि तत्र तथाविधसाध्यनिश्चयवतोऽनुमित्यापत्तेः, नहि सामानाधिकरण्येन बाधसिद्ध्योः सत्योः कश्चिदनुमितिमुपैति तादृशबाधादिग्रहस्य क्वचिदप्यनुमितौ प्रतिबन्धकत्वाऽसम्भवात्तेषां हेत्वाभासता-विलोपापत्तिश्च इति चेद्,

पूर्वपक्ष - લિંગોપધાનવાદિના મતમાં તો બધી જ અનુમિતિ લિંગના ઉલ્લેખયુક્ત જ હોય છે. (સિદ્ધાન્તી તો પર્વતો વહ્નિમાન્ એટલી પણ અનુમિતિ કહે છે.) તેના મતે તો બધી જ અનુમિતિમાં લિંગ ધર્મિતાવચ્છેદક બને છે. એટલે બધી અનુમિતિનો આકાર સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ બનવો આવશ્યક છે કેમકે તો જ લિંગ એ ધર્મિતાવચ્છેદક બને. **(पक्षः साध्यवान् साध्यव्याप्यहेतुमाश्च** માં તો લિંગ પક્ષમાં પ્રકાર માત્ર જ બને.) હવે તેમની બધી જ અનુમિતિ આવી છે અને જો તમે એકદેશાવચ્છિન્નત્વ સંસર્ગમાં નહિ સ્વીકારો તો પછી પર્વતત્વસામાનાકરણ્યેન બાધ નિશ્ચય તેને કોઈ ઠેકાણે પ્રતિબંધક ન બનતાં બાધનિશ્ચય દોષ જ અનુપપન્ન થઈ જશે. આની ઉપપત્તિ માટે સંસર્ગમાં એકદેશાવચ્છિન્નત્વ તમારે સ્વીકારવું જોઈએ. જેથી તે બાધનિશ્ચય તે પર્વતત્વવ્યાપકસંયોગવશાત્ અનુમિતિને પ્રતિબધ્ય કરી શકે.

હવે જો તમે સંસર્ગમાં એકદેશાવચ્છિન્નત્વ નહિ જ માનો, તો પર્વતત્વ સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય હોવા છતાં અને સાધ્યનો નિશ્ચય પણ સામાનાધિકરણ્યેન હોવા છતાં તે પ્રતિબંધક ન બનતાં અનુમિતિ થઈ જવાની આપત્તિ આવશે.

અમારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે વિશિષ્ટપર્વતત્વાવચ્છેદેન હેતુમત્તાનું જ્ઞાન હોય તો ત્યાં તો ઊભય-મતે શુદ્ધ પર્વતત્વસામાનાધિકરણ્યેન બાધનિશ્ચય પ્રતિબંધક ન બને. પણ જ્યાં શુદ્ધ પર્વતત્વાવચ્છેદેન હેતુમત્તાનું જ્ઞાન છે ત્યાં પણ લિંગોપધાનવાદિમતે તો વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતો વહ્નિમાન્ અનુમિતિ જ થવાની અને તેથી વિશિષ્ટપર્વતત્વાવચ્છિન્ન સંસર્ગાવગાહિ અનુમિતિ જ હોય એટલે તેના પ્રતિ શુદ્ધ પર્વતત્વ

સામાનાધિકરણ્યેન બાધનિશ્ચય પ્રતિબંધક નહિ બને એટલે અનુમિતિની આપત્તિ આવશે. તમારા મતે તો અહીં શુદ્ધ પર્વતત્વાવચ્છેદેન હેતુમત્તાનું જ્ઞાન છે માટે અનુમિતિ પ્રતિબધ્ય બની જ જવાની. પણ લિંગોપધાનવાદિમતે તો શુદ્ધ પર્વતત્વાવચ્છેદેન હેતુમત્તાનું જ્ઞાન હોવા પર પણ તે અનુમિતિનો આકાર સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ જ થાય અને તેથી ત્યાં બાધનિશ્ચયાદિ પ્રતિબંધક ન બનતાં અનુમિતિની આપત્તિ આવે એને ઈષ્ટાપત્તિ પણ નહિ કહેવાય. કેમકે બાધનિશ્ચય કે સાધ્યસિદ્ધિ હોવા પર અનુમિતિ થઈ શકે જ નહિ. આ આપત્તિ દૂર કરવા એકદેશાવચ્છિન્ન સંસર્ગતા કહેવી જ જોઈએ. તો જ તે લિંગોપધાનવાદિમતમાં આપત્તિ નહિ આવે.

<u>गादाधरी</u> : एवमपि लिङ्गानुपधानमते तादृशविषयतायां मानाभाव एव, प्रकृतग्रन्थस्तु न लिङ्गोपधानमताभिप्रायकः, तन्मतेऽनुमितेः सर्वत्रैव तथाकारतया तादृशाकारत्वस्याऽव्यावर्त्तकतयाऽनुमितिपदस्य तादृशानुमितिपरत्वप्रदर्शनाऽसंगतेः ।

ઉત્ત૨ - ભલે તેમ હોય, તો ય લિંગ-અનુપધાનવાદિના મતમાં एकदेशधर्मव्याप-कत्वावच्छिन्नसंसर्गता રૂપ વિષયતામાં કોઈ પ્રમાણ નથી. સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ એ દીધિતિનો ગ્રન્થ લિંગાનુપધાનવાદિનો છે એટલે તેને તો ઊભયધર્મવ્યાપકત્વાવચ્છિન્ન સંસર્ગતા જ માનવી જોઈએ અને તેથી તાદશસંસર્ગ-અવગાહિ અનુમિતિ પ્રતિ પર્વતત્વસામાનાધિકરણ્યેન બાધનિશ્ચય પ્રતિબંધક ન જ બનતાં આપત્તિ ઊભી જ રહે છે એટલે જ સમૂહાલંબન અનુમિતિમાં તેનું રૂપાંતર કરવું આવશ્યક છે.

લિંગોપધાનવાદિના મતાનુસાર દીધિતિગત સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ નિશ્ચય અનુમિતિપરક લઈ શકાય નહિ. કેમકે તેને તો બધી જ અનુમિતિ તેવી જ છે. તો પછી અન્ય અનુમિતિથી આવી અનુમિતિનું વ્યાવર્તન તો થતું નથી.

એટલે હવે લિંગાનુપધાનવાદિના હિસાબે જ આ ગ્રન્થ કહેવાય અને તેથી ત્યાં એકદેશવ્યાપક સંસર્ગતામાં કોઈ પ્રમાણ નથી.

હા, લિંગઉપધાનવાદિના મતમાં તે એકદેશાવ. સંસર્ગતા ન માનીએ તો બાધની હેત્વાભાસતા જ ન રહે એટલે ત્યાં અમે તેમ માની લઈશું. પણ લિંગાનુપધાનવાદિના હિસાબના આ ગ્રન્થમાં તો તેમ ન મનાય એટલે દોષ ઊભો જ રહે તેને દૂર કરવા માટે

સમૂહાલં. અનુમિતિ માં તેનું રૂપાંતર કરવું આવશ્યક જ છે.

गादाधरी : केचित्तु लिङ्गानुपधानमतेऽनुमितिपदस्य तदुभयपरत्वं व्याख्याय यथाश्रुतपरतानिर्वाहाय लिङ्गोपधानमतमाश्रयते साध्यव्याप्येत्यादिना, इत्याकारानुमितिपरम् अनुमितेरित्याकारकतामताभिप्रायकम्, इति व्याचक्षते ।

केचित् : કેટલાક કહે છે કે દીધિતિકારની अनुमितिपदं अनुमितिनिष्ठकार्यतानिरूपकसंबंधित्वेन अनुमिति - तत्कारणज्ञानपरं साध्यव्याप्यहेतुवान् पक्षः साध्यवान् इत्याकारकानुमितिपरं वा' એ પંક્તિનું તાત્પર્ય આ રીતે લેવું જોઈએ. દીધિતિકારે અનુમિતિપદને અનુમિતિ તત્કારણ ઉભય પરક કહ્યું. પણ તેમાં અનુમિતિપદની તેમણે લક્ષણા કરવી પડી એટલે યથાશ્રુતપરતાનો નિર્વાહ થયો નહિ માટે તેમણે તે પક્ષને છોડીને લિંગોપધાનવાદિનો આશ્રય લઈને અનુમિતિપદને साध्यव्याप्यहेतुमान् पक्षः साध्यवान् એવી અનુમિતિ પરક લીધું. અર્થાત્ અહીં તેમણે લક્ષણા કરવાની રહી નહિ. અર્થાત્ લિંગાનુપધાનવાદિના મતમાં પ્રથમ કલ્પમાં યથાશ્રુતપરતા ન રહી એટલે લિંગોપધાનવાદિ મતમાં સર્વત્ર આવશ્યક અનુમિતિને લઈ લીધી.

પ્રશ્ન - 'इत्याकारानुमितिपरं' એ પંક્તિ સાથે અસંગતિ આવશે. કેમકે તેમાંથી તો આ ભાવ નીકળતો નથી.

કેચિત્ - 'अनुमितेरित्याकारकतामताभिप्रायकं' એવા અર્થપરક તે વાક્ય છે એમ સમજવું.

ગદાધરની આ પક્ષમાં અરૂચિ છે. તે કહે છે કે પ્રથમકલ્પમાં પૂર્વોક્ત દોષો હોવાથી જ તે કલ્પનો પરિત્યાગ કરેલો છે. વળી દ્વિતીયકલ્પ પણ લિંગોપધાનવાદિના અભિપ્રાયનો જ શા માટે કહેવો જોઈએ ? કેમકે તે જ કલ્પ ઊભયનો સંગ્રહ કરી લે છે અર્થાત્ લિંગોપધાનવાદિમતમાં તે જ અનુમિતિના સ્થળે જે અવ્યાપ્તિ છે ત્યાં તેને દૂર કરવા એકદેશાવચ્છિન્નવ્યાપકતા કહેવી જોઈએ અને લિંગાનુપધાનવાદિમતે તો તે દોષ ઊભો જ રહે છે. એટલે જ અમે पक्षः साध्यवान् साध्यव्याप्यहेतुमांश्च એવો સમૂહા. અનુમિતિમાં તેનો આકાર ફેરવીને તેનો જે ગુરૂભૂત આકાર પરિષ્કૃત કર્યો છે તે આકાર पक्षः साध्यवान् साध्यव्याप्यहेतुमांश्च અને साध्यव्याप्यहेतुमान् पक्षः साध्यवान् ઊભયને લાગુ પડે છે.

અને તે ગુરૂભૂત આકારને હિસાબે લિંગાનુપધાનવાદિ મતમાં પૂર્વોક્ત અવ્યાપ્તિ પણ રહેતી નથી.

આમ બધું સામંજસ્ય આવી જાય છે એટલે કેચિત્ મતનું કથન યોગ્ય ઠરતું નથી.

दीधितिः - तेन एकत्र हेतौ व्यभिचारादिग्रहेऽपि अन्यस्य परामर्शाद-नुमित्युत्पादेन व्यभिचाराद् व्याप्त्यादिज्ञानेनाऽन्यथासिद्धत्वाच्च व्यभिचारादिग्रहाभावस्याऽनुमित्यजनकत्वेऽपि न क्षतिरिति वदन्ति ।

દીધિતિકારે 'અનુમિતિ' પદને ઊભયપરક અથવા સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ અનુમિતિ પરક કહ્યું. તે જો ન કહે તો અર્થાત્ અનુમિતિપદનું આ રીતે નિર્વચન ન કરે તો શું આપત્તિ આવે તે દીધિતિકાર કહે છે. અનુમિતિ પદ ઉભયાદિપરક ન લેતાં હવે આપણું લક્ષણ अनुमितिकारणीभूताभावप्रतियोगियथार्थज्ञानविषयत्वं અર્થાત् अनुमितिप्रतिबंधकयथार्थज्ञान-विषयत्वं એટલું જ રહ્યું. એટલે એક જ હેતુમાં જ્યાં વ્યભિચારનો ગ્રહ થયો ત્યાં અન્ય હેતુના પરામર્શથી અનુમિતિનો ઉત્પાદ થાય છે અર્થાત્ વ્યભિચારગ્રહાભાવ રૂપ પ્રતિબંધકાભાવ-કારણ-ન હોવા છતાં કાર્ય થઈ જતાં વ્યતિરેકવ્યભિચાર આવે અને તેથી પ્રતિબંધકાભાવને કારણ જ ન કહેવાય એટલે અનુમિતિકારણીભૂતાભાવ એ પ્રતિબંધકાભાવ ન બનતાં તત્પ્રતિયોગિ એ પ્રતિબંધક પણ ન બને તેથી વ્યભિચારમાં તાદશ યથાર્થજ્ઞાનની વિષયતા ન જતાં અવ્યાપ્તિ આવે.

દા.ત. पर्वतो धूमवान् वह्नेः तद्वह्नेश्च (બે હેતુથી પણ અનુમિતિ થઈ શકે.)

હવે ધારો કે અહીં વહ્નિમાં તો धूमाभाववद्वृत्तित्व રૂપ વ્યભિ. ગ્રહ છે. પણ તદ્વહ્નિમાં તો ધૂમાભાવવદ્વૃત્તિત્વ રૂપ વ્યભિચારગ્રહ નથી એટલે તેના પરામર્શથી તદ્વહ્નિલિંગક અનુમિતિ થઈ જવાની આ અનુમિતિ વ્યભિચારજ્ઞાનરૂપ પ્રતિબંધક હોવા છતાં થઈ ગઈ. અર્થાત્ પ્રતિબંધકાભાવરૂપ કારણ ન હોવા છતાં અનુમિતિરૂપ કાર્ય થયું એટલે એમ જ કહેવાય કે વ્યભિ. ગ્રહ એ અનુમિતિમાં પ્રતિબંધક યથાર્થજ્ઞાન નથી. એટલે વ્યભિચારમાં તાદશજ્ઞાનવિષયતા ન જતાં તે દોષ ન બનતાં અવ્યાપ્તિ આવી. (આ અવ્યાપ્તિ દૂર કરવા 'અનુમિતિ' પદને ઊભયપરક અથવા સમૂહા. લં. અનુમિતિપરક કહ્યું એ અંતિમ નિષ્કર્ષ છે.)

<u>गादाधरी</u> : एतादृश व्याख्या (याः) प्रयोजनं स्फुटयति तेनेति । एकत्र=वह्नित्वाद्येकधर्मावच्छिन्ने । व्यभिचारादीत्यादिना स्वरूपासिद्धिपरिग्रहः । अन्यस्य परामर्शात्=तत्तद्वह्न्यादिरूपाऽपरधर्मावच्छिन्ने व्याप्तिपक्षधर्मत्वावगाहिज्ञानात् । व्यभिचारादिति=व्यभिचारादिग्रहाभावस्याऽनुमित्यजनकत्वेऽपीत्यनेन सम्बन्धः ।

હવે આપણે ગદાધરને જોઈએ. વહ્નિત્વાદિ એક ધર્માવચ્છિન્ન વહ્નિમાં વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિનો ગ્રહ થયો હોય ત્યારે તદ્વહ્નિત્વાદિ રૂપ અપરધર્માવચ્છિન્નતદ્વહ્નિમાં વ્યાપ્તિ+પક્ષતધર્મતાનું જ્ઞાન થતા પર્વતો ધૂમવાન્ અનુમિતિ થઈ જાય છે. એથી વ્યભિચારગ્રહાભાવરૂપ પ્રતિબંધકાભાવ અનુમિતિનો કારણીભૂતાભાવ ન બનતાં વ્યભિચારમાં અવ્યાપ્તિ આવવા છતાં અને તેથી પ્રતિબંધકાભાવ અને અનુમિતિ વચ્ચેના કા. કા. ભાવમાં વ્યતિ. વ્યભિચાર આવવા છતાં હવે વાંધો નથી કેમકે અમે જે અનુમિતિ પદના બે કલ્પ લીધા છે તેના હિસાબે અવ્યાપ્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : यत्र यद्रूपावच्छिन्ने व्यभिचारज्ञानोत्पत्तिद्वितीयक्षणे कथंचित्तद्रूपावच्छिन्नलिङ्गकपरामर्शस्तत्र क्षणैकविलम्बेनाऽनुमित्युपगमाद्व्यभिचाराभावाच्च न तत्र व्यभिचारो दर्शितः ।

પૂર્વપક્ષ - તમે બે હેતુક અનુમિતિ સ્થળે પ્રતિબંધકાભાવ અને અનુમિતિના કા.કા.ભાવમાં વ્યતિ. વ્યભિ. શા માટે બતાવ્યો ? એકહેતુક અનુમિતિ સ્થળે પણ તે બતાવી શકાય છે. જુઓ.

પ્રથમ ક્ષણે **वह्निःधूमव्यभिचारी** એવું વ્યભિચાર જ્ઞાન થયું. દ્વિતીયક્ષણે લૌકિકસંનિકર્ષવશાત્ ધૂમવ્યાપ્યવહ્નિમાન્ અયં એવો પરામર્શ થયો. અને ત્યારબાદ ત્રીજી ક્ષણે પર્વતો ધૂમવાન્ અનુમિતિ થઈ તો અહીં પણ દ્વિતીય ક્ષણમાં વ્યભિ. ગ્રહ અને પરામર્શ બે ય હોવા છતાં અનુમિતિ થઈ ગઈ. એટલે અહીં જ તમે કહી શકો છો કે વ્યભિચારગ્રહાભાવ ન હોવા છતાં અનુમિતિ થઈ ગઈ. અને પ્રતિબંધકાભાવ-અનુમિતિના કા. કા. ભાવમાં વ્યતિ. વ્યભિચાર આવ્યો અને તેથી વ્યભિચારગ્રહાભાવ એ અનુમિતિમાં કારણીભૂત અભાવ ન કહેવાય અને તેથી વ્યભિચારમાં લક્ષણ અવ્યાપ્ત થાય.

ઉત્તર - તેવા સ્થળે વ્યભિચારજ્ઞાનની ઉત્પત્તિની તૃતીય ક્ષણમાં અનુમિતિનો ઉપગમ નથી પણ ચતુર્થ ક્ષણમાં અર્થાત્ ક્ષણૈકવિલંબેન અનુમિતિનો સ્વીકાર છે - માટે અમે તે સ્થળ નથી લીધું. કેમકે પછી તો ત્રીજી ક્ષણે વ્યભિ. જ્ઞાન નષ્ટ થાય એટલે ત્યાં માત્ર પરામર્શ જ છે અને તેથી ચતુર્થ ક્ષણે અનુમિતિ ઉત્પન્ન થાય એમાં પ્રતિબંધકાભાવ તો પૂર્વક્ષણે હતો જ માટે પ્રતિબંધક ન હોવા પર તે અનુમિતિ થઈ એમ કહીને ત્યાં વ્યતિ. વ્યભિચાર આપી શકાતો નથી. આ જ હેતુથી એકહેતુક અનુમિતિ સ્થળે તે કા.કા. ભાવમાં વ્યભિચાર ન બતાવતાં અનેકહેતુક અનુમિતિ સ્થળનું અનુસરણ કર્યું.

આમ અનેક હેતુક સ્થળે જે અનુમિતિ થઈ તે વ્યભિચારગ્રહ હોવા છતાં પણ થઈ એટલે વ્યભિચારગ્રહાભાવ વિના થઈ. માટે વ્યભિચારગ્રહાભાવ અને અનુમિતિના કા.કા.ભાવમાં વ્યતિ. વ્યભિચાર બતાવ્યો અને તેથી તેની અનુમિતિ પ્રતિ કારણતા ન રહી. એ સિદ્ધ કર્યું. અને તેથી અનુમિતિ કારણીભૂત અભાવ તરીકે તે વ્યભિચાર ગ્રહાભાવ ન પકડાતાં વ્યભિચારમાં લક્ષણ અવ્યાપ્ત થયું એ હકિકત દીધિતિકારે બતાવી. આ અવ્યાપ્તિ દૂર કરવા 'અનુમિતિ' પદનો અર્થ કરવો પડ્યો.

<u>गादाधरी</u> : ननु तद्धर्मावच्छिन्नलिङ्गकानुमितौ तद्धर्मावच्छिन्नधर्मिक-व्यभिचारज्ञानाभावस्य हेतुत्वोपगमान्न व्यभिचारः,

પ્રથમ પૂર્વપક્ષ : તદ્ધર્માવચ્છિન્નલિંગકાનુમિતિમાં તદ્ધર્માવચ્છિન્નધર્મિક વ્યભિચારજ્ઞાનાભાવ અનુમિતિ પ્રતિ હેતુ છે એમ અમે કહીશું. હવે તદ્વત્ત્વાવચ્છિન્ન તદ્વત્ત્વધર્મિક વ્યભિચારજ્ઞાનનો તો અહીં અભાવ છે જ માટે તદ્વત્ત્વાવચ્છિન્નતદ્વત્ત્વલિંગક અનુમિતિ ઉત્પન્ન થાય જ. વત્ત્વાવચ્છિન્નવત્ત્વલિંગક અનુમિતિ અહીં નહિ જ થાય કેમકે વત્ત્વાવચ્છિન્ન ધર્મિક વ્યભિ. જ્ઞાનાભાવ રૂપ કારણ અહીં નથી. આમ "પ્રતિબંધકાભાવ અને અનુમિતિનો કાર્યકારણભાવ વ્યતિરેક વ્યભિચાર ગ્રસ્ત છે" એ હકીકત બિલકુલ બરોબર નથી. (અને તેથી અનુમિતિપદના બે અર્થ કરવાની જરૂર રહેતી નથી. કેમકે કારણીભૂતાભાવ વ્યભિ.ગ્રહાભાવ-યથાર્થજ્ઞાનવિષયતા તેમાં રહી જતાં અવ્યાપ્તિ સંભાવની જ નથી.)

<u>गादाधरी</u> : तद्धर्मावच्छिन्नलिङ्गकत्वं च अव्यवहितोत्तरत्वसम्बन्धेन तद्रूपावच्छिन्नधर्मिकव्याप्त्यादि-ज्ञानविशिष्टत्वम्, तादृशसम्बन्धेन व्यभिचारज्ञानविशिष्टं यत्तदन्यत्वमेव वा जन्यतावच्छेदकं वाच्यम्, तेन

धूमव्याप्यवह्निमानयमित्यादिशाब्दादिपरामर्शोत्पत्तिद्वितीयक्षणे यत्र लौकिकसन्निकर्षजन्यो वह्निर्धूमव्यभिचारी धूमव्याप्येन्धनवानित्याकारकसमूहालम्बनग्रहः तज्जन्यानुमित्तेरुक्तसम्बन्धेन वह्नित्वावच्छिन्नधर्मिकव्याप्त्यादिज्ञानविशिष्टत्वेऽपि न क्षतिः ।

પ્રથમપૂર્વપક્ષ : તદ્વહ્નિત્વાવચ્છિન્નતલ્લિંગક અનુમિતિ એટલે અવ્યવહિતોત્તરત્વસંબંધથી તદ્વહ્નિત્વાવચ્છિન્ન તદ્વહ્નિધર્મિક વ્યાપ્ત્યાદિ વિશિષ્ટ અનુમિતિ. અહીં તદ્વહ્નિરૂપ હેતુમાં કોઈ વ્યભિચારગ્રહ નથી માટે ત્યાં પૂર્વક્ષણમાં વ્યાપ્ત્યાદિ છે જ. એટલે અવ્યવહિતોત્તરત્વસંબંધથી તેનાથી વિશિષ્ટ તદ્વહ્નિલિંગક અનુમિતિ બની ગઈ. વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિધર્મિક વ્યાપ્ત્યાદિ નિશ્ચય પૂર્વક્ષણમાં નથી (કેમકે વહ્નિમાં વ્યભિ. દોષનું જ્ઞાન છે) એટલે વહ્નિલિંગકાનુમિતિ થાય નહિ. (એ વહ્નિલિંગક અનુમિતિ અવ્ય.ઉ.ત્વ સં.થી તાદશવ્યાપ્ત્યાદિજ્ઞાનવિશિષ્ટ બને નહિ.)

બીજો પૂર્વપક્ષ - તદ્ધર્માવચ્છિન્નલિંગકત્વં નો પૂર્વોક્ત અર્થ લેશો તો આપત્તિ આવશે. પ્રથમ ક્ષણે ધૂમવ્યાપ્યવહ્નિમાનયં એવો શાબ્દ પરામર્શ કે અન્યેન્દ્રિયજન્ય લૌકિક પ્રત્યક્ષ થયું. પછી દ્વિતીય ક્ષણે કોઈક ઈન્દ્રિયથી લૌકિકસંનિકર્ષ દ્વારા વહ્નિઃ ધૂમવ્યભિચારી ધૂમવ્યાપ્યેન્ધનવાન્ પર્વતઃ એવું સમૂહાલંબન જ્ઞાન થયું અને ત્યાર બાદ ઈન્ધનલિંગક અનુમિતિનો ઉત્પાદ થાય છે. હવે અહીં પૂર્વક્ષણમાં વહ્નિધર્મિકવ્યાપ્ત્યાદિ જ્ઞાન રહેલું છે. બીજી ક્ષણમાં એટલે અવ્ય. ઉત્તરત્વસંબંધથી વહ્નિત્વાવચ્છિન્નવહ્નિલિંગક અનુમિતિ થવી જ જોઈએ. પણ તે થતી નથી કેમકે વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિધર્મિક વ્યભિ. ગ્રહ પૂર્વમાં પડેલો છે એટલે હવે તમે તો વહ્નિલિંગક અનુમિતિ એટલે વહ્નિધર્મિક વ્યાપ્ત્યાદિવિશિષ્ટ અનુમિતિ કહો છો તો વહ્નિધર્મિક વ્યાપ્ત્યાદિ પૂર્વક્ષણમાં છે જ પછી વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિલિંગક અનુમિતિ કેમ ન થઈ ? અને ઈન્ધનત્વાવચ્છિન્ન ઈન્ધનધર્મિક પરામર્શથી ઈન્ધનત્વાવચ્છિન્ન ઈન્ધનલિંગકાનુમિતિનો ઉત્પાદ કેમ થયો?

પ્રથમ પૂર્વપક્ષ - વારૂ, આ આપત્તિને લીધે તદ્ધર્માવચ્છિન્નલિંગકત્વ એટલે હવે અવ્ય. ઉ.ત્વસંબંધથી વ્યભિચારજ્ઞાનવિશિષ્ટં યત્, તદન્યત્વમ્ એમ કહીશું.

હવે યદ્યપિ ત્યાં વહ્નિલિંગક અનુમિતિ થતી જ નથી એટલે જ્યાં તે થાય છે ત્યાં તે વ્યભિ. જ્ઞાન વિશિષ્ટ નથી પણ વિશિષ્ટાન્ય છે. અને ઈન્ધનત્વાવચ્છિન્ન લિંગકાનુમિતિ થાય છે તે તો પૂર્વના વ્યભિચાર જ્ઞાનથી અવ્ય. ઉ.ત્વ સં.થી વિશિષ્ટ છે જ. અર્થાત્ તે વિશિષ્ટાન્ય નથી. તથાપિ તદ્ધર્માવચ્છિન્ન ધર્મિક વ્યભિચાર જ્ઞાનવિશિષ્ટાન્ય લેવાનું છે.

એટલે વહ્નિત્વાવચ્છિન્ન ધર્મિકવ્યભિચાર જ્ઞાનવિશિષ્ટ તરીકે ઈન્ધનત્વાવચ્છિન્નલિંગક અનુમિતિ ન બને. અર્થાત્ તે તાદશવ્યભિ.જ્ઞાન વિશિષ્ટાન્ય જ બને અને તેથી ઈન્ધનત્વાવચ્છિન્નલિંગકાનુમિતિ થાય અને વહ્નિત્વાવચ્છિન્નવહ્નિલિંગક અનુમિતિ ન થાય. કેમકે ત્યાં વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિધર્મિક વ્યભિચાર જ્ઞાન પડેલું જ છે એટલે તે તો તેનાથી વિશિષ્ટ બની જાય - અર્થાત્ વિશિષ્ટાન્ય ન રહે.

આમ હવે તદ્ધર્માવચ્છિન્નલિંગકત્વનો અર્થ બદલવાથી તેમાં કોઈ આપત્તિ રહેતી નથી.

હવે અમે જે વાત કરી હતી કે તદ્ધર્માવચ્છિન્નલિંગકાનુમિતિમાં તદ્ધર્માવચ્છિન્નધર્મિક વ્યભિ. ગ્રહ એ પ્રતિબંધક બને. અર્થાત્ તદ્ધર્માવચ્છિન્નધર્મિક વ્યભિ. ગ્રહનો અભાવ એ તાદશ અનુમિતિમાં કારણ બને. એટલે કે અનેકહેતુક સ્થળે તેમ કહેલું કે પ્રતિબંધક રહેવા છતાં અનુમિતિ થાય છે માટે પ્રતિબંધકાભાવને કારણ કહી શકાય નહિ તે વાત દૂર થઈ જાય છે, કેમકે તદ્વહ્નિહેતુક અનુમિતિમાં તો તદ્વહ્નિધર્મિક પ્રતિબંધકાભાવ ગ્રહ છે જ અને તેથી તે અનુમિતિ થઈ છે. વહ્નિધર્મિક વ્યભિ. ગ્રહ રૂપ પ્રતિબંધક હોવાથી વહ્નિલિંગક અનુમિતિ નથી થઈ. આમ પ્રતિબંધકાભાવ એ અનુમિતિ પ્રતિ કારણ બને જ છે અને તેથી → અનુમિતિ કારણીભૂતાભાવ=પ્રતિબંધકાભાવ પ્રતિયોગી યથાર્થજ્ઞાન વિષયત્વ વ્યભિ. ગ્રહમાં ન જતાં અવ્યાપ્તિ આવે એ વાત રહેતી નથી. અને તો પછી તેને લઈને તમે 'અનુમિતિ' ← પદના માટે બે કલ્પનું અનુસરણ કર્યું તે ગેરવ્યાજબી ઠરે છે.

<u>गादाधरी</u> : अतः आह व्याप्त्यादीति । क्लृप्तकारणताकव्याप्त्यादि-ज्ञानसत्त्वे व्यभिचारज्ञानाद्यभावव्यतिरेकेणाऽनुमितिव्यतिरेकस्याऽ-सिद्धत्वादिति भावः ।

હવે ગદાધર કહે છે કે વારૂ આ રીતે તમે તાદશ કલ્પના અનુસરણના પ્રયોજનનું ખંડન કરી નાંખ્યું તો અમે બીજું પ્રયોજન આપશું.

અમે કહીશું કે પ્રતિબંધકાભાવ એ વ્યાપ્તિજ્ઞાન પરામર્શાદિ કલૃપ્તકારણોથી અન્યથાસિદ્ધ થઈ જાય છે. અર્થાત્ જો વ્યાપ્તિજ્ઞાનાદિ હોય તો અનુમિતિ થાય તે ન હોય તો અનુમિતિ ન થાય. પ્રતિબંધકાભાવને કારણ માનવાની જરૂર જ નથી. કેમકે સર્વત્ર વ્યાપ્તિજ્ઞાનાદિથી જ કાર્યનો નિર્વાહ થઈ જાય છે. પછી અકલૃપ્ત પ્રતિબંધકાભાવને શા માટે કારણ માનવું જોઈએ ? અર્થાત્ પ્રતિબંધકાભાવનો અભાવ હોય તો અનુમિતિનો

અભાવ અને પ્રતિબંધકાભાવ હોય તો જ અનુમિતિ થાય એ અસિદ્ધ છે. બસ, વ્યાપ્ત્યાદિ જ્ઞાનનો અભાવ હોય તો જ અનુમિતિનો અભાવ રહે એમ અમે કહીશું.

<u>गादाधरी</u> : व्याप्तिज्ञानादेर्व्यभिचारज्ञानाभावादिना अन्यथासिद्धत्व-शङ्का तु प्रागेव निराकृता ।

न क्षतिः=न व्यभिचारादावव्याप्तिः।

પ્રશ્ન - પ્રતિબંધકાભાવથી વ્યાપ્તિજ્ઞાન કેમ અન્યથાસિદ્ધ ન થઈ જાય? તે માટે તમારી પાસે કોઈ વિનિગમક છે ?

ઉત્તર - હા, પ્રતિબંધકાભાવ હોય અને વ્યાપ્તિજ્ઞાન ન હોય તો કોઈ સ્થાને પણ અનુમિતિ થઈ જતી હોત તો જરૂર પ્રતિબંધકાભાવથી વ્યાપ્તિજ્ઞાન અન્યથાસિદ્ધ થાય. પણ તેવું તો થતું નથી. ઉલટું અનેકહેતુક સ્થળે પ્રતિબંધકાભાવનો અભાવ હોવા પર પણ વ્યાપ્ત્યાદિજ્ઞાનથી અનુમિતિ થઈ ગઈ એટલે પ્રતિબંધકાભાવ જ વ્યાપ્ત્યાદિજ્ઞાનથી અન્યથાસિદ્ધ બને એમ કહેવું જ જોઈએ.

આમ પ્રતિબંધકાભાવ અનુમિતિ પ્રતિ કારણ ન બન્યો એટલે હવે અનુમિતિ કારણીભૂતાભાવપ્રતિયોગિયથાર્થજ્ઞાનવિષયત્વં એ લક્ષણનો યથાશ્રુત અર્થ લઈએ તો અનુમિતિ કારણીભૂત અભાવ જ વ્યભિચારાદિ ગ્રહાભાવ ન બનતાં તાદૃશ યથાર્થજ્ઞાનવિષયત્વ વ્યભિચારાદિમાં ન આવતાં અવ્યાપ્તિ આવે. આ અવ્યાપ્તિ દૂર કરવા માટે અનુમિતિ પદને ઊભયપરક કે સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્ અનુમિતિ પરક કલ્પવું આવશ્યક છે. હવે ભલે વ્યભિચારગ્રહાભાવ અનુમિતિનો અજનક હોય તો પણ હવે અવ્યાપ્તિનો સંભવ રહેતો નથી.

<u>गादाधरी</u> : यत्राऽसद्धेतुविशेषे तादृशानुमितेरप्रसिद्धिः तत्रत्यदोषेष्व-व्याप्तेर्वक्ष्यमाणतया ईदृशव्याख्यायामनिर्भरसूचनाय वदन्तीत्युक्तम् ।

अनुमितिपदं...अनुमितिपरं...तेन.... ઇત્યાદિ કથન બાદ 'वदन्ति' કહીને દીધિતિકારે તેમાં અસ્વરસનું સૂચન કર્યું છે. તેનું બીજ એ છે કે જે અસદ્ધેતુ વિશેષમાં તાદશાનુમિતિ (ઊભયપરક કે સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષઃ સાધ્યવાન્) જ અપ્રસિદ્ધ છે ત્યાં લક્ષણ ન જતાં તે અસદ્ધેતુમાં લક્ષણની અવ્યાપ્તિ આવશે. આ હકીકતને પોતે જ આગળ જઈને કહેવાના છે એટલે આપણે તે સ્થળ વિશેષને અહીં ન લેતાં આગળ ચાલીએ.

दीधितिः : पर्वतो निर्वह्निर्धूमो वह्नेरभिधेयत्वं मेयत्वस्य व्यभिचारीत्यादिभ्रमादनुमितिप्रतिबन्धादाह "यथार्थेति" ।

गादाधरी : पर्वतो वह्निमानित्यादिसद्धेतुस्थले बाधादिभ्रम-विषयेऽतिव्याप्तिवारकतया यथार्थपदं सार्थकयति पर्वतो निर्वह्निरिति । अत्र इतिपदस्य त्रितयस्थले सम्बन्धाद् भ्रमत्रयलाभः । प्रत्येकभ्रममादायाऽतिप्रसङ्गसम्भवात् समूहालम्बनभ्रमपर्यन्तानुधा-वनवैफल्यात् तत्परत्वाऽसङ्गतिरिति ध्येयम् ।

અનુમિતિકારણીભૂતાભાવપ્રતિયોગિયથાર્થજ્ઞાનવિષયત્વં લક્ષણમાં આવતાં 'અનુમિતિ', 'કારણ', 'પ્રતિબંધક'ના પદોની ઉપર વિચારણા કરીને હવે 'યથાર્થ' પદની સાર્થકતા બતાવે છે. જો યથાર્થપદ ન લઈએ તો તો અનુમિતિકારણીભૂતાભાવપ્રતિયોગિ ભ્રમાત્મકજ્ઞાન વિષયતા પણ આવી જતાં તેનાથી સદ્ધેતુ દુષ્ટ બની જતાં અતિવ્યાપ્તિ આવે.

पर्वतो वह्निमान् धूमात् અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવાન્ પર્વતઃ એવો બાધનિશ્ચય પ્રતિબંધક છે. પણ આ બાધ નિશ્ચય ભ્રમાત્મક છે. એટલે તે યદ્યપિ અનુમિતિને તો રોકી દે પણ હેતુને બાધિત કરી શકે નહિ એવો સિદ્ધાન્તનો મત છે. હવે જો યથાર્થ પદ ન લઈએ તો અનુમિતિ કારણીભૂતાભાવ=બાધનિશ્ચયાભાવ, અને તેનો પ્રતિયોગી જે ભ્રમાત્મક જ્ઞાન તેની વિષયતા વહ્ન્યભાવવાન્ પર્વતમાં આવી જાય અને તેથી તે દોષ બને. સંબંધવિશેષથી દોષવત્તા સદ્ધેતુ ધૂમમાં જતાં તે દુષ્ટહેતુ બની જાય. એટલે અતિવ્યાપ્તિ આવે. એ જ રીતે પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ પ્રતિ વહ્ન્યભાવવદ્વૃત્તિ ધૂમઃ એ ભ્રમાત્મક વ્યભિ. નિશ્ચય છે તે વ્યભિચાર પણ પૂર્વોક્ત રીતે દોષ બનતાં સદ્ધેતુ દુષ્ટ બનતાં અતિવ્યાપ્તિ આવે.

એ જ રીતે **घटो मेयः अभिधेयत्वात्** આ અનુમિતિ પ્રતિ ભ્રમાત્મક **अभिधेयत्वं मेयत्वव्यभिचारी** નિશ્ચય પ્રતિબંધક છે. તે દોષ બનતાં દોષવત્તા હેતુમાં જતાં તે દુષ્ટ બને એટલે અતિવ્યાપ્તિ આવે.

આ અતિવ્યાપ્તિ દૂર કરવા યથાર્થપદ જરૂરી છે. પૂર્વોક્ત પ્રતિબંધક નિશ્ચય એ યથાર્થજ્ઞાન નથી. માટે તે દોષ ન બનતાં સદ્ધેતુ દુષ્ટ ન બને.

ગદાધર કહે છે કે દીધિતિની દોષજ્ઞાનપ્રતિપાદક પંક્તિને સમૂહાલંબન ભ્રમપરક ગણવાની જરૂર નથી, કેમકે પ્રત્યેક ભાગ ભ્રમરૂપ બની શકે છે તો તાદશ આયાસ કરવો યોગ્ય નથી.

<u>गादाधरी</u> : प्रथमभ्रमोऽनुमित्तौ विरोधी अन्त्यौ च तज्जनकज्ञाने तथा, तयोरपि अन्यत्र प्रसिद्धस्य साध्याभाववद्वृत्तित्वस्य धूमाद्यंशे भ्रमत्वम्, अन्त्ये च प्रमेयत्वाभाववद्वृत्तित्वस्याऽप्रसिद्ध्या न तद्भ्रमत्वं, किन्तु अभावांशेऽनुयोगितविशेषसम्बन्धेन साध्यस्य भ्रमत्वमित्येतादृश-विशेषमादृत्य शिष्यव्युत्पादनायाऽनेकविधभ्रमकथनम् ।

૩ ભ્રમોમાં પ્રથમ ભ્રમ (બાધનિશ્ચયરૂપ) અનુમિતિનો વિરોધી છે, જ્યારે રજો ઉજો ભ્રમ અનુમિતિજનકવ્યાપ્તિજ્ઞાન વિરોધી છે. આ બીજા ત્રીજામાં જે પહેલો વહ્ન્યભાવવદ્ વૃત્તિત્વરૂપ ભ્રમ તે અખંડભ્રમ છે કેમકે તાદશવૃત્તિત્વ અખંડ રીતે મીનાદિમાં મળે છે તેનો ભ્રમ ધૂમમાં થઈ ગયો. ઉજો અંતિમ ભ્રમ અખંડ ન કહી શકાય. કેમકે મેયત્વાભાવવદ્વૃત્તિત્વ અખંડ ક્યાંય મળતું નથી मेयत्वाभाववतः अप्रसिद्धेः એથી આ સખંડભ્રમ કહેવાય. અર્થાત્ (વહ્ન્યાદિ) અભાવવદ્વૃત્તિત્વ તો મીન સેવાલાદિમાં પ્રસિદ્ધ છે જ અને મેયત્વનો અભાવમાં મેયત્વનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપિત અનુયોગિતાસંબંધેન ભ્રમ કહેવો જોઈએ.

આ રીતે અખંડ-સખંડ ભ્રમના વ્યુત્પાદનની સાથે 'યથાર્થ' પદનું પ્રયોજન ગદાધરે બતાવ્યું.

<u>गादाधरी</u> : इदं त्ववधेयम् । अभिधेयत्त्वं मेयत्वस्य व्यभिचारीत्यत्र स्वरूपसम्बन्धावच्छिन्नप्रेमयत्वत्वाच्छिन्नप्रतियोगिताकत्वसम्बन्धेन प्रमेयत्वभ्रमो वाच्यः, प्रतियोगितांशे साध्यतावच्छेदकसम्बन्धा-वच्छिन्नत्वसाध्यतावच्छेदकावच्छिन्नत्वयोः साध्याभाववदवृत्तित्व-रूपव्याप्तिघटकतया तदंशे नदुभयावगाहिव्यभिचारज्ञानस्यैव व्याप्तिज्ञानविरोधित्वात्, एवञ्च भेदादौ प्रमेयत्वत्वावच्छिन्नप्रतियोगि-ताकत्वस्य प्रसिद्धावपि स्वरूपसम्बन्धावच्छिन्नतादृशप्रतियोगिता-

कत्वाऽप्रसिद्ध्या तादृशसम्बन्धेन भ्रमत्वानुपपत्तिः ।

अभिधेयत्वं मेयत्वस्य व्यभिचारी એવા ભ્રમાત્મક જ્ઞાનનો વિષય વ્યભિચાર બની જતાં સદ્ધેતુ अभिधेयत्व પણ દુષ્ટ થઈ જાય તે આપત્તિ દૂર કરવા 'યથાર્થ' પદ મૂક્યું છે. એ આપણે જોઈ ગયા. હવે તેમાં मेयत्वाभाववद्वृत्तित्व તો અપ્રસિદ્ધ જ હોવાથી તેનો अभिधेयत्वમાં ભ્રમ થાય જ શી રીતે ? એ પ્રશ્ન ઉપસ્થિત થયો. એની સામે મેયત્વનો અભાવાંશમાં સખંડ ભ્રમ કહ્યો અને તે રીતે મેયત્વાભાવવદ્વૃત્તિત્વનો અભિધેયત્વમાં ભ્રમ થઈ શકે એમ બતાવ્યું. અને તેથી 'યથાર્થ' પદ ન લે, તો અતિવ્યાપ્તિ આવે એને દૂર કરવા 'યથાર્થ' પદ મૂક્યું.

ગદાધર કહે છે કે મેયત્વનો અભાવાંશમાં જે ભ્રમ કહ્યો છે તે કયા સંબંધથી ? એના ઉત્તરમાં કહેવું પડશે કે સ્વરૂપસંબંધાવચ્છિન્ન પ્રમેયત્વત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા નિરૂપિત અનુયોગિતાકત્વ સંબંધથી.

કેમકે મેયત્વનો અભાવ કહ્યો એમાં અભાવ અનુયોગી છે એમાં અનુયોગિતા રહી. મેયત્વ પ્રતિયોગી છે એમાં પ્રતિયોગિતા રહી એ પ્રતિયોગિતા સ્વરૂપસં. થી અને મેયત્વત્વથી અવચ્છિન્ના છે.

હવે આમાં મેયત્વત્વાવચ્છિન્ન+સ્વરૂપસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતા જ અપ્રસિદ્ધ છે. કેમકે મેયત્વનો ભેદ (ઘટાદિ)માં તો મળે પણ તેની પ્રતિયોગિતા એ તાદાત્મ્ય સં.થી અવચ્છિન્ના છે. મેયત્વનો અત્યંતાભાવ તો ન જ મળે એટલે સ્વરૂપ સં. અવ. મેયત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા ક્યાંય ન મળે અર્થાત્ અપ્રસિદ્ધ રહે. એમ થતાં પૂર્વોક્ત સંબંધ પણ અપ્રસિદ્ધ બને. અને તેથી તે સંબંધથી મેયત્વનો અભાવમાં ભ્રમ ઉપપન્ન કરી શકાશે નહિ અને તેમ થતા મેયત્વાભાવવદ્વૃત્તિત્વનો સખંડભ્રમ પણ ન થાય. તેનો એક અખંડભ્રમ તો બને નહિ કેમકે તે ક્યાંય પ્રસિદ્ધ નથી એટલે પછી તાદશ વ્યભિ. જ્ઞાન અપ્રસિદ્ધ બનતાં તેની વિષયતા તેમાં ન આવતાં તે દોષ નહિ બને એટલે સદ્ધેતુને તે દુષ્ટ કરી શકતો જ નથી અર્થાત્ અતિવ્યાપ્તિનો પ્રસંગ પછી સંભવતો નથી અને તેથી 'યથાર્થ' પદની જરૂર રહેતી નથી.

પ્રશ્ન - તમે પૂર્વે કહ્યું હતું કે મેયત્વત્વાવચ્છિન્ન સ્વરૂપ સં. અવ. પ્રતિયોગિતાનિરૂપિત અનુયોગિતાકત્વ સંબંધ જ અપ્રસિદ્ધ છે કેમકે તાદશપ્રતિયોગિતા ક્યાંય પ્રસિદ્ધ નથી.

વારૂ, એની સામે અમે કહીશું કે શા માટે પ્રતિયોગિતાને અહીં સંબંધથી અવચ્છિન્ન કરવી ? માત્ર મેયત્વત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકત્વ સંબંધ કહો ને ? તેની પ્રતિયોગિતા તો મેયત્વ ભેદસ્થળે મળી જવાની છે. અને તેથી તે પ્રસિદ્ધ બનેલા સંબંધથી મેયત્વનો અભાવમાં ભ્રમ કહી શકાય અને તેથી મેયત્વાભાવવદ્વૃત્તિત્વ વિશિષ્ટ અભિધેયત્વ એ વ્યભિચારી બને અને તેથી તદ્જ્ઞાનવિષયતા તેમાં જતાં તે દોષ બને અને તેથી સદ્ધેતુ દુષ્ટ બને. એ અતિવ્યાપ્તિ દૂર કરવા 'યથાર્થ' પદ સાર્થક છે જ.

ગદાધર : ના, સ્વરૂપ સં.થી અવચ્છિન્ના પ્રતિયોગિતા અને પ્રમેયત્વત્વથી અવચ્છિન્ન પણ પ્રતિયોગિતા કહેવી જ પડશે. કેમકે સાધ્યાભાવવદવૃત્તિત્વરૂપ વ્યાપ્તિ જ્ઞાનમાં સા.તા.વ. ધર્મ અને સા.તા.વ. સંબંધ ઘટક છે જ એટલે તેના પ્રતિ તે જ વ્યભિચારદોષ પ્રતિબંધક બને જે તે ઊભયથી અવ. પ્રતિયોગિતાવદ્ના અભાવવાળામાં વૃત્તિત્વ રૂપ હોય. આમ સ્વરૂપ સં. અવ. પ્રતિયોગિતા તો કહેવી જ રહી અને તેની તો અપ્રસિદ્ધિ છે. ભલે મેયત્વભેદ સ્થળે મેયત્વત્વરૂપસાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ના પ્રતિયોગિતા પ્રસિદ્ધ હોય પણ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતા તો ત્યાં પ્રસિદ્ધ નથી જ એ તો તાદાત્મ્યાવચ્છિન્ના છે. અને અપ્રસિદ્ધ સંબંધથી મેયત્વનો અભાવ પણ ભ્રમ કહી શકાય નહિ. એટલે મેયત્વાભાવવદ્વૃત્તિત્વ અપ્રસિદ્ધ જ રહે અને તેથી તદ્જ્ઞાનવિષયતા જ તેમાં ન જતાં તે દોષ ન બને એટલે સદ્ધેતુ દુષ્ટ ન બને એટલે તેના ભયથી 'યથાર્થ' પદ આપવાની જરૂર રહેતી જ નથી.

गादाधरी : प्रतियोगितांशे सम्बन्धविशेषावच्छिन्नत्वस्य भ्रमः

પ્રશ્ન - વારૂ, અમે કહીશું કે મેયત્વનો અભાવમાં ભ્રમ કહેવા માટે જે સંબંધ લીધો તેમાં સ્વરૂપ સં. અવ. પ્રતિયોગિતા અપ્રસિદ્ધ બનવાથી તે સંબંધ અપ્રસિદ્ધ બન્યો છે ને ? ચાલો તો હવે એમ કરવું જોઈએ કે સ્વરૂપ સં. અવ. ત્વનો પણ પ્રતિયોગિતામાં ભ્રમ કહેવો. સ્વરૂ. સં. અવ.ત્વ પ્રસિદ્ધ છે. પ્રતિયોગિતા પણ અન્યત્ર પ્રસિદ્ધ છે. એટલે स्वरूपसंबन्धा-वच्छिन्नत्वाभाववत्यां प्रतियोगितायां स्वरूपसम्बन्धावच्छिनत्वस्य भ्रमः। અર્થાત્ સ્વરૂપ સં.અવચ્છિન્નત્વાભાવવદ્પ્રતિયોગિતા વિશેષ્યક સ્વરૂપ સમ્બન્ધાવચ્છિન્નત્વ પ્રકારક ભ્રમ પ્રતિયોગિતામાં કહેવો જોઈએ. આવી પ્રતિયોગિતા નિરૂપિત જે અનુયોગિતા, તન્નિરૂપકત્વ **સ**બંધથી મેયત્વનો અભાવમાં ભ્રમ કહેવો જોઈએ. અને તેથી મેયત્વાભાવવદ્વૃત્તિત્વની પણ સખંડ પ્રસિદ્ધિ થાય એટલે તેમાં તજ્જ્ઞાનીય વિષયતા આવતા તે દોષ બને એટલે સદ્ધેતુ દુષ્ટ થાય એટલે તે અતિવ્યાપ્તિ

દૂર કરવા 'યથાર્થ' પદ મૂકવું જ જોઈએ. પ્રસ્તુત જ્ઞાન ભ્રમાત્મક છે. યથાર્થ નથી એટલે તેમાં યથાર્થજ્ઞાનીય વિષયતા જ ન હોવાથી તે દોષ ન બને એટલે સદ્ધેતુ દુષ્ટ બનવાની આપત્તિ ન આવે. આમ સંબંધમાં ઘટકીભૂત પ્રતિયોગિતામાં પણ સ્વ. સં. અવ.ત્વનો ભ્રમ કહેવાથી આપત્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : इत्यपि न युक्तम् । तस्य सम्बन्धटकतया तत्प्रकारकत्व-घटिततद्भ्रमत्वानुपपत्तेः ।

ગદાધર - નહિ, સંબંધકોટિમાં વિશેષ્ય વિશેષણભાવ સંભવી શકે છે. પણ વિશેષ્ય-પ્રકારભાવ સંભવતો નથી કેમકે પદજન્ય ઉપસ્થિતિ જેની થઈ તે જ પ્રકાર બની શકે. સંબંધની તો પદજન્યોપસ્થિતિ છે નહિ. માટે તેમાં પ્રકાર તરીકે કોઈ ન કહી શકાય. અર્થાત્ પ્રતિયોગિતામાં જો સ્વરૂપસં.અવચ્છિન્નત્વનો ભ્રમ કહેશો તો ભ્રમ એટલે तदभाववद्विशेष्यक-तत्प्रकारक. હવે તેમ થતાં પ્રતિયોગિતા એ વિશેષ્ય બને અને સ્વ. સં. અવચ્છિન્નત્વ તેમાં પ્રકાર જ બને. તે તો સંબંધમાં ઘટતું નથી. એટલે સંબંધમાં ઘટકીભૂત પ્રતિયોગિતામાં સ્વરૂપ સં.અવચ્છિન્નત્વનો ભ્રમ કહેવો બિલકુલ વ્યાજબી નથી. એટલે સ્વરૂપ સં.અવ. પ્રતિયોગિતા એ અપ્રસિદ્ધ જ રહી. તેથી તદ્ઘટિત આખો સંબંધ પણ અપ્રસિદ્ધ રહે. તેથી તેવા સંબંધથી મેયત્વનો અભાવમાં ભ્રમ કહી શકાય નહિ અને તેથી મેયત્વાભાવવદ્વૃત્તિત્વ એક અખંડ અપ્રસિદ્ધ બને એટલે તદ્જ્ઞાનીયવિષયતા જ તેમાં ન જતાં તે દોષ ન બને એટલે સદ્ધેતુ દુષ્ટ બનવાની આપત્તિ ન આવે અને તેથી 'યથાર્થ' પદની આવશ્યકતા આ સ્થળને લઈને સંભવી શકતી નથી.

<u>गादाधरी</u> : न च तेन रूपेण प्रतियोगिताप्रकारक एवात्र भ्रमो विवक्षितः नतु तदवच्छिन्नप्रतियोगितासंसर्गकः इति वाच्यम्,

પ્રશ્ન - ભલે ત્યારે, સંબંધ કોટિમાં ભ્રમ કહેવાથી તેમાં પ્રકાર વિગેરેનું ભાન ન હોવાથી આપત્તિ આવે છે ને ? ચાલો, સંબંધકોટિમાં અમે તે ભ્રમને નહિ કહીએ. અમે કહીશું. સ્વરૂપ સં. અવચ્છિન્નત્વેન રૂપેણ, પ્રમેયત્વત્વાવચ્છિન્નત્વેન રૂપેણ (આ તો ન લે, તો પણ ચાલે. કેમકે તેના માટે અપ્રસિદ્ધિની આપત્તિ નથી.) જે પ્રતિયોગિતા, તત્પ્રકારક ભ્રમ કહેવો પણ સ્વરૂપસંબન્ધાવચ્છિન્ન પ્રતિયોગિતાસંસર્ગક ભ્રમ નહિ કહેવો. હવે સંસર્ગકોટિમાં તે ભાન ન હોવાથી સ્વ. સં. અવચ્છિન્નત્વેન રૂપેણ પ્રતિયોગિતા પ્રકારક ભ્રમ ઉપપન્ન થઈ શકે છે,

गादाधरी : लाघवात् प्रतियोगितासंसर्गकज्ञानस्यैवानुमितिहेतुतया तत्प्रकारकव्यभिचारज्ञानस्याऽकिञ्चित्करत्वात् ।

ગદાધર - નહિ, લાઘવાત્ પ્રતિયોગિતાસંસર્ગકવ્યાપ્તિજ્ઞાન અનુમિતિમાં હેતુભૂત છે એટલે તેના પ્રતિ પ્રતિયોગિતા સંસર્ગક વ્યભિચાર જ્ઞાન જ પ્રતિબંધક બને. એટલે તમે પ્રતિયોગિતા પ્રકારક વ્યભિ. જ્ઞાન જો લેશો તો તે પ્રતિયોગિતા સંસર્ગક વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પ્રતિબંધક જ નહિ બને. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રતિયોગિતા પ્રકારક વ્યાપ્તિજ્ઞાન જો લઈએ તો તે ગુરૂભૂત છે જ્યારે પ્રતિયોગિતા સંસર્ગક વ્યાપ્તિજ્ઞાન જો લઈએ તો તે લઘુભૂત છે.

સ્વરૂપસંબન્ધાવચ્છિન્નત્વ - પ્રમેયત્વત્વાવચ્છિન્નત્વ વિશિષ્ટ **પ્રતિયોગિતા વિશિષ્ટ અભાવવદવૃત્તિત્વ = ગુરૂભૂત** વ્યાતિજ્ઞાનનો આકાર.

પ્રમેયત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનિરૂપિત+અનુયોગિકત્વસંબંધેન પ્રમેયત્વવિશિષ્ટ (સાધ્યવિશિષ્ટ) અભાવવદ્-અવૃત્તિત્વ=લઘુભૂત વ્યાપ્તિજ્ઞાનનો આકાર.

હવે આની સામે પ્રતિબંધક વ્યભિચાર જ્ઞાન પણ બે જાતના જ બને. હવે વ્યભિચાર જ્ઞાન જો 'પ્રતિયોગિતા પ્રકારક' ઘટિત લઈએ તો તે 'પ્રતિયોગિતા સંસર્ગક' લઘુભૂત વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પ્રતિબંધક બનતું જ નથી માટે તે લઈ શકાય જ નહિ. અર્થાત્ તાદૃશલઘુવ્યાપ્તિજ્ઞાન પ્રતિબંધક તો પ્રતિયોગિતા સંસર્ગક વ્યભિચારજ્ઞાન જ લેવું જોઈએ - અને તેમ થતાં તેમાં સ્વરૂપ સં. અવ. પ્રતિયોગિતા અપ્રસિદ્ધ રહે. તેની પ્રસિદ્ધિ માટે સ્વરૂપ સં. અવચ્છિન્નત્વનો પ્રતિયોગિતામાં ભ્રમ કરવા જાઓ તો સંબંધમાં વિશેષ્ય પ્રકારના ભાનની આપત્તિ આવે એટલે તે ન કરી શકાય માટે સ્વ. સં. અવ.ત્વ એ પ્રતિયોગિતામાં અપ્રસિદ્ધ જ રહે તેથી તદ્ઘટિત આખો સંબંધ અપ્રસિદ્ધ રહે એટલે તે અપ્રસિદ્ધ સંબંધથી પ્રમેયત્વનો અભાવમાં ભ્રમ કહી શકાય જ નહિ. એટલે પછી પ્રમેયત્વાભાવવદ્વૃત્તિત્વ રૂપ અખંડ તો અપ્રસિદ્ધ જ છે એટલે તદ્જ્ઞાનીયવિષયતા પ્રમેયત્વાભાવવદ્વૃત્તિત્વમાં આવે નહિ માટે તે દોષ બને નહિ. માટે સદ્ધેતુ દુષ્ટ થાય નહી. પછી 'યથાર્થ' પદની આવશ્યકતા રહેતી નથી.

गादाधरी : अत्राहुः— स्वावच्छिन्नसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-प्रतियोगिताकत्वसम्बन्धेन साध्यतावच्छेदकवत्त्वमेवाऽभावस्य साध्याभाववदवृत्तित्वरूपव्याप्तिघटकं लाघवात् । एवं च तादृशेन

सम्बन्धेनाऽभावांशे साध्यतावच्छेदकप्रकारकव्यभिचारज्ञानस्य व्याप्तिग्रहविरोधितया घटत्वत्वादेः प्रसिद्धेन तादृशसम्बन्धेन प्रमेयत्वत्वादेरभावांशे भ्रमात्मक एव तथाविधग्रहो विवक्षित इति न किञ्चिदनुपपन्नम् ।

→ (હવે આની સામે **अत्राहुः** કરીને ખુદ ગદાધર સમાધાન આપે છે. ત્યારબાદ 'अन्ये तु' કરીને બીજા પણ તેનું સમાધાન કરશે. આપણે પણ તેની પંક્તિની સાથે સાથે તે રસિક સમાધાન જોઈએ.) ←

સ્વાવચ્છિન્નસાધ્યતાવચ્છેદક સં. અવચ્છિન્ન પ્રતિયોગિતાકત્વસંબંધેન **साध्यतावच्छेदक विशिष्ट अभाववदवृत्तित्व** રૂપ વ્યાપ્તિજ્ઞાન કહેવું. (પૂર્વે **साध्यविशिष्टाभाववदवृत्तित्व** અને પ્રતિયોગિતાવિશિષ્ટ અભાવવદવૃતિત્ત્વરૂપ વ્યાપ્તિ જ્ઞાન લીધેલું હવે સાધ્યતાવચ્છેદક વિશિષ્ટ-અભાવવદવૃત્તિત્ત્વરૂપ વ્યાપ્તિજ્ઞાન લાઘવાત્ લે છે.)

આવું વ્યાપ્તિજ્ઞાન અનુમિતિ પ્રતિ કારણ કહેવું જોઈએ. હવે આ વ્યાપ્તિજ્ઞાન પ્રતિ જે વ્યભિચાર જ્ઞાન પ્રતિબંધક બને તેનો પણ આકાર આવો જ બને. સ્વાવચ્છિન્નસાધ્યતા વચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાકત્વ-સંબંધેન સાધ્યતાવચ્છેદકવિશિષ્ટ અભાવવદ્વૃત્તિત્વ જ્ઞાન.

હવે અહીં જે સંબંધ છે તે સ્વરૂપેણ ઘટત્વં નાસ્તિ અથવા ઘટત્વવાન્ ઘટીયરૂપાત્ અથવા વહ્ન્યધિકરણતાવાન્ ધૂમાત્ ઈત્યાદિ સ્થળે પ્રસિદ્ધ છે. અર્થાત્ ત્યાં ઘટત્વત્વાવચ્છિન્ન સ્વરૂપ સં. અવ.પ્રતિયોગિતાકત્વસં.થી ઘટત્વત્વવિશિષ્ટ અભાવ પ્રસિદ્ધ છે. પ્રસ્તુતમાં પ્રમેયત્વત્વ વિ. અભાવ યદ્યપિ બની શકે નહિ પણ તે સંબંધથી અહીં હવે અભાવમાં પ્રમેયત્વત્વનો ભ્રમ સુતરાં થઈ શકે છે એટલે પ્રમેયત્વત્વવિ. અભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચારજ્ઞાન પણ પ્રસિદ્ધ બને. તદીયવિષયતા વ્યભિચારમાં રહેતા તે દોષ બને એટલે સદ્ધેતુ દુષ્ટ બની જતાં અતિવ્યાપ્તિ આવે એને દૂર કરવા યથાર્થ પદ મૂકવું જ રહ્યું.

<u>गादाधरी</u> : अन्ये तु प्रथमे साध्याभाववदवृत्तित्वज्ञानविरोधी हेतौ साध्याभाववद्वृत्तित्वरूपव्यभिचारस्य भ्रमः, द्वितीये च तदप्रसिद्ध्या व्यापकसामानाधिकरण्यज्ञानविरोधी साध्यतावच्छेदके हेतुसमाना-

धिकरणाभावप्रतियोगितावच्छेदकत्वस्य भ्रमोऽभिहितः, असमानप्रकारकज्ञानस्याऽविरोधितया द्विविधव्यभिचारसंग्रहाय द्विविधव्याप्तिविषयकसमूहालम्बनस्यैव लक्षणे निवेशनीयत्वात् ।

अन्ये तु : બીજા કેટલાંક યથાર્થ પદની સાર્થકતા કરવા માટે વ્યભિચારની અપ્રસિદ્ધિને વક્ષ્યમાણ રીતે દૂર કરે છે.

તેઓ કહે છે કે ધૂમો વહ્નેઃ વ્યભિચારી ઈત્યાકારક પ્રથમ ભ્રમ એ સાધ્યાભાવવદવૃત્તિત્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક કહેવો જોઈએ કેમકે આ ભ્રમ સાધ્યાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચારવિષયક છે. પણ **अभिधेयत्वं प्रमेयत्वस्य व्यभिचारी** એ ભ્રમ તો સાધ્યાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિચાર ભ્રમ કહી શકાતો નથી કેમકે પ્રમેયત્વાભાવ અપ્રસિદ્ધ હોવાથી પ્રમેયત્વાભાવવદ્વૃત્તિત્વરૂપ વ્યભિ. પણ અપ્રસિદ્ધ જ રહે. એટલે આ ભ્રમ "વ્યાપકસામાનાધિકરણ્યજ્ઞાનનો વિરોધી જે સાધ્યતાવચ્છેદકમાં હેતુસમાનાધિકરણાભાવપ્રતિયોગિત્વરૂપ ભ્રમ થાય છે" તે ભ્રમરૂપ લેવો. આપણે જાણીએ છીએ કે અન્વયવ્યાપ્તિ સિદ્ધાન્તીની હેતુવ્યાપકસાધ્યસામાનાધિકરણ્ય રૂપ છે. હેતુનું વ્યાપક સાધ્ય એટલે હેતુસમાનાધિકરણાભાવપ્રતિયોગિતાનવચ્છેદક જે સાધ્યતાવચ્છેદક, તદ્ વિશિષ્ટ જે સાધ્ય, તેનું હેતુમાં સામાનાધિકરણ્ય તે વ્યાપ્તિ.

હવે સાધ્યતાવચ્છેદકમાં હેતુસામાના... અભાવ પ્રતિયોગિતાવચ્છેદકત્વનું જ્ઞાન થઈ જાય તો હેતુવ્યાપકસાધ્યસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિજ્ઞાન પ્રતિબધ્ય બને. આમ નક્કી થયું કે આ વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક તો સાધ્યતાવચ્છેદકે હેતુસમાનાધિકરણાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વનું વ્યભિ. જ્ઞાન છે. પણ તાદશ વ્યાપ્તિનું અસમાનપ્રકારક સાધ્યાભાવવદ્વૃત્તિત્વજ્ઞાન પ્રતિબંધક નથી. એટલે હવે અમારું કહેવાનું તાત્પર્ય એ છે કે **अभिधेयत्वं प्रमेयत्वस्य व्यभिचारी** એવો જે ભ્રમ, એ "સાધ્યતાવચ્છેદકે હેતુસમાનાધિકરણાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વ રૂપ વ્યભિચારનો ભ્રમ કહેવો જોઈએ. પણ સાધ્યાભાવવદ્વૃતિત્ત્વરૂપ વ્યભિચારનો ભ્રમ કહેવો ન જોઈએ. (**तस्य अप्रसिद्धेः**) સાધ્યતાવચ્છેદકમાં હેતુસમાનાધિકરણ-અભાવ પ્રતિયોગિતાવચ્છેદકત્વનું જ્ઞાન અન્યત્ર તો પ્રસિદ્ધ છે જ. મેયત્વત્વ રૂપ સાધ્યતાવચ્છેદકમાં અભિધેયત્વસમાનાધિકરણાભાવ પ્રતિયોગિતાવચ્છેદકત્વ નથી. પણ તેનો ભ્રમ હવે થઈ શકે છે. આમ અન્યત્ર પ્રસિદ્ધનો અહીં ભ્રમ ઉપપન્ન થઈ જતાં તે વ્યભિ. ભ્રમાત્મકજ્ઞાન વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક બને.

એટલે प्रमेयः अभिधेयत्वात् સ્થલીય સદ્ધેતુ દુષ્ટ બની જતાં અતિવ્યાપ્તિ આવે તેને દૂર કરવા 'યથાર્થ' પદનો નિવેશ કરવો જ જોઈએ.

→ (अन्ये तु ની આ હકીકતને આપણે સ્થૂલ રૂપથી જોઈ લીધી. હવે ઉપરની જ હકીકતમાં તેઓ જે સૂક્ષ્મ વિચાર કરે છે તે જોઈએ.) ←

पक्षः साध्यवान् साध्यव्याप्यहेतुमांश्च એવી અનુમિતિનો પરિષ્કૃત આકાર ગદાધરે પહેલાં કર્યો છે. તેમાં અન્વય-વ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ ઊભયનું શૃઙ્ગ ગ્રાહકતયા ઉપાદાન કર્યું છે. અહીં આ મત વધુમાં કહે છે કે તે અન્વયવ્યાપ્તિમાં પણ સાધ્યાભાવવદવૃત્તિત્વ અને હેતુવ્યાપકસાધ્યસામાનાધિકરણ્ય રૂપ ઊભય વ્યાપ્તિનું ગ્રહણ કરવું જોઈએ એમ થતાં તેની સામેના તેના વિરોધી બે ય વ્યભિચાર ગ્રહનો સંગ્રહ થઈ શકે એટલે બે ય વ્યભિચારમાં તાદશવિષયતા આવતાં તે દોષ બને તેથી હેતુ દુષ્ટ થાય. અર્થાત્ પ્રસ્તુતમાં અહીં સદ્ધેતુ દુષ્ટ થાય અને તેથી તે અતિવ્યાપ્તિ દૂર કરવા 'યથાર્થ' પદનો નિવેશ કરવો જ રહ્યો.

<u>गादाधरी</u> : न च हेतुः साध्यस्य व्यभिचारीत्यतः साध्यतावच्छेदके हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वस्य दुर्लभतया तदवगाहिज्ञानस्य अभिधेयत्वं मेयत्वस्य व्यभिचारीत्याकारकता नोपपद्यते इति वाच्यम्,

પ્રશ્ન : 'हेतुः साध्यस्य व्यभिचारी' આ વ્યભિચારના આકારથી સાધ્યાભાવવદ્વૃત્તિત્વ આકાર તો પ્રાપ્ત જરૂર થાય પણ साध्यतावच्छेदके हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वનું અવગાહન એનાથી કરવું એ તો દુર્લભ છે. અને તેવું દુર્લભ અવગાહન हेतुः मेयत्वस्य व्यभिचारीનું છે જ એટલે તે અવગાહન 'हेतुः साध्यस्य व्यभिचारी' પદથી તો ઉપપન્ન નહિ થાય. તેથી ભલે તમે દ્વિવિધવ્યભિચારના સમૂહ માટે દ્વિવિધવ્યાપ્તિ વિષયક સમૂહાલંબનાનુમિતિને લક્ષણઘટક બનાવી. પણ તેથી અહીં શું લાભ થયો ? अभिधेयत्वं मेयत्वस्य व्यभिचारी એવા શબ્દથી प्रमेयत्वत्वरूपसाध्यतावच्छेदके अभिधेयत्वरूपहेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वનું પ્રતિપાદન તો દુર્લભ છે તો પછી ત્યાં તાદશ ભ્રમ જ શી રીતે સંભવે ?

<u>गादाधरी</u> : यतोऽभाववद्वृत्तित्वं समानाधिकरणाभाव

प्रतियोगितावच्छेदकत्वं चेति द्वयमेव "हेतुः साध्यस्य व्यभिचारी"त्यत्र व्यभिचारपदार्थः । तत्र प्रथमव्यभिचारपदार्थैकदेशेऽभावेऽनुयोगिता-रूपषष्ठ्यर्थस्य, तत्र प्रकृत्यर्थतावच्छेदकवह्नित्वावच्छिन्ननिरूपितत्व-सम्बन्धेन प्रकृत्यर्थस्यान्वयः, मत्वर्थीयार्थः स्वरूपसम्बन्धवान्, तस्य चाभेदसम्बन्धेन प्रथमान्तार्थेऽन्वयः,

ઉત્તર - ના, તે પ્રતિપાદન અલભ્ય તો નથી જ. હા, જરૂર દુર્લભ છે. જુઓ અમે તેનો લાભ આ રીતે કરી આપશું.

हेतुः साध्यस्य व्यभिचारी स्थळे मात्र व्यभिचार पदनो अर्थ अभाववद्वृत्तित्व अने समानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्व એ બે જ થાય. હેતુ અને સાધ્ય પદ તો તેમાં રહેલા જ છે એટલે તેનું કથન વ્યભિચારપદાર્થમાં કરવાનું રહેતું નથી હવે अभाववद्वृत्तित्वरूप પ્રથમ વ્યભિચાર પદાર્થનો એક દેશ જે અભાવ છે તેમાં 'साध्य' પદથી રહેલી ષષ્ઠી વિભક્તિ નો જે અનુયોગિતા અર્થ, તેનો અન્વય નિરૂપિતત્વ સંબંધથી કરવો.

અર્થાત્ નિરૂપિતત્વસંબંધેન અનુયોગિતા વિશિષ્ટ જે અભાવ. હવે પ્રકૃત્યર્થ જે સાધ્ય છે તેનો પ્રકૃત્યર્થતાવચ્છેદક + વહ્નિત્વાવચ્છિન્ન (વહ્નિ) નિરૂપિતત્વસંબંધથી અનુયોગિતામાં અન્વય કરવો.

અર્થાત્

પ્રકૃત્યર્થતાવચ્છેદક વહ્નિત્વાવચ્છિન્ન્નનિરૂપિતત્વસંબંધેન વહ્નિવિશિષ્ટા યા અનુયોગિતા, તાદશાનુયોગિતાવિશિષ્ટો નિરૂપિતત્વસંબંધેન યઃ અભાવઃ તાદશાભાવવદ્વૃત્તિત્વં વ્યભિચારપદાર્થઃ । વ્યભિચારીમાં રહેલા મત્વર્થીયઈન્ પ્રત્યયનો અર્થ 'સ્વરૂપસંબન્ધવાન્' કરવો. અને તે વ્યભિચારી પદાર્થનો અભેદ સંબંધથી હેતુમાં અન્વય કરવો. એટલે તાદશાભાવવદ્વૃત્તિત્વરૂપવ્યભિચારપદાર્થ સ્વરૂપસંબંધવાન્ જે વ્યભિચારી, તદભિન્નો હેતુઃ આ 'हेतुः साध्यस्य व्यभिचारी' નો પ્રથમ પદાર્થ થયો.

<u>गादाधरी</u> : द्वितीयतत्पदार्थपरवाक्यस्थले च तदेकदेशसामानाधिक-रण्ये हेतुपदार्थान्वितप्रथमार्थनिरूपितत्वस्यान्वयः, षष्ठीप्रकृते-स्तद्धर्मपरतया षष्ठ्यन्तार्थस्य साध्यतावच्छेदकनिष्ठत्वस्य तादृशान्वयबल-

लभ्यहेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वे, तस्य तद्धितार्थसम्बन्धिनः एकदेशे घटकत्वरूपसम्बन्धे, सम्बन्धिनश्चाभेदेन प्रथमान्तार्थेऽन्वयः ।

હવે પ્રસ્તુત પ્રકરણને આવશ્યક દુર્લભ એવો દ્વિતીય પદાર્થ તેમાંથી કેવી રીતે નીકળે છે ? તે જોઈએ.

તેમાં સાધ્યતાવચ્છેદકે સામાનાધિકરણ્યાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વ એ વ્યભિચાર પદાર્થ છે. તેના એકદેશ સામાનાધિકરણ્યમાં હેતુપદાર્થાન્વિત જે પ્રથમા, તેનો અર્થ જે નિરૂપિતત્વ તેનો સ્વનિષ્ઠનિરૂપકતાકનિષ્ઠત્વસંબંધેન અન્વય કરવો. ષષ્ઠી પ્રકૃતિ જે સાધ્ય અર્થાત્ મેયત્વ, તેની સાધ્યતાવચ્છેદક મેયત્વત્વમાં લક્ષણા કરવી. હવે ષષ્ઠીનો અર્થ નિષ્ઠત્વ અર્થાત્ વૃત્તિત્વ છે. એટલે ષષ્ઠ્યન્તનો અર્થ સાધ્યતાવચ્છેદક નિરૂપિતવૃત્તિત્વ અર્થ થયો. હવે મેયત્વત્વમાં હેતુસમાનાધિકરણ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વ વૃત્તિ છે એટલે હેતુસમાના. અભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વમાં મેયત્વત્વનિરૂપિતવૃત્તિત્વનો અન્વય કરવો.

અર્થાત્ સ્વનિષ્ઠનિરૂપકતાકનિષ્ઠત્વસંબંધેન હેતુપદાર્થાન્વિત-નિરૂપિતત્વસ્ય સામાનાધિકરણ્યે યો અન્વયઃ, તાદેશ સમાનાધિકરણાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વે મેયત્વત્વનિરૂપિતવૃત્તિત્વસ્ય અન્વયઃ, અર્થાત્ મેયત્વત્વનિરૂપિતવૃત્તિત્ત્વવત્ યદ્ સ્વનિષ્ઠનિરૂપકતાકનિષ્ઠત્વસંબંધેન નિરૂપિતત્વવિશિષ્ટસામાનાધિકરણ્યવદ્ સમાનાધિકરણતદભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વં । તેનો તદ્ધિતાર્થ જે સંબંધિ, એનો એકદેશ સંબંધ પદાર્થ જે ઘટકત્વ, તેમાં તે અન્વય કરવો. અહીં ખ્યાલ રાખવો કે સાધ્યતાવચ્છેદકે હેતુસમાનાધિકરણ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વં વ્યભિચાર પદાર્થ છે. હવે હેતુઃ સાધ્યસ્ય વ્યભિચારી સ્થળે હેતુઃ પદ તો પડેલું છે તે કેવું છે ? તેના ઉત્તરમાં કહે છે કે તે પૂર્વોક્ત વ્યભિચાર પદાર્થમાં ઘટકીભૂત છે. એટલે તેમાં ઘટકત્વ છે. આમ આ ઘટકત્વ એ સંબંધપદાર્થ બન્યો. તેનો સંબંધી હેતુ પોતે જ છે એટલે હેતુ પ્રથમાન્ત સાથે સંબંધીનો અભેદેન અન્વય થયો.

આમ આનો દુર્લભ આકાર આ રીતે બન્યો. **हेतुतावच्छेदकावच्छिन्ननिरूपकता निरूपितत्वसंबंधेन साध्यतावच्छेदकनिरूपितवृत्तित्ववत्हेतुविशिष्टा या निरूप्यता, तादृशनिरूप्यतावत् समानाधिकरणाभावविशिष्टप्रतियोगिता-**

वच्छेदकत्वं तद्घटकत्ववदभिन्नो हेतुः ।

<u>गादाधरी</u> : एवं चोक्तवाक्यात्तत्र साध्यतावच्छेदके हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेकत्वस्यापि लाभात्तत्र तदवगाहिभ्रमस्य दर्शिताकारतासम्भवादित्यपि वदन्ति ।

આ રીતે **हेतुः साध्यस्य व्यभिचारी** એવા વાક્યથી સાધ્યતાવચ્છદકે હેતુસમાનાધિકરણાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વનો પણ લાભ થાય છે એટલે તેનો અવગાહિ ભ્રમ એ 'हेतुः साध्यस्य व्यभिचारी' વાક્યનો સંભવી શકે છે. માટે 'हेतुः साध्यस्य व्यभिचारी' વાક્યથી નિષ્પન્ન થતા આકારનું અવગાહન કરતો ભ્રમ એ તેના વિરોધી વ્યાપ્તિજ્ઞાન પ્રતિ પ્રતિબંધક બને. એટલે વ્યાપ્તિજ્ઞાનનિષ્ઠ પ્રતિબધ્યતાનિરૂપિત પ્રતિબંધકતા શાલિજ્ઞાન વિષયતા આમાં આવી જતા સદ્ધેતુ દુષ્ટ બનતાં અતિવ્યાપ્તિ આવે તેનું નિવારણ કરવા માટે 'યથાર્થ' પદનો નિવેશ કરવો જ જોઈએ.

<u>गादाधरी</u> : भ्रमादिति पञ्चम्यर्थः प्रयुक्तत्वम्, तस्य प्रतिबन्धपदार्थेऽनुत्पादेऽन्वयः । यथार्थेतीति । यथार्थपदेन स्वव्यधिकरणप्रकारावच्छिन्ना या या विषयता तदनिरूपकत्वस्य सर्वांशे प्रमात्वस्य विवक्षणीयतया दर्शितभ्रमाणां किञ्चिदंशे प्रमात्वेऽपि न तानादाय दोष इति भावः ।

દીધિતિમાં **इत्यादि भ्रमात्** કહ્યું છે ત્યાં પઞ્ચમ્યર્થ પ્રયુક્તત્વ લેવો. અર્થાત્ **भ्रमप्रयुक्तत्वात्** । એનો પ્રતિબન્ધ પદાર્થમાં અન્વય કરવાનો એટલે ભ્રમપ્રયુક્ત જે અનુમિતિ પ્રતિબન્ધ એવો અર્થ થાય. અર્થાત્ ભ્રમપ્રયુક્ત સદ્ધેતુક અનુમિતિનો પ્રતિબન્ધ થવાથી સદ્ધેતુ દુષ્ટ બની જતાં અતિવ્યાપ્તિ આવે તેને દૂર કરવા માટે 'યથાર્થ' પદનો નિવેશ કર્યો છે.

પ્રશ્ન : 'યથાર્થ' પદનો ભલે તમે નિવેશ કર્યો. હજી પણ અતિવ્યાપ્તિ દોષ ઊભો રહેશે. કેમકે જે જ્ઞાન તમે ભ્રમાત્મક કહો છો તે બધા ય અંશમાં તો ભ્રમ નથી અર્થાત્ અમુક અંશોમાં તો તે પણ યથાર્થ છે જ. તો તેને આખાને ભ્રમાત્મક તમે શી રીતે કહી શકો ? वह्न्यभाववद्वृत्तित्वविशिष्टो धूमः આ જ્ઞાનમાં વહ્નિ - વહ્ન્યભાવ,

વહ્ન્યભાવવદ્ વૃત્તિત્વ તો યથાર્થ છે જ. માત્ર તાદશવૃત્તિત્વ વિશિષ્ટ ધૂમ એ એક જ અંશ અયથાર્થ છે. તો પછી આ આખાય જ્ઞાનને ભ્રમાત્મક કહીને 'યથાર્થ' પદના નિવેશથી તેને તમે દૂર કરી શકતા નથી.

ઉત્તર - યથાર્થજ્ઞાન અમે તેને કહીશું જે સ્વવ્યધિકરણપ્રકારા-વચ્છિન્ન જે જે વિષયતા (વિશેષ્યતાત્મક) હોય તે બધાનું અનિરૂપક હોય. ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટવહ્નિ આ યથાર્થજ્ઞાન છે. તો અહીં ઉપરોક્ત લક્ષણ ઘટવું જોઈએ. જુઓ, ધૂમ વિશિષ્ટ અભાવ છે માટે અભાવમાં જેમ ધૂમ નિરૂપિત વિશેષ્યતા છે તેમ ધૂમ પણ છે જ એટલે આ વિશેષ્યતાનું સમાનાધિકરણ ધૂમ બન્યો. સ્વ=વિશેષ્યતાવ્યધિકરણપ્રકાર ધૂમ ન બન્યો. એ જ રીતે અભાવવિશિષ્ટવૃત્તિત્વ છે. એટલે વૃત્તિત્વમાં અભાવીય વિશેષ્યતા છે અને અભાવ પણ છે જ એટલે વિશેષ્યતાસમાનાધિકરણ પ્રકાર અભાવ બન્યો. પણ વિશેષ્યતાસમાનાધિકરણ-પ્રકારાવચ્છિન્ના વિશેષ્યતા બની. એ જ રીતે તાદશવૃત્તિત્વ વિશિષ્ટ વહ્નિ છે. વહ્નિનિષ્ઠવિષયતા એ વૃત્તિત્વની સમાનાધિકરણ બની. એટલે વિષયતા સમાનાધિકરણ પ્રકારાવચ્છિન્ના તે વિષયતા બની. આમ અહીં જે જે વિષયતા છે તે બધી પોતાના પ્રકારની સમાનાધિકરણ હોવાથી પ્રકારાવચ્છિન્ના છે. અર્થાત્ સ્વવ્યધિકરણપ્રકારાવચ્છિન્ન વિષયતા આ બધી નથી, એવી કોઈ બીજી છે. એનું નિરૂપક જ્ઞાન ત્યાં જ છે, આ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટવહ્નિ જ્ઞાન તો સમાનાધિકરણપ્રકારાવચ્છિન્નવિષયતાનું નિરૂપક હોવાથી સ્વ-વ્યધિકરણ પ્રકારાવચ્છિન્ન વિષયતાનું અનિરૂપક છે જ. માટે તે યથાર્થજ્ઞાન કહેવાય.

હવે વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટો ધૂમઃ એ જ્ઞાનમાં ધૂમનિષ્ઠ વિષયતા એ તાદશ વૃત્તિત્વની વ્યધિકરણ છે. અર્થાત્ ધૂમમાં વિષયતા છે પણ વહ્ન્યભાવવદ્વૃત્તિત્વ તો નથી જ એટલે કે તે તો અન્યત્ર જ છે. માટે (સ્વ) વિષયતાવ્યધિકરણ પ્રકાર (વહ્ન્યભાવવદ્વૃત્તિત્વ), તદવચ્છિન્ના વિષયતા બની અને તેનું નિરૂપક જ આ જ્ઞાન બન્યું. અનિરૂપક ન બન્યું એટલે એક પણ અંશ તાદશવિષયતાનું નિરૂપક જ્ઞાન બની જતાં તે યથાર્થજ્ઞાન ન કહેવાય. આમ આ જ્ઞાનના ઇતરાંશો ભલે પ્રમાત્મક હોય પણ એક અંશ પણ ભ્રમરૂપ થતાં આખું ય જ્ઞાન ઉક્ત રીતે યથાર્થ બની શકે નહિ.

એ જ રીતે મેયત્વાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટાભિધેયત્વં સ્થળે પણ તાદશવૃત્તિત્વનો અભિધેયત્વમાં અભાવ હોવાથી અભિધેયત્વ નિષ્ઠ વિષયતાનો તે સમાનાધિકરણ પ્રકાર નથી બનતો. અર્થાત્ સ્વવ્યધિકરણપ્રકારાવચ્છિન્ના અભિધેયત્વનિષ્ઠ વિષયતા બને છે તેનું અનિરૂપક આ જ્ઞાન નથી અપિ તુ નિરૂપક જ છે. માટે તે યથાર્થ ન કહેવાય.

गादाधरी : अत्र यथार्थपदेन सद्धेतुस्थलेऽनुमितिविरोधिभ्रमविषय-साध्याभावादावतिप्रसङ्गवारणेऽपि असद्धेतुस्थले तादृशप्रमाविषयदोष-घटकसाध्यादेः प्रत्येकं दोषत्वापत्तिर्दुर्वारैव, तदर्थं प्रकारान्तरानुसरणे च तत एव पूर्वदोषस्याऽपि वारणसम्भवे यथार्थपदं व्यर्थम् इति दोषस्य दुरुद्धरतया तस्यैव यथार्थपदाऽघटितलक्षणान्तरानुसरणे बीजत्वमाह नन्विति ।

પૂર્વપક્ષ - તમે યથાર્થ પદથી સદ્ધેતુકસ્થળે આવતી અતિવ્યાપ્તિને દૂર કરી પણ અસદ્ધેતુસ્થળે તાદશયથાર્થજ્ઞાન વિષયતા તો દોષઘટક પ્રત્યેક સાધ્ય-અભાવ-વૃત્તિત્વ ઇત્યાદિમાં જાય એટલે તે બધા ય હેત્વાભાસ બની જવાની આપત્તિ આવશે. અર્થાત્ વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટવહ્નિઃ જ્ઞાન એ પ્રતિબંધકીભૂત યથાર્થજ્ઞાન છે. એની વિષયતા તો દોષઘટકીભૂત પ્રત્યેકમાં જાય એટલે બધાય હેત્વાભાસ બની જાય.

ઉત્તર - ના, તે માટે અમે કહીશું કે વિશિષ્ટ વિષયક જ્ઞાન પ્રતિબંધક બને. એટલે તેની વિષયતા તો વિશિષ્ટ વિષયમાં જ જાય. અર્થાત્ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટો વહ્નિઃ આ જ વિશિષ્ટ વિષયક જ્ઞાન છે. માટે વિષયતા વિશિષ્ટ વહ્નિમાં જ જાય 'ધૂમાભાવ' ઇત્યાદિ વિશિષ્ટ જ્ઞાન પ્રતિબંધક જ નથી માટે તે બધા ઘટકોમાં વિષયતા હવે ન જતાં ત્યાં હેત્વાભાસત્વાપત્તિ સંભવે નહિ.

પૂર્વપક્ષ - જો આ રીતે દોષનું વારણ કરો છો તો આનાથી જ સદ્ધેતુક સ્થલીય ભ્રમજ્ઞાનપ્રયુક્ત અતિવ્યાપ્તિ પણ દૂર થઈ જશે. કેમકે ભ્રમવિષયવિશિષ્ટ જ અપ્રસિદ્ધ બનતાં ભ્રમ વિષય વિશિષ્ટ જ્ઞાન પણ અપ્રસિદ્ધ એટલે તદીય વિષયતા વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટો ધૂમઃમાં જાય જ નહિ. માટે તે દોષ બને નહિ. એટલે સદ્ધેતુ દુષ્ટ બનવાની આપત્તિ આવે નહિ.

તો પછી તે અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'યથાર્થ' પદનો નિવેશ વ્યર્થ જાય છે. કેમકે અતિવ્યાપ્તિ તો પ્રકારાન્તરના અનુસરણથી જ દૂર થઈ ગઈ હવે 'યથાર્થ' પદનું વૈયર્થ્ય દુરુદ્ધર છે. આ વૈયર્થ્યાત્મક દોષનો ઉદ્ધાર તમે કરી શકતા નથી.

ઉત્તર - તમારી વાત સાચી છે. તમે આપેલો દોષ જ નવા યથાર્થપદ વિનાના બીજા લક્ષણને અનુસરવાનું બીજ છે.

दीधिति : ननु प्रतिबन्धकज्ञानविषयव्यभिचारादिघटकसाध्यादेरपि प्रत्येकं हेत्वाभासतापत्तिः ।

गादाधरी : एकदेशस्याऽपि विशिष्टघटकतया हेत्वाभासपदार्थ-त्वस्येष्टत्वादाह प्रत्येकमिति । प्रत्येकपदार्थपर्याप्तसाध्यतावच्छेदका-द्यवच्छिन्नस्येत्यर्थः । हेत्वाभासतापत्तिः=हेत्वाभासपदार्थत्वापत्तिः ।

ગદાધર કહે છે કે આ ચર્ચામાં એ ખ્યાલ રાખવો કે ધૂમાભાવવદ્વૃત્તિત્વ વિશિષ્ટ વહ્નિઃ એવું જે યથાર્થજ્ઞાન છે તેની વિષયતા તાદશદોષઘટકત્વેન ઘટક વહ્ન્યાદિમાં રહે અને તે રીતે તે હેત્વાભાસ બને તેમાં તો કોઈ વાંધો નથી કેમકે આખા હેત્વાભાસના ઘટક પણ તદ્ઘટકત્વેન હેત્વાભાસ બની શકે જ છે. અહીં તો એ પ્રશ્ન ઊભો કર્યો છે કે તેમ નહિ, અપિ તુ સ્વાતંત્ર્યેણ વહ્નિત્વાદ્યવચ્છિન્ન વહ્ન્યાદિ પણ હેત્વાભાસ બની જવાની આપત્તિ આવે.

गादाधरी : यद्रूपावच्छिन्नज्ञानस्यानुमित्यविरोधित्वं तद्रूपावच्छिन्ने हेत्वाभासत्वव्यवहारस्य तद्रूपावच्छिन्नमात्रज्ञानाद्धेतौ दुष्टत्वव्यवहारस्य चाऽनुदयेन इष्टापत्तिर्न सम्भवतीति भावः ।

પૂર્વપક્ષ - ભલે ને પ્રત્યેક વહ્નિ વહ્નિત્વેન દોષ બને તેઓ હેતુને દુષ્ટ તો કરવાના જ છે. અર્થાત્ અસદ્ધેતુને દુષ્ટ તેઓ કરે તેમાં ઈષ્ટાપત્તિ કેમ ન કહેવાય ?

ઉત્તરપક્ષ - ના, यद्रूपावच्छिन्नज्ञानस्यानुमिति-अविरोधित्वं तद्रूपावच्छिन्ने हेत्वाभासत्वव्यवहारस्य, तद्रूपावच्छिन्नमात्रज्ञानात् हेतौ दुष्टत्वव्यवहारस्य च, अनुदयेन इष्टापत्तिः नैव सम्भवति । અર્થાત્ વહ્નિત્વેન 'વહ્નિ' એ અનુમિતિનું અવિરોધી જ્ઞાન છે તો વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિરૂપ હેતુમાં દુષ્ટત્વ વ્યવહાર વહ્નિત્વેન થઈ શકે નહિ. ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટત્વેન રૂપેણ ધૂમાભાવવદ્વૃત્તિવિશિષ્ટો વહ્નિઃ એ જ્ઞાન અનુમિતિ વિરોધિ છે તો ધૂમાભાવવદ્વૃત્તિવિશિષ્ટત્વેન રૂપેણ જ વહ્નિમાં દુષ્ટત્વવ્યવહાર થાય. એટલે ત્યાં વહ્નિત્વેન વહ્નિમાં દુષ્ટત્વવ્યવહાર કહેવામાં ઈષ્ટાપત્તિ સંભવતી જ નથી.

गादाधरी : यादृशविशिष्टविषयकत्वं तादृशाऽनुमितिविरोधिताऽनति-

रिक्तवृत्ति तत्त्वमिति विवक्षया न साध्यादावतिव्याप्तिरित्याशयेनाऽऽशङ्कते । अथेति

दीधिति : अथ विशिष्टविषयकं ज्ञानं प्रतिबन्धकम्, तद्घटकं च न विशिष्टमिति चेत्, तर्हि यथार्थेति व्यर्थम् भ्रमविषयविशिष्टस्याप्रसिद्धत्वादित्यनुशयेनाऽऽह यदिति ।

गादाधरी : विशिष्टविषयकम्=साध्याभाववद्वृत्तित्वविशिष्टसाधनादिविषयकमेव । तद्घटकं च=तादृशविशिष्टघटकप्रत्येकपदार्थविषयकत्वं च । न विशिष्टम्=न तादृशविशिष्टनिरूपितम् । तथाच प्रत्येकपदार्थविषयकत्वस्य प्रतिबन्धकताया अतिरिक्तवृत्तित्वान्नातिव्याप्तिरिति भावः ।

એટલે દીધિતિકારે ઘટકોમાં સ્વાતંત્ર્યેણ દોષતાપત્તિ દૂર કરવા 'વિશિષ્ટવિષયકત્વ' પ્રકારાન્તરનું અનુસરણ કર્યું. યાદશ એટલે યદ્રૂપાવચ્છિન્નવિશિષ્ટવિષયકત્વં એ તાદશ અનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ હોવું જોઈએ અર્થાત્ અનુમિતિ નિરૂપિત પ્રતિબંધકતાથી અતિરિક્તવૃત્તિ આ વિશિષ્ટવિષયકત્વ ન હોવું જોઈએ. ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિઃ જ્ઞાન એ વિ.વિષયક છે માટે ત્યાં વિ. વિષયકત્વ છે અને અનુમિતિ પ્રતિબંધકત્વ પણ છે. પણ કેવળ વહ્નિમાં ભલે વિશિષ્ટવિષયકત્વ છે (अयं वह्निः એ વિશિષ્ટજ્ઞાન છે માટે) પણ ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા ન હોવાથી તે પ્રતિબંધકત્વાતિરિક્તવૃત્તિ બની ગયું છે માટે સ્વાતંત્ર્યેણ તે ઘટકીભૂતઅંશો દોષ બની શકે નહિ. આમ આ પ્રત્યેક હેત્વાભાસત્વાપત્તિ દૂર થઈ જાય છે.

गादाधरी : व्यर्थमिति । यथार्थपदाऽदानेऽपि सद्धेतुस्थलेऽतिव्याप्तिवारणसम्भवात् । ननु तत्र भ्रमविषयप्रत्येकपदार्थविषयकत्वस्योक्तरीत्या वारणेऽपि तद्विषयविशिष्टेऽतिव्याप्तिरत आह भ्रमविषयेति । अप्रसिद्धत्वादिति । तथाच क्वातिव्याप्तिरिति भावः ।

એની સામે પૂર્વપક્ષ કહે છે કે આ રીતે જ સદ્ધેતુક સ્થળીય અતિવ્યાપ્તિ પણ દૂર થઈ

જાય. કેમકે ત્યાં પણ પૂર્વોક્ત રીતે ઘટકીભૂત અંશો હેત્વાભાસ નહિ બને અને ભ્રમાત્મક જ્ઞાન વિશિષ્ટવિષયક મળે જ નહિ કેમકે ત્યાંનો વિશિષ્ટવિષય જ અપ્રસિદ્ધ છે. એટલે તાદૃશજ્ઞાનીયવિષયતા જ ન જતાં તે દોષ ન બનતાં સદ્ધેતુ દુષ્ટ થવાની આપત્તિ પણ સંભવતી નથી. પછી યથાર્થ પદનો નિવેશ વ્યર્થ જાય છે.

આનો ઉત્તર આપતાં દીધિતિકાર કહે છે કે આ વૈયર્થ્યાપત્તિ પ્રથમ લક્ષણમાં ઊભી જ રહે છે માટે તેનો પરિત્યાગ કરીને ગઙ્ગેશે દ્વિતીયલક્ષણનું અનુસરણ કર્યું છે.

હવે કેટલાક આ સ્થળે યથાર્થપદની સાર્થકતા બતાવે છે. પરંતુ તે બતાવવા પૂર્વે તે ભૂમિકા કરે છે.

दीधिति : केचित्तु दुष्टानामेव हेतूनामेतानि लक्षणानि ।

गादाधरी : केचित्त्विति । ननु आद्यस्य दुष्टहेतुलक्षणत्वे दोषेष्वतिव्याप्तिः, तेषामपि अनुमितिविरोधियथार्थज्ञान-विषयत्वात् ।

હેત્વાભાસના ૩ ય લક્ષણો દુષ્ટ હેતુના જ છે પણ દોષના નથી.

પ્રશ્ન - તો પછી દોષના પણ આ લક્ષણો તો બને છે માટે તેમાં અતિવ્યાપ્તિ આવશે ને ? કેમકે દોષો પણ અનુમિતિ પ્રતિબંધક યથાર્થજ્ઞાન વિષય છે જ.

गादाधरी : न च ह्रदादिपक्षकवह्न्यादिसाध्यस्थले वह्न्यभाववद्-ध्रदादिरूपदोषाणामपि दुष्टहेतुतया दुष्टत्वमेवेति वाच्यम्,

કેચિત્ - **ह्रदो वह्निमान् धूमात्** ઇત્યાદિ સ્થળે વહ્ન્યભાવવદ્હ્રદાદિ રૂપ દોષો પણ દુષ્ટ હેતુ હોવાથી તેમનામાં દુષ્ટત્વ અમને ઈષ્ટ જ છે. અર્થાત્ હ્રદો વહ્નિમાન્ અનુમિતિમાં 'વહ્ન્યભાવવદ્હ્રદાત્' એ હેતુ પણ બની શકે છે અને તેથી તેમાં દુષ્ટત્વ જાય, તેમાં વાંધો શું છે ? એ તો દુષ્ટ હેતુમાં જ લક્ષણ ગયું ને ?

गादाधरी : तद्रूपावच्छिन्नपक्षकतद्रूपावच्छिन्नसाध्यकतद्रूपावच्छिन्न-हेतुकस्थले तेन रूपेण दुष्टस्य लक्षणं यदि तद्रूपावच्छिन्नपक्षसाध्य-हेतुकानुमितिविरोधियथार्थज्ञानविषयत्वमात्रं तदा ह्रदत्वावच्छिन्न-पक्षकवह्नित्वावच्छिन्नसाध्यकधूमत्वावच्छिन्नहेतुकानुमितिप्रतिबन्धक-

प्रमाविषयवह्न्यभाववद्ध्रदादीनां धूमत्वादिना दुष्टत्वाभावाद-तिव्याप्तिरित्याशङ्कां परिजिहीर्षुः तादृशाभावप्रतियोगिनां ज्ञानमिति षष्ठीसमासमाश्रित्य तादृशाभावप्रतियोगिप्रकारकयथार्थज्ञानविषयत्वमर्थं व्याख्यास्यति, तच्च ज्ञायमानदोषस्य प्रतिबन्धकतामते एव सङ्गच्छते, अतस्तन्मतमवलम्ब्यैवाह तत्रेति ।

दीधिति : तत्र तृतीयमिव प्रथममपि ज्ञायमानव्यभिचारादेः प्रतिबन्धकत्वमभ्युपेत्य । तदर्थश्च तादृशाभावप्रतियोगिनो ये व्यभिचारादयस्तत्प्रकारकयथार्थज्ञानविषयत्वम् । तत्त्वमित्यस्य च तद्वत्त्वमर्थः । आद्यस्यैव वा दुष्टलक्षणत्वमिति प्राहुः।

गादाधरी : तेषु लक्षणेषु मध्ये इत्यर्थः । तृतीयलक्षणस्य सर्वमते एव ज्ञायमानदोषप्रतिबन्धकतामताभिप्रायकतया दृष्टान्तत्वेनोपन्यासः ।

પ્રશ્ન - ના, યેન રૂપેણ હેતુ દુષ્ટ બનતો હોય તેન રૂપેણ હેતુમાં દુષ્ટત્વવ્યવહાર ઈષ્ટ છે. હવે જ્યાં ધૂમહેતુક હ્રદપક્ષકમાં વહ્નિની અનુમિતિ છે. ત્યાં વહ્ન્યભાવવદ્હ્રદત્વેન વહ્ન્યભાવવદ્હ્રદ દુષ્ટ તો બને છે પણ હવે ધૂમત્વેન વહ્ન્યભાવવદ્હ્રદ જે દુષ્ટ નથી બનતો તે પણ બની જતાં અતિવ્યાપ્તિ આવશે. અર્થાત્ હ્રદપક્ષક, વહ્નિસાધ્યક અનુમિતૌ ધૂમત્વેન અયં દુષ્ટઃ. એટલે તાદશ અનુમિતિપ્રતિબંધકદોષવિષયઃ એટલે કે હ્રદપક્ષકવહ્નિ સાધ્યક અનુમિતિમાં ધૂમત્વેન દુષ્ટ તે બને, જે તાદશ અનુમિતિપ્રતિબંધકદોષવિષય હોય. વસ્તુતઃ ધૂમત્વેન અયં એટલે ધૂમ જ દુષ્ટ બને છે પણ હવે તો એવા દોષનો વિષય વહ્ન્યભાવવદ્હ્રદ પણ બનવાથી તે ધૂમત્વેન અયં એટલે વહ્ન્યભાવવદ્હ્રદ દુષ્ટં બની જવાની આપત્તિ આવે. જે વસ્તુતઃ ધૂમત્વેન દુષ્ટ નથી. હા, હ્રદપક્ષકવહ્નિસાધ્યક વહ્ન્યભાવવદ્હ્રદત્વહેતુક જે અનુમિતિ હોય ત્યાં હ્રદપક્ષકવહ્નિસાધ્યક અનુમિતૌ વહ્ન્યભાવવદ્હ્રદત્વેન અયં દુષ્ટઃ. એટલે તાદશાનુમિતિ પ્રતિબંધકદોષવિષય-વહ્ન્યભાવવદ્હ્રદ બનવાથી તે જ દુષ્ટ બને એમાં તો ઈષ્ટાપત્તિ જ છે. કેમકે વહ્ન્યભાવવદ્હ્રદત્વેન વહ્ન્યભાવવદ્હ્રદ દુષ્ટ બને તેમાં તો વાંધો જ નથી પણ જ્યાં ધૂમત્વેન ધૂમને જ દુષ્ટ કહેવો છે. અર્થાત્ ધૂમત્વેન ધૂમ એ દોષવિષય બનાવવો છે ત્યાં

દોષવિષય વહ્ન્યભાવવદ્હ્રદ બની જતાં તેમાં ધૂમત્વેન દુષ્ટત્વવ્યવહાર તો ઈષ્ટ નથી જ. આમ હ્રદપક્ષકીયધૂમાનુમિતિમાં ધૂમત્વેન દુષ્ટત્વાપત્તિ વહ્ન્યભાવવદ્હ્રદમાં થઈ જતાં અતિવ્યાપ્તિ આવે જ છે. એટલે વહ્ન્યભાવવદ્હ્રદમાં ધૂમહેતુકાનુમિતિ સ્થળે લક્ષણની અતિવ્યાપ્તિ તો થાય જ છે.

કેચિત્ - બરાબર છે. માટે જ આ લક્ષણને જો દુષ્ટનું જ લક્ષણ કહેવું છે તો તે અતિવ્યાપ્તિ દૂર કરવી જ જોઈએ. અને તે માટે અમે કહીશું કે તૃતીય લક્ષણમાં જેમ જ્ઞાયમાન દોષને જ પ્રતિબંધક સ્પષ્ટતયા કહેલો છે અર્થાત્ ત્યાં દોષવિષયકજ્ઞાનને પ્રતિબંધક નથી કહ્યું તેમ આ બે ય લક્ષણમાં પણ દોષવિષયક જ્ઞાનને પ્રતિબંધક ન કહેતાં જ્ઞાયમાન દોષને જ પ્રતિબંધક કહેવો જોઈએ. હવે જો જ્ઞાયમાનદોષને પ્રતિબંધક કહીશું તો અનુમિતિકારણીભૂતાભાવ જે પ્રતિબંધકાભાવ, તે દોષાભાવ રૂપ બનશે. (પૂર્વે તો દોષજ્ઞાનને પ્રતિબંધક માનતાં હતાં એટલે દોષજ્ઞાનાભાવ કારણીભૂતાભાવ બનતો હોય.) એટલે તાદશાભાવપ્રતિયોગીદોષ બનશે. પહેલાં જ્ઞાન બનતું હતું. હવે પૂર્વે તો પ્રતિયોગી દોષ જ્ઞાન બનતું હતું એટલે કારણીભૂતાભાવપ્રતિયોગી જે યથાર્થજ્ઞાન...એવો કર્મધારયમાં જ વિગ્રહ આવશ્યક હતો. હવે દોષને પ્રતિયોગી બનાવ્યો માટે દોષરૂપ જે યથાર્થજ્ઞાન, એમ કર્મધારયમાં તો વિગ્રહ થાય નહિ એટલે દોષોનું યથાર્થજ્ઞાન અર્થાત્ દોષ પ્રકારકજ્ઞાન એવો ષષ્ઠી તત્પુ. માં વિગ્રહ કરવો જ જોઈએ અને તાદશજ્ઞાનવિષયત્વં (વિશેષ્યત્વરૂપ) **દુષ્ટહેતુત્વં** કહેવું જોઈએ. અર્થાત્ હવે લક્ષણ આવું બનશે.

अनुमितिकारणीभूताभावप्रतियोगिनां यद् ज्ञानं तद्विषयत्वं અર્થાત્ દોષાભાવ પ્રતિયોગિપ્રકારકજ્ઞાનવિષયત્વં દુષ્ટહેતુત્વમ્. જો આમ કહીએ તો દોષમાં જે અતિવ્યાપ્તિ આવતી હતી તે દૂર થાય કેમકે તાદશ દોષપ્રકારક જ્ઞાન વિષયત્વ (વિશેષ્યત્વરૂપ) દોષમાં તો નહિ જ આવે કેમકે દોષમાં તો પ્રકારત્વ છે. તાદશ વિશેષ્યત્વ હેતુમાં જ છે માટે દુષ્ટહેતુમાં જ આ લક્ષણ પહોંચી જાય.

<u>गादाधरी</u> : तदर्थश्चेति । प्रतियोग्यन्तेन व्यभिचारादिदोषानादाय लक्षणं सङ्गमनीयमिति दर्शयितुं व्यभिचारादय इति, न तु तेन रूपेण लक्षणघटकत्वमित्यवधेयम् । एवं च यथार्थपदानुपादाने दुष्टत्वभ्रममादाय प्रकृतहेतुभिन्नेऽतिप्रसङ्ग इति यथार्थपदसार्थक्यम् ।

ગદાધર કહે છે કે દીધિતિમાં **तादृशाभाव प्रतियोगिनो ये व्यभिचारादयः**

પંક્તિ છે તેમાં 'વ્યભિચાર' પદનો લક્ષણમાં ઘટક તરીકે ઉલ્લેખ નહિ સમજી લેવો કેમકે પ્રતિયોગી પદથી તે વ્યભિચારાદિ દોષો જ પકડાવવાના છે. અર્થાત્ પ્રતિયોગિત્વેન વ્યભિચારાદિદોષ આવી જવાના છે માટે લક્ષણમાં વ્યભિચારત્વેન વ્યભિચારાદિને ઘટક બનાવવાની જરૂર નથી.

હવે જે પૂર્વોક્ત લક્ષણમાં 'યથાર્થ' પદનો નિવેશ ન કરીએ અર્થાત્ 'અનુમિતિ કારણીભૂતાભાવપ્રતિયોગીપ્રકારકજ્ઞાનવિષયત્વં' લક્ષણ કરીએ તો **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે સદ્ધેતુ દુષ્ટ થવાની આપત્તિ આવે. કેમકે આ અનુમિતિમાં કારણીભૂતાભાવ= વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમ રૂપ દોષાભાવ બને. તત્પ્રતિયોગી = વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમ રૂપ દોષ. એનું જ્ઞાન = અહીં ભ્રમાત્મક જ્ઞાન છે જ.

તત્પ્રકારકજ્ઞાનવિષયત્વ હેતુમાં આવી જાય. કેમકે વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમઃ એવું જ્ઞાન હોવાથી તત્પ્રકારકજ્ઞાનવિષયત્વં વિશેષ્યરૂપ જે હેતુ છે તેમાં જતાં સદ્ધેતુ ધૂમ દુષ્ટ બની જતાં અતિવ્યાપ્તિ આવે. આ દોષ દૂર કરવા 'યથાર્થ' પદનો નિવેશ કર્યો. હવે વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમવાન્ ધૂમઃ એમાં પ્રકારરૂપ જ્ઞાન યથાર્થજ્ઞાન જ નથી. માટે તત્પ્રકારક જ્ઞાન પણ યથાર્થજ્ઞાન નથી. એટલે તદીયવિષયતા ધૂમ રૂપ સદ્ધેતુમાં ન જતાં તે દુષ્ટ નહિ જ બને. આમ 'યથાર્થ' પદનો નિવેશ સાર્થક જ છે. અર્થાત્ તેના વૈયર્થ્યને લીધે ગંગેશ દ્વિતીય લક્ષણનું અનુસરણ કરે છે એમ કહેવું વ્યાજબી નથી.

<u>गादाधरी</u> : यद्यपि पर्वतत्वाद्यवच्छिन्ने वह्नित्वावच्छिन्नसाधने धूमत्वावच्छिन्नो दुष्ट इत्यादेः सद्धेतौ दुष्टत्वव्यवहारस्य नापत्तिः, तत्र तत्पक्षसाध्यहेतुकानुमितिप्रतिबन्धकरूपदोषप्रकारकज्ञानविषयत्वस्यैव प्रत्येतव्यत्वात्, तादृशानुमितिप्रतिबन्धकबाधव्यभिचारादेश्चाऽप्रसिद्धत्वात्, ह्रदादौ वह्न्यादिसाधनमादाय च सर्वत्र दुष्टत्वव्यवहार इष्टः,

ગદાધર કહે છે કે સદ્ધેતુકસ્થલીય અતિવ્યાપ્તિ કેચિત્ના નવા પરિષ્કાર મુજબ તો સંભવતી જ નથી પછી ત્યાં 'યથાર્થ' પદની જરૂર રહેતી જ નથી. જુઓ, **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમ એ દોષ છે. તત્પ્રકારકજ્ઞાનવિષયત્વ ધૂમમાં જઈ શકતું જ નથી કેમકે દોષ એ પ્રકાર ત્યારે જ બને જયારે તે પોતે પ્રસિદ્ધ હોય. અહીં વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ ધૂમાત્મક દોષ

પર્વતપક્ષકવહ્નિસાધ્યકધૂમહેતુકાનુમિતિ પ્રતિબંધકરૂપ જ અપ્રસિદ્ધ છે તો તત્પ્રકારકજ્ઞાન જ અપ્રાપ્ય બની જાય અને તેથી અતિવ્યાપ્તિ સંભવતી જ નથી.

અને હ્રદપક્ષકવહ્નિસાધ્યકધૂમહેતુકાનુમિતિપ્રતિબંધક વહ્ન્યભાવવદ્હ્રદદોષ (પ્રતિયોગી)પ્રકારકજ્ઞાનવિષયત્વ ધૂમમાં જતાં ત્યાં દુષ્ટત્વવ્યવહાર ઈષ્ટ છે જ. એટલે આ રીતે 'યથાર્થ' જ્ઞાનની આવશ્યકતા જણાતી નથી.

<u>गादाधरी</u> : तथापि धूमसाधने वह्नित्वेनाऽयं दुष्ट इत्यादौ वह्नित्वावच्छिन्नहेतुकधूमाद्यनुमितिप्रतिबन्धकदोषप्रकारकज्ञानविषयत्वस्य प्रत्ययात् वक्ष्यमाणसम्बन्धावच्छिन्नतादृशानुमितिप्रतिबन्धक-धूमाभाववद्वृत्तित्वविशिष्टवह्न्यादिरूपदोषप्रकारताशालिभ्रममादाय रासभादितात्पर्येणाऽपि तथा व्यवहारः स्यात् ।

तथापि – છતાંય કેચિત્ મતાનુસાર યથાર્થ પદની સાર્થકતા અહીં સંભવે છે. જુઓ **पर्वतो धूमवान् वह्नेः** આ સ્થળે ધૂમાનુમિતૌ વહ્નિત્વેન અયં દુષ્ટઃ એવો જે વ્યવહાર થાય છે. તેનો અર્થ એ થયો કે **अनुमिति प्रतिबंधक दोषप्रकारकज्ञानविषयो वह्निः दुष्टः** પણ હવે તો તાદશદોષપ્રકારક જ્ઞાન એ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટવહ્નિમાન્ વહ્નિઃ જેમ છે તેમ ધૂમાભાવવદ્વૃત્તિવિશિષ્ટવહ્નિમાન્ રાસભઃ પણ બને અને તેથી રાસભમાં દુષ્ટત્વ વ્યવહાર થઈ જાય. અર્થાત્ **धूमानुमितौ वह्नित्वेन अयं दुष्टः** એટલે **धूमानुमितौ वह्नित्वेन वह्निः दुष्टः** એમ ન થતાં **धूमानुमितौ वह्नित्वेन रासभो दुष्टः** એમ થઈ જાય. આ રીતે રાસભમાં અતિવ્યાપ્તિ આવી જાય. (અહીં ખ્યાલ રાખવો કે 'वह्नित्वेन' માં જે તૃતીયાર્થ વૈશિષ્ટ્ય (अवच्छिन्नत्व) છે તેનો **अन्वय** वह्नित्वेन वह्निहेतुकानुमितिમાં કરવાનો છે.) અર્થાત્ આ અતિવ્યાપ્તિ દૂર કરવા 'યથાર્થ' પદ મૂકવું જ જોઈએ. હવે **धूमाभाववद्वृत्ति-त्वविशिष्टवह्निमान् रासभः** એ ભ્રમાત્મક જ્ઞાન હોવાથી તેમાં (રાસભમાં) તાદશદોષપ્રકારક યથાર્થજ્ઞાનવિષયત્વ ન જતાં તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

આ રીતે ગદાધરે 'કેચિત્'ના મતાનુસાર 'યથાર્થ' પદના નિવેશનું પ્રયોજન બતાવ્યું.

<u>गादाधरी</u> : नच तत्र विशेष्ये तृतीयान्तार्थवह्नित्ववैशिष्ट्यभानाद्रासभे

तद्बाधेन नायमतिप्रसङ्ग इति वाच्यम्,

પ્રશ્ન - રાસભમાં આવતી અતિવ્યાપ્તિનું વારણ તો અમે અન્ય રીતે કરી આપશું. **धूमानुमितौ वह्नित्वेन अयं दुष्टः** એમાં વહ્નિત્વના વૈશિષ્ટ્યનો ઈદન્તાવવચ્છિન્ન ઈદં પદાર્થમાં અન્વય કરશું. અર્થાત્ ધૂમાનુમિતૌ વહ્નિત્વવિશિષ્ટઃ વહ્નિઃ દુષ્ટઃ એ જ વ્યવહાર થાય અને તે તો ઈષ્ટ છે જ. આમ વહ્નિત્વેન 'અયં'થી વહ્નિત્વવિશિષ્ટ જ પકડાવાનું. અમે કહીશું કે રાસભ તો વહ્નિત્વવિશિષ્ટ છે જ નહિ. માટે તે પકડી શકાય જ નહિ. આમ રાસભમાં અતિવ્યાપ્તિ સંભવતી જ નથી અને તેથી 'યથાર્થ' પદ તન્નિવારણમાં જરૂરી નથી.

<u>गादाधरी</u> : तथा सति दोषपदार्थघटकानुमितौ वह्नित्वावच्छिन्नहेतुकत्वाऽलाभात् तल्लाभानुरोधेन हेतुप्रकारकज्ञानजन्यानुमितिप्रतिबन्धकरूपदोषपदार्थघटकहेतौ वह्नित्ववैशिष्ट्यरूपतृतीयान्तार्थस्य, तत्प्रकारतायां वाऽवच्छिन्नत्वार्थकतृतीयान्तलभ्यवह्नित्वावच्छिन्नत्वस्यान्वय इत्यस्यैवोपगन्तव्यत्वात् ।

ગદાધર - વહ્નિત્વેનમાં તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અન્વય જો ઈદં પદાર્થમાં કરશો તો વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિહેતુકાનુમિતિમાં તેનો લાભ નહિ થાય. કહેવાનો ભાવ એ છે કે પક્ષતાવચ્છેદકવચ્છિન્નક સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નક અને હેતુતાવચ્છેદકાવચ્છિન્નકાનુમિતિ પ્રતિ જ અમુક દોષ પ્રતિબંધક બને તેમ તો કહેવું જ પડશે. અર્થાત્ અનુમિતિમાં હેતુતાવચ્છેદકાવચ્છિન્નહેતુકત્વ તો કહેવું જ પડશે. જો તેમ ન કહો તો તો **पर्वतो धूमवान् तत्पर्वतत्वात्** રૂપ સદ્ધેતુક અનુમિતિનો તત્પર્વતત્વસદ્ધેતુ **पर्वतो धूमवान् वह्नेः** પ્રતિબંધકી ભૂત દોષથી દુષ્ટ થઈ જવાની આપત્તિ આવશે. કેમકે હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેતુકાનુમિતિ પ્રતિ પ્રતિબંધકીભૂત દોષ તો તમે કહ્યું નથી. માત્ર પક્ષતાવ. અવ. પક્ષક, સાધ્યતાવ. અવ. સાધ્યકાનુમિતિ પ્રતિબંધકીભૂત દોષ કહો છો તો પર્વતો ધૂમવાન્ વહ્નેઃ સ્થળે તાદશાનુમિતિ પ્રતિબંધક દોષ પ્રકારક જ્ઞાન વિષયત્વ વહ્નિમાં જતાં જેમ વહ્નિ દુષ્ટ બને છે. તેમ તેવી જ (તત્પક્ષક તત્સાધ્યક) પર્વતો ધૂમવાન્ વહ્નેઃ સ્થલીય અનુમિતિપ્રતિબંધકદોષપ્રકારકજ્ઞાનવિષયત્વ તત્પર્વતત્વમાં પણ જતાં તે દુષ્ટ બની જવાની આપત્તિ આવે.

આ આપત્તિ દૂર કરવા હેતુતાવચ્છેદકાચ્છિન્નહેતુકાનુમિતિ તો કહેવી જ જોઈએ. અર્થાત્ હેતુતાવચ્છેદકનું વૈશિષ્ટ્ય તદ્ધેતુક અનુમિતિમાં કહેવું જ પડશે.

એટલે ધૂમાનુમિતૌ વહ્નિત્વેન અયં દુષ્ટઃ સ્થળે વહ્નિત્વ રૂપ હેતુતાવચ્છેદકનું વૈશિષ્ટ્ય તમે 'ઇદં' પદાર્થમાં તો આપી શકતા જ નથી. કેમકે તેમ કરતાં 'વહ્નિત્વાવચ્છિન્નહેતુકાનુમિતિ'નો લાભ થાય નહિ. એટલે તેના લાભ માટે તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અન્વય તદ્ધેતુક અનુમિતિમાં જ તમારે કરવો પડશે.

અર્થાત્ વહ્નિત્વરૂપ હેતુતાવચ્છેદકનો હેતુમાં અન્વય કરવાના લાભ માટે વૈશિષ્ટ્યનો અન્વય હેતુમાં જ કરવો રહ્યો. ('હેતુ'માં એટલે સદ્ધેતુકાનુમિતિમાં) અર્થાત્ હેતુપ્રકારક જે પરામર્શરૂપ જ્ઞાન તજ્જન્ય જે અનુમિતિ એના પ્રતિબંધકરૂપ જે દોષ એ દોષ પદાર્થ તત્પક્ષક, તત્સાધ્યક, તદ્ધેતુક (પ્રસ્તુતમાં વહ્નિત્વાવચ્છિન્નવહ્નિહેતુક) અનુમિતિ કારણીભૂતાભાવ પ્રતિયોગિરૂપ છે. એટલે એમાં ઘટક હેતુ છે આ હેતુમાં તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અથવા તો આ હેતુનિષ્ઠ પ્રકારતામાં વૈશિષ્ટ્યનો અર્થાત્ વહ્નિત્વાવચ્છિન્નત્વનો અન્વય કરવો જ પડશે.

હવે આ રીતે ધૂમાનુમિતૌ વહ્નિત્વેન અયં દુષ્ટઃ સ્થળે વહ્નિત્વેન સ્થળે તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અન્વય હેતુમાં કરવાનો નિશ્ચિત થઈ ગયો એટલે તેનો અન્વય 'ઇદં' પદાર્થમાં તો તમે કરી શકતા જ નથી અને તેથી ભ્રમસ્થળે રાસભમાં અતિવ્યાપ્તિ દુર્વાર રહે છે. એટલે એના વારણ માટે 'યથાર્થ' પદની આવશ્યકતા ઊભી જ રહે છે.

<u>गादाधरी</u> : नच विशेष्ये वह्नित्वादिधर्मवैशिष्ट्यबोधकपदसमभिव्याहारस्थले दोषार्थकधातोरेव वह्नित्वावच्छिन्नहेतुकानुमितिप्रतिबन्धकोऽर्थः, अथवा अनुमित्यर्थकसाधनशब्दस्यैव वह्नित्वाद्यवच्छिन्नहेतुकानुमितिरूपविशेषलाक्षणिकत्वम्, दुष्धात्वर्थेऽनुमित्यन्तर्भावे साधनपदार्थानन्वयप्रसङ्गात्, तथा च विशेष्य एव तृतीयार्थवैशिष्ट्यान्वयोपगमान्नोक्तातिप्रसङ्ग इति वाच्यम्,

પૂર્વપક્ષ : વારૂ, જો અનુમિતિમાં ઘટકીભૂત હેતુમાં હેતુતાવચ્છેદકાવચ્છિન્નત્વનો લાભ આવશ્યક જ છે તો તેનો લાભ અમે તમને અન્ય રીતે કરી આપશું.

वह्नित्वेन अयं दुष्टः અહીં વહ્નિત્વધર્મવૈશિષ્ટ્ય બોધકપદ - 'વહ્નિત્વેન' પદ છે

તેનો 'अयं' રૂપ વિશેષ્ય સાથે સમભિવ્યાહાર છે. આ સ્થળે **दुष्टः** પદનો અર્થ **दोषविषयः** થાય છે તેમાં જે દુષ્ ધાતુ છે તેનો અર્થ વહ્નિત્વાવચ્છિન્ન હેતુકાનુમિતિ પ્રતિબંધક દોષ એવો અમે કહીશું. અહીં વહ્નિત્વનાં વૈશિષ્ટ્યનો હેતુમાં લાભ થઈ જ જાય છે પછી **वह्नित्वेन** એવા પદ ગત તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અન્વય ઇદં પદાર્થરૂપ વિશેષ્યમાં અમે કેમ ન કરી શકીએ ? અને તેમ થતાં રાસભમાં અતિવ્યાપ્તિ પ્રસંગ સંભવતો જ નથી.

શંકાઃ - આવો, તમે દુષ્ ધાતુનો અર્થ કરી શકતા નથી કેમકે **'धूमसाधने वह्नित्वेन अयं दुष्टः'** આ સ્થળે સાધનનો અર્થ પણ અનુમિતિ છે અને દુષ્ ધાતુનો અર્થ પણ તમે 'અનુમિતિ' પદ ઘટિત કરેલો છે. તો પુનરુક્તિદોષબલથી આવો અન્વય થઈ શકતો નથી.

પૂર્વપક્ષ : વારૂ. તો અમે દુષ્ ધાતુનો તાદૃશ અર્થ નહિ લઈએ પણ અનુમિત્યર્થક જે સાધન પદ છે તેની વહ્નિત્વાવચ્છિન્નહેતુકાનુમિતિમાં લક્ષણા કરશું. અર્થાત્ સાધનપદને વહ્નિત્વાવચ્છિન્ન હેતુકાનુમિતિપરક કહીશું. હવે તેમાં જ હેતુતાવ. વહ્નિત્વના વૈશિષ્ટ્યનો અન્વય હેતુમાં થઈ ગયો છે માટે **वह्नित्वेन** સ્થલીય તૃતીયાર્થ વૈશિષ્ટ્યનો અન્વય **'इदं'** પદાર્થમાં સુતરાં ઉપપન્ન થઈ શકે છે તેમ થતાં રાસભમાં અતિવ્યાપ્તિ દોષ સંભવતો નથી. એટલે 'યથાર્થ' પદના નિવેશની જરૂર રહેતી જ નથી.

<u>गादाधरी</u> : एवमपि वह्निना धूमसाधने रासभो दुष्ट इत्यादिव्यवहारस्य भ्रममादायातिप्रसङ्गादिति यथार्थपदसार्थक्यम् ।

ગદાધર કહે છે કે નહિ. ભલે તેમ તમે કહો. છતાંય જ્યાં **वह्निना** ('वह्नित्वेन' નહિ) **धूमसाधने रासभो दुष्टः** એવો ભ્રમાત્મક વ્યવહાર થાય છે તેને લઈને તો અતિવ્યાપ્તિ આવે જ છે એટલે તેના વારણ મળે તો 'યથાર્થ' પદનો નિવેશ કરવો જ પડશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે વહ્નિનું વૈશિષ્ટ્ય વહ્નિમાં તો બાધિત છે. એથી વહ્નિનો અન્વય અનુમિતિમાં જ કરવો પડશે. અને તેમ થતાં **अयं** પદથી રાસભ પણ પકડી શકાય એટલે ત્યાં અતિવ્યાપ્તિ આવે એને દૂર કરવા 'યથાર્થ' પદનું ઉપાદાન આવશ્યક છે જ.

<u>गादाधरी</u> : अथवा इतरभेदानुमापकमेवेदं लक्षणम् । तथा च पर्वत-

पक्षकधूमसाध्यकवह्निहेतुकदुष्टलक्षणस्य तथाविधानुमितिविरोधिव्यभिचारादिभ्रममादाय सद्धेतावितरभेदव्यभिचारित्वात् यथार्थपदसार्थक्यम् ।

(पूर्वपक्ष - **वह्निना धूमसाधने अयं दुष्टः** સ્થળની આપત્તિ દૂર કરવા અમે કહીશું કે અહીં તૃતીયાર્થ 'અભેદ' છે. અને તેથી વહ્ન્યભેદ રાસભમાં બાધિત હોવાથી અતિવ્યાપ્તિ પ્રસંગ નથી. અને તેથી યથાર્થ પદનું ઉપાદાન વ્યર્થ જાય છે.)

ઉત્તર પક્ષ - વારૂ, ત્યારે અમે હવે કહીશું કે આ લક્ષણ વ્યવહાર પ્રયોજક નથી. પણ વ્યાવૃત્તિ પ્રયોજક છે. અત્યાર સુધી વ્યવહારલક્ષણ કર્યુ હતું હવે વ્યાવૃત્તિ એટલે કે ઇતરભેદાનુમિતિજનક આ લક્ષણ અમે કહીશું. **दुष्टहेतुः इतरभिन्नः (दुष्टहेत्वितर भिन्नः) अनुमितिकारणीभूताभावप्रतियोगिप्रकारकयथार्थज्ञानविषयत्वात् ।** હવે આ અનુમિતિના હેતુમાં જો 'યથાર્થ' પદ ન આપીએ તો વ્યભિચાર આવે. **पर्वतो धूमवान् वह्नेः** અનુમિતિ પ્રતિબંધક દોષ - **धूमाभाववद्वृत्तित्वविशिष्टो वह्निः.** હવે **"पर्वतो धूमवान् इन्धनत्वात्"** એ સદ્ધેતુક અનુમિતિ છે. ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિમાન્ ઈન્ધન ન હોય છતાં તેવું જ્ઞાન કરીએ તો તે ભ્રમાત્મક કહેવાય અને તેથી તાદશદોષપ્રકારક જ્ઞાન વિષયત્વ ઈન્ધનાત્મક સદ્ધેતુમાં આવી જાય છે અને ત્યાં દુષ્ટહેત્વેતરભિન્નત્વરૂપ સાધ્ય નથી. માટે ઇતરભેદાનુમિતિજનક આવો વ્યભિચારી હેતુ બની શકે નહિ. એટલે ઇતરભેદાનુમિતિજનક તેને બનાવવા માટે 'યથાર્થ' પદનો નિવેશ આવશ્યક છે. ધૂમાભાવવદ્વૃત્તિત્વવિ.વહ્નિમદિન્ધનમ્ એ તાદશદોષ પ્રકારક યથાર્થજ્ઞાન નથી માટે ઈન્ધનમાં હેતુ જઈ શકતો નથી. હવે જ્યાં જ્યાં હેતુ જાય છે ત્યાં ત્યાં દુષ્ટેતરભેદ રહે જ છે આમ તે સદ્ધેતુથી ઇતરભેદાનુમિતિ થઈ શકે છે.

આ રીતે છેવટે ઇતરભેદાનુમાપક આ લક્ષણને કહીને તેમાં યથાર્થપદની સાર્થકતા કેચિત્ મતે કરી આપી.

<u>गादाधरी</u> : ज्ञानञ्चात्र स्वज्ञानविषयप्रकृतहेतुतावच्छेदकवत्त्वसम्बन्धावगाहि ग्राह्यम् । तेन प्रकृतहेतुभिन्नस्यापि सम्बन्धान्तरेण दोषप्रमाविषयत्वेऽपि नातिप्रसङ्गः । अग्रेऽपीदृशसम्बन्धेनैव तद्वत्वं बोध्यम् ।

ગદાધર કહે છે કે દોષ પ્રકારક યથાર્થજ્ઞાન (યથાર્થપદ લે ત્યારે) જે લેવાનું છે તે સ્વજ્ઞાનવિષયપ્રકૃત હેતુતાવચ્છેદકવત્વ સંબંધથી લેવું અર્થાત્ દોષનિષ્ઠ પ્રકારતા ઉક્ત

સંબંધથી અવચ્છિન્ન સમજવી. એટલે કે દોષને રહેવાનો આ સંબંધ સમજવો. **धूमवान् वह्नेः** સ્થળે ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિઃ વહ્નિશ્ચઃ અહીં દોષ ઉક્તસંબંધથી વહ્નિમાં જતાં દોષ વહ્નિ દોષવાન્ (અર્થાત્ દુષ્ટ) બને. **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે સદ્ધેતુ દુષ્ટ નહિ બને કેમકે ત્યાં વહ્ન્યભાવવદ્વૃત્તિત્વવિ.ધૂમશ્ચ એ દોષપ્રકારક યથાર્થજ્ઞાન જ નથી. ભ્રમજ્ઞાન છે. વળી ધૂમવાન્ વહ્નેઃ સ્થળે જે યથાર્થ દોષ છે - ધૂમાભાવવદ્વૃત્તિત્વવિ.વહ્નિઃ તેને સાથે લઈને ધૂમશ્ચ એવી સમૂહાલંબન અનુમિતિ ન લેવાય કેમકે 'ધૂમ'માં રહેલું ધૂમત્વ એ પ્રકૃત હેતુતાવચ્છેદક નથી. વહ્નિત્વ જ તેવું હોવાથી દોષ તાદૃશ સં. થી વહ્નિમાં જ જાય.

પણ જો દોષને રહેવાનો આવો કોઈ સંબંધ ન કહીએ અર્થાત્ દોષ નિષ્ઠ પ્રકારતા આવા સંબંધથી અવચ્છિન્ન ન કહીએ તો તો 'યથાર્થ' પદ આપવા છતાં અતિવ્યાપ્તિ ઊભી રહે. **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે વહ્ન્યભાવવાળા પર્વત રૂપ દોષ તો અપ્રસિદ્ધ છે પણ ધૂમવાન્ વહ્નેઃ સ્થળે ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિ એ દોષ તો પ્રસિદ્ધ છે. તે કાલિક સંબંધથી સદ્ધેતુ ધૂમમાં જરૂર રહી જાય. કાલિકેન ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિમાન્ ધૂમઃ આ દોષપ્રકારક યથાર્થજ્ઞાન છે જ એટલે તેની વિષયતા સદ્ધેતુમાં ચાલી જતાં તે દુષ્ટ બને.

આ આપત્તિ નિવારવા માટે પૂર્વોક્તસંબંધવાચ્છિન્ના દોષપ્રકારતા લેવાનું અમે કહ્યું છે. આગળ પણ દોષવત્તા હેતુમાં લઈ જવા માટેનો આ જ સંબંધ જાણવો.

પ્રોક્ત સંબંધ ન લઈએ તો ઈતરભેદાનુમિતિમાં હેતુ વ્યભિચારી બનવાની પણ આપત્તિ આવે તે પણ ઉપલક્ષણથી જાણવું.

<u>गादाधरी</u> : अथ ज्ञायमानपक्षनिष्ठसाध्याभावत्वादिना बाधादिदोषाणां प्रतिबन्धकता न सम्भवति, साध्याभावत्वादिना पदार्थान्तरस्यैव यत्र ज्ञानं तत्र दोषाणामज्ञायमानतयाऽविरोधित्वेनानुमित्यापत्तेः, किन्तु ज्ञानीयपक्षतावच्छेदकाद्यवच्छिन्नविषयतानिरूपितसाध्याभावत्वाद्यवच्छिन्न-विषयतावत्त्वेन, तादृशविषयतया ज्ञानविशिष्टत्वेन वा । तच्च रूपं तादृशभ्रमविषयपदार्थान्तरसाधारणमेवेति तेषामपि तादृशभ्रमदशायां विरोधित्वान्नोक्तापत्तिः । एवञ्च सद्धेतूनामनुमितिप्रतिबन्धकता-

वच्छेदकनिरुक्तविषयताश्रयवह्न्यभावादिप्रमाविशेष्यत्वादतिव्याप्तिरिति चेन्न,

પૂર્વપક્ષ - અત્યાર સુધીમાં દોષવિષયકજ્ઞાનને પ્રતિબંધક માનતા અને જ્ઞાયમાનદોષને પ્રતિબંધક માનતા બે પક્ષ જોયા. તેમાં દોષવિષયકજ્ઞાન પ્રતિબંધકતાવાદિમતે અનુમિતિ પ્રતિબંધક યથાર્થજ્ઞાનવિષયતા પ્રતિબંધકમાં રહે છે. તેથી પ્રતિબંધકતાવચ્છેદક વિષયતા બને. હવે જો આવી વિષયતાશ્રયને જ હેત્વાભાસ તેઓ કહે તો આપત્તિ આવે. વહ્ન્યભાવવદ્હ્રદત્વેન હ્રદાવગાહિ જ્ઞાન જે હ્રદો વહ્નિમાન્ અનુમિતિ પ્રતિ પ્રતિબંધક છે તેમ વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિ ભ્રમાત્મક જ્ઞાન પણ પ્રતિબંધક છે. જેમ રજતત્વેન રજતાવગાહિ જ્ઞાન થતાં ઈદં રજતમ્ જ્ઞાન થાય છે તેમ રજતત્વેન શુક્ત્યવગાહિ જ્ઞાન પણ ઈદં રજતમ્ ઇત્યાકારક જ થાય. એ જ રીતે પ્રસ્તુતમાં વહ્ન્યભાવવદ્હ્રત્વેન હ્રદાવગાહિ કે ઘટાવગાહિ જ્ઞાન વહ્ન્યભાવવદ્હ્રદ વિષયક જ કહેવાય. હવે વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાન ભ્રમાત્મક હોવા છતાં તે પણ અનુમિતિ પ્રતિ પ્રતિબંધક તો જરૂર બને. (યથાર્થ પદ ન લેવાથી તો ભ્રમ+પ્રમા ઊભયબુદ્ધિ પ્રતિબંધક બને જ.) આમ એ તો નક્કી થયું કે વહ્ન્યભાવવદ્હ્રદત્વેન હ્રદાવગાહિજ્ઞાન અને વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાન બે ય અનુમિતિ પ્રતિબંધક બની શકે. કેમકે બેય વહ્ન્યભાવવદ્હ્રદવિષયક જ્ઞાન તો છે જ. હવે વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાન હોવા છતાં ય અનુમિતિ તો થાય જ છે. એટલે પ્રતિબંધક હોવા છતાં પણ અનુમિતિની આપત્તિ આપી શકાય.

હવે વહ્ન્યભાવવત્હ્રદત્વેન ઘટાવગાહિજ્ઞાન વિષય વહ્ન્યભાવવદ્હ્રદ વિષયક જ્ઞાન તો છે જ. તેના હોવા ઉપર અનુમિતિની ઈષ્ટાપત્તિ તો કહી શકાય નહિ એટલે તેના વારણ માટે તેમને નિરૂપ્યનિરૂપકભાવાપન્ન અર્થાત્ સખંડવિષયતા કહેવી પડશે. એટલે કે વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાનીય વિષયતા એક અખંડ વિષયતા છે તેથી તેની વિષયતાનો આશ્રય પ્રતિબંધક જ નહિ બને. વહ્નિત્વાવચ્છિન્નવિષયતાનિરૂપિત અભાવત્વાવચ્છિન્ન વિષયતા નિરૂપકહ્રદત્વાવચ્છિન્નવિષયતાસ્વરૂપ આવી નિરૂપ્ય - નિરૂપકભાવાપન્નવિષયતાનો આશ્રય વહ્ન્યભાવવાન્ હ્રદ બને. હવે વહ્નિત્વેન વહ્ન્યવગાહિ તે વિષયતા હોય કે ગુજ્જાવગાહિ વિષયતા હોય, અભાવત્વેન અભાવત્વાવ-ગાહિ વિષયતા હોય કે મઠાવગાહિવિષયતા હોય અને હ્રદત્વેન હ્રદાવગાહિવિષયતા હોય કે ઘટાવગાહિવિષયતા હોય - ગમે તેમ હોય પણ નિરૂપ્ય-નિરૂપકભાવાપન્ન - અર્થાત્ સખંડ વિષયતા હોવી જોઈએ એવી વિષયતાનો આશ્રય દોષ બને. આમ

દોષવિષયકજ્ઞાનવાદિને માનવું જ જોઈએ જેથી વહ્ન્યભાવવદ્હ્રદત્વેન ઘટાવગાહિજ્ઞાનીય-અખંડવિષયતાશ્રય વહ્ન્યભાવવદ્હ્રદ પ્રતિબંધક જ ન બંને અને તેથી તેના હોવા ઉપર અનુમિતિની આપત્તિ તો ન જ આપી શકાય કેમકે તે અનુમિતિ પ્રતિ પ્રતિબંધક જ હવે તો ન રહ્યો. આમ દોષવિષયકજ્ઞાનવાદિમતમાં જેમ સખંડ વિષયતાના આશ્રયને જ પ્રતિબંધક કહેવો પડે છે, અર્થાત્ પ્રતિબંધકતાવચ્છેદકીભૂતવિષયતાશ્રયને જ પ્રતિબંધક કહેવો પડે છે તેમ જ્ઞાયમાનદોષને પ્રતિબંધક કહેનારાને પણ તેવી સખંડવિષયતા માનવી જ પડશે. અર્થાત્ સખંડવિષયતા અથવા જો આ વિષયતાવત્ત્વને સંબંધ બનાવી દઈએ તો તાદશ સંબંધથી જ્ઞાન વિશિષ્ટ દોષ પ્રતિબંધક વિષય એ જ દોષને પ્રતિબંધક કહેવો પડશે. અર્થાત્ સખંડ વિષયતાવત્વેનૈવ દોષને પ્રતિબંધક કહેવો પડશે. જો તેમ ન કહે તો વહ્ન્યભાવવદ્હ્રદત્વેન કે હ્રદવૃત્તિત્વવિશિષ્ટ વહ્ન્યભાવત્વેન ઘટાવગાહિજ્ઞાન એ પ્રતિબંધક ન બને કેમકે તેઓ તો જ્ઞાયમાન દોષને પ્રતિબંધક કહે છે જ્યારે અહીં તો દોષ જ્ઞાયમાન નથી, ઘટ જ્ઞાયમાન છે. આમ વહ્ન્યભાવવદ્હ્રદ દોષપ્રકારક જ્ઞાન હોવા છતાં હવે તે પ્રતિબંધક ન બને એટલે અનુમિતિની આપત્તિ આવે. પ્રતિબંધક હોવા છતાં અનુમિતિને ઈષ્ટાપત્તિ તો કહેવાય નહિ. એટલે આ આપત્તિ દૂર કરવા અખંડવિષયતાવત્વેન દોષને તેઓ પ્રતિબંધક જ ન કહી શકે તેવું કરવું જોઈએ. અને તે માટે સખંડ વિષયતા તેમણે માનવી જ રહી. અર્થાત્ વહ્ન્યભાવવદ્હ્રદત્વેન અખંડ વિષયતાત્વેન દોષ પ્રતિબંધક જ ન બને પણ વહ્નિત્વાવચ્છિન્નવિષયતાનિરૂપિત હ્રદત્વાતચ્છિન્નાવિષયતા નિરૂપિત અભાવત્વાવચ્છિન્ન જે વિષયતા, તાદશવિષયતાવત્વેન દોષને પ્રતિબંધક કહેવો જોઈએ.(આવી વિષયતા ભ્રમ-પ્રમાસાધારણ બને.)

હવે આમ થવા છતાં પણ તેમને આપત્તિ ઊભી રહે છે. **પર્વતો વહ્નિમાન્ ધૂમાત્** સ્થળે સદ્ધેતુ દુષ્ટ બની જાય છે. જુઓ. વહ્નિત્વાવચ્છિન્ન વિષયતા નિરૂપિત-અભાવત્વાવચ્છિન્ન વિષયતાવત્ત્વેન વહ્ન્યભાવ તેમના હિસાબે પ્રતિબંધક બને. આવા વહ્ન્યભાવરૂપપ્રતિબંધકપ્રકારકજ્ઞાન તે વહ્ન્યભાવવાન્ ધૂમઃ એવુ બને. તેની વિષયતા ધૂમમાં જતાં સદ્ધેતુ દુષ્ટ બની જાય.

<u>ગાદાધરી</u> : યદ્રૂપાવચ્છિન્નવિષયતાસામાન્યં પ્રકૃતાનુમિતિપ્રતિબન્ધક-તાવચ્છેદકં તદ્રૂપવિશિષ્ટપ્રકારકપ્રમાવિશેષ્યત્વમેવ વિવક્ષણીયમ્ । હ્રદો વહ્નિમાન્ ધૂમાદિત્યાદૌ ચ તાદૃશં રૂપં હ્રદવિશિષ્ટવહ્ન્યભાવત્વાદિકં, હ્રદે

वह्निर्नास्तीत्यादिज्ञाननिरूपिततद्रूपावच्छिन्नविषयतासामान्यस्यैव ह्रदत्वाद्यवच्छिन्नविषयतानिरूपितवह्न्यभावत्त्वाद्यवच्छिन्नविषयतात्वेन दोषनिष्ठानुमितिप्रतिबन्धकतायामवच्छेदकत्वात् । सद्धेतुस्थले च न केवलवह्न्यभावत्वादिकं तथा, तदवच्छिन्नविषयतासामान्यान्तर्गतधर्म्य-विषयकज्ञाननिरूपितताद्दशविषयतानामनुमितिप्रतिबन्धकता-नवच्छेदकत्वात् । पर्वतविशिष्टवह्न्यभावत्वादिविशिष्टञ्च न किञ्चिद्वस्तु प्रसिद्धमिति नातिप्रसङ्गः । तृतीयमपि लक्षणमनयैव रीत्या परिष्कार्य्यमिति ।

ઉત્તરપક્ષ - એ દોષ દૂર કરવા અમે કહીશું કે નિરૂપ્યનિરૂપક-ભાવાપન્નવિષયતા જે જે હોય તે તે જો અનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદક બને તો તેવી વિષયતાનો આશ્રય દોષ પ્રતિબંધક બને. અર્થાત્ યદ્રૂપાવચ્છિન્ન વિષયતાસામાન્ય અનુમિતિપ્રતિબંધકતાવચ્છેદક બને તો તદ્રૂપવિશિષ્ટ એ દોષ પ્રતિબંધક બને, તત્પ્રકારકજ્ઞાનવિશેષ્યત્વં દુષ્ટહેતુત્વમ્ । હવે પૂર્વે નિરૂપ્યનિરૂપકભાવાપન્ન વિષયતાશ્રય વહ્ન્યભાવ બને છે અને તે વહ્ન્યભાવવાન્ હ્રદ ઘટિત હોવાથી પ્રતિબંધક પણ બનતાં તેમાં પ્રતિબંધકતા પણ છે. પણ આ વહ્ન્યભાવીયવિષયતા તો શુદ્ધ **'वह्न्यभावः'** એવા જ્ઞાનમાં પણ છે. ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા ન હોવાથી તે વિષયતા તો પ્રતિબંધકતાવચ્છેદક ન બની એટલે વહ્ન્યભાવત્વાવચ્છિન્નયાવત્વિષયતાપ્રતિબંધકતાવચ્છેદક ન બનવાથી વહ્ન્યભાવત્વ-વિશિષ્ટવહ્ન્યભાવ પ્રકારક જે વહ્ન્યભાવવાન્ ધૂમઃ જ્ઞાન, તેને લઈને હવે 'ધૂમ' હેતુ દુષ્ટ બનાવી શકાય નહિ. વહ્ન્યભાવવાન્ હ્રદની નિરૂપ્યનિરૂપકભાવાપન્ન વિષયતા તો તેવી છે કે જ્યાં જ્યાં વહ્ન્યભાવવાન્ હ્રદ જ્ઞાન છે ત્યાં ત્યાં તે અનુમિતિ પ્રતિબંધકતા છે જ માટે વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવિષયતાસામાન્ય અનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદક બનવાથી વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવિષયતાસામાન્ય અનુમિતિ પ્રતિબંધકતાવચ્છિન્ન બનવાથી વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વિ. વહ્ન્યભાવવદ્હ્રપ્રકારક જે વહ્ન્યભાવદ્હ્રદવાન્ ધૂમઃ એવું યથાર્થજ્ઞાન તેની વિશેષ્યતા ધૂમમાં જતાં ધૂમ દુષ્ટ હેતુ બની જ જાય.

પ્રશ્ન - વહ્નિમાન્ ધૂમાત્ સ્થળે જ વહ્ન્યભાવવાન્ પર્વતઃ અથવા તો પર્વતે વહ્ન્યભાવઃ એવું જ્ઞાન જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં તે અનુમિતિ પ્રતિબંધક બને અને તેથી આ જ્ઞાનીયવિષયતાસામાન્ય અનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદક બને તો તે દોષ બને એટલે

દોષપ્રકારક **वह्न्यभाववान्पर्वतविशिष्टो धूमः** એવું જ્ઞાન બને. તેની વિશેષ્યતા ધૂમમાં જતાં તે દુષ્ટ બની જાય ને ?

ઉત્તર - ના, वह्न्यभाववान् पर्वतः એવું વિશિષ્ટ જ્ઞાન જ અપ્રસિદ્ધ છે એટલે તેમાં તદીયવિષયતા રહી શકતી જ નથી. આમ અતિવ્યાપ્તિ સંભવતી નથી. ત્રીજું લક્ષણ પણ આ જ રીતે પરિષ્કાર કરવા યોગ્ય છે.

गादाधरी : यद्यपि अस्य दुष्टहेतुलक्षणत्वे ज्ञायमानदोषप्रतिबन्धकतामतानाश्रयणेऽपि तद्रूपावच्छिन्नपक्षसाध्यहेतुकानुमितिप्रतिबन्धकप्रमाविषयतद्धेतुतावच्छेदकवत्त्वं तद्रूपावच्छिन्नपक्षसाध्यहेतुकस्थले तेनैव रूपेण दुष्टत्वमित्यर्थकतामुपगम्य यथार्थपदसार्थक्यमुपपादयितुं शक्यते। तथापि दुष्टस्य दोषघटितत्वानुरोधेन तन्मतमवलम्ब्य षष्ठीसमास आदृत इति ।

ગદાધર કહે છે કે ૩ ય લક્ષણોને દુષ્ટ હેતુના લક્ષણ કહેવા હોય તો તે માટે જ્ઞાયમાનદોષને પ્રતિબંધક માનવાની જરૂર નથી. અર્થાત્ દોષ વિષયક જ્ઞાનને જ પ્રતિબંધક માનવાથી પણ ૩ ય લક્ષણો દુષ્ટહેતુના બની શકે છે. અનુમિતિકારણીભૂતાભાવપ્રતિયોગિયથાર્થજ્ઞાનવિષયવદ્ધેતુતાવચ્છેદકવત્વં દુષ્ટહેતુત્વં એમ કહી શકાય છે. હવે અહીં જો યથાર્થ પદ ન કહીએ તો ભ્રમાત્મક જ્ઞાનવિષયતા સદ્ધેતુમાં આવી જાય એટલે અતિવ્યાપ્તિ આવે તેના વારણ માટે 'યથાર્થ' પદ પણ સાર્થક બની જાય. અર્થાત્ **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે યદ્યપિ વહ્ન્યભાવવાન્ પર્વત અપ્રસિદ્ધ છે પણ **'वह्न्यभाववान् पर्वतो धूमश्च'** એવું સમૂહાલં. જ્ઞાન તો થઈ શકે જ છે. આ જ્ઞાન વિષયતદ્ધેતુતાવચ્છેદકવત્વ ધૂમમાં જતાં સદ્ધેતુ દુષ્ટ બની જાય. એને દૂર કરવા 'યથાર્થ' પદ આપવું જ જોઈએ.

આમ દોષવિષયકજ્ઞાનને પણ પ્રતિબંધક તરીકે લઈએ તો ય 'યથાર્થ' પદની સાર્થકતા તો થાય છે પણ છતાં ય તેમ ન કરતા જ્ઞાયમાનદોષ' ને પ્રતિબંધક તરીકે ગણીને તેમ કર્યુ છે તેનું કારણ એ છે કે દોષવિષયકજ્ઞાનને લઈને યથાર્થ પદની સાર્થકતા છતાં દુષ્ટહેતુનું લક્ષણ દોષ ઘટિત નથી બનતું. વસ્તુતઃ દુષ્ટનું લક્ષણ એટલે દોષવિષયનું લક્ષણ અને તેથી તે દોષઘટિત તો હોવું જ જોઈએ. આમ દુષ્ટનું દોષ ઘટિત લક્ષણ પ્રાપ્ત કરવા માટે જ્ઞાયમાનદોષનું પ્રતિબંધકત્વેન અનુસરણ કર્યુ છે અને તેના દ્વારા યથાર્થપદની સાર્થકતા કરી.

गादाधरी : ननु द्वितीयतृतीयलक्षणयोर्दोषेऽतिव्याप्तिरव्याप्तिश्च क्वचिद्धेतौ, यत्पदेन दोषस्यैवोपादेयतया तत्त्वस्य तन्मात्रवृत्तित्वात् ।

પ્રશ્ન - ભલે આ રીતે પ્રથમ લક્ષણ તો દુષ્ટનું જ બની ગયું તેથી દોષમાં ન જ જતાં અતિવ્યાપ્તિ નહિ આવે. પણ દ્વિતીય-તૃતીય લક્ષણ તો દોષમાં જાય જ છે કેમકે ત્યાં તો યદ્‌વિષયકજ્ઞાન અનુમિતિ પ્રતિબંધક તે હેત્વાભાસ. તો અહીં તો દોષવિષયકજ્ઞાન જ અનુમિતિ પ્રતિબંધક બને એટલે યદ્ પદથી ગૃહીત દોષ જ હેત્વાભાસ બને. એ જ રીતે તૃતીય લક્ષણ પણ **ज्ञायमानं सत्** અનુપ્રતિબન્ધકં યત્ અહીં યત્ પદથી દોષ જ આવે તો તત્ત્વમ્ **दोषत्वम्** જ બને. આમ દ્વિતીય તૃતીય લક્ષણમાં તો દોષમાં અતિવ્યાપ્તિ થાય છે વળી દુષ્ટહેતુમાં તે લક્ષણ બાધ સત્પ્રતિપક્ષ સ્થળે જતું નથી. વ્યભિચારાદિ સ્થળે તો દોષ અને હેતુનું તાદાત્મ્ય હોય છે તેથી દોષમાં લક્ષણ જતાં તે દુષ્ટનું પણ બની જ જાય. પણ બાધાદિમાં તો તેમ થતું નથી. (વહ્ન્યભાવવદ્‌હ્રદ દોષ છે ધૂમ તો દુષ્ટ ન થયો.)

गादाधरी : अतः आह तत्त्वमित्यस्येति । प्रथममात्रस्य दुष्टहेतु-लक्षणत्वेनैवोपपत्तौ चरमयोर्दोषलक्षणत्वमेवोचितम्, तत्त्व-मित्यस्य यथाश्रुतार्थकत्वानुरोधादतस्तथैवाह आद्यस्यैवेति । ईदृशव्याख्याया निर्दोषत्वात् प्राहुरित्युक्तम् ।

ઉત્તર - વારૂ, તે બે ય લક્ષણ ગત **तत्त्वम्** નો અર્થ અમે **तद्‌वत्त्वम्** અર્થાત્ **दोषवत्त्वं** કરશું. (પૂર્વોક્ત સંબંધથી દોષવત્ તો દુષ્ટહેતુ જ બનશે.)

પ્ર - પણ **तत्त्वम्** નો યથાશ્રુતાર્થનો પરિત્યાગ કરવો વ્યાજબી નથી.

ઉ - વારૂ, તો અમે કહીશું કે બધા લક્ષણો દુષ્ટના-નથી પણ પ્રથમ જ દુષ્ટ હેતુનું છે. અને દ્વિતીય+તૃતીય લક્ષણ દોષનું જ છે. હવે કોઈ આપત્તિ નહિ રહે.

કેચિત્‌ની આવા પ્રકારની વ્યાખ્યામાં કોઈ દોષ નથી માટે દીધિતિકારે प्राहुः (ખૂબ સારું કહ્યું) કહ્યું છે. એમ આ લક્ષણની સમાપ્તિમાં ગદાધર કહે છે.

इति हेत्वाभास-प्रथमलक्षणम् ।

●

अथ द्वितीयं लक्षणम्

चिन्तामणिः - यद्विषयकत्वेन लिङ्गज्ञानस्याऽनुमितिप्रतिबन्धकत्वं तत्त्वम्।

दीधिति : लिङ्गमविवक्षितम् ।

गादाधरी : लिङ्गज्ञानस्येति । लिङ्गांशनिवेशस्य निष्प्रयोजनकतया तस्याऽविवक्षितत्वमाह लिङ्गमिति ।

દીધિતિકાર કહે છે કે આ લક્ષણમાં 'લિંગ' પદની વિવક્ષા નથી. જો તેને લઈએ તો બાધાદિજ્ઞાન અનુમિતિ પ્રતિબંધક ન બને. કેમકે તે લિંગજ્ઞાન (અર્થાત્ લિંગવિષયકજ્ઞાન) નથી.

આમ ટૂંકું લક્ષણ આ થયું.

यद्विषयकं ज्ञानं अनुमितिप्रतिबन्धकं सः दोषः । वह्न्यभाववद्ह्रद-विषयकज्ञान अनुमितिप्रतिबंधक छे तो वह्न्यभववद्ह्रद दोष कहेवाय. अर्थात् स्वविषयकज्ञान-विषयकप्रकृतहेतुतावच्छेदकवत्त्वसंबंधथी ते दोष हेतुमां जतां हेतु दुष्ट बने.

गादाधरी : यद्विषयकत्वेनेत्यत्र तृतीयार्थोऽवच्छेदकत्वं, तच्च यदि अनतिरिक्तवृत्तित्वरूपमिदानीं निवेश्यते तदाऽसंभवः, विशिष्टस्याऽनतिरिक्तया वह्न्यभावविशिष्टह्रदादिरूपदोषविषयकत्वस्य शुद्धह्रदत्वावच्छिन्नविषयकज्ञानेऽपि सत्त्वेनाऽनुमितिप्रतिबन्धकतातिरिक्तवृत्तित्वात्,

'यद्विषयकत्वेन' પદમાં તૃતીયાર્થ અવચ્છેદકત્વ છે. એટલે यद्विषयकत्वावच्छिन्ना **अनुमितिप्रतिबंधकता तत्त्वं दोषः ।** અનુમિતિપ્રતિબંધકતા તત્ત્વં વહ્ન્યભાવવદ્ह્રદ વિષય છે. માટે તેનું જ્ઞાન તદ્વિષયક કહેવાય. તેમાં વિષયકત્વ રહે. આ જ્ઞાન અનુમિતિ પ્રતિબંધક છે. માટે તેમાં પ્રતિબંધકત્વ પણ રહે તેથી પ્રતિબંધકતાનો અવચ્છેદક વિષયકત્વ બને. પ્રતિબંધકતાવચ્છેદકતા વિષયકત્વમાં રહે. હવે આ પ્રતિબંધકતાવચ્છેદકતા જો અનતિરિક્તવૃત્તિત્વ રૂપ લઈએ તો અસંભવ આવે. (પ્રતિબંધકતાથી અનતિરિક્તવૃત્તિ વિષયકત્વ બને તો તેમાં રહેલી અવચ્છેદકતા એ પ્રતિબંધકતાઅનતિરિક્ત-વૃત્તિત્વ રૂપ બને.)

વહ્ન્યભાવવાન્ હ્રદવિષયકજ્ઞાનમાં વિષયકત્વ છે તેમ અનુમિતિ પ્રતિબંધકતા પણ છે. તેથી પ્રતિબંધકત્વવિષયકત્વ છે તેમ અનુમિતિ પ્રતિબંધકતા પણ છે. તેથી પ્રતિબંધકતાવચ્છેદક વિષયકત્વ બને. તેમાં પ્રતિબંધકતાવચ્છેદકતા રહે. પણ વિશિષ્ટં શુદ્ધાત્ નાતિરિચ્યતે । ન્યાયથી શુદ્ધ હ્રદ જ્ઞાનમાં પણ તાદશવિષયકત્વ છે જ પણ ત્યાં પ્રતિબંધકતા નથી. આમ પ્રતિબંધકતાતિરિક્તવૃત્તિ વિષયકત્વ બની જતાં અવચ્છેદકતા અનતિરિક્તવૃત્તિત્વ રૂપ ન થઈ. આ રીતે સર્વત્ર પૂર્વોક્ત ન્યાય લાગતાં અસંભવ દોષ આવે.

<u>गादाधरी</u> : अतः स्वरूपसंबंधरूपमेव वाच्यम्, तथा च पर्वतो वह्निमान्त्याद्यनुमितिप्रतिबंधकभ्रमविषयवह्न्यभावादावतिप्रसङ्गः, तद्विषयकत्वस्यापि प्रतिबन्धकतावच्छेदकघटकत्वात् ।

હવે જો સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકતા કહીએ તો વહ્નયભાવવદ્હ્રદ-જ્ઞાનમાં વિષયકત્વ છે અને તેમાં પ્રતિબંધકતાવચ્છેદકતા સ્વરૂપ સંબંધરૂપ તો છે જ. એટલે લક્ષણ જતા અહીં તો આપત્તિ ન આવે. પણ હવે અતિવ્યાપ્તિ દોષ ઊભો થાય. વહ્નિમાન્ ધૂમાત્ સ્થળે વહ્નયભાવવાન્ પર્વત જ્ઞાન પ્રતિબંધક છે માટે વહ્નયભાવવત્પર્વત વિષયક ભ્રમાત્મક જ્ઞાનમાં વિષયકત્વ છે અને પ્રતિબંધકતા પણ છે. હવે વહ્નયભાવવત્પર્વત વિષયક જ્ઞાન એ પર્વત વિષયક છે તેમ વહ્નયભાવવિષયક પણ છે જ. અને તેથી તે વહ્નયભાવ જ્ઞાનમાં પણ વહ્નયભાવવિષયકત્વ છે. પર્વતવિષયકત્વ પણ છે. અને હવે આ વિષયકત્વ પણ સ્વરૂપસંબંધરૂપ પ્રતિબંધકતાવચ્છેદકતાવત્ છે જ. અને તેથી યદ્ પદ ગૃહીત વહ્નયભાવ કે પર્વત પણ દોષ બની જતાં ઉક્તસંબંધથી સદ્ધેતુ દોષવાન્ અથવા દુષ્ટ બની જવાની આપત્તિ આવે.

<u>गादाधरी</u> : असंभवभयेन चाऽवच्छेदकतापर्याप्तिनिवेशाऽसम्भवात्,

હવે આ આપત્તિ દૂર કરવા પર્યાપ્તિ સંબંધથી અવચ્છેદકતાનું અધિકરણ કહીએ તો જરૂર અહીં તો આપત્તિ દૂર થઈ જાય કેમકે અવચ્છેદકતાનું પર્યાપ્ત્ય અધિકરણ કેવળ વહ્નયભાવવિષયકત્વ ન બને પણ વહ્નયભાવવિશિષ્ટ પર્વતવિષયકત્વ જ બને અને તેથી તેમાં પ્રતિબંધકતાવચ્છેદકતા પણ રહેતાં લક્ષણ વહ્નયભાવવત્પર્વતરૂપ ભ્રમજ્ઞાનમાં જતાં યદ્ પદ ગૃહીત 'વહ્નયભાવવત્પર્વત' જ દોષ બને. હવે 'વહન્યભાવ' દોષ નહિ બને. તેથી તેને લઈને અતિવ્યાપ્તિ ન આવે.

પણ તેમ કરતાં ફરી અસંભવ ઊભો થાય છે. **वह्न्यभाववान् ह्रद ज्ञान, ह्रदो वह्निमान्** અનુમિતિ પ્રતિ પ્રતિબંધક છે. હવે વહ્ન્યભાવવાન્ જ્ઞાન પ્રમાત્મક હોય કે ભ્રમાત્મક હોય બે ય અનુમિતિપ્રતિબંધક બને. અર્થાત્ વહ્નિત્વેન વહ્ન્યવગાહિ, અભાવત્વેન અભાવાવગાહિ, હ્રદત્વેન હ્રદાવગાહિ જ્ઞાન પ્રમાત્મક છે તે પ્રતિબંધક બને તેમ વહ્નિત્વેન ગુજ્જાવગાહિ, અભાવત્વેન મઠાવગાહિ, હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાન પણ પ્રતિબંધક બને. આમ વહ્ન્યભાવવદ્હ્રદ જ્ઞાનમાં ત્રણ જ અંશમાં વિષયકત્વ નથી. પણ વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાનમાં ગુજ્જાઘટપટાદિજ્ઞાનવિષયકત્વ પણ છે. આથી પ્રતિબંધકતાવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ વહ્નિ અભાવ વિશિષ્ટ હ્રદ જ ન બન્યાં પણ ગુજ્જાદિ ઇતરાંશો પણ બન્યાં જ અને તેથી યદ્ પદથી વહ્ન્યભાવવદ્હ્રદ પ્રમાત્મક જ્ઞાન ન પકડાય કેમકે તન્નિષ્ઠ વિષયકત્વ એ પ્રતિબંધકતાવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ નથી. આમ અસંભવ દોષ આવે છે.

<u>गादाधरी</u> : अतः यद्विषयकत्वेनेति पदं व्याचष्टे यादृशविशिष्टविषयकत्वेनेति ।

<u>दीधिति</u> : यद्विषयकत्वेन यादृशविशिष्टविषयकत्वेन । तेनाऽनुमितिप्रतिबन्धकपक्षविशेष्यकभ्रमविषये साध्याभावादौ सद्धेत्वादिनिष्ठे नातिप्रसङ्गः ।

<u>गादाधरी</u> : यद्रूपावच्छिन्नविषयताकत्वेनेत्यर्थः । एवं च तत्त्वमित्यस्य तद्रूपावच्छिन्नत्वमर्थः ।

व्याख्यायाः प्रयोजनं स्फुटयिति तेनेति ।

આથી 'यद्विषयकत्वेन'પદ ગત તૃતીયાર્થ અવચ્છેદકત્વ કેવું લેવું જોઈએ ? એ કહેવા માટે પહેલા **यद्विषयकत्वेन**નો અર્થ "**यादृशविशिष्टविषयकत्वेन**" કરવો એમ કહે છે. यद्रूपावच्छिन्नविषयकं ज्ञानं अनुमितिविरोधि तत्त्वम् । વહ્ન્યભાવવદ્હ્રદત્વરૂપાવચ્છિન્ન વહ્ન્યભાવવદ્હ્રદવિષયકજ્ઞાન અનુમિતિ વિરોધી છે તો (तत्त्वं=तद्रूपवाच्छिन्नं) વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વહ્ન્યભાવદ્હ્રદ દોષ કહેવાય.

દીધિતિકાર કહે છે કે यद्विषयकत्वेन કહેવાથી પૂર્વે वह्न्यभाववान्पर्वतः રૂપ પક્ષવિશેષ્યકભ્રમ વિષય વહ્ન્યભાવ (સાધ્યાભાવ) કે પર્વતને લઈને અતિવ્યાપ્તિ આપેલી. તે હવે નહિ રહે. કેમકે વહ્ન્યભાવત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવિષયકજ્ઞાન અનુમિતિ પ્રતિબંધક નથી. પણ વહ્ન્યભાવવિશિષ્ટ પર્વતત્વ વિશિષ્ટ વહ્ન્યભાવવત્પર્વતજ્ઞાન જ અનુમિતિ પ્રતિબંધક છે માટે તેનો વિષય વહ્ન્યભાવવત્પર્વત જ દોષ બને.

ગાદાધરી : यत्प्रकारकत्वेन प्रतिबन्धकत्वमित्युक्तौ पक्षविशेषणक-भ्रममादाय वह्न्यभावादौ नातिप्रसङ्गसंभवः, पर्वतादावतिप्रसङ्गसंभवेऽपि यत्संबन्धावच्छिन्नयन्निष्ठप्रकारताकत्वेन अनुमितिविरोधित्वम् तेन सम्बन्धेन तद्वत्त्वस्य दुष्टताव्यवहारनियामकत्वोपगमे पर्वतादिविशेषणकवह्न्य-भावज्ञानस्य विशेषणताविशेषावच्छिन्नाधेयतासंसर्गावच्छिन्नपर्वत-निष्ठप्रकारताकत्वेन प्रतिबन्धकत्वात्तेन सम्बन्धेन पर्वतादिमत्तायाः पर्वत-महानसान्यतरत्वादिरूपसद्धेतौ सत्त्वेऽपि प्रसिद्धधूमादिहेतावसत्त्वात्तत्र दुष्टताव्यवहारापत्तेरयोग इति तदनुरोधेन पक्षविशेष्यकेत्युक्तम् । भ्रमपदं निश्चयसामान्यपरम्, तेन सद्धेत्वादीत्यादिपदग्राह्यसाध्यशून्यपक्षकदुष्टहेतौ प्रतिबन्धकप्रमाविषयसाध्याभावादेरेव सत्त्वेऽपि नासङ्गतिः ।

પ્રશ્ન - 'यद्विषयकत्वेन' ન કહેતાં જો 'यत्प्रकारकत्वेन कहो तो **पर्वते वह्न्यभावः** ઇત્યાકારક પક્ષવિશેષણકભ્રમવિષય વહ્ન્યભાવમાં અતિવ્યાપ્તિ નહિ આવે કેમકે વહ્ન્યભાવ અહીં પ્રકાર જ નથી.

ઉત્તર - પણ પર્વત પ્રકાર છે તો તેમાં તો અતિવ્યાપ્તિ આવવાની જ છે. અર્થાત્ **पर्वते वह्न्यभावः** જ્ઞાનમાં વિષયકત્વ છે. તો તે પર્વત પ્રકારકજ્ઞાન પણ હોવાથી પર્વત પ્રકારકત્વ પણ છે. તેથી તેનો વિષય પર્વત બનતાં તેમાં અતિવ્યાપ્તિ આવવાની જ છે.

પૂર્વપક્ષ - ના, તે અતિવ્યાપ્તિ પણ અમે દૂર કરી આપશું. **पर्वते वह्न्यभावः** જ્ઞાન અનુમિતિ પ્રતિબંધક બને છે. પર્વતમાં અધિકરણતા છે. વહ્ન્યભાવમાં સ્વરૂપ સં. અવચ્છિન્ન આધેયતા છે. એટલે પર્વત એ વહ્ન્યભાવમાં પ્રકાર બને છે. તેમાં રહેલી

પ્રકારતા પર્વતનિષ્ઠ-અધિકરણતાનિરૂપિત સ્વરૂપ સં.અવચ્છિન્ન આધેયતા સં. અવચ્છિન્ના છે. આમ અમે કહીશું કે જે સંબંધાવચ્છિન્નપ્રકારતાકત્વેન પ્રકારતાક જ્ઞાન અનુમિતિ પ્રતિબંધક બને તે જ સંબંધથી હેતુમાં દુષ્ટત્વવ્યવહાર થાય.

હવે જો પર્વતવિષયકત્વ લઈને પર્વતને દોષ બનાવી તેને ધૂમમાં લઈ જાઓ તો ત્યાં પર્વત રૂપ દોષવાન્ ધૂમ બન્યો. અર્થાત્ પર્વતનિષ્ઠ પ્રકારતા છે, અને ધૂમમાં વિશેષ્યતા છે. પણ અહીં પર્વતનિષ્ઠ પ્રકારતા નિરૂપિત ધૂમમાં જે આધેયતા છે તે સ્વરૂપ સં. અવચ્છિન્ન નથી. પણ સંયોગ સંબંધ અવચ્છિન્ન છે. એટલે અહીં પર્વતનિષ્ઠ અધિકરણતા નિરૂપિત સ્વરૂપ સં. અવચ્છિન્ન આધેયતા રૂપ સંબંધ જ ન હોવાથી તે સંબંધથી પર્વતનિષ્ઠ પ્રકારતા અવચ્છિન્ના નથી અર્થાત્ અન્ય સં. થી અવચ્છિન્ના છે. માટે તેવી પ્રકારતાનું નિરૂપક જ્ઞાન દોષ ન બને.

આમ પર્વત પણ દોષ બની શકતો નથી. અર્થાત્ આ રીતે 'યત્પ્રકારકત્વેન' જો કહો તો વહ્ન્યભાવ દોષ ન બને અને પૂર્વોક્ત રીતે પર્વત પણ દોષ ન બને. અને તેથી સદ્ધેતુ ધૂમ તો દુષ્ટ નહિ જ બને.

હા, **पर्वतो वह्निमान् पर्वतमहानसान्यतरत्वात्** સ્થળે અપ્રસિદ્ધ હેતુ-તાદશાન્યતરત્વમાં પૂર્વોક્ત સંબંધથી દોષવત્તા જતાં તે દુષ્ટ બની જાય. પણ આ તો અપ્રસિદ્ધહેતુક સ્થળ છે. પ્રસિદ્ધધૂમાદિમાં દુષ્ટત્વાપત્તિ તો નથી જ. તાદશાન્યતરત્વમાં પૂર્વોક્ત સંબંધથી દોષવત્તા જતાં તે દુષ્ટ બની જશે. પણ અહીં તો અપ્રસિદ્ધ હેતુ સ્થળ છે. પ્રસિદ્ધ ધૂમાદિમાં દુષ્ટત્વાપત્તિ તો નથી જ.

ઉત્તરપક્ષ - હા, છતાં ય દીધિતિકારની જે પંક્તિ છે તેના અનુરોધથી એ જ તાત્પર્ય નીકળે છે કે ભલે પક્ષ વિશેષણક ભ્રમ સ્થળ લઈને સદ્ધેતુમાં અતિપ્રસંગ ન આવે પણ પક્ષ વિશેષ્યક ભ્રમ વિષયમાં તો જરૂર અતિપ્રસંગ સંભવે છે અને તેથી તદ્વત્તા સદ્ધેતુમાં જતાં હેતુ પણ દુષ્ટ બની જવાની આપત્તિ આવે.

પ્રશ્ન - **'यद्विषयकत्वेन'** કહીએ તો **वह्न्यभाववान् ह्रदः** એ સ્થળે પણ તમે વહ્ન્યભાવમાં લક્ષણની અતિવ્યાપ્તિ કહેવા માંગો છો. પણ આ વહ્ન્યભાવ પક્ષવિશેષ્યકભ્રમવિષય ક્યાં છે ? અર્થાત્ વહ્ન્યભાવવાન્ પર્વતઃ એ તો ભ્રમાત્મકજ્ઞાન હોવાથી ત્યાં ભ્રમવિષય વહ્ન્યભાવવાન્-પર્વત બની શકતો હતો. પણ વહ્ન્યભાવવાન્ હ્રદ એ જ્ઞાન તો યથાર્થ છે. તો આ વહ્ન્યભાવ એ પક્ષવિશેષ્યકભ્રમવિષય જ ક્યાં છે ? તમે તો આ અસદ્ધેતુ સ્થળમાં પણ તે આપત્તિ આપવા માટે સદ્ધેત્વાદિમાં 'આદિ' પદ

મૂકેલું છે.

ઉત્તર પક્ષ - વારૂ, અમે 'ભ્રમ' પદને ભ્રમનિશ્ચય સાધારણ કહીશું.

गादाधरी : उक्तव्याख्याने ऽनतिरिक्तवृत्तित्वमेवा ऽवच्छेदकत्वं विवक्षणीयम् । विशेषणीभूतवह्न्यभावाद्यविषयके शुद्धह्रदत्वादिना ह्रदादिविषयकज्ञाने वह्न्यभावविशिष्टह्रदत्वाद्यवच्छिन्नविलक्षणविषयता-निरूपकत्वस्या ऽसत्त्वेनोक्तासम्भवा ऽनवकाशात् । तथा च केवलवह्न्य-भावत्वावच्छिन्नविषयकत्वस्य प्रतिबन्धकतातिरिक्तवृत्तित्वान्नातिप्रसङ्ग इत्यर्थः ।

હવે જ્યારે યદ્વિષયકત્વનો અર્થ યાદશવિશિષ્ટવિષયકત્વ અમે કર્યો ત્યારે આ વ્યાખ્યાનમાં તો અનતિરિક્તવૃત્તિત્વરૂપ જ અવચ્છેદકતા લેવી. તેમ થતાં 'વિશિષ્ટં શુદ્ધાત્નાતિરિચ્યતે' ન્યાય લઈને જે અસંભવ દોષ આપેલો તે હવે નહિ રહે. કેમકે શુદ્ધ હ્રદ જ્ઞાનમાં યદ્રૂપાવચ્છિન્નવિશિષ્ટ-વિષયકત્વ જ નથી. તે તો વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાનમાં જ છે કેમકે વહ્ન્યભાવવિશિષ્ટહ્રદત્વાવચ્છિન્નવહ્ન્યભાવવદ્હ્રદવિષયકત્વ તો વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાનમાં જ છે અને શુદ્ધહ્રદમાં તો હ્રદત્વાવચ્છિન્નવિષયકત્વ જે જ્ઞાનમાં છે તેમાં જ પ્રતિબંધકતા છે જ. અર્થાત્ તદિતર કોઈ જ્ઞાનમાં પ્રતિબંધકતા નથી રહેતી એટલે વહ્ન્યભાવવદ્હ્રદવિષયકત્વનિષ્ઠ પ્રતિબંધકતાવચ્છેદકતા એ અનતિરિક્તવૃત્તિત્વ રૂપ બની ગઈ.

વળી, સ્વરૂપ સં. રૂપ. અવચ્છેદકતા લઈને કેવળ વહ્ન્યભાવમાં લક્ષણની અતિવ્યાપ્તિ આપેલી તે પણ હવે નથી સંભવતી કેમકે વહ્ન્યભાવવિષયકત્વ એ પ્રતિબંધકતાતિરિક્તવૃત્તિ બનવાથી પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિસ્વરૂપ અવચ્છેદકત્વ તેમાં નથી માટે તાદશવિષયકત્વવિશિષ્ટ જ્ઞાનીય વિષય યદ્ પદથી ન પકડાય એટલે તેમાં લક્ષણ ની અતિવ્યાપ્તિ પણ ન આવે.

गादाधरी : ननु स्वरूपसम्बन्धरूपा ऽवच्छेदकत्वनिवेशे ऽयमेवा ऽति-प्रसङ्गो दुर्वारः, अप्रामाण्यज्ञानाभावविशिष्टयद्रूपावच्छिन्नविषयकनिश्चयत्वं प्रतिबन्धकतावच्छेदकतापर्याप्त्यधिकरणमित्येतादृशविवक्षया

तादृशातिप्रसङ्गवारणे पुनरसम्भवः, वह्न्यभावत्वादिना घटाद्यवगाहिनो वह्न्यभाववान् ह्रद इति ज्ञानस्यापि प्रतिबन्धकतया तत्साधारण्यानुरोधेन वह्नित्वावच्छिन्नप्रकारतानिरूपिताभावत्वावच्छिन्नप्रकारतानिरूपित-ह्रदत्वावच्छिन्नविशेष्यताकनिश्चयत्वेनैव प्रतिबन्धकताया वाच्यतया वह्न्यभावविशिष्टह्रदत्वावच्छिन्नविषयतायास्तादृशप्रकारतानिरूपित-ह्रदत्वावच्छिन्नविषयतात्वेनाऽवच्छेदकत्वेऽपि अप्रामाण्यज्ञानाभावादि-विशिष्टह्रदत्वावच्छिन्नविषयताकनिश्चयत्वस्याऽवच्छेदकतापर्याप्त्यनधिकरण-त्वादतस्तृतीयाया अनतिरिक्तवृत्तित्वरूपावच्छेदकत्वं स्फुटयति अवच्छेदकत्वं चेति ।

दीधिति : अवच्छेदकत्वं चेहाऽनतिरिक्तवृत्तित्वम् ।

गादाधरी : इह=लक्षणे । घटकत्वं सप्तम्यर्थः ।

'यादृशविशिष्टावच्छिन्नत्वं' यद्विषयकत्वनो अर्थ कर्या बाद 'अवच्छेदकता' अनतिरिक्तवृत्तित्वरूप लेवी जोईए एम गदाधरे तो कही दीधुं छे पण ते ज हकीकत दीधितिकार हवे कहे छे तेनी अवतरणिका करवा द्वारा गदाधर ए बतावी दे छे के आ विवक्षामां पण अवच्छेदकत्व स्वरूप सं. रूप के 'पर्याप्त्या' लई शकाय नहि.

वह्न्यभाववान् ह्रदः ज्ञानीय विषयकता केवळ वह्न्यभावमां पण छे अने त्यां प्रतिबंधकता पण छे तो वह्न्यभावत्वविशिष्ट वह्न्यभावविषयकत्व अनुमिति प्रतिबंधकतावच्छेदक छे माटे वह्न्यभावत्वविशिष्ट वह्न्यभाव दोष बनतां अतिव्याप्ति आवे आने दूर करवा जो अवच्छेदकतानुं पर्याप्त्या अधिकरण लेवानुं कहेशो तो यद्यपि अहीं तो अतिव्याप्ति दूर थशे पण वह्न्यभावत्वेन घटावगाहि (भ्रम प्रमा साधारणज्ञानने प्रतिबंधक बनाववा माटे अखंड विषयतानुं अनुसरण करवुं पडे छे. अने तेथी घटपटादि पण विषयो बनी जाय छे. अने तेथी अव.तानुं पर्याप्त्या अधिक वह्न्यभाववद्ह्रद न बनतां असंभव दोष आवे.) ह्रदत्वेन मठावगाहि भ्रमात्मक निश्चय प्रतिबंधक नहि बने केमके प्रतिबंधकतावच्छेदकतानुं पर्याप्त्या अधिकरण वह्नि अभाव ह्रद मात्र नथी. पण घट-पटादि पण छे. अर्थात् अवच्छेदकतानुं पर्याप्त्या

અધિકરણ વહ્ન્યભાવવદ્હ્રદવિષયકત્વ ન બનવાથી વહ્ન્યભાવવદ્હ્રદ દોષ નહિ બને. આમ અસંભવ દોષ આવશે.

આમ સ્વરૂપ સં. રૂપ અવચ્છેદકતાથી કે અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ નિવેશ કરવાથી લાભ નથી. માટે અવચ્છેદકતા એ અનતિરિક્તવૃત્તિત્વ રૂપ લેવી જોઈએ.

ગદાધરે અપ્રામાણ્ય જ્ઞાનાભાવવિશિષ્ટ યાદૃશાવિશિષ્ટ વિષયક નિશ્ચયત્વ' કહ્યું છે તેનું કારણ આપણે જોઈ લઈએ. જો તેમ ન કહે તો **वह्न्यभाववान् ह्रदः इति ज्ञानं अप्रमा** એ નિશ્ચયમાં પણ વિષયકત્વ છે. પણ ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા નથી એટલે કે તે જ્ઞાન પ્રતિબંધક બનતું નથી. પણ હવે તે જ્ઞાનમાં વહ્ન્યભાવવદ્હ્રદવિષયકત્વ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પર્યાપ્તિ નિવેશ કરવા છતાં અતિવ્યાપ્તિ ટળી જાય પણ અસંભવ દોષ આવી પડે. પર્યાપ્તિસંબંધથી સ્વરૂપ સં. રૂપ અવચ્છેદકતાનું અધિકરણ વિષયકતા મળે જ નહિ કેમકે **वह्न्यभाववान् पर्वतः इति ज्ञानं अप्रमा** એવું જ્ઞાન કોઈને થાય અથવા તો **वह्न्यभाववान् पर्वतो वह्निमान्** એવું આહાર્ય જ્ઞાન થાય અથવા તો **पर्वतो वह्न्यभाववान् न वा** એવો સંશય થાય તો તે ત્રણેય અનુમિતિપ્રતિબંધક બનતા નથી. એટલે એનો અર્થ એ થયો કે **वह्न्यभाववान् पर्वतः** એવું આખું ય જ્ઞાન લેવા છતાં તેમાં રહેલી વિષયકતા એ પર્યાપ્તિસંબંધથી અવચ્છેદકતાનું અધિકરણ બનતી નથી. આમ અસંભવ દોષ આવે છે એને દૂર કરવા **यादृशविशिष्टअनाहार्या प्रामाण्यज्ञानाना-स्कन्दितनिश्चयविषयकत्वं प्रकृतानुमितिप्रतिबंधकतावच्छेदकं तत्त्वं दोषः** એવું લક્ષણ કરવું જ જોઈએ.

હવે, તેમ કહેવા છતાં આપણે ઉપર જોઈ ગયા કે અસંભવ દોષ ઊભો જ રહે છે એટલે અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ પણ ન લેતાં અનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વ લેવાનું કહ્યું.

अवच्छेदकत्वं च इह (लक्षणे) अनतिरिक्तवृत्तित्वम् सप्तम्यर्थ घटकत्व લેવાનો કહ્યો છે. એટલે લક્ષણઘટકીભૂત અવચ્છેદકત્વ અનતિરિક્ત વૃત્તિત્વ રૂપ લેવું એવો અર્થ થયો.

<u>गादाधरी</u> : न च विशिष्टविषयकत्वस्याप्रतिबन्धकसंशयादौ सत्त्वात् पुनरसम्भव इति वाच्यम्,

પ્રશ્ન - વિશિષ્ટ વિષયકત્વ અપ્રતિબંધકસંશય કે આહાર્યજ્ઞાનમાં પણ છે ત્યાં પ્રતિબંધકતા તો નથી. એટલે અવચ્છેદકતા એ પ્રતિબંધકતા અતિરિક્ત વૃત્તિત્વ રૂપ બની ગઈ. તેથી અસંભવ દોષ આવશે.

<u>गादाधरी</u> : ज्ञानस्येत्यत्र ज्ञानपदमनाहार्य्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयपरं, षष्ठ्यर्थ आधेयत्वं तस्य यद्विषयकत्वेऽन्वयः । एवञ्च तादृशनिश्चयवृत्तित्वविशिष्टं यादृशविशिष्टविषयकत्वमनुमितिप्रतिबन्धकतानतिरिक्तवृत्ति तादृशत्वस्य विवक्षणीयतया असम्भवाभावात् ।

ઉત્તર - એનો ઉત્તર અમે પહેલાં જ આપી દીધો છે. લક્ષણગત જ્ઞાન પદ અનાહાર્ય અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત નિશ્ચય પરક લેવું. અનાહાર્ય કહેવાથી આહાર્યજ્ઞાન નહિ લેવાય, અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત કહેવાથી અપ્રામાણ્યજ્ઞાનાસ્કન્દિત જ્ઞાન નહિ લેવાય અને નિશ્ચય પદ લેવાથી સંશયજ્ઞાન નહિ લેવાય એટલે હવે અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકત્વ લેવાથી અસંભવ દોષ રહેતો નથી. ज्ञानस्य સ્થળે જ્ઞાન પદ તાદશનિશ્ચયપરક કહ્યો. અને ષષ્ઠ્યર્થ આધેયત્વ લઈને તેનો વિષયકત્વમાં અન્વય કરવો. અર્થાત્ અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કાન્દિત નિશ્ચય માં વિષયકત્વ વૃત્તિ છે. એટલે વિષયકત્વ એ તાદશવૃત્તિત્વવિશિષ્ટ છે.

પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયકત્વ બને એટલે વિષયકત્વનિષ્ઠ પ્રતિબંધકતાવચ્છેદકતા એ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિત્વ રૂપ બને.

આમ લક્ષણનો આકાર આવો થયો. यद्रूपावच्छिन्न अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दित निश्चयवृत्तित्वविशिष्टविषयकत्वं प्रकृतानुमितिप्रतिबंधकतानतिरिक्तवृत्ति तद्रूपावच्छिन्नत्वम् दोषः ।

વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવદ્હ્રદનિશ્ચય એ અનાહાર્ય-અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત છે જ. તન્નિરૂપિત વૃત્તિત્વ વિશિષ્ટ-વિષયકત્વ એ હ્રદપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ છે જ (કેમકે જ્યાં જ્યાં આવું વિષયકત્વ મળે ત્યાં ત્યાં પ્રકૃત અનુમિતિપ્રતિબંધકતા મળે જ.) એટલે વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવદ્હ્રદ દોષ બન્યો.

આમ હવે આહાર્યજ્ઞાનાદિને લઈને જે અસંભવ આવતો હતો તે ન રહ્યો.

गादाधरी : अनतिरिक्तवृत्तित्वं स्वव्यापकतत्कत्वम् नतु तच्छून्यावृत्तित्वम्, तादृशनिश्चय-वृत्तित्वविशिष्टस्य विशिष्टविषयकत्वस्य विशेष्यीभूतविशिष्ट-विषयकत्वानतिरिक्ततया तस्यातिप्रसक्तत्वेन विशिष्टे तस्मिन्ननतिप्रसक्तत्वस्य दुर्घटत्वात् ।

પ્રશ્ન - પ્રતિબંધકતાઅનતિરિક્તવૃત્તિત્વ એટલે પ્રતિબંધકતાશૂન્યમાં અવૃત્તિત્વ કહેવાય. હવે આમ થતાં તો અસંભવ આવે. વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવિષયકત્વ વહ્ન્યભાવવદ્હ્રદનિશ્ચયમાં છે તેમ શુદ્ધ હ્રદનિશ્ચયમાં પણ છે. (विशिष्टं शुद्धात्नातिरिच्यते।) અને ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા તો નથી એટલે પ્રતિબંધકતા શૂન્યમાં વિષયકત્વ વૃત્તિ બની ગયું.

હવે જો વિશેષ્યરૂપ વિશિષ્ટમાં વિષયકત્વ અતિપ્રસક્ત થઈ ગયું તો વહ્ન્યભાવવદ્હ્રદમાં અનતિરિક્તવૃત્તિ રૂપ વિષયકત્વ અનતિપ્રસક્ત તો ન જ રહ્યું. આમ સર્વત્ર અસંભવ દોષ આવશે.

ઉત્તર - હા, એટલે જ અમે અનતિરિક્તવૃત્તિત્વનો અર્થ પ્રતિબંધકત્વાભાવ-વદવૃત્તિત્વ ન લેતાં સ્વવ્યાપકતત્કત્વ લઈશું. સ્વ=અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત નિશ્ચયવિષયકત્વ, એની વ્યાપિકા છે પ્રતિબંધકતા(તત્) જેની તે સ્વવ્યાપકતત્ક. સ્વ= તાદશવિષયકત્વ= તેમાં રહેનારી અવચ્છેદકતા એ સ્વવ્યાપકતત્કત્વ રૂપ બની અર્થાત્ અવચ્છેદકતા એ અનતિરિક્તવૃત્તિત્વ રૂપ છે એટલે કે સ્વવ્યાપકતત્કત્વરૂપ છે. એમ અમે કહીશું.

અહીં પણ **यत्र यत्र तादृश विषयकत्वं तत्र तत्र प्रतिबंधकत्वं** એવો અર્થ કરીએ તો ફરી પૂર્વોક્તાપત્તિ રહે જ કેમ કે શુદ્ધહ્રદનિશ્ચયમાં વિષયકત્વ છે. પણ ત્યાં પ્રતિબંધકતા તો નથી એટલે ક્યાંય તાદશવિષયકત્વવ્યાપકપ્રતિબંધકતા જ ન મળે. માટે તેવી રીતે વ્યાપકતા ન લેતાં આમ લેવી જોઈએ. અનાહાર્યાપ્રામાણ્યનિશ્ચય વિષયકત્વનિષ્ઠ- આધેયતા નિરૂપિત-અધિકરણતાવન્નિરૂપિત.

આમ કહેવાથી વહ્ન્યભાવવદ્હ્રદ અને શુદ્ધ હ્રદ એક હોવા છતાં ઉક્તાધેયતાનિરૂપિતાધિકરણતા અતિરિક્ત હોવાથી શુ. હ્રદમાં ન મળવાથી તેમાં તાદશ વિષયકતા પણ ન જતાં ભલે ત્યાં પ્રતિબંધકતા ન હોય તેમાં કોઈ આપત્તિ નથી. આમ તાદશ વિષયકત્વ તો વહ્ન્યભાવવિ. હ્રદમાં જ મળે ત્યાં તો પ્રતિબંધકતા છે જ. એટલે

તે પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયકત્વ બનવાથી તન્નિષ્ઠાવચ્છેદકતા પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિત્વ રૂપ બની રહે.

ફરી એક વાર લક્ષણને જોઈ લઈને આપણે આગળ ચાલીએ.

अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयवृत्तित्वविशिष्ट यद्रूपावच्छिन्न-विषयकत्व व्यापिका प्रकृतानुमितिप्रतिबंधकता तद्रूपावच्छिन्नत्वं दोषः ।

गादाधरी : यत्तु प्रतिबन्धकताशून्यतादृशनिश्चयावृत्तित्वमेवा-नतिरिक्तवृत्तित्वम्, अतो नोक्तरीत्या असम्भव इति,

पूर्वपक्ष - અનતિરિક્તવૃત્તિત્વનો અર્થ પ્રતિબંધકતાશૂન્યાવૃત્તિત્વ કર્યો એટલે તમે આપત્તિ આપી અને પછી અનતિરિક્તવૃત્તિત્વનો અર્થ સ્વવ્યાપકતત્કત્વરૂપ કર્યો. અમે તમને કહીશું કે જે અર્થ પ્રસિદ્ધ છે તેને છોડીને આવો અર્થ કરવામાં ગૌરવ છે. માટે તે પ્રસિદ્ધ અર્થનો જ સ્વીકાર એવી રીતે કરવો જોઈએ કે કોઈ દોષ આવી શકે નહિ. અને જુઓ. તે આ રીતે થઈ પણ શકે છે. अनितिरिक्तवृत्तित्व એટલે પ્રતિબંધકતા શૂન્ય તાદશ નિશ્ચયાવૃત્તિત્વ અર્થાત્ પ્રતિબંધકતાશૂન્યઅનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત-નિશ્ચયાવૃત્તિત્વ ।

હવે ભલે પ્રતિબંધકતાશૂન્ય આહાર્યજ્ઞાન કે સંશયજ્ઞાન કે અપ્રામાણ્યજ્ઞાનમાં વિષયકત્વ હોય છતાં આપત્તિ નથી. કેમકે અમે તો પ્રતિબંધકતાશૂન્ય-અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિતનિશ્ચયમાં જ અવૃત્તિત્વ રૂપ અવચ્છેદકતા કહી છે. અર્થાત્ તાદશનિશ્ચયમાં જ અવૃત્તિ વિષયકત્વ કહ્યું છે. એવો નિશ્ચય તો ઘટવદ્ભૂતલં ઇત્યાદિ બને. તે અનુમિતિપ્રતિબંધકતાશૂન્ય છે ત્યાં **वह्न्यभाववद्ह्रदत्वावच्छिन्न** વિષયકત્વ અવૃત્તિ છે જ. શુદ્ધ હ્રદ જ્ઞાન એ અનુમિતિપ્રતિબંધકતાશૂન્ય છે તો તેમાં વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વિષયકત્વ અવૃત્તિ પણ છે જ. આમ ક્યાંય દોષ સંભવતો નથી.

यत्तु ના આવા પરિષ્કારથી આખું લક્ષણ તેના હિસાબે આવું બને.

अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयवृत्तित्वविशिष्टयद्रूपावच्छिन्न विषयकत्वं प्रकृतानुमितिप्रतिबंधकताशून्यानाहार्याप्रामाण्यज्ञानानास्कन्दित-निश्चयावृत्ति तद्रूपावच्छिन्नत्वं दोषः ।

<u>गादाधरी</u> : तदसत्,

तथासति मूलोक्तस्य ज्ञानस्येत्यस्य वैयर्थ्यप्रसंगाद्,

ઉત્તર પક્ષ - જો આમ કહેશો તો તો મૂલોક્ત જ્ઞાન પદ વ્યર્થ જશે. અર્થાત્ તે જ્ઞાન પદ અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિતનિશ્ચયપરક છે તેથી અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિતનિશ્ચયપરક નિવેશ વ્યર્થ થશે. કેમકે તમે તે ન કહેશો તો પણ ચાલી શકશે. અર્થાત્ यद्रूपावच्छिन्नविषयकत्वं प्रकृतानुमितिप्रतिबन्धक्ताशून्यानाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयावृत्ति तद्रूपावच्छिन्नत्वं दोषः એવું લક્ષણ કરો તો પણ ચાલી જાય અને તેથી 'જ્ઞાન' પદમાં વૈયર્થ્યની આપત્તિ આવે.

<u>गादाधरी</u> : ह्रदत्वाद्यवछिन्ना या वह्न्यभावविशिष्टह्रदत्वाद्यवच्छिन्नविषयकयत्किञ्चिज्ज्ञानीयविषयता तन्निरूपकत्वस्य प्रतिबन्धकताशून्यतादृशनिश्चयावृत्तित्वेन शुद्धह्रदत्वाद्य-वच्छिन्नेऽतिप्रसङ्गाच्च ।

પૂર્વપક્ષ - ભલે વ્યર્થ જાય. તેથી શું થઈ ગયું ? અમે જે લાઘવાત્ નિવેશ કર્યો છે તે જો કોઈ દોષયુક્ત નથી તો 'જ્ઞાન' પદ વ્યર્થ જાય તો ભલે જાય. તેની સાર્થકતા માટે ગુરુભૂત આયાસ શા માટે કરવો જોઈએ ?

ઉત્તર પક્ષ - અરે ! પણ તમારા લાઘવમાં પણ દોષ રહેલો છે. એટલે તમે તે લાઘવથી તાદશ લક્ષણનો સ્વીકાર કરી શકતા જ નથી.

જુઓ. यत्किंचिद् ज्ञानीयविषयता ह्रदમાં લીધી એનો અર્થ એ કે શુદ્ધ ह्रदज्ञानीयविषयता ह्रदમાં નથી લીધી પણ वह्न्यभाववद्ह्रदज्ञानीय विषयता ह्रदમાં લીધી. वह्न्यभाववद्ह्रदज्ञानीयविषयता ह्रदत्वावच्छिन्ना છે. એ વિષયતાના નિરૂપક ह्रदत्वावच्छिन्न ह्रद જ્ઞાન થાય અર્થાત્ પ્રતિબંધકતા શૂન્ય તે ह्रदत्वावच्छिन्न ह्रद નિશ્ચયમાં वह्न्यभावत्वावच्छिन्नवह्न्यभाववद्ह्रदविषयकत्व અવૃત્તિ છે જ (જ્ઞાનભેદેન વિષયતાભેદાત્) એટલે ह्रदत्वावच्छिन्नह्रद દોષ બની જતાં લક્ષણ ની અતિવ્યાપ્તિ થઈ.

<u>गादाधरी</u> : मन्मते चानुमितिप्रतिबन्धकतायास्तादृशनिश्चयवृत्तित्वविशिष्टह्रदत्वाद्यवच्छिन्नविषयितात्वावच्छिन्नव्यापकताविरहेणातिप्रसङ्गानवकाशात् ।

હવે અમે તો અનતિરિક્તવૃત્તિત્વ એટલે સ્વવ્યાપકતત્કત્વ કહીએ છીએ માટે અતિવ્યાપ્તિ નથી. કેમકે હ્રદત્વાવચ્છિન્ન-વિષયકત્વત્વાવચ્છિન્ન જે હ્રદત્વાવચ્છિન્નવિષયકત્વ તે તો હ્રદમાત્રવિષયકમાં પણ છે જ અને ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા નથી એટલે (યત્કિં. જ્ઞાનીયવિષયતા ન લીધી. વ્યાપક કહેવાથી આ લાભ થયો.) તદ્રૂપાવચ્છિન્ન = હ્રદત્વાવચ્છિન્ન હ્રદ દોષ બનવાનો નથી.

<u>ગાદાધરી</u> : अथैवमपि जातित्वादिना ह्रदत्वादिविषयकस्य जातिमान् वह्न्यभाववानित्यादिज्ञानस्यापि वह्न्यभाववद्ह्रदत्वाद्यवच्छिन्न विषयकतया तस्य च ह्रदो वह्निमानित्याद्यनुमित्यविरोधित्वाद-सम्भवः ।

પ્રશ્ન - વા૩. ભલે તમે અનતિરિક્તવૃત્તિત્વરૂપ પ્રતિબંધકતાવચ્છેદકતા કહો તો ય આ લક્ષણમાં અસંભવ દોષ આવવાનો છે. **ह्रदो वह्निमान्** અનુમિતિ પ્રતિ **ह्रदो वह्न्यभाववान्** નિશ્ચય પ્રતિબંધક બને. કેમકે તે વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વિષયક છે. પણ હવે હ્રદત્વેન હ્રદનું અવગાહન ન કરતાં, जातित्वेन ह्रदत्वावच्छिन्नનું અવગાહન કરતાં **ह्रदो वह्न्यभाववान्** આકાર ન બનતાં **जातिमान् वह्न्यभाववान्** નિશ્ચયરૂપ આકાર બને હવે આ પણ વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવિષયક તો છે જ તેથી તેમાં તાદશવિષયકત્વ છે. અને આ જ્ઞાન હ્રદપક્ષક વહ્નિસાધ્યકાનુમિતિનું પ્રતિબંધક નથી બનતું એટલે પ્રતિબંધકતાશૂન્યમાં વિષયકત્વ રહી જવાથી તાદશવિષયકત્વવ્યાપકપ્રતિબંધકતાકત્વ વિષયકત્વમાં ન રહેતાં અનિતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકતા ન બની. આમ તેવી અવચ્છેદકતા ક્યાંય ન મળતાં સર્વત્ર લક્ષણ ન જતાં અસંભવ દોષ દુર્વાર છે.

<u>ગાદાધરી</u> : जलवान् वह्निमानित्यादिस्थलीयदोषासंग्रहेण अविशेषितधर्मावच्छिन्नपक्षकादिस्थलीयस्य किञ्चिद्विशिष्टतद्घटित-स्यासंग्रहेण च पक्षतावच्छेदकाद्यंशेऽन्याप्रकारकत्वादिनिवेश-स्याशक्यत्वात्,

ઉત્તર પક્ષ - આ જ્ઞાન અનુમિતિ પ્રતિબંધક નથી બનતું તેથી અમે તે નિશ્ચયને દૂર કરી દેવા આમ કહીશું. પક્ષતાવચ્છેદક જે બને તે અન્યાપ્રકારક હોવું જોઈએ અર્થાત્

અન્યાપ્રકારકત્વ વિશિષ્ટ પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન અનાહાર્યઅપ્રા.જ્ઞાનાનાસ્કન્દિતનિશ્ચય યદ્રૂપાવચ્છિન્નવિષયકત્વં પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ તદ્રૂપાવચ્છિન્નત્વં દોષઃ।

હવે **जातिमान् वह्न्यभाववान्** નિશ્ચય જ નહિ પકડાય. કેમકે પક્ષતાવચ્છેદક હ્રદત્વ વિશેષ્યતા નિરૂપિત જાતિત્વનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક તાદશનિશ્ચય છે. અર્થાત્ અન્યાપ્રકારકત્વ તેમાં નથી માટે તે નિશ્ચય જ ન લેવાય. એવો નિશ્ચય તો **ह्रदो वह्न्यभाववान्** ઇત્યાકારક જ બને તેમાં જે વિષયકત્વ છે તે પ્રતિબંધકતા અનતિરિક્તવૃત્તિ છે જ. માટે વહ્ન્યભાવવદ્હ્રદ દોષ બની જાય.

આમ અસંભવ દોષની સંભાવના નથી.

પૂર્વપક્ષ - જો આપેલો અસંભવ દોષ દૂર કરવા માટે પક્ષતાવચ્છેદકાંશમાં 'અન્ય-અપ્રકારકત્વ' નિવેશ કરશો તો અવ્યાપ્તિ દોષ તો આવશે જ.

जलवान् वह्निमान् એવી અનુમિતિ સ્થળે **वह्न्यभाववत् जलवत्** દોષ બને. અર્થાત્ **जलवत् वह्न्यभाववत्** ઇત્યાકારકનિશ્ચય પ્રતિબંધક બને. હવે આ પ્રતિબંધક નહિ બને કેમકે અહીં પક્ષતાવચ્છેદક જલ બને છે. તેનો ઉલ્લેખ હોવાથી તે **जलत्वावच्छिन्न** છે જ. એટલે પક્ષતાવચ્છેદકનિષ્ઠવિશેષ્યતાનિરૂપિત જલત્વનિષ્ઠપ્રકારતાનો અનિરૂપક આ પક્ષતાવચ્છેદક ન રહ્યો તેથી જલવત્ વહ્ન્યભાવવત્ નિશ્ચય વિષયકત્વ પકડાય જ નહિ એટલે તેમાં લક્ષણ જાય નહિ.

વળી અવિશેષિત ધર્માવચ્છિન્નપક્ષક સ્થળ હોય જ્યાં કોઈક ધર્મથી વિશિષ્ટ તે અવિશેષિત ધર્મ ઘટિત હોય ત્યાં પણ અવ્યાપ્તિ આવશે.

ह्रदो वह्निमान् ह्रदत्वात् ।

અહીં આપણે વ્યભિચાર દોષ લઈને તેમાં લક્ષણની અવ્યાપ્તિ આપશું. આ અનુમિતિમાં શુદ્ધ હ્રદ પક્ષ છે માટે પક્ષતાવચ્છેદક હ્રદત્વ એ અવિશેષિત ધર્મ છે. (જો હ્રદત્વનો પક્ષમાં ઉલ્લેખ હોય તો તે હ્રદત્વત્વ વિશિષ્ટ કહેવાત એથી તે અવિશેષિતધર્મ ન કહેવાય.) આવા અવિશેષિત ધર્મથી અવચ્છિન્ન અહીં પક્ષ છે. હવે એ જ અવિશેષિત ધર્મ એ હેતુ રૂપે પણ છે. અને ત્યાં તો તેનો ઉલ્લેખ હોવાથી તે હ્રદત્વત્વવિશિષ્ટહ્રદત્વ છે એમ કહેવું જ પડે. આમ અવિશેષિતધર્મ એ યત્કિંચિત્હ્રદત્વત્વ ધર્મ વિશિષ્ટથી ઘટિત છે. હવે આ સ્થળે વહ્ન્યભાવવદ્હ્રદત્વત્વવિશિષ્ટહ્રદત્વ એ વ્યભિ. દોષ બને. હવે અહીં પક્ષતાવચ્છેદકહ્રદત્વ એ અન્યાપ્રકારક નથી રહ્યો કેમકે તે સ્વનિષ્ઠ વિશેષ્યતાનિરૂપિત-

હ્રદત્વત્વનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક જ છે. આથી વહ્ન્યભાવવદ્‌હ્રદત્વત્વવિશિષ્ટહ્રદત્વ નિશ્ચય પકડી શકાય નહિ અને તેથી લક્ષણ તેમાં ન જતાં અવ્યાપ્તિ આવે.

આમ આ બે ય સ્થળની અવ્યાપ્તિના ભયને લીધે તમે 'जातिमान् वह्न्यभाववान्' સ્થળની પ્રતિબંધકત્વાપત્તિ દૂર કરવા પક્ષતાવચ્છેદકાંશમાં અન્યાપ્રકારકત્વનો નિવેશ કરી શકતા જ નથી.

અને તેથી તે પ્રતિબંધકત્વાપત્તિ આવતાં સર્વત્ર અસંભવ દોષ ઊભો રહે છે.

<u>गादाधरी</u> : तादृशविशिष्टाघटकपदार्थाविषयकत्वस्य ज्ञानविशेषणत्वोपगमे सर्वमाकाशवदित्यादिस्थलीयबाधादौ तदघटकाप्रसिद्ध्या अव्याप्तिः ।

ઉત્તર પક્ષ - ચાલો ઉય સ્થળની આપત્તિ અમે આ રીતે દૂર કરીશું. **यादृशविशिष्टे लक्षणं सङ्गमनीयं** તાદશવિશિષ્ટમાં અઘટક જે પદાર્થ હોય એનો અવિષયક (અનાહાર્યપ્રામાણ્યાજ્ઞાનાનાસ્કન્દિત) યદ્રૂપાવચ્છિન્ન નિશ્ચય હોવો જોઈએ. તેવા નિશ્ચયમાં રહેલું વિષયકત્વ જે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ હોય તો તદ્રૂપાવચ્છિન્નં દોષઃ આમ અમે કહીશું.

હવે બે અવ્યાપ્તિઓ પહેલા દૂર કરી લઈએ. આ બન્નેય નિશ્ચયનો હવે સંગ્રહ થઈ જશે. જુઓ. વહ્ન્યભાવવજ્જલવત્ત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવજ્જલવત્માં લક્ષણ સંગમનીય છે તો તેમાં ઘટકીભૂત પદાર્થો વહ્નિત્વ-વહ્નિ-અભાવત્વ-અભાવ-અભાવવત્ત્વ-જલ અને જલત્વ છે. અઘટકીભૂત પદાર્થ ઘટ-પટાદિ છે. એ અઘટકીભૂત પદાર્થનો અવિષયક આ વહ્ન્યભાવવજ્જલવત્ નિશ્ચય છે જ માટે તેનો સંગ્રહ થઈ જાય. અર્થાત્ તાદશનિશ્ચયવૃત્તિત્વવિશિષ્ટવિષયકત્વ એ પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ છે માટે વહ્ન્યભાવવજ્જલવત્ત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવજ્જલવત્ દોષ બને.

એ જ રીતે **ह्रदो वह्निमान् ह्रदत्वात्** સ્થળે પણ વહ્ન્યભાવવદ્‌હ્રદત્વવિશિષ્ટ હ્રદમાં લક્ષણ સંગમનીય છે તો તેમાં હ્રદત્વત્વ તો ઘટક પદાર્થ છે. અઘટકીભૂત પદાર્થ ઘટપટાદિનું અવિષયકત્વ આ નિશ્ચયમાં છે જ. હવે તાદશનિશ્ચયવૃત્તિત્વવિશિષ્ટ વિષયકત્વ એ પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ હોવાથી તદ્રૂપાવચ્છિન્ન એટલે કે વહ્ન્યભાવવદ્‌હ્રદત્વત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવદ્‌હ્રદત્વવિશિષ્ટહ્રદ દોષ બની જાય.

હવે ત્રીજું સ્થળ પકડીએ જે પ્રતિબંધક નથી બનતું. એટલે તે નિશ્ચય પકડાવો ન જોઈએ. જુઓ ત્યારે ! जलत्वेन ह्रदत्वावगाहि जलवान् वह्न्यभाववान् નિશ્ચય છે. હવે वह्न्यभाववद्ह्रदत्वविशिष्ट वह्न्यभाववद्ह्रदમાં લક્ષણ સંગમનીય છે એમાં ઘટકીભૂત પદાર્થ वह्नित्व वह्नि આદિ છે. પણ જલત્વ-જલ અઘટક પદાર્થ છે.

હવે એ તો जलवत् वह्न्यभाववत् નિશ્ચયના વિષય બની ગયા હોવાથી जलवत् वह्न्यभाववत् નિશ્ચય એ અઘટકીભૂત પદાર્થ વિષયક નથી માટે તેને પકડાય જ નહિ. એટલે તેમાં અનુમિતિ પ્રતિબંધકતા ન આવે. આમ બધે જ યોગ્ય ઉપપત્તિ થઈ જાય છે.

પૂર્વપક્ષ - વારૂ, તેમ કરશો તો **सर्वं आकाशवत्** અનુમિતિ સ્થલીય બાધાદિમાં લક્ષણની અવ્યાપ્તિ થશે. કેમકે **यादृशविशिष्टे** लक्षणं संगमनीयं = आकाशाभाववत्सर्वत्वविशिष्ट आकाशाभाववत्सर्वस्मिन् लक्षणं संगमनीयं અર્થ થાય - હવે તેમાં અઘટક પદાર્થ જ કોઈ પ્રસિદ્ધ નથી કેમકે 'सर्व' પદાર્થ ઘટક છે તો સર્વથી અતિરિક્ત કોઈ પદાર્થ ન રહ્યો જે અઘટક કહી શકાય અને તેથી અઘટક પદાર્થ વિષયકત્વ आकाशाभाववत्विशिष्टसर्वरूप નિશ્ચયમાં ન આવતાં તે નિશ્ચય ન પકડાય અને તેથી તેમાં લક્ષણ ન જતાં અવ્યાપ્તિ આવે અને આ અવ્યાપ્તિને લીધે તમે 'पदार्थाघटकत्व' ઘટિત લક્ષણ કરી શકતા નથી. અને તે ન કરો એટલે પૂર્વોક્ત जातिमान् वह्न्यभाववान् સ્થળને લઈને આપેલો અસંભવ દોષ ઊભો જ રહે છે.

<u>गादाधरी</u> : यद्यद्रूपावच्छिन्नस्य यस्य यस्य यादृशविशिष्टघटकता तत्तद्रूपावच्छिन्नतत्तन्निष्ठविषयताभिन्नकिञ्चिदवच्छिन्नविषयताशून्यत्वं ज्ञाने निवेश्यम् ।

जातित्वाद्यवच्छिन्नस्य ह्रदत्वादेर्न वह्न्यभाववद्ह्रदत्वावच्छिन्नात्मक-दोषघटकतेति जातित्वाद्यवच्छिन्नह्रदत्वादिविषयता तादृशविषयताभिन्नैव, तच्छून्यत्वञ्च नोक्तज्ञानस्येति न दोषः,

ઉત્તર પક્ષ - ચાલો, તેને દૂર કરવા હવે અમે આમ કહીશું. यद्रूपावच्छिन्नस्य यस्य यस्य यादृशविशिष्टघटकता तत्तद्रूपावच्छिन्नतत्तन्निष्ठविषयताभिन्नकिञ्चिदवच्छिन्न विषयताशून्ययद्रूपावच्छिन्ननिश्चयविषयकत्वं प्रकृतानुमितिप्रतिबंधकतानति-

रिक्तवृत्ति तद्रूपावच्छिन्नं दोषः । આમ અહીં નિશ્ચયનું વિશેષણ શૂન્યાન્ત બનાવશું.

હવે जातिमान् वह्न्यभाववान् ને લઈને અસંભવ દોષ ह्रदो वह्न्यभाववान् માં નહિ આવે.

वह्न्यभाववद्ह्रदत्वावच्छिन्न वह्न्यभाववद्ह्रद એમાં यादशविशिष्ट એટલે वह्नित्वावच्छिन्न वह्नि, अभावत्वावच्छिन्न अभाव, ह्रदत्वावच्छिन्नह्रदની ઘટકતા છે. એટલે वह्न्यभाववद्ह्र-दत्वावच्छिन्न वह्न्यभाववद्ह्रद એ નિશ્ચય જ તેમાં રહેલી તે તે વિષયતાથી ભિન્ન વિષયતાથી શૂન્ય છે. પણ जातिमान् वह्न्यभाववान् નિશ્ચય એ તો તાદશ ભિન્ન जातित्वावच्छिन्न વિષયતાથી શૂન્ય નથી માટે તે નિશ્ચય જ ન પકડાય અને તેથી લક્ષણમાં અસંભવ દોષ ન આવે.

<u>गादाधरी</u> : इत्यपि न सत् तथा सति ह्रदो जात्यभाववानित्यादिस्थ-लीयबाधादेरेव दुःसंग्रहत्वात् । जातित्वादिना ह्रदत्वादिरूपधर्मिता-वच्छेदकावगाहिनो जातिमान् जातिमानित्यादिज्ञानस्य जातित्वाद्यवच्छिन्न-ह्रदत्वादिनिष्ठधर्मितावच्छेदकतारूपविषयताया निरुक्तविषयताभिन्नत्व-विरहेण तादृशज्ञानस्यानुमित्यप्रतिबन्धकस्य शून्यत्वान्तेनावारणात् ।

પૂર્વપક્ષ - આમ કહો તો તે પણ બરોબર નથી. તેમ થતાં ह्रदो जात्यभाववान् સ્થળે બાધાદિનો અસંગ્રહ થઈ જવાની આપત્તિ આવે.

જુઓ. આ અનુમિતિ સામે **ह्रदो जातिमान्** એ બાધ દોષ બને. હવે जातिमद्ह्रदत्वावच्छिन्न जातिमद्ह्रद દોષ બને જ છે, જે હવે નહિ બને. કેમકે અહીં ह्रदનું અમે ह्रदत्वेन અવગાહન ન કરતાં जातित्वेन ह्रदत्वेन અવગાહન કરશું અને તેથી તેનો આકાર जातिमान् બની જશે. હવે जातिमद्ह्रदत्वत्वावच्छिन्नમાં લક્ષણ સંગમનીય છે એટલે તેમાં રહેલી તે તે વિષયતાથી ભિન્ન વિષયતા શૂન્ય નિશ્ચય હોવો જોઈએ. जातिमान् जातिमान् નિશ્ચય પણ ભિન્ન વિષયતાથી શૂન્ય છે જ એટલે તે નિશ્ચય પકડી શકાય એમાં વિષયકત્વ છે પણ ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા નથી એટલે તે વિષયકત્વ તાદશપ્રતિબંધકતા અનિતિરિક્તવૃત્તિ ન બન્યું. એથી લક્ષણ જતાં जातिमद्ह्रदत्वावच्छिन्न દોષ ન બનતાં અવ્યાપ્તિ આવી.

આમ તમે શૂન્યત્વાન્ત ને નિશ્ચયનું વિશેષણ બનાવો તો પણ આ આપત્તિ દુર્વાર છે.

<u>गादाधरी</u> : मैवम्,

यद्रूपावच्छिन्नविषयितात्वं (यादृशविशिष्टे लक्षणं संगमनीयं) तादृशविशिष्टविषयकत्वसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकं तद्रूपावच्छिन्नविषयिताशून्यत्वस्य ज्ञानविशेषणतया सामञ्जस्यात् ।

अप्रतिबन्धकज्ञानविषयतावच्छेदकजातित्वादिविशेषितह्रदत्वादिघटित-तत्तद्रूपावच्छिन्न (विषयतानिरूपक) विषयितात्वावच्छिन्नाभावस्य दोषात्मकविशिष्टविषयितासमानाधिकरणत्वात् तज्ज्ञानव्यावृत्तिरिति ।

ઉત્તરપક્ષ - હ્રદો વહ્નિમાન્ અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવદ્હ્રદ તો દોષ બને જ છે પણ હ્રદનું જાતિત્વેન હ્રદત્વેન અવગાહન કરતાં વહ્ન્યભાવવજ્જાતિમદ્ આકાર બનતાં તેમાં લક્ષણ જતું નથી આ આપત્તિ અમે આ રીતે દૂર કરશું.

यादृशविशिष्टे लक्षणं संगमनीयं, तादृशविशिष्टविषयकत्व समानाधिकरणा-भावप्रतियोगितावच्छेदकं यद्रूपावच्छिन्नविषयकत्वत्वं तद्रूपावच्छिन्नविषयिता-शून्यत्वं तादृशनिश्चये विशेषणीयम् ।

અપ્રતિબંધકજ્ઞાન जातिमान् वह्न्यभाववान् છે. तद्ज्ञानीय વિષયતા जातिमद्वह्न्यभाववद् માં છે. વિષયતાવચ્છેદક जातित्व-वह्नित्व **अभावत्व** બને. એનાથી વિશિષ્ટ જાતિ=હ્રદત્વ, વહ્નિ, અભાવ બને. એનાથી ઘટિત જે તત્તદ્રૂપ (જાતિત્વ, વહ્નિત્વ, હ્રદત્વ) તેનાથી અવચ્છિન્ન વિષયતા નિરૂપિત જે વિષયિતા - તાદશ વિષયિતાત્વાવચ્છિન્ન વિષયકત્વ-વિષયિતાનો દોષરૂપ વહ્ન્યભાવવદ્હ્રદ નિશ્ચયમાં અભાવ છે. એટલે કે તેવી વિષયિતાથી શૂન્ય તે નિશ્ચય છે. जातिमद्वह्न्यभाववद् નિશ્ચય તેવી વિષયિતાથી શૂન્ય નથી. માટે તાદશ વિષયિતા શૂન્યનિશ્ચયને જ પકડાય અને તેથી આપત્તિ રહેતી નથી.

यद्रूपावच्छिन्नविषयितात्वं જે सामञ्जस्यान्त છે તે પંક્તિની આ રીતે ઘટના કરીએ તો સમજવું સરળ બને છે.

(यादृशविशिष्टे लक्षणं संगमनीयं) तादृशविशिष्टविषयकत्व-समानाधिकरणाभाव-

પ્રતિયોગિતાવચ્છેદકં યદ્રૂપાવચ્છિન્નવિષયિતાત્વં તદ્રૂપાવચ્છિન્નવિષયિતાશૂન્યત્વં નિશ્ચયે વિશેષણીયમ્ । વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નો લક્ષણં સંગમનીયં તાદૃશ= વહ્ન્યભાવવદ્હ્રદત્વવિશિષ્ટ, વહ્ન્યભાવવદ્હ્રદવિષયકત્વ- એનો સમાનાધિકરણ અભાવ=જાતિમદ્વહ્ન્યભાવવદ્વિષયકત્વાભાવ એની પ્રતિયોગિતાનો અવચ્છેદક= જાતિમદ્વહ્ન્યભાવવદ્વિષયકત્વત્વ બને. એ યદ્રૂપાવચ્છિન્ન (જાતિમદ્વહ્ન્યભાવવત્ત્વા-વચ્છિન્ન) વિષયિતાત્વ છે. તદ્રૂપાવચ્છિન્ન જાતિમદ્વહ્ન્યભાવવત્ત્વાવચ્છિન્નથી શૂન્ય જે નિશ્ચય = વહ્ન્યભાવવદ્હ્રદનિશ્ચય જ બને. તેથી તે જ પકડાય. અને તેમાં લક્ષણ સંગતિ થાય.

दीधिति : तेन विशिष्टस्याऽसत्त्वेऽपि भ्रमात्प्रतिबन्धेऽपि न क्षतिः ।

गादाधरी : विशिष्टस्य=विशिष्टविषयकत्वस्य, असत्त्वेऽपि=वह्न्य-भावत्वादिना घटाद्यवगाहिभ्रमेऽसत्त्वेऽपि । तथा च विशिष्टविषयकत्वेन प्रतिबन्धकता न सम्भवतीति भावः ।

भ्रमात्प्रतिबन्धेऽपि=तादृशभ्रमस्यानुमित्यनुत्पादप्रयोजकत्वेऽपि, न क्षतिः=नोक्तयुक्त्या पर्य्याप्तिनिवेशेऽसम्भवस्तदनिवेशे पूर्वोक्तातिप्रसङ्गो वा ।

દીધિતકાર કહે છે કે અવચ્છેદકતાને અનતિરિક્તવૃત્તિત્વરૂપ અમે કહી છે એટલે હવે સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા લઈને કે પર્યાપ્ત્યા તેનું અધિકરણ લઈને જે દોષ આવતા હતા તે નહિ આવે. અર્થાત્ ત્યાં વિશિષ્ટવિષયકત્વ ભ્રમમાં ન રહેતાં પ્રતિબંધકતા સંભવતી ન હતી. તે હવે નહિ રહે. કેમકે અમે અખંડવિષયતાનું અનિતિરિક્તવૃત્તિત્વરૂપ-ત્વ.અવચ્છેદકતાને લેવા દ્વારા અનુસરણ કર્યું છે. એટલે હવે ભલે વિશિષ્ટવિષયકત્વેન અપ્રતિબંધકતા રહે. અમે તેને અખંડવિષયતાત્વેન પ્રતિબંધક બનાવશું. અને તેથી અનુમિતિની ઉત્પત્તિ નહિ થાય.

गादाधरी : ननु विशिष्टदोषघटकीभूततदेकदेशविषयितायां स्वरूप-सम्बन्धरूपावच्छेदकत्वसत्त्वेऽपि यादृशविशिष्टविषयितासामान्यस्य तादृशावच्छेदकत्वविवक्षया अतिप्रसङ्गवारणसम्भवात् तदेव कथं न

विवक्षितमिति ।

પૂર્વપક્ષ : વહ્ન્યભાવવદ્હ્રદરૂપ વિશિષ્ટ દોષમાં ઘટકીભૂત વહ્ન્યભાવરૂપ એકદેશનિષ્ઠવિષયતામાં સ્વરૂપ સં.રૂપ અવચ્છેદક હોવા ઉપર પણ કોઈ આપત્તિ આવતી નથી તો પછી તેને છોડીને અનિતિરિક્તવૃત્તિત્વરૂપ પારિભાષિક અવચ્છેદકતાને શા માટે લીધી ? જુઓ. "ત્યાં પણ કંઈ દોષ નથી ?" તે તમને બતાવું. યાદશવિશિષ્ટવિષયિતા-સામાન્યસ્ય તાદશાવચ્છેદકત્વની વિવક્ષા કરવાથી અર્થાત્ વિષયિતાત્વવ્યાપક અવચ્છેદકત્વની વિવક્ષા કરવાથી અતિવ્યાપ્તિ દૂર થાય છે. હવે વહ્ન્યભાવવાન્ પર્વતીયજ્ઞાનીય વહ્ન્યભાવનિષ્ઠવિષયિતા ભલે પ્રતિબંધકતાવચ્છેદક બને પણ શુદ્ધવહ્ન્યભાવજ્ઞાનીયવિષયિતા તો પ્રતિબંધકતાવચ્છેદક નથી બનતી માટે વહ્ન્યભાવીય વિષયિતાત્વની વ્યાપક જ અવચ્છેદકતા નથી. માટે તે નિશ્ચય લઈ શકાય જ નહિ. વહ્ન્યભાવવદ્હ્રદીયવિષયિતાત્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં પ્રતિબંધતાવચ્છેદકતા પણ છે માટે વહ્ન્યભાવવદ્હ્રદત્વવિશિષ્ટ વહ્ન્યભાવવદ્હ્રદવિષયિતામાં જ વિષયિતાત્વવ્યાપક સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકતા હોવાથી વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્ન વહ્ન્યભાવવદ્હ્રદ જ દોષ બનશે. આમ સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતાને લેવા ઉપર પણ હવે દોષ રહેતો નથી માટે તેનું જ અનુસરણ કરવું જોઈએ.

<u>गादाधरी</u> : नच सामान्यपदस्य व्यापकत्वार्थकतया प्रतिबन्धकता-वच्छेकतायां विशिष्टविषयतात्वव्यापकत्वं प्रवेश्यं, तदपेक्षया प्रतिबन्धकतायां विशिष्टविषयताव्यापकत्वनिवेशनमेवोचितमिति वाच्यम्

ઉત્તર પક્ષ : 'સામાન્ય' પદ વ્યાપકત્વાર્થક છે એટલે તમે વિષયિતાત્વની વ્યાપક પ્રતિબંધકતાવચ્છેદકતા કહી છે જ્યારે અમે તો વિષયિતાની વ્યાપક પ્રતિબંધકતા કહીએ છીએ. આમ તમે એક કોટિ આગળ વધો છો તેથી તેમાં ગૌરવ છે અને તેથી અમે સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતાનું અનુસરણ નથી કર્યું.

<u>गादाधरी</u> : यतो वह्न्यभावविशिष्टह्रदादिनिरूपितविषयतायां अनुमित्यप्रतिबन्धकसंशयाहार्य्याप्रामाण्यज्ञानास्कन्दितज्ञानसाधारणतया नानुमितिप्रतिबन्धकतायां तद्व्यापकत्वमित्यनाहार्य्याप्रामाण्यज्ञानाना-स्कन्दितनिश्चयवृत्तित्वविशिष्टाया विशिष्टविषयतायां एव व्यापकत्वं

प्रतिबन्धकतायां भवता विवक्षणीयं, तदपेक्षया लाघवेन च स्वरूपसम्बन्धरूपावच्छे-दकतायां बाधादिरूपदोषविषयतात्वव्यापकत्वं वक्तुमुचितम् ।

પૂર્વ પક્ષ : નહિ, તમે ભલે વિષયિતાને જ પ્રતિબંધકતાની વ્યાપક કહો પણ તેથી લાઘવ નથી કેમકે તમારે અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાના-સન્દિતનિશ્ચયત્વનો લક્ષણમાં પ્રવેશ કરવો પડે છે. તેમાં કેટલું બધું ગૌરવ છે ? અમે તો તેનો નિવેશ જ નથી કરવાના. એમાં અમારું લક્ષણ તો यद्रूपावच्छिन्नविषयितात्वव्यापकं प्रकृतानुमितिप्रतिबंधकत्तावच्छेदकत्वं तत्त्वं दोषः એવું જ બનવાનું છે.

<u>गादाधरी</u> : तथा सति निश्चयत्वाद्यनिवेशात् समानाकारकज्ञानस्य विषयताया भेदस्याप्रामाणिकतया संशयादिज्ञानीयविषयताया अपि निश्चयत्वादिविशिष्टीयतयैव प्रतिबन्धकतावच्छेदकतया बाधादिरूपदोष-निरूपितविषयतात्वव्यापकताया अक्षतत्वात् ।

ઉત્તર પક્ષ : જો તેટલું જ તમારું લક્ષણ હોય તો તો આહાર્યજ્ઞાનાદિ (સંશય-અપ્રમાણ)માં તમને અતિવ્યાપ્તિ નહિ આવે !

પૂર્વપક્ષ : ના, તમે સમાનાકારકવિષયિતાને ભિન્ન માની છે અને તેથી જ **वह्न्यभाववान् ह्रदः** એવું જે અપ્રામાણ્યગ્રહાસ્કન્દિતજ્ઞાન અને દોષરૂપજ્ઞાન તે બેયની વિષયિતાને તમે એક જ ન માની અને તેથી અનાહાર્યાદિ જ્ઞાનમાં રહેલી વિષયિતા પણ પ્રતિબંધકતાની વ્યાપિકા ન બની માટે તમે તેને દૂર કરવા અનાહાર્યજ્ઞાનાદિ નિવેશ કર્યો.

અમે તો સમાનાકારકવિષયતાને ભિન્ન માનતાં જ નથી. એટલે બે ય વિષયિતા એક જ છે તેથી જો દોષનિશ્ચયીયવિષયિતા એ સંશયીયવિષયિતાથી અભિન્ન છે માટે નિશ્ચયત્વાદિવિશિષ્ટીયતયા (તાદાત્મ્યતયા) જ તે સંશયીયવિષયિતામાં પણ પ્રતિબંધકતાવચ્છેદકતા રહી શકે છે અને તેથી વિષયિતાત્વવ્યાપક પ્રતિબંધકતાવચ્છેદકતા બની ગઈ એટલે અનાહાર્યાદિ.... નિશ્ચયવૃત્તિત્વવૈશિષ્ટ્યનો અમારે નિવેશ કરવાનો રહેતો જ નથી. આમ બાધાદિદોષનિરૂપિત જે તજ્જ્ઞાનીયવિષયિતાત્વ, એની વ્યાપકતા અક્ષત રહેવાને લીધે તાદશનિશ્ચયવૃત્તિત્વવૈશિષ્ટ્યઅનિવેશપ્રયુક્ત લાઘવ તો અમારા જ મતમાં છે. તો પછી સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા ન લેતા અનતિરિક્તવૃત્તિત્વરૂપ

गादाधरी : न च वह्न्यभाववान् ह्रदो वह्निमानित्याहार्य्यज्ञानीय-वह्न्यभावविशिष्टह्रदादिविषयता नाऽनाहार्य्यज्ञानसाधारणी तादृशाहार्य्यज्ञानसमानाकारकानाहार्य्यज्ञानाप्रसिद्धेः, ह्रदो वह्न्यभाववानित्यनाहार्य्यज्ञानीयवह्न्यभावविशिष्टह्रदादिविषयतातश्च वह्न्यादिप्रकारतानिरूपिततादृशाहार्यज्ञानीयवह्न्यभावविशिष्टह्रदादिविषयाताया भिन्नत्वात्, तथा चा-नाहार्य्यज्ञानवृत्तित्वविशिष्टविषयताया एव प्रतिबन्धकतावच्छेदकतया, न प्रतिबन्धकतावच्छेदकतायां दर्शिताऽऽहार्य्यज्ञानीयविषयितासाधारणविशिष्टविषयतात्वव्यापकत्वमिति वाच्यम्,

ઉત્તર પક્ષ : वह्न्यभाववान् ह्रदो वह्निमान् એવા આહાર્યજ્ઞાનાદિની વિષયિતા એ તેવા અનાહાર્ય જ્ઞાનમાં તો રહેતી જ નથી કેમકે તેવા આહાર્યજ્ઞાનની સમાનાકારક અનાહાર્યજ્ઞાનની પ્રસિદ્ધિ નથી. આમ અહીં તો બે ય વિષયતાઓ ભિન્ન થઈ જ ગઈ એટલે હવે અનાહાર્યજ્ઞાનીય વિષયતા એ જ પ્રતિબંધકતાવચ્છેદક બની એટલે આહાર્યજ્ઞાનીયવિષયતામાં વિષયતાત્વ હોવા છતાં ત્યાં પ્રતિબંધક્તાવચ્છેદકતા નથી એટલે વ્યાપક્તા ન રહી. આમ તે વ્યાપક્તાનું રક્ષણ કરવા માટે તમારે આહાર્યજ્ઞાનભિન્નત્વનો તો નિવેશ કરવો જ પડશે.

गादाधरी : तथा सति अनाहार्य्यज्ञानीयविशिष्टविषयितात्वव्यापकताया एव विवक्षणीयत्वात्, तावताऽपि संशयान्यत्वाप्रामाण्यज्ञानानास्कन्दितत्वाप्रवेशेन लाघवानपायात् ।

પૂર્વપક્ષ : ભલે અનાહાર્યજ્ઞાનનો અમે નિવેશ કરશું પણ તે છતાંય સંશયજ્ઞાન અને અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિતત્વનો નિવેશ અમારે કરવાનો રહેતો નથી. (આ જ્ઞાન તો તદતિરિક્ત પણ પ્રસિદ્ધ છે માટે ત્યાં વિષયતા ભિન્ન ન બને તે શક્ય છે. આહાર્યજ્ઞાનની વિષયતા જ અતિરિક્ત અનાહાર્યાદિમાં પ્રસિદ્ધ નથી કેમકે બે ય વિષયતા ભિન્ન છે.) એટલે એ લાઘવ તો રહેલું જ છે.

<u>गादाधरी</u> : मैवम्, स्वरूपसम्बन्धरूपावच्छेदकत्वप्रवेशे पाषाणमयत्वाद्यवच्छेदेन वह्न्यभाववत्तानिश्चयविशिष्टस्य पाषाणमयत्वादिविशिष्टस्य पक्षादेर्ज्ञानस्य वह्न्यनुमितिप्रतिबन्धकतया तदवच्छेदकविषयिताकपाषाणमयत्ववत्पर्वतेऽतिव्याप्तिः । अनतिरिक्तवृत्तित्वरूपावच्छेदकत्वनिवेशपक्षे तादृशविशिष्टविषयतायाः पाषाणमयत्वावच्छेदेन वह्न्यभाववत्तानिश्चयाविशिष्टज्ञानसाधारणतया अनुमितिप्रतिबन्धकतातिरिक्तवृत्तित्वेनातिप्रसङ्गानवकाशात् ।

ઉત્તર પક્ષ : સ્વરૂપસં.રૂપ અવચ્છેદકત્વનો નિવેશ કરવામાં ઉક્ત લાઘવ અકિંચ્ચિત્કર છે કેમકે તેમાં દોષ આવે છે. **पाषाणमयत्ववान् वह्न्यभाववान्** આવો એક નિશ્ચય થયો ત્યારબાદ **पाषाणमयत्ववांश्च पर्वतः** એવો બીજો નિશ્ચય થયો. આ **पाषाणमयत्ववांश्च पर्वतः** એવો નિશ્ચય વિશિષ્ટવહ્નિમાન્ કહેવાય. હવે **पाषाणमयत्ववान् वह्निमान्** અનુમિતિને **पाषाणमयत्ववान् पर्वतः** પ્રતિબધ્ય કરી દે, કેમકે પાષાણામયત્વવાન્ વહ્ન્યભાવવાન્નોનિશ્ચય છે અને પર્વત પાષાણમયત્વવાન્ છે એટલે હવે તેમાં વહ્નિમત્તાની અનુમિતિ શી રીતે થાય ?

વસ્તુતઃ **पाषाणमयत्ववान् वह्निमान्** અનુમિતિ પ્રતિ તદભાવવત્તાબુદ્ધિ કે તદભાવવ્યાપ્યવત્તાબુદ્ધિ પ્રતિબંધક બને છે એટલે કે વહ્ન્યભાવવત્તા બુદ્ધિ કે વહ્ન્યભાવવ્યાપ્યપાષાણમયત્વવત્તાબુદ્ધિ પ્રતિબંધક બને. હવે પૂર્વોક્ત નિશ્ચયવિશિષ્ટનિશ્ચય પાષાણમયત્વવાન્ પર્વતઃ પણ અનુમિતિપ્રતિબંધક બને છે એટલે તાદશાનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદકતા (સ્વ.સં.રૂપ) પાષાણમયત્વવાન્ પર્વતજ્ઞાનમાં રહેલી વિષયિતામાં છે જ. તેથી પાષાણમયત્વવત્પર્વતત્વાવચ્છિન્ન પાષાણમયત્વવત્પર્વત દોષ બને. આમ તમારા મતમાં અતિવ્યાપ્તિ દોષ ઊભો છે.

જો અનતિરિક્ત વૃત્તિ રૂપ અવચ્છેદકતા લઈએ તો આ દોષ રહેતો નથી કેમકે ભલે નિશ્ચયવિશિષ્ટનિશ્ચયરૂપ પાષાણમયત્વવત્પર્વતજ્ઞાનમાં તાદશ વિષયિતા છે પણ શુદ્ધ પાષાણમયત્વવત્પર્વતજ્ઞાનમાં પણ તાદશ વિષયતા છે. અને ત્યાં અનુમિતિ પ્રતિબંધકતા નથી. આમ તે વિષયિતા પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ ન રહેતાં લક્ષણ તેમાં ન જાય એટલે અતિવ્યાપ્તિ દોષ રહેતો નથી.

गादाधरी : न चानतिरिक्तवृत्तित्वरूपावच्छेदकत्वनिवेशपक्षेऽपि जलाद्यवच्छेदेन वह्न्यभाववत्ताघटितस्य वह्न्यभाववज्जलादिमद्वृत्ति-जलादिविशिष्टस्य ह्रदादिरूपपक्षस्य जलवान् वह्न्यभाववानित्यादि-ज्ञानसहितस्य जलवाँश्च ह्रद इत्यादिज्ञानस्य तादृशज्ञानविशिष्टता-दृशज्ञानत्वेनैव प्रतिबन्धकतया तादृशप्रतिबन्धकताशून्यज्ञानाविषयस्य सत्प्रतिपक्षाद्यनात्मकस्य वारणाय ज्ञानवैशिष्ट्यानवच्छिन्नत्वस्य प्रतिबन्धकतायामवश्यं निवेशनीयतया मन्मतेऽपि तत्रानतिप्रसङ्गादिति वाच्यम्,

पूर्व पक्ष : જુઓ. અમને આપેલો આ અતિવ્યાપ્તિદોષ અમે દૂર કરીશું. પણ તે પહેલાં તેના માટે અમે તમને એક દોષ આપીએ છીએ. ભલે તમે અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા કહો છતાં ય આ સ્થળે તમને આપત્તિ ઊભી રહે છે.

ह्रदो वह्निमान् અનુમિતિ પ્રતિ વહ્ન્યભાવવદ્હ્રદ દોષ બને છે. પણ હવે વહ્ન્યભાવવજ્જલવદ્વૃત્તિજલવિશિષ્ટહ્રદરૂપ પક્ષ છે એવું જ્ઞાન થાય તો તે પણ **ह्रदो वह्निमान्** અનુમિતિને પ્રતિબદ્ધ કરી દે. તે જ રીતે **जलवान् वह्न्यभाववान्** એવા નિશ્ચયથી વિશિષ્ટ **जलवाँश्च ह्रदः** નિશ્ચય થાય તો તે પણ તે અનુમિતિને પ્રતિબધ્ય કરી દે. હવે **ह्रदो वह्निमान् धूमात्** સ્થળે **धूमहेतुः वह्न्यभाववद्ध्रदरूपबाधदोषेण दुष्टः** વ્યવહાર તો થાય છે પણ વહ્ન્યભાવવજ્જલવદ્વૃત્તિજલવિશિષ્ટહ્રદરૂપબાધદોષેણ કે **जलवांश्च ह्रदरूप निश्चयीयबाधदोषेण दुष्टः** એવો વ્યવહાર થતો નથી. અને અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા તમે માનો તો તે પણ અહીં આવે છે કેમકે જ્યાં જ્યાં આવું જ્ઞાન હોય તે તે જ્ઞાન અનુમિતિ પ્રતિબંધક બને જ તેમાં તે જ્ઞાનમાં પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયિતા મળે જ.

આમ થતાં લક્ષણ તેમાં ય જતાં અતિવ્યાપ્તિ આવે છે.

હવે આ અતિવ્યાપ્તિનું વારણ કરવા માટે તમારે જ્ઞાનવૈશિષ્ટયાનવચ્છિન્નત્વનો પ્રતિબંધકતામાં નિવેશ કરવો જ પડશે. હવે અહીં તો પ્રતિબંધકતા જ્ઞાનવૈશિષ્ટ્યાવચ્છિન્ના છે માટે તે લઈ શકાય નહિ અને તેથી અતિવ્યાપ્તિ દૂર થાય.

(નિશ્ચયવિ.નિશ્ચયરૂપ જે સ્થળો લીધા તે સત્પ્રતિપક્ષવ્યભિચારાદિથી શૂન્ય હોવા જોઈએ અને પ્રતિબંધક બનતાં જ્ઞાનનો વિષય જોઈએ. અર્થાત્ પ્રતિબંધકતાશૂન્યજ્ઞાનનો વિષય ન જોઈએ. એ ખ્યાલમાં લેવું કેમકે સત્પ્રતિપક્ષાદિરૂપ તેવામાં તો લક્ષણ ગમન ઈષ્ટ જ હોય ત્યાં અતિવ્યાપ્તિ ન આપી શકાય.)

હવે જો આ રીતે જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્નત્વનો નિવેશ ઉક્ત અતિવ્યાપ્તિ દૂર કરવા તમને આવશ્યક છે તો તેના જ દ્વારા અમને આપેલી આપત્તિ પણ અમે દૂર કરી દઈશું. પાષાણમયત્વવાન્ વહ્ન્યભાવવાન્ નિશ્ચયથી તેમાં રહેલી અનુમિતિ પ્રતિબંધકતા એ જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્ના નથી એટલે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત નહિ થવાનું.

<u>गादाधरी</u> : ज्ञानवैशिष्ट्यानवच्छिन्नत्वस्य प्रतिबन्धकताविशेषणत्वे प्रतिहेतुव्यापकसाध्याभावसमानाधिकरणतद्धेतुमत्पक्षरूपसत्प्रतिपक्षाव्याप्तेः । साध्याभावांशे तद्व्यापकताग्रहविशिष्टतद्वत्ताज्ञानत्वेन स्वतन्त्रसाध्याभावधर्मिकतद्रूपव्यापकताग्रहविशिष्टतद्वत्ताज्ञानसाधारण्यानुरोधेनावश्यकल्प्यप्रतिबन्धकतयैवोपपत्तेः, तादृशविशिष्टज्ञानस्य ज्ञानवैशिष्ट्यानवच्छिन्नप्रतिबन्धकतान्तरे मानाभावादुक्तविशिष्टेऽतिप्रसङ्गस्तु विवक्षणीयविशिष्टान्तराघटितत्वनिवेशनेनैव वारणीयः ।

ઉત્તરપક્ષ : ના, જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્નત્વને પ્રતિબંધકતાનું વિશેષણ બનાવીએ તો પ્રતિ(વિરુદ્ધ)હેતુવ્યાપકસાધ્યાભાવ-સમાનાધિકરણતદ્ધેતુમત્પક્ષરૂપ સત્પ્રતિપક્ષમાં અવ્યાપ્તિ આવે. **ह्रदो वह्निमान् धूमात्** સામે સત્પ્રતિપક્ષ **ह्रदो वह्न्यभाववान् जलात्** બને. જલ એ પ્રતિ હેતુ છે. એનો વ્યાપક વહ્ન્યભાવ છે. એનો સમાનાધિકરણ તે જલહેતુ છે. તદ્વાન્ હ્રદ છે. (સિદ્ધાન્તલક્ષણીય વ્યાપ્તિના અનુસારે સત્પ્રતિપક્ષનો આકાર લીધો છે.) હવે અહીં વહ્ન્યભાવમાં જલવ્યાપકતાનો ગ્રહ છે. અને જલવત્તાનો પક્ષમાં ગ્રહ છે. એટલે **जलवान् (व्याप्य) वह्न्यभाववान् (व्यापक) जलवांश्च ह्रद** એ નિશ્ચય પણ પૂર્વોક્ત આકાર સદૃશ છે અર્થાત્ આવા બે ય પ્રકારના નિશ્ચયવિશિષ્ટનિશ્ચય અનુમિતિપ્રતિ પ્રતિબંધક બને જ છે તેથી તે બે ય પ્રતિબંધકતા અવશ્ય માનવી જ રહી. અને તેથી બે યની પ્રતિબંધકતા સાધ્યાભાવાંશે તદ્વ્યાપકતાગ્રહવિશિષ્ટ-તદ્વત્તાજ્ઞાનત્વેન જ લેવાય. ('સ્વતંત્ર' પદ ન લે તો પણ ચાલે,

કેમકે **जलव्यापको वह्न्यभावः जलवाँश्च ह्रदः** અહીં જેમ વહ્ન્યભાવ સ્વતંત્ર છે તેમ **जलवान् वह्न्यभाववान्**માં તો વહ્ન્યભાવ સ્વતંત્ર નથી છતાંય તેનો પણ આમાં સ્વીકાર તો કરવો જ છે. અથવા તો ભલે સ્વતંત્ર પદ હોય. આ તદ્વ્યાપકતાનો ગ્રહ તો વહ્ન્યભાવવત્માં નથી થતો. વહ્ન્યભાવમાં જ થાય છે. એટલે ત્યાં પણ સ્વતંત્ર વહ્ન્યભાવધર્મિક તદ્વ્યાપકતા ગ્રહ મળી શકે છે.)

હવે અહીં તો તદ્વ્યાપકતાગ્રહવિશિષ્ટતદ્વત્તાનિશ્ચયત્વાવચ્છિન્ના જ પ્રતિબંધકતા બની ગઈ છે તેથી વૈશિષ્ટ્યાનવચ્છિન્ના તે ન રહેતાં લક્ષણની તેમાં અવ્યાપ્તિ આવી.

અહીં તે નિશ્ચયવિ.નિશ્ચયમાં જ્ઞાનવૈશિષ્ટ્ય-અનવચ્છિન્ન અન્ય પ્રતિબંધકતા કહેવામાં કોઈ પ્રમાણ જ નથી. આમ આ અવ્યાપ્તિ આવી જાય એટલે જ્ઞાનવૈ.અનવચ્છિન્નત્વનો નિવેશ કરી શકાય નહિ.

પૂર્વપક્ષ : જો જ્ઞાનવૈ.અનવચ્છિન્ત્વનો નિવેશ નહિ કરો તો પૂર્વોક્ત અતિપ્રસંગનું વારણ તમે શી રીતે કરશો ?

ઉત્તરપક્ષ : એ અતિપ્રસંગનું વારણ વક્ષ્યમાણ વિશિષ્ટાન્તરાઘટિતત્વ નિવેશથી જ અમે કરી લઈશું. વક્ષ્યમાણ વિશિષ્ટાન્તરાઘટિતત્ત્વનો નિવેશ અત્રે જ આપણે જોઈ લઈએ.

स्वावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं प्रकृतानुमितिप्रतिबन्धकतानतिरिक्तवृत्तिविषयतावच्छेदकं अनाहार्याप्रामाण्यज्ञानानास्कन्दितनिश्चयवृत्तित्वविशिष्टयद्रूपं तद्रूपावच्छिन्नविषयकत्वव्यापिका प्रकृतानुमितिप्रतिबन्धकता तद्रूपावच्छिन्नत्वं दोषः । (प्रथम स्व=वह्न्यभाववद्-जलवद्-वृत्तिजलवद्ह्रदत्व) (द्वितीय स्व=जलवद्ह्रदत्व)

વિશિષ્ટાન્તરથી અઘટિત જે હોય તે તદ્રૂપાવચ્છિન્ન દોષ બને. વહ્ન્યભાવવજ્જલવદ્વૃત્તિજલવદ્ હ્રદ એ તો **जलवान् वह्न्यभाववान् जलवाँश्च ह्रदः** માં રહેલાં વિશિષ્ટાન્તર જલવદ્હ્રદથી ઘટિત જ છે. એટલે તે યદ્રૂપ પકડાય જ નહિ તેથી તદ્રૂપાવચ્છિન્ન દોષ ન બનતાં લક્ષણ અતિવ્યાપ્ત ન થાય. પ્રથમ સ્વ પદથી તેને લેવું જોઈએ જેમાં લક્ષણ લઈ જવું હોય. અતિવ્યાપ્તિ આપવા માટે પ્રથમ સ્વથી વહ્ન્યભાવવજ્જલ-વદ્વૃત્તિજલવદ્હ્રદને લીધું પણ આગળ જતાં તેમાં લક્ષણ ન ગયું એટલે અતિવ્યાપ્તિ ન રહી.

હવે જ્યાં લક્ષણ જાય છે ત્યાં પણ જોઈ લઈએ. વહ્ન્યભાવવદ્હ્રદ દોષ છે. સ્વ

પદથી વહ્ન્યભાવવદ્હ્રદત્વ બને. સ્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક હ્રદનિષ્ઠવહ્ન્યભાવત્વ બને. (ઊલટું કરી દેવું તેમ જ કરવું જોઈએ કેમકે તે પાછું પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ બનવું જોઈએ.) હવે તે હ્રદનિષ્ઠવહ્ન્યભાવત્વ એ પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક પણ છે. માટે આવું સ્વ=હ્રદનિષ્ઠવહ્ન્યભાવત્વ બન્યું. તે હ્રદનિષ્ઠવહ્ન્યભાવત્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક હ્રદનિષ્ઠવહ્નિયભાવત્વ તો ન જ બને. પણ વહ્ન્યભાવવદ્હ્રદત્વ જ બને. તે અનાહાર્યાપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત-નિશ્ચયવૃત્તિત્વવિશિષ્ટ જ છે. માટે આવું જે વહ્ન્યભાવવદ્હ્રદત્વતદવચ્છિન્નવિષયકત્વવ્યાપિકા પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતા છે માટે તદ્રૂપાવચ્છિન્નં એટલે કે વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવહ્ન્યભાવદ્હ્રદ દોષ બને.

આ રીતે આપણે લક્ષણનો સમન્વય કરી લીધો અને તે નિવેશથી પૂર્વોક્તાતિવ્યાપ્તિ દૂર કરી.

गादाधरी : न च ज्ञानद्वयसाधारणप्रतिबन्धकतायाः प्रत्येकज्ञान-विषयविशिष्टविषयकत्वं नानतिरिक्तवृत्तित्वरूपावच्छेदकतावत्, तथा च दर्शितविशिष्टघटकस्य प्रत्येकज्ञानविषयस्य न निरुक्तविशिष्टान्तरात्मकतेति निरुक्तविशिष्टान्तराघटितत्वमुक्तविशिष्टस्याक्षतमेवेति वाच्यम्,

પૂર્વ પક્ષ : નહિ, ઉક્ત રીતે પણ તમે ત્યાં અતિવ્યાપ્તિનું વારણ કરી શકતા નથી. જુઓ વહ્ન્યભાવવદ્જલવદ્વૃત્તિજલવદ્હ્રદ રૂપ વિશિષ્ટને તમે વિશિષ્ટાન્તર જલવાન્ હ્રદથી ઘટિત બનાવી દીધું અર્થાત્ તેમાં વિશિષ્ટાન્તરાઘટિતત્વનું તમારું લક્ષણ ન ગયું. ના, તેમ છે જ નહિ આ વિશિષ્ટ પણ વિશિષ્ટાન્તરાઘટિત જ છે.

પ્રથમ સ્વપદથી તમે આ વિશિષ્ટને પકડ્યું હવે તદવચ્છિન્નવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક જલવદ્હ્રદત્વરૂપ વિશિષ્ટ બન્યું. પણ આ વિષયતાવચ્છેદક પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ-વિષયતાવચ્છેદક તો નથી જ. કેમકે ભલે જલવાન્ વહ્ન્યભાવવાન્ નિશ્ચયવિશિષ્ટ તે જલવાન્હ્રદ નિશ્ચય તેવો હોય પણ તાદૃશનિશ્ચય અવિશેષિત અર્થાત્ શુદ્ધ જે જલવાન્ હ્રદઃ નિશ્ચય છે તે તો પ્રકૃતાનુમિતિ પ્રતિબંધક નથી જ. એટલે જલવદ્હ્રદત્વ એ પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયતાવચ્છેદક ન રહ્યું અને તેથી યત્સ્વં-સ્થળે (બીજું સ્વ) તમે જલવદ્હ્રદત્વને લઈ શકતા જ નથી. અર્થાત્ અમે એ સિદ્ધ કરવા માંગીએ છીએ કે જલવદ્હ્રદત્વ તો બીજા સ્વપદથી પકડી શકાય જ

નહિ.

હવે પ્રશ્ન થાય કે ત્યારે કોણ તેવું બને જે સ્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતા-વચ્છેદક પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતા-વચ્છેદક બને ? જેને બીજા 'સ્વ'પદથી પકડાય ? તેના ઉત્તરમાં અમે કહીશું કે સ્વાવચ્છિન્નવિષયપ્રતીતિ-વિષયતાવચ્છેદક હ્રદવૃત્તિજલવદ્વહ્ન્યભાવત્વ (પ્રથમ સ્વથી ઊલટું લેવું) બને અને તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયતાવચ્છેદક છે જ. આમ તેને જ તમે બીજા સ્વપદથી લઈ શકો. હવે તે બીજા સ્વથી અવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક પ્રથમ સ્વ બને. (આટલું વિશિષ્ટાન્તરાઘટિતત્વનું લક્ષણ તેમાં આવી ગયું.) તે અનાહાર્યજ્ઞાના.. નિશ્ચયવૃત્તિત્વવિશિષ્ટ યદ્રૂપ - પ્રથમ સ્વ બને. તદ્રૂપાવચ્છિન્નવિષયકત્વવ્યાપિકા પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતા છે જ તદ્રૂપાવચ્છિન્નં દોષઃ=વહ્ન્યભાવવદ્જલવદ્વૃત્તિહ્રદત્વા-વચ્છિન્નં દોષઃ આમ હજુ પણ લક્ષણ અતિવ્યાપ્ત બને જ છે.

<u>गादाधरी</u> : वक्ष्यमाणविशिष्टान्तराघटितत्वस्येव यादृशविशिष्ट-विषयकनिश्चयविशिष्टयादृशविशिष्टविषयकनिश्चयत्वं प्रतिबन्धकता-नतिरिक्तवृत्ति, तादृशविशिष्टद्वयाघटितत्वस्यापि निवेशनीयतया उक्तविशिष्टवारणसम्भवात् ।

ઉત્તર પક્ષ : વારુ, ભલે 'વક્ષ્યમાણવિશિષ્ટાન્તરાઘટિતત્વ' નિવેશથી તેનું વારણ ન થાય પણ જેમ 'વક્ષ્યમાણવિશિષ્ટાન્તરાઘટિતત્વ' નો નિવેશ કરવાના છે તેમ વિશિષ્ટદ્વયાઘટિતત્વનો પણ નિવેશ કરવાના છે એ નિવેશથી જ ઉક્તાતિવ્યાપ્તિનું વારણ થઈ જશે. યાદશવિશિષ્ટવિષયકનિશ્ચયવિશિષ્ટયાદશવિશિષ્ટવિષયકનિશ્ચયત્વં પ્રતિબંધકતાનિતિરિક્તવૃત્તિ, તાદશ વિશિષ્ટદ્વયાઘટિતત્વનો નિવેશ કરવો છે. હવે અહીં તો જલવાન્ વહ્ન્યભાવવાન્નિશ્ચય વિ. જલવાન્ હ્રદ નિશ્ચય છે. તે વિશિષ્ટનિશ્ચયત્વ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ છે પણ તેવા નિશ્ચયત્વથી શૂન્ય વહ્ન્યભાવવદ્જલવદ્વૃત્તિ-જલવદ્હ્રદત્વરૂપ વિષયતાવચ્છેદક નથી માટે તેમાં હવે લક્ષણ ન જતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

આમ અમારા મતમાં તો અતિવ્યાપ્તિનું વારણ થઈ જાય છે. એટલે હવે તમારા પક્ષમાં (સ્વરૂપ સં. રૂપ અવ.તા વાદી મતમાં) પાષાણમયત્વવાન્ પર્વતઃ સ્થળે અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે. કેમકે ઉક્ત બે ય નિવેશો છતાં ય ત્યાં લક્ષણ જાય છે. જુઓ.

પાષાણમયત્વવાન્ પર્વતઃ રૂપ વિશિષ્ટ વિશિષ્ટાન્તરથી ઘટિત નથી (એમાં કોઈ વિશિષ્ટાન્તર ઘટક નથી જ) વળી વિશિષ્ટદ્વયથી શૂન્ય પણ છે. એટલે આટલો નિવેશ થવા છતાં તેમાં અતિવ્યાપ્તિ દુર્વાર છે. અમે તો અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતાવાદી છીએ. એટલે અમારા મતે ત્યાં આપત્તિ નથી કેમકે શુદ્ધ એવા પાષાણમયત્વવત્પર્વત-જ્ઞાનીયવિષયિતા પ્રતિબંધકતાતિરિક્તવૃત્તિ બની જવાથી ત્યાં પ્રતિબંધકતાનતિરિક્ત-વૃત્તિઅવચ્છેદકતા ન મળતાં લક્ષણ અતિવ્યાપ્ત થવાનો સંભવ જ નથી.

આપણે ખ્યાલ રાખવો જોઈએ કે પૂર્વપક્ષ સ્વ.સં.રૂપ અવચ્છેદકતાવાદી છે અને તેને પાષાણમયત્વત્પર્વતમાં અતિવ્યાપ્તિનો દોષ આવે છે. એનું વારણ કરવા તે અનેકવિધ ઉપાયો લે છે. આ બાજુ સિદ્ધાન્તીને તેણે વહ્ન્યભાવવજ્જલવદ્વૃત્તિજલવદ્હ્રદ સ્થળે અતિવ્યાપ્તિ દોષ આપ્યો હતો. પણ સિદ્ધાન્તીએ તેનું વારણ વક્ષ્યમાણ વિશિષ્ટદ્વયાઘટિતત્વ નિવેશથી જ કરી લીધું.

આગળ ઉપર હવે જે ચર્ચા ચાલશે તેમાં પૂર્વપક્ષનું દૃષ્ટિબિંદુ સ્વ.સં.રૂપ અવચ્છેદકતા લેવા માટે સ્વમતગત દોષ દૂર કરવાનું જ રહે છે એ ખ્યાલમાં રાખીને હવે આપણે આગળ ચાલીએ.

<u>गादाधरी</u> : न चैवं तादृशविशिष्टद्वयघटितोक्तसत्प्रतिपक्षेऽव्याप्ति-स्तस्य प्रतिहेतुव्यापकताविशिष्टसाध्याभावप्रतिहेतुविशिष्ट-पक्षात्मकनिरुक्तविशिष्टद्वयघटितत्वादिति वाच्यम्,

પૂર્વપક્ષ : આ રીતે વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વનો તમે નિવેશ કરશો તો સત્પ્રતિપક્ષમાં અવ્યાપ્તિ આવશે. કેમકે સત્પ્રતિપક્ષનો આકાર પ્રતિહેતુવ્યાપકસાધ્યાભાવસમાના-ધિકરણહેતુમત્પક્ષ છે એટલે પ્રતિહેતુવ્યાપકતાવિશિષ્ટ સાધ્યભાવ, એક વિશિષ્ટ પ્રતિહેતુવિશિષ્ટપક્ષ બીજું વિશિષ્ટ થાય. હ્રદો વહ્ન્યભાવવાન્ જલાત્ - જલવ્યાપકો વહ્ન્યભાવઃ જલવાંશ્ચ હ્રદઃ આમ વિશિષ્ટદ્વયથી આ ઘટિત જ છે. આ અવ્યાપ્તિને લીધે તમે તાદૃશનિવેશ શી રીતે કરી શકો?

<u>गादाधरी</u> : सत्प्रतिपक्षघटकतादृशदलद्वयविषयताभिन्ननिरुक्तवि-शिष्टद्वयविषयताशून्यप्रतीतिविषयत्वस्य विशिष्टद्वयाघटित-त्वार्थकत्वात् ।

ઉત્તર પક્ષ : એ અવ્યાપ્તિ દૂર કરવા અમે કહીશું કે સત્પ્રતિપક્ષઘટકતાદૃશ-

દલદ્વયવિષયતાથી ભિન્ન જે વિશિષ્ટદ્વયવિષયતા, તચ્છૂન્યપ્રતીતિવિષયત્વં વિશિષ્ટદ્વયાઘટિતત્વમ્ - આમ હવે આવું વિશિષ્ટદ્વયાઘટિતત્વમ્ સત્પ્રતિ.માં પણ આવી જતાં અવ્યાપ્તિ રહેતી નથી. એટલે વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વ નિવેશથી કોઈ વાંધો નથી માટે વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વનિવેશથી જ અમે વહ્ન્યભાવવજ્જલવદ્વૃતિ જલવદ્હ્રદત્વસ્થલીય દોષ દૂર કરશું અને તેથી પાષાણમયત્વવત્પર્વતમાં તમને અતિવ્યાપ્તિ દોષ ઊભો જ રહે છે. (કેમકે ત્યાં તો વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વ જ છે.)

<u>गादाधरी</u> : यत्र तादृशसत्प्रतिपक्षाप्रसिद्धिस्तत्र भिन्नान्तमनुपादेयमेव, साध्यादिभेदेन लक्षणभेदात् भ्रमात्मकज्ञानीयतादृशविषयतासाधारण-रूपेणैव वा प्रतिहेतुव्यापकताविशिष्टसाध्याभावादिविषयतोपेया ।

(પૂર્વપક્ષ : **पर्वतो धूमवान् वह्नेः** અનુમિતિ પ્રતિ **पर्वतो धूमाभाववान् पाषाणमयत्वात्** ને તો તમે સત્પ્રતિપક્ષ કહી શકતા જ નથી કેમકે પાષાણમયત્વ-વ્યાપકધૂમાભાવ અપ્રસિદ્ધ છે. તો હવે અહીં પ્રકૃતાનુમિતિસત્પ્રતિપક્ષઘટકદલદ્વયવિષયતા જ અપ્રસિદ્ધ બનતાં તદ્ભિન્નવિશિષ્ટદ્વયઘટિતવિષયતા લેવાય શી રીતે ? અને તેથી વહ્નિ હેતુમાં લક્ષણ ન જતાં અવ્યાપ્તિ આવે.)

ઉત્તર પક્ષ : જ્યાં તેવા સત્પ્રતિપક્ષની અપ્રસિદ્ધિ હોય ત્યાં તેવું લક્ષણ લેવું કે જેમાં તાદશભિન્નત્વનું ઉપાદાન ન હોય - ભલે લક્ષણ અનેક બને સાધ્યાદિભેદથી લક્ષણભેદ તો થાય જ છે.

અથવા તો અમે એમ કહીશું કે ત્યાં સત્પ્રતિ.અપ્રસિદ્ધ હોવા છતાં ખંડશઃ તેની પ્રસિદ્ધિ હોવાથી તેનો ભ્રમ તો થઈ શકે જ છે એટલે તાદશભ્રમાત્મક સત્પ્રતિપક્ષજ્ઞાનીય વિશિષ્ટદલદ્વયવિષયતા મળી જાય તેથી તદ્ભિન્નત્વ પણ લઈ શકાય -

આમ આ રીતે સમન્વય કરતાં કોઈ આપત્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : न च दर्शितविशिष्टस्य सत्प्रतिपक्षरूपता न स्वीक्रियतेऽपि तु हेतुतावच्छेदकाघटितसाध्याभावाभाववदवृत्तिमत्पक्षात्मकविशिष्टस्यैव, व्यापकसामानाधिकरण्यरूपव्याप्तिविशिष्टस्य उक्तरीत्या संग्रहे तद्धर्मव्यापकसाध्याभावकालिकतद्धर्मविशिष्टपक्षादिव्यावृत्तिरप्यशक्या

स्यादित्यविशेषेण व्यापकताघटितविशिष्टमात्रस्यालक्ष्यताया एव युक्तत्वात्, तथा चोक्तप्रयासमपेक्ष्य ज्ञानवैशिष्ट्यानवच्छिन्नप्रतिबन्धकता-निवेशनमेवोचितमिति वाच्यम्,

પૂર્વપક્ષ : સત્પ્રતિપક્ષનું સ્વરૂપ તમે પ્રતિહેતુવ્યાપકસમાનાધિકરણહેતુમત્પક્ષઃ કર્યું અને તેમ થતાં જે અવ્યાપ્તિ આપી તેને દૂર કરવા સત્પ્રતિપક્ષઘટકતાદૃશદલ-દ્વયવિષયતાભિન્નવિષયતાશૂન્ય પ્રતીતિવિષયત્વ કહ્યું અને તે રીતે સત્પ્રતિ.ની અવ્યાપ્તિ ભલે દૂર કરી પણ તેમ થતાં અતિવ્યાપ્તિ આવે છે.

જુઓ. **जलव्यापकवह्न्यभावकालिन जलवान् ह्रदः** એવો નિશ્ચયવિશિષ્ટનિશ્ચય પણ અનુમિતિ પ્રતિબંધક બને છે. પણ આ નિશ્ચય એ સત્પ્રતિપક્ષસ્વરૂપ નથી કેમકે સત્પ્રતિપક્ષ એ વ્યાપ્તિ ઘટિત હોય છે (હેતુવ્યાપકસાધ્યાભાવ-સામાનાધિકરણ્યવત્ હેતુમાન્ પક્ષઃ) અને તેથી જ તદ્વત્તાબુદ્ધિ પ્રતિ તદભાવવ્યાપ્યવત્તા બુદ્ધિ આ બનવાથી પ્રતિબંધક બની છે. હવે હેતુવ્યાપકસાધ્યાભાવનું સામાનાધિકરણ્ય હેતુમાં અવગાહિત ન કરીએ. અને માત્ર **हेतुव्यापक साध्याभावकालिन हेतुमान् पक्षः** એવું જ અવગાહન કરીએ તો આમાં વ્યાપ્ત્યંશ ન આવવાથી તે સત્પ્રતિ. રૂપ બનતો નથી. પણ હવે તમારું લક્ષણ તો આમાં અતિવ્યાપ્ત થઈ જાય છે. તમે કહ્યું છે કે સત્પ્રતિપક્ષઘટક તાદૃશદલદ્વય વિષયતાથી ભિન્ન વિશિષ્ટદ્વયવિષયતાથી શૂન્ય પ્રતીતિનો જે વિષય બને તે દોષ કહેવાય.

હવે અહીં તો સત્પ્રતિપક્ષમાં ઘટકીભૂત જે બે વિષયતા છે તે જ બે વિષયતા છે. ભલે અહીં વ્યાપ્ત્યંશ ઘટક નથી પણ **जलव्यापको वह्न्यभावः** અને **जलवान्ह्रदः** એ બેયની વિષયતા તો અહીં છે જ. એટલે આ વિષયતાથી ભિન્ન વિશિષ્ટદ્વયવિષયતા બીજી કોઈ બને એનાથી શૂન્ય પ્રતીતિનો વિષય આ જલવ્યાપકવહ્ન્યભાવકાલિન જલવાન્હ્રદ બની જાય એટલે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય. આમ 'ભિન્નત્વાદિ' નિવેશ કરીને ભલે તમે સત્પ્રતિ.ની અવ્યાપ્તિ દૂર કરી પણ આ અલક્ષ્યની વ્યાવૃત્તિ ન કરી શક્યા એટલે ફરી અતિવ્યાપ્તિ આવીને ઊભી રહી.

હવે તેમ થવાથી સત્પ્રતિપક્ષની અવ્યાપ્તિ દૂર કરવા તમે જે રસ્તો લીધો છે તે બરોબર નથી. માટે અમે તમને કહીશું કે સત્પ્રતિપક્ષનું આ સ્વરૂપ જ તમારે માનવું ન જોઈએ. તમે સત્પ્રતિપક્ષઘટિતવ્યાપ્તિને સિદ્ધાન્તલક્ષણી વ્યાપ્તિ લઈને આ સ્વરૂપ લીધું છે

તેથી તે વિશિષ્ટદ્વયઘટિત બની જતા 'ભિન્નત્વ' નિવેશ કરવો પડ્યો. પણ તમે સત્પ્રતિપક્ષઘટિતવ્યાપ્તિને પૂર્વપક્ષીયવ્યાપ્તિ લો તો સત્પ્રતિપક્ષનું જે સ્વરૂપ બનશે તે વિશિષ્ટદ્વયઘટિત જ નહિ બને. જુઓ. પૂર્વપક્ષની વ્યાપ્તિ-સાધ્યાભાવવદવૃત્તિત્વસ્વરૂપ છે. સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષ એ સત્પ્રતિ.નો આકાર છે. અર્થાત્ **साध्याभावाभाववद वृत्तित्वविशिष्टहेतुमान् पक्षः** એવો સત્પ્રતિ.નો આકાર થયો. અર્થાત્ વહ્ન્યભાવાભાવવદવૃત્તિત્વવિશિષ્ટ જલવાન્ હ્રદઃ એ સત્પ્રતિ. બને. હવે આ તો વિશિષ્ટદ્વયથી ઘટિત નથી જ, કેમકે અહીં 'જલ' પદ એક જ વાર આવે છે. **जलव्यापको वह्न्यभावः, जलवांश्च ह्रदः,** એ વિશિષ્ટદ્વયઘટિત કહેવાય કેમકે જલ એ વિશિષ્ટ બે વાર બનીને તેમાં રહે છે. પણ અહીં તો તેવું છે જ નહિ. એટલે હવે આ સત્પ્રતિપક્ષ વિશિષ્ટદ્વયાઘટિત જ રહ્યો એટલે તેમાં વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વ ચાલી જવાથી લક્ષણ અવ્યાપ્ત થવાનું નહિ અને તેથી તમારે 'ભિન્નત્વાદિ' નિવેશ કરવો જ નહિ પડે.

વળી જલવ્યાપકવહ્ન્યભાવકાલિક જલવાન્ હ્રદઃ જે નિશ્ચય છે તેમાં અતિવ્યાપ્તિ પણ નહિ જ રહે કેમકે તે તો વિશિષ્ટદ્વયથી ઘટિત જ છે.

આમ ઉભયત્ર આપત્તિઓ દૂર થઈ જાય છે. પણ અમે તમને હવે કહીશું કે જો આ રીતનું જ સત્પ્રતિપક્ષનું સ્વરૂપ માનવાનું આવશ્યક બને છે તો પછી હવે સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા જ લાઘવાત્ શા માટે માનવી ન જોઈએ ?

સત્પ્રતિ.નું પૂર્વોક્તસ્વરૂપ જ્યારે હતું ત્યારે અમે જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્નત્વનો નિવેશ કરેલો તેની અવ્યાપ્તિ તમે તે સ્વરૂપમાં આપી હતી. પણ હવે તો તે અવ્યાપ્તિ રહેવાની નથી કેમકે સત્પ્રતિપક્ષનું નવું સ્વરૂપ જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્ન જ છે એટલે સ્વરૂપ સં.રૂપ અવચ્છેદકતા માનવા પર હવે સત્પ્રતિપક્ષમાં અવ્યાપ્તિ સંભવતી જ નથી. એટલે અનતિરિક્તવૃત્તિત્વસ્વરૂપ એક પારિભાષિક અવચ્છેદકતા માનવામાં ગૌરવ હોવાથી લાઘવાત્ સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા જ તમારે માનવી જોઈએ.

આમ થવાથી **पाषाणमयत्ववत्पर्वतः** નિશ્ચય સ્થળે પણ સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતાવાદી અમને તમે અતિવ્યાપ્તિ દોષ આપી શકતા નથી કેમકે તે નિશ્ચય તો જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્ન નથી.

આ રીતે બધું સામઞ્જસ્ય આવી જવાથી સ્વરૂપ સં.રૂપ અવચ્છેદકતા જ લાઘવાત્ માનવી જોઈએ.

गादाधरी : एवमपि प्रकृतहेतुनिष्ठसाध्यव्यापकीभूताभाव-प्रतियोगित्वघटितस्य मतभेदेनासाधारण्यविरोधरूपस्य विषयतायाः पक्षधर्म्मिकप्रकृतहेतुमत्ताज्ञानवैशिष्ट्यावच्छिन्नप्रतिबन्धकतायामेवावच्छेद-कत्वात् प्रतिबन्धकतायां ज्ञानवैशिष्ट्यानवच्छिन्नत्वनिवेशासम्भवात् । दर्शितातिप्रसङ्गवारणाय च निरुक्तविशिष्टद्वयाघटितत्वस्यैव निवेशनीयत्वात् ।

ઉત્તર પક્ષ : જો જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્નત્વનો નિવેશ તમે કરશો તો અસાધારણ અને વિરોધમાં અવ્યાપ્તિ આવશે. જેઓ અસાધારણને સાધ્યાસામનાધિકરણ્ય રૂપ માને છે તેઓ વિરોધને હેતુનિષ્ઠ સાધ્યવ્યાપકીભૂતાભાવ પ્રતિયોગિત્વરૂપ માને છે અને જેઓ અસાધારણને હેતુનિષ્ઠ સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ રૂપ માને છે તેઓ વિરોધને સાધ્યાસામાનાધિકરણ્ય રૂપ માને છે.

આમ મતભેદેન વિરોધનો કે અસાધારણનો હેતુનિષ્ઠ સાધ્યવ્યાપકીભૂતાભાવ-પ્રતિયોગિત્વ આકાર બને. હવે હેતુમાં સાધ્યવ્યાપકીભૂતાભાવ પ્રતિ.ત્વનું જ્ઞાન જ અનુમિતિનું પ્રતિબંધક બની શકતું નથી, કેમકે તદ્વત્તાબુદ્ધિમાં તદભાવવત્તા કે તદભાવવ્યાપ્યવત્તા બુદ્ધિ જ પ્રતિબંધક બને. અહીં ઊભય નથી માટે તે પ્રતિબંધક બની શકે નહિ. માટે કહેવું જ જોઈએ કે પક્ષધર્મિક તાદેશજ્ઞાન પ્રતિબંધક બને. અથવા **साध्यव्यापकीभूताभावप्रतियोगित्वविशिष्टो हेतुः । हेतुमांश्च पक्षः** જ્ઞાન અનુમિતિપ્રતિબંધક કહેવું જ રહ્યું. (દા.ત. હ્રદો વહ્નિમાન્ જલાત્) **वह्निव्यापकीभूत-जलाभावप्रतियोगिजलं, जलवांश्च ह्रदः** જ્ઞાન પ્રતિબંધક બને. હવે આ જ્ઞાનમા વહ્નિવ્યાપકજલાભાવ ભાસિત થાય છે એનો અર્થ એ કે જલવ્યાપક વહ્ન્યભાવ ભાસિત થાય છે. એટલે વહ્ન્યભાવવ્યાપ્યજલવત્તા બુદ્ધિરૂપ આ જ્ઞાન હોવાથી તે પ્રતિબંધક બની જાય. હવે આ જ્ઞાન તો જ્ઞાનવૈશિષ્ટ્યાવચ્છિન્ન બની ગયું છે એટલે જ્ઞાનવૈ.નવચ્છિન્નત્વ તેમાં ન જતાં લક્ષણ અવ્યાપ્ત થાય છે.

આમ જ્ઞાનવૈ.અનવચ્છિન્નત્વનો નિવેશ તમે કરી શકતા નથી. વહ્ન્યભાવવજ્જલવદ્વૃત્તિજલવદ્ હ્રદ સ્થલીય જે અતિવ્યાપ્તિ અમને આપી હતી તેનું વારણવિશિષ્ટદ્વયાઘટિતત્વ નિવેશથી જ થઈ જાય છે. માટે તેનો જ નિવેશ કરવો જોઈએ

જેનાથી આ વિરોધ-અસાધારણ સ્થલીય અવ્યાપ્તિ પણ ન આવે. (વિરોધ-અસાધારણ એ વિશિષ્ટદ્વયાઘટિત જ છે માટે.)

<u>गादाधरी</u> : न च पक्षवृत्तित्वविशेषितं प्रकृतहेतुनिष्ठसाध्यव्यापकीभूताभावप्रतियोगित्वमेवासाधारण्यादिरूपं वाच्यम्, पक्षवृत्तित्वाघटितविशिष्टविषयताया अप्रतिबन्धकज्ञानसाधारणतया प्रतिबन्धकतानवच्छेदकत्वात् तादृशस्य चासाधारण्यादेः पक्षवृत्तित्वविशिष्टप्रकृतहेतुसाध्यव्यापकाभावप्रतियोगित्वविशिष्टप्रकृतहेत्वादिरूपनिरुक्तविशिष्टद्वयघटिततया निरुक्त-विशिष्टद्वयाघटितत्वनिवेशोऽपि न सम्भवतीति वाच्यम्,

પૂર્વપક્ષ : જુઓ. વિરોધ અસાધારણનું લક્ષણ હેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ માત્ર તમે કરો છો તો તે બરોબર નથી. કેમકે અપ્રતિબંધકજ્ઞાન પણ આવું હોઈ શકે છે અને તેથી ત્યાં પ્રતિબંધકતાતિરિક્તવૃત્તિવિષયકતા જતાં અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા જે તમે માનો છો તે ન મળતાં અહીં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવે. એટલે એને દૂર કરવા માટે તમારે પક્ષવૃત્તિત્વ વિશિષ્ટ પ્રકૃતહેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વને દોષ કહેવો જ જોઈએ. હવે આમ થતાં એનો આકાર વિશિષ્ટદ્વયઘટિત જ બની ગયો. પક્ષવૃત્તિત્વવિશિષ્ટપ્રકૃતહેતુ સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ-વિશિષ્ટપ્રકૃતહેતુ આ બે વિશિષ્ટદ્વયથી ઘટિત વિરોધ-અસાધારણ બની ગયા. અને તેથી તમારું લક્ષણ તેમાં અવ્યાપ્ત થાય છે.

અમારે અહીં અવ્યાપ્તિ આવે તેમ નથી. કેમકે અમે તો સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા માનીએ છીએ. એટલે અપ્રતિબંધકજ્ઞાનમાં પ્રતિબંધકતાતિરિક્તવૃત્તિવિષયકતા રહેવા છતાં ય અમારે તે આપત્તિના ભયથી તમારે કરવો પડતો નિવેશ કરવાનો નથી અને તેથી વિરોધ-અસાધારણનું પ્રકૃતહેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ રૂપ જ લક્ષણ રહેવાનું અને તેથી તે જ્ઞાનવૈ.થી અનવચ્છિન્ન હોવાથી એમાં લક્ષણ સમન્વય થઈ જ જવાનો અને આ જ જ્ઞાનવૈ.અનવચ્છિન્નત્વ નિવેશથી પાષાણમયત્વવત્પર્વત જ્ઞાનસ્થલીય અતિવ્યાપ્તિ પણ દૂર થઈ જવાની.

માટે વિશિષ્ટદ્વયાઘટિતત્ત્વનિવેશ કરવા છતાં તમને અવ્યાપ્તિ રહે છે માટે તે નિવેશ કરી શકાય નહિ અને તેથી જ્ઞાનવૈ.અનવચ્છિન્નત્વ નિવેશથી જ અહીંની આપત્તિ દૂર

કરવી જોઈએ. આમ થતાં પાષાણમયત્વવત્પર્વત સ્થલીય અતિવ્યાપ્તિ પણ દૂર થઈ જાય છે માટે નિર્દુષ્ટ એવી સ્વ.સંબંધરૂપ અવચ્છેદકતા જ લાઘવાત્ માનવી જોઈએ.

<u>गादाधरी</u> : पक्षवृत्तित्वाघटितविशिष्टस्यैवासाधारण्यादिरूपताया 'विरोधोऽपि फलतः प्रतिरोध एव तदन्यत्वेन वा विरोधि विशेषणीयमिति' पंक्तिव्याख्यानावसरे सम्पादनीयत्वात् ।

ઉત્તર પક્ષ : પક્ષવૃત્તિત્વઘટિત અમે વિરોધ-અસાધારણનું લક્ષણ જ નથી માનતાં. અને તેથી તેમાં વિશિષ્ટદ્વયાઘટિતત્વ આવી જવાથી અવ્યાપ્તિ નથી રહેતી.

પૂર્વપક્ષ : અમે તમને પહેલાં જ કહ્યું છે કે વિરોધ-અસાધારણનું સ્વરૂપ જો હેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વમાત્ર જ કહેશો તો તે અપ્રતિબંધકજ્ઞાન-સાધારણ હોવાથી અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા ન મળે. હવે જો તમે તેવું વિલક્ષણસ્વરૂપ નહિ જ માનો તો તમને અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા ત્યાં નહિ મળે એટલે તત્પ્રયુક્ત અવ્યાપ્તિનું શું કરશો ?

ઉત્તરપક્ષ : विरोधोऽपि फलतः प्रतिरोधः एव એવી સવ્યભિચાર ગ્રન્થની પંક્તિનું વ્યાખ્યાન કરતાં કરતાં ત્યાં જે હકિકતનું સંપાદન કર્યું છે તેનાથી જ અમે ઉક્તાપત્તિ દૂર કરશું. ત્યાં કહ્યું છે કે **यथोक्तविशिष्टद्वयाघटित-यद्रूपावच्छिन्नविषयकनिश्चयत्वव्यापकः प्रकृतानुमिति-अप्रतिबंधकत्व-पक्षधर्मिकहेतुमत्ताज्ञानकालीनत्व एतदुभयाभावः तद्रूपरूपवत्वमेव हेत्वाभासत्वं** હવે પ્રસ્તુતમાં જો વિરોધનિશ્ચય પક્ષવૃત્તિત્વવિશિષ્ટ હેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ જ્ઞાનાત્મક હોય તો ત્યાં તે તો અનુમિતિ પ્રતિબંધક બની જ જાય એટલે ત્યાં પક્ષધર્મિકહેતુમત્તાજ્ઞાન હોવા છતાં પ્રકૃતાનુમિત્યપ્રતબંધકત્વ ન મળે એટલે ઉભયાભાવ રહી જતાં તાદૃશવિરોધનિશ્ચયત્વ-વ્યાપક તે ઉભયાભાવ બની ગયો એટલે લક્ષણ સમન્વય થઈ ગયો.

હવે જ્યારે પક્ષવૃત્તિત્વવિશિષ્ટનિશ્ચયકાલીન હેતુનિષ્ઠસાધ્યવ્યાપકીભૂતાભાવ પ્રતિયોગિત્વ નિશ્ચય ન મળે ત્યારે તે અનુમિતિપ્રતિબંધક ન બનવાથી તેમાં અનુમિત્યપ્રતિબંધકત્વ હોવા છતાં ત્યાં પક્ષધર્મિકહેતુમત્તાજ્ઞાનનો અભાવ છે માટે ઊભયાભાવ રહી જતાં તે વિરોધનિશ્ચયત્વવ્યાપક બની જ ગયો. આથી તદ્રૂપાવચ્છિન્ન-વિરોધ એ દોષ બની જતાં લક્ષણ સમન્વય થઈ જાય છે.

આ રીતે વિશિષ્ટદ્વયાઘટિતત્વનો નિવેશ કરવા પર કોઈ આપત્તિ ન હોવાથી સામઞ્જસ્ય આવી જાય છે માટે તે જ બરોબર છે. જ્ઞાનવૈશિષ્ટ્યાનવચ્છિન્નત્વનો નિવેશ કરીને સ્વરૂપ સં.રૂપ અવચ્છેદકતા માની લેવાથી વિરોધ-અસાધારણમાં અવ્યાપ્તિ ઊભી જ રહે છે.

આટલી ચર્ચા બાદ નક્કી થયું કે અનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકતા જ માનવી જોઈએ.

<u>गादाधरी</u> : नन्वनतिरिक्तवृत्तित्वरूपावच्छेदकत्वनिवेशेऽपि व्यभिचारादिघटितपदार्थान्तरेऽतिव्याप्तिस्तिद्वषयकत्वस्यापि प्रतिबन्धकतानतिरिक्तवृत्तित्वादत आह विशेषणीयञ्चेति ।

<u>दीधिति</u> : विशेषणीयञ्च तादृशविशिष्टान्तराघटितत्वेन ।

<u>गादाधरी</u> : तादृशलक्षणमितिशेषः । तादृशविशिष्टेति । अनुमिति-प्रतिबन्धकतायां यद्रूपावच्छिन्नविषयकत्वमवच्छेदकं तद्रूपावच्छिन्नेत्यर्थः ।

પ્રશ્ન - અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતાનો નિવેશ કરવા છતાં ય વ્યભિચારઘટિત મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં અતિવ્યાપ્તિ આવે. મેયત્વવિશિષ્ટવ્યભિચાર એ અલક્ષ્ય છે છતાં ય ત્યાં પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકત્વ રહે છે એટલે અતિવ્યાપ્તિ તો છે જ. એ જ રીતે મેયત્વવિશિષ્ટબાધાદિમાં અતિવ્યાપ્તિ સમજવી.

ઉત્તર : એને દૂર કરવા કહ્યું કે વિશિષ્ટાન્તરાઘટિતત્ત્વનો નિવેશ કરી લેવો. વ્યભિચાર એ વિશિષ્ટ (સાધ્યાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટો વ્યભિચારઃ) અને મેયત્વવિશિષ્ટવ્યભિચાર એ વ્યભિચાર રૂપ વિશિષ્ટાન્તરથી ઘટિત જ છે માટે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત ન થાય.

ઉપર આપણે વિશિષ્ટ-અન્તર અને અઘટિતનો પરિષ્કાર જોઈ ગયા છીએ. અહીં પણ તે જ કહે છે. અને સાથે સાથે પદવ્યાવૃત્તિ પણ બતાવે છે. તાદશવિશિષ્ટ એટલે અનુમિતિપ્રતિબંધક્તાનતિરિક્તવૃત્તિ-વિષયતાવચ્છેદક.

<u>गादाधरी</u> : व्यभिचारत्वाद्यवच्छिन्नस्य व्यभिचारत्वादिरूपतादृश-रूपावच्छिन्नघटितत्वादसम्भव इत्यतोऽन्तरेति ।

પ્રશ્ન : વિશિષ્ટાઘટિત એટલું જ કહે તો શું વાંધો ? કેમકે 'વ્યભિચાર' રૂપ વિશિષ્ટથી

મેયત્વવિશિષ્ટ વ્યભિચાર અઘટિત નથી માટે અતિવ્યાપ્તિ દોષ દૂર થઈ જ જવાનો છે.

ઉત્તર : ના, 'અન્તર' પદ ન લઈએ તો વ્યભિચારાદિ રૂપ વિશિષ્ટ પોતાનાથી જ ઘટિત બની જતાં શુદ્ધ વ્યભિચારાદિમાં જ અવ્યાપ્તિ (અસંભવ) આવી જાય. એટલે હવે શુધ્ધ વ્યભિચાર એ વિશિષ્ટાન્તરથી તો ઘટિત નથી જ માટે તેમાં લક્ષણ અવ્યાપ્ત ન થાય.

<u>गादाधरी</u> : स्वावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकावच्छिन्नार्थकम्, अतः शुद्धव्यभिचारादेर्मेयत्वविशिष्टव्यभिचाराद्यभिन्नत्वेऽपि न क्षतिः ।

હવે આ અન્તરપદનો અર્થ ગદાધર ખુદ કહે છે. સ્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદકાવચ્છિન્ન. હવે જો આમ 'અવચ્છિન્નત્વ' પદ ન કહે અને સ્વાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક કહેત તો તો શુદ્ધવ્યભિચાર અને મેયત્વવિશિષ્ટવ્યભિચાર સ્વરૂપ જ છે માટે બે ય અભિન્ન બની જાય અને તેમ થતાં મેયત્વવિશિષ્ટવ્યભિચારા-વિષયકપ્રતીતિ 'વ્યભિચારઃ' એવી પ્રતીતિ ન થાય. પણ વ્યભિચારવિશિષ્ટમેયત્વ થાય. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષય-તાવચ્છેદક મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વ બની જતાં તે વિશિષ્ટાન્તરાઘટિત બની જાય એટલે ફરી અતિવ્યાપ્તિ આવે.

હવે સ્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદકં અન્તરત્વં કહ્યું એટલે મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતા-વચ્છેદક વ્યભિચારત્વ બની જ શકે છે-તેમ થતાં તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક મેયત્વવિ.વ્યભિચારત્વ નથી બનતું માટે તે વિશિષ્ટાન્તરાઘટિત ન બનતાં લક્ષણ તેમાં અતિવ્યાપ્ત નહિ થાય.

<u>गादाधरी</u> : तदघटितत्त्वं तदविषयकप्रतीतिविषयत्वम्, एवञ्चानुमितिप्रतिबन्धकतायां यादृशरूपावच्छिन्नविषयकत्वमवच्छेदकं तादृशं यत्स्वावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं यत् तदवच्छिन्नत्वं समुदितार्थः । यद्रूपावच्छिन्ने लक्षणं सङ्गमनीयं तदेव स्वपदार्थः ।

અઘટિતત્વં : तदविषयकप्रतीतिविषयत्वम् (અથવા तदवच्छि-न्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं)

આમ વિશિષ્ટાન્તરાઘટિતત્વનો સમુદિતાર્થ આ થયો. अनुमितिप्रतिबन्धकतायां यादृशरूपावच्छिन्नविषयकत्वमवच्छेदकं तादृशं यत्स्वावच्छिन्नाविषयक-

प्रतीतिविषयतावच्छेदकं तदवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं यत् तदवच्छिन्नत्वम् ।

જેમાં લક્ષણ લઈ જવું હોય તેને જ સ્વપદાર્થ બનાવવો.

<u>गादाधरी</u> : भवति हि व्यभिचारत्वाद्यवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकीभूता ये बाधत्वादयस्तदवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं व्यभिचारत्वादीति तदवच्छिन्ने लक्षणसङ्गतिः ।

પૂર્વે આપણે લક્ષણનો પરિષ્કાર કરીને જે સંગતિ કરી છે ત્યાં જે લક્ષ્યમાં લક્ષણ લઈ જવું હોય તે લક્ષ્યને સ્વપદથી તો પકડ્યું જ હતું પણ ત્યારબાદ તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક તરીકે તે જ લક્ષ્યનું ઊલટું સ્વરૂપ આપણે લીધું હતું, કેમકે તેના સિવાય તો બીજું લઈએ તો તે પછી અનુમિતિપ્રતિબંધકતાનતિ-રિક્તવૃત્તિવિષયતાવચ્છેદક બની શકે નહિ.

હવે આ તો લક્ષણનો અંતિમ નિષ્કર્ષ આપણે જોઈ ગયા હતા. હમણાં તો ગદાધર લક્ષ્ય હોય તેનાથી ઊલટું રૂપ તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક તરીકે નથી લેતાં પણ ત્યાં વ્યભિચાર લક્ષ્ય સ્થળે બાધાદિને લે છે કેમકે બાધાદિ પણ અનુમિતિપ્રતિબંધકતા-નતિરિક્તવિષયતાવચ્છેદક તો બને જ છે.

છતાં ય 'પ્રકૃતાનુમિતિ' કહ્યું છે એટલે પ્રશ્ન થાય કે **पर्वतो धूमवान् वह्नेः** સ્થળે વ્યભિચાર-અવિષયક બાધાદિ તો કેમ લેવાય ? કેમકે તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધક જ નથી. તેના ઉત્તરમાં સમજવું કે આવું સ્થળ તો તે જ પકડાય જ્યાં વ્યભિચાર અને બાધ ઊભય દોષ રહેલા હોય. દા.ત. **अयोगोलकं धूमवद् वह्नेः** અહીં ધૂમાભાવવદ્વૃત્તિત્વવિ. વહ્નિત્વ રૂપવ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક રૂપ ધૂમાભાવવદયોગોલકત્વરૂપ બાધ છે. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક યત્ સ્વં તાદશવ્યભિચારત્વં, તદવચ્છિન્નવિષયક-નિશ્ચયત્વવ્યાપકતા '**अयोगोलकं धूमवद् धूमव्याप्यवह्निमच्च**' ઈત્યાકારક સમૂહાલં.રૂપ અનુમિતિપ્રતિબંધકતામાં છે જ એટલે વ્યભિચારત્વાવચ્છિન્ન વ્યભિચાર દોષ બન્યો.

આ જ રીતે **ह्रदो वह्निमान् धूमात्** સ્થળે - વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નાવિષયક-

પ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિ પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ-વિષયતાવચ્છેદક ધૂમાભાવવદ્હ્રદ રૂપ સ્વરૂપાસિદ્ધિ બને. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક તાદૃશબાધત્વ બને. આમ તેમાં લક્ષણસમન્વય થઈ જાય.

હા, જ્યાં માત્ર વ્યભિચાર દોષ હોય કે માત્ર બાધ દોષ હોય ત્યાં તદવચ્છિન્ના-વિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ વિષયતાવચ્છેદક રૂપ બાધત્વ ન પડે એટલે ત્યાં જે દોષ હોય તેનું ઊલટું સ્વરૂપ તેવું લઈ લેવું. અર્થાત્ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિરૂપ વ્યભિચાર સ્થળે તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષય-તાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતા-નાતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક તરીકે વહ્નિવૃત્તિત્વવિશિષ્ટ ધૂમાભાવવદ્વૃત્તિત્વત્વ બની જાય. અર્થાત્ આ વિશિષ્ટાન્તર બને એનાથી અઘટિત તે શુદ્ધ વ્યભિચાર બને એટલે તેમાં લક્ષણ સંગતિ થઈ જાય.

<u>गादाधरी</u> : मेयत्वविशिष्टव्यभिचारत्वादेः स्वावच्छिन्नाविषयक-प्रतीतिविषयतावच्छेदकव्यभिचारत्वाद्यवच्छिन्नाविषयकप्रतीति-विषयतावच्छेदकत्वाभावान्न तदवच्छिन्नेऽतिव्याप्तिः ।

મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં હવે અતિવ્યાપ્તિ ન આવે કેમકે મેયત્વવિ. વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતા-નતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક વ્યભિચારત્વ બને. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતા-વચ્છેદક મેયત્વવિ.વ્યભિચારત્વ નથી જ એટલે તેમાં વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદકત્વ ન રહેતા તદભાવ રહી ગયો એટલે તે વિશિષ્ટાન્તરાઘટિત ન બનતા તેમાં અતિવ્યાપ્તિ ન આવી.

<u>गादाधरी</u> : मेयत्वविशिष्टव्यभिचारादेरपि मेयत्वादिना व्यभिचारत्वा-द्यवच्छिन्नाविषयकप्रतीतिविषयत्वात्तद्दोषः स्यादतस्तादृशरूपा-श्रयधर्म्मिणं तदवच्छिन्नाविषयकप्रतीतिविषयत्वेनाविशिष्य स्वमेव तादृशविषयतावच्छेदकत्वेन विशेषितम् ।

હવે અઘટિતત્વનું લક્ષણ કહ્યું છે કે તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદકત્વં - જો અહીં તાદૃશપ્રતીતિવિષય જ કહે અર્થાત્ તાદૃશપ્રતીતિવિષયતાવચ્છેદક ન કહે તો

ફરી મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં અતિવ્યાપ્તિ આવે.

વિશિષ્ટાન્તર તરીકે વ્યભિચાર આપણે કહ્યો છે એટલે તદ્થી વ્યભિચારત્વ અહીં લેવાય. વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિ **'प्रमेयं'** એવી પણ થાય. તેનો વિષય બધા જ બને એટલે પ્રમેયત્વ વિશિષ્ટવ્યભિચાર પણ બને. આમ તે પ્રમેયત્વવિ.વ્યભિચારત્વ-સ્વરૂપ તાદૃશરૂપાશ્રય પ્રમેયત્વવિ.વ્યભિચાર આત્મકધર્મી પોતે જ તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિનો વિષય બન્યો. અર્થાત્ તદવચ્છિન્નાવિષયકપ્રતીતિના વિષયનું વિશેષણ ધર્મી પ્રમેયત્વવિ. વ્યભિચાર બની ગયો એથી અતિવ્યાપ્તિ આવી.

હવે મેયત્વવિ.વ્યભિચારત્વાશ્રય ધર્મીને વિશેષણ ન બનાવતાં મેયત્વવિ. વ્યભિચારત્વને જ ('સ્વ' ને જ) વિશેષણ બનાવ્યું એટલે કે તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક જે મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વ લેવાનું કહ્યું તે તો સંભવતું નથી. જો કે વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક મેયત્વવિ.વ્યભિચારત્વ છે જ નહિ. આમ થતાં તેમાં વિશિષ્ટાન્તરાઘટિતત્વ ન જતાં લક્ષણની અતિવ્યાપ્તિ ન આવે.

<u>गादाधरी</u> : मेयत्वविशिष्टव्यभिचारत्वाद्याश्रयाविषयकत्वस्य व्यभिचारत्वाद्यवच्छिन्नविषयकप्रतीतौ दुर्घटत्वात्तद्दोषः स्यादतः स्वाश्रयाविषयकत्वमुपेक्ष्य स्वावच्छिन्नाविषयकत्वनिवेशः ।

'વિશિષ્ટત્વ' લક્ષણમાં જો સ્વાશ્રયાવિષયક પ્રતીતિવિષયતાવચ્છેદક કહે તો ફરી તે જ અતિવ્યાપ્તિ આવત.

વ્યભિચારત્વાશ્રય=શુદ્ધ વ્યભિચાર બને તેમ મેયત્વવિશિષ્ટવ્યભિચાર પણ બને. એટલે સ્વાશ્રયાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક બાધત્વાદિ બની જ જાય. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક પ્રમેયત્વવિ.વ્યભિચારત્વ બની જતાં તેમાં વિશિષ્ટાન્તરાઘટિતત્વ આવતાં લક્ષણની અતિવ્યાપ્તિ થાય.

<u>गादाधरी</u> : स्वावच्छिन्नाविषयकप्रतीतिविषयवृत्तित्वस्य तादृशधर्मविशेषणत्वे व्यभिचारत्वादेरपि मेयत्वादिना व्यभिचारत्वाद्यवच्छिन्नाविषयकप्रतीतिविषये व्यभिचारादौ वर्तमानत्वादसम्भव इत्यतस्तादृशविषयतावच्छेदकत्वेन धर्मो विशेषितः ।

પ્રશ્ન : વિશિષ્ટાંશમાં સ્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક કહેવાને બદલે

તાદૃશવિષયવૃત્તિત્વ કહે તો ? વિષયતાવચ્છેદક એ વિષયવૃત્તિ જ હોય છે ને ?

ઉત્તર : તેમ થતાં સર્વત્ર અસંભવ આવે. વ્યભિ.માં લક્ષણ આપણે જોઈએ. સ્વ-વ્યભિચારત્વ, તદવચ્છિન્નાવિષયકપ્રતીતિ **मेयं** એ પ્રતીતિ। તદ્વિષય વ્યભિચાર બને તેમાં વ્યભિચારત્વ વૃત્તિ છે તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક પણ છે. આવું જે વ્યભિચારત્વ એ તદવચ્છિન્નાવિષયક પ્રતીતિવિષયતાવચ્છેદક નથી માટે તે વિશિષ્ટાન્તરાઘટિત ન બન્યું. આ રીતે અન્યત્ર પણ અસંભવ યોજવો.

આ આપત્તિ દૂર કરવા વિશિષ્ટાંશમાં તાદૃશવિષયતાવચ્છેદક કહ્યું તેમ થતાં **मेयं** પ્રતીતિવિષયતાવચ્છેદક મેયત્વ જ બને હવે તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્ત-વૃત્તિવિષયતાવચ્છેદક નથી જ. માટે તેને પકડાય જ નહિ. આમ અસંભવ દોષ ન આવે.

<u>गादाधरी</u> : प्रमेयं गगनवद्वाच्यत्वादित्यादौ व्यभिचारत्वाद्यवच्छिन्ना-विषयकप्रतीतिविषयतावच्छेदकं यद् गगनाभाववन्मेयत्वादि तदाश्रयाविषयकप्रतीत्यप्रसिद्ध्या व्यभिचारादौ तादृशप्रतीतिविषयत्वस्य दुस्सपादतयाऽव्याप्तिरतस्तदवच्छिन्नाविषयकत्वनिवेशः ।

પ્રશ્ન : અઘટિતત્વાંશમાં તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક ન કહેતા તદાશ્રયાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક કહે તો ?

ઉત્તર : प्रमेयं गगनवद्वाच्यत्वात् અહીં વ્યભિચારમાં અવ્યાપ્તિ આવે. ગગન કોઈમાં વૃત્તિ નથી એટલે સઘળા ય પ્રમેય ગગનાભાવવત્ છે આથી અહીં બાધ દોષ પણ રહેલો છે.

હવે આપણે લક્ષણ જોઈએ.

વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક ગગનાભાવવત્ પ્રમેયત્વ બને. તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક પણ છે. હવે આવા ગગનાભાવવદ્પ્રમેયત્વાશ્રયાવિષયકપ્રતીતિ જ અપ્રસિદ્ધ હોવાથી અઘટિતત્વાંશ તેમાં ન માનતાં લક્ષણ અવ્યાપ્ત થયું. હવે અઘટિતત્વાંશમાં 'અવચ્છેદકત્વ'નો નિવેશ કરતાં આ અવ્યાપ્તિ દૂર થાય છે. ગગનાભાવવદ્મેયત્વાવચ્છિન્નાવિષયક પ્રતીતિ 'व्यभिचारः' એવી પ્રતીતિ જરૂર બની શકે. (व्यभिचारत्वेन व्यभिचारः પ્રતીતિ તાદૃશમેયત્વ-અવિષયક છે જ.)

गादाधरी : अत्र च तादृशविशिष्टान्तराविषयकप्रतीतिविषयतावच्छेदकत्वस्य दोषतावच्छेदकधर्मे विशेषणतापेक्षया ज्ञानस्येत्यत्र ज्ञानपदार्थे तादृशविशिष्टान्तराविषयकत्वनिवेश एवोचितः ।

एवञ्च निष्कृष्टवक्ष्यमाणकल्पे यद्विषयकनिश्चयस्येत्यत्र निश्चय एव तन्निवेश्यं लाघवादित्यवधेयम् ।

હવે આ અઘટિતત્વાંશમાં 'વિષયતાવચ્છેદકત્વ'નો નિવેશ કરેલો છે તે દૂર કરી દેવો જોઈએ એમ ગદાધર કહે છે. તેનું કહેવું એ છે કે તદવચ્છિન્નાવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદેન દોષતાવચ્છેદક બનાવવું અર્થાત્ યદ્રૂપનું તેને વિશેષણ કરવું, એના કરતાં દોષવિષયકજ્ઞાનનું વિશેષણ જ તાદશવિષયકત્વને કરવું જોઈએ. અર્થાત્ તદવચ્છિન્નાવિષયક જે અનાહાર્ય....નિશ્ચય એમ કહેવું જોઈએ. એમાં કોઈ આપત્તિ આવતી નથી માટે આવો લઘુ નિવેશ જ કરવો જોઈએ.

આગળ ઉપર **अत्र वदन्ति** સ્થળે જે નિષ્કર્ષરૂપ લક્ષણ મૂકવામાં આવશે ત્યાં પણ (દીધિતિની પંક્તિમાં) નિશ્ચયમાં જ 'વિશિષ્ટાન્તરાઘટિત' ને જ લાઘવાત્ વિશેષણ તરીકે લઈ લેવું.

गादाधरी : अथ धूमव्यभिचारिवह्निमान् धूमवान् वह्नेरित्यादौ बाधादेर्व्यभिचारादिघटिततया तत्राव्याप्तिः ।

પ્રથમ પૂર્વપક્ષ : તમારું આ રીતે લક્ષણ થવા છતાં પણ હજુ વ્યભિચારઘટિતબાધ સ્થળે અવ્યાપ્તિ આવે છે. **धूमव्यभिचारीवह्निमान्, धूमवान् वह्नेः** સ્થળે ધૂમાભાવવદ્ધૂમ-વ્યભિચારિવહ્નિમત્ત્વ બાધ છે. આમાં 'ધૂમવ્યભિચારવહ્નિ' રૂપ વ્યભિચાર ઘટક છે.

હવે તાદશબાધત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક ધૂમાભાવવદ્વૃત્તિત્વ-વિશિષ્ટવહ્નિત્વરૂપ વ્યભિ. બને.

તે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક છે જ. પણ વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદકબાધત્વ ન બનતાં તેમાં લક્ષણ અવ્યાપ્ત થયું.

गादाधरी : न च यद्रूपावच्छिन्नविषयकत्वं स्वावच्छिन्नविषयकत्वा-वच्छिन्नप्रतिबन्धकतासामान्यावच्छेदकं तादृशरूपान्तरा-वच्छिन्ना-घटितत्वस्य विवक्षितत्वान्न दोषः, व्यभिचारस्य उक्तबाधविषयकत्वान्यू-नवृत्तिव्याप्तिज्ञानप्रतिबन्धकतावच्छेदकविषयिताकत्वेऽपि तादृश-बाधविषयकत्वाऽन्यूनवृत्तिप्रतिबन्धकतासामान्यान्तर्गतानुमिति-प्रतिबन्धकतावच्छेदकविषयिताकत्वविरहेण तादृशघटितत्वस्याकिञ्चि-त्करत्वादिति वाच्यम्,

द्वितीय पूर्वपक्ष : (आने **न च चतुष्टय** कहे छे. आ पहेलुं **न च** छे.) आ आपत्ति दूर करवा विशिष्टांशमां थोडो फेरफार करवो जोईए. तेमां प्रकृतानुमितिप्रतिबंधकता-नतिरिक्तवृत्तिविषयतावच्छिन्न कह्युं छे तेने बदले स्वावच्छिन्नविषयकत्वावच्छिन्न-प्रतिबंधकता सामान्यावच्छेदकीभूता या विषयिता तदवच्छेदकं कहेवुं जोईए. हवे आम थतां बाधत्वावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदक व्यभिचारत्व बन्युं छे पण ते उक्त स्वरूप नथी. (स्व=बाधत्व) बाधत्वावच्छिन्नबाधविषयकत्वअवच्छिन्नप्रतिबंधकता-सामान्यमां अनुमितिनिरूपित प्रतिबंधकता आवे तेम व्याप्तिज्ञाननिरूपिता प्रतिबंधकता पण आवे (केमके आ बाध व्यभिचारघटित छे.) आ प्रतिबंधकतासामान्यनी अवच्छेदकीभूत विषयितानो अवच्छेदक व्यभिचारत्व नथी ज केमके प्रतिबंधकतासामान्यान्तर्गत अनुमितिप्रतिबंधकता पण छे तेनी विषयतानो अवच्छेदकव्यभिचारत्व न बनी शके. आम थतां ते 'विशिष्टान्तर' ज न बन्यो एटले भलेने तेनाथी घटित बाध होय तो तेमां वांधो शुं छे ? विशिष्टान्तर जे बने तेनाथी अघटित तो बाध छे ज.

गादाधरी : व्यभिचारत्वादिविशिष्टविषयकत्वावच्छिन्नप्रतिबन्धकता-सामान्यावच्छेदकविषयितानिरूपकतावच्छेदकस्य तदवच्छिन्नाविषयक-प्रतीतिविषयतावच्छेदकस्याप्रसिद्ध्याऽसम्भवात्, व्यभिचारत्व-मेयत्वविशिष्टव्यभिचारत्वादेरेव तथाविधविषयितानिरूपकता-वच्छेदकत्वात्, तस्य च व्यभिचारत्वाद्यवच्छिन्नाविषयकप्रतीति-

विषयतावच्छेदकत्वाभावात् ।

પ્રથમ પૂર્વપક્ષ : તેમ કહેશો, તો અસંભવ દોષ જ આવશે. જુઓ. વ્યભિચારમાં આપણે લક્ષણ લઈ જવું છે. એટલે વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક બાધત્વ બને. પણ આ સ્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂતવિષયતાવચ્છેદક તો નથી, કેમકે બાધ તો અનુમિતીયપ્રતિબંધકતાવચ્છેદકીભૂત વિષયતાવચ્છેદક બને.

હવે વ્યભિચારત્ત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્ન પ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂતવિષયતાવચ્છેદક મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વ જરૂર બને પણ તે વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક બનતું નથી. આમ વિશિષ્ટ જે બને તે અન્તર ન બને. અન્તર બને તો તે વિશિષ્ટ ન બને. એટલે કોઈ વિશિષ્ટાન્તર જ ન બનતાં તત્પ્રયુક્ત અસંભવ દોષ આવી જાય.

<u>गादाधरी</u> : न च स्वावच्छिन्नविषयकत्वावच्छिन्नप्रतिबन्धकता-सामान्यावच्छेदकविषयितानिरूपकतावच्छेदकः कश्चित् स्वावच्छिन्ना-विषयकप्रतीतिविषयतावच्छेदको यस्य एवंभूतं यद्यत्स्वं 'प्रमेयत्वविशिष्टव्यभिचारत्वादि' तदवच्छिन्नाविषयकप्रतीतिविषयता-वच्छेदकत्वस्य विवक्षणीयतया न दोष इति वाच्यम्,

દ્વિતીય न च : વ્યભિચારઘટિતબાધ સ્થળની અવ્યાપ્તિ દૂર કરવા માટે પ્રથમ न च કલ્પે જે આયાસ કર્યો તેમાં અસંભવ દોષ આવ્યો અને અવ્યાપ્તિ દૂર ન થઈ. હવે આ દ્વિતીય 'न च' કલ્પ અસંભવ દોષને આવવા દેતો નથી.

આ કલ્પમાં સ્વ પદથી જે દોષતાનવચ્છેદક હોય તેને પકડવાનું છે. (પૂર્વે તો દોષતાવચ્છેદકને જ પકડતા હતા.) स्वावच्छिन्नविषयकत्वा-वच्छिन्नप्रतिबंधकता-सामान्यावच्छेदकीभूतविषयितावच्छेदकः कश्चित् स्वावच्छिन्नविषयकप्रतीति-विषयतावच्छेदको यस्य एवंभूतं यत्स्वं, तदवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं विशिष्टान्तराघटितं. વ્યભિચારમાં લક્ષણ લઈ જવું છે તો દોષતાવચ્છેદક વ્યભિ.ત્વ બને. તદતિરિક્ત મેયત્વવિ.વ્યભિચારત્વ બને. તેને બધે સ્વપદથી લેવો જોઈએ. મેયત્વવ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતાસામાન્યાવચ્છેદકીભૂત-

વિષયિતાવચ્છેદક કશ્ચિત્=વ્યભિચારત્વ બને. તે પ્રમેયત્વવિશિષ્ટ વ્યભિ.ત્વાવચ્છિન્ન-અવિષયક પ્રતીતિવિષયિતાવચ્છેદક પણ છે. એ છે જેનું તેવું મેયત્વવિ.વ્યભિ.ત્વ બને. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારત્વ બનતાં તે વિશિષ્ટાન્તરાઘટિત બન્યું. પૂર્વે અહીં આ રીતે લેતાં અસંભવ આવતો હતો તે અહીં ન રહ્યો. અને તેથી લક્ષણ સમન્વય થયો. હવે આ રીતે લેતાં અવ્યાપ્તિ પણ દૂર થઈ જાય છે. તે પણ જોઈ લઈએ.

ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારવહ્નિમત્વ એ દોષતાવચ્છેદક છે. એટલે સ્વપદથી તેને ન લેવાય પણ દોષતાનવચ્છેદકરૂપ મેયત્વવિશિષ્ટ ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ પકડાય. મેયત્વવિ.ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્ન-પ્રતિબંધકતાસામાન્યાવચ્છેદકીભૂતવિષયતાવચ્છેદક ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ બને. તે મેયત્વવિ. ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્નાવિષયક પ્રતીતિવિષયતાવચ્છેદક પણ છે. આ છે અવચ્છેદક (ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિ-વહ્નિમત્વાવચ્છિન્નાવિષયક મેયત્વવિ... તાદશવહ્નિમત્ત્વ નથી. પણ મેયત્વવિ. ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્વાવચ્છિન્નાવિષયક ધૂમાભાવવદ્ધૂમ-વ્યભિચારિવહ્નિમત્વ તો છે) જેનું તે મેયત્વવિશિષ્ટધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ બને. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષિયતાવચ્છેદક ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ બને. આમ તે વિશિષ્ટાન્તરાઘટિત બની જતાં બાકીનું લક્ષણ પણ તેમાં જતાં અવ્યાપ્તિ ન રહી.

<u>गादाधरी</u> : तथा सति धूमव्यभिचारिवह्निमान् धूमवान् वह्नेरित्यादौ बाधत्वाद्यवच्छिन्नघटकतावच्छेदकस्य धूमव्यभिचारिवह्निमत्त्वादेः स्वावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकीभूतस्वावच्छिन्नविषय-कत्वावच्छिन्न प्रतिबन्धकतासामान्यावच्छेदकविषयितानिरूपकता-वच्छेदकव्यभिचारत्वकत्वादव्याप्तेर्दुर्वारत्वात् ।

ઉત્તરપક્ષ : નહિ, અવ્યાપ્તિ દુર્વાર છે સ્વ પદથી દોષતાનવચ્છેદક પકડી શકાય એટલે મેયત્વવિ.ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ રૂપ દોષતાનવચ્છેદક જ પકડાય તેવું તો નથી જ. ધૂમાભાવવદ્ધૂમ-વ્યભિચારિવહ્નિમત્ત્વરૂપદોષતાવચ્છેદકથી અતિરિક્ત અમે ધૂમવ્યભિચારિ વહ્નિમત્ત્વ રૂપ પક્ષતાવચ્છેદક કે જે દોષતાનવચ્છેદક રૂપ છે, તેને સ્વ પદથી પકડશું. ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ=ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિમત્ત્વ એ પક્ષતાવચ્છેદક

કહેવાય જે દોષતાવચ્છેદક ન હોવાથી સ્વ પદથી પકડી શકાય.

ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિમત્ત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂતવિષયિતાવચ્છેદક ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિત્વસ્વરૂપ વ્યભિચાર છે. અને તે ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિમત્ત્વાવચ્છિન્નપ્રતીતિ-વિષયિતાવચ્છેદક પણ છે. એવું ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિત્વ છે જેનું તે જે સ્વ=ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિમત્ત્વ બને. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક ભલે ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિત્વરૂપ વ્યભિચાર છે. પણ લક્ષણ તો બાધમાં લઈ જવું છે એટલે ધૂમાભાવવદ્વૃત્તિવહ્નિમત્ત્વા-વચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિ-વહ્નિમત્ત્વરૂપ બાધત્વ નથી જ એટલે તે વિશિષ્ટાન્તરાઘટિત ન બન્યું માટે તેમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવીને ઊભી રહી.

આ રીતે **ન ચ** પ્રથમ કલ્પના અસંભવને **ન ચ** દ્વિતીયકલ્પે ભલે દૂર કર્યા પણ મૂળ અવ્યાપ્તિ તો અહીં પણ ઊભી જ રહી.

<u>गादाधरी</u> : न च स्वावच्छिन्नविषयकत्वावच्छिन्नप्रतिबन्धकतासा-मान्यावच्छेदकीभूतयत्किञ्चिद्विषयित्वंयादृशयादृशधर्मावच्छिन्ना-ऽनिरूपितं तादृशतादृशधर्मावच्छिन्नाविषयकप्रतीति-विषयतावच्छेदकं यत्स्वं तदूपावच्छिन्नत्वमेव समुदितार्थः ।

मेयत्वविशिष्टव्यभिचारत्वावच्छिन्नविषयकत्वावच्छिन्नप्रति-बन्धकतासामान्यावच्छेदकीभूतायाः शुद्धव्यभिचारत्वाद्यव-च्छिन्ननिरूपितविषयितायाः मेयत्वविशिष्टव्यभिचारत्वाद्यव-च्छिन्ननिरूपितत्वेन तदवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकत्वस्य च स्वस्मिन्नसत्त्वेन मेयत्वविशिष्टविषयकत्वावच्छिन्नप्रतिबन्धकता-सामान्यावच्छेदिकायाः कस्याश्चिदपि विषयितायाः व्यभिचारत्वादि-विशिष्टानिरूपितत्वासम्भवात्, तादृशविषयितायाः यादृशधर्मविशिष्टा-निरूपितत्वं घटत्वमेयत्वविशिष्टव्यभिचारत्वादेरेव तादृशत्वात् तदवच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकतया व्यभिचारत्वादेः

स्वपदेनोपादातुं शक्यत्वाच्च न कश्चिद्दोषः ।

अथवा यद्धर्मावच्छिन्नविषयकत्वावच्छिन्नप्रतिबन्धकतासामान्यावच्छेदकीभूतविषयितात्वं यद्धर्मावच्छिन्ननिरूपितत्वव्याप्यं तद्धर्मवत्त्वमेव समुदितार्थ इति वाच्यम् ।

न च तृतीय कल्प : स्वावच्छिन्न विषयकत्वावच्छिन्नप्रतिबंधकतावच्छेदकीभूतयत्किंञ्चिद्विषयित्वं यादशयादशधर्मावच्छिन्नानिरूपितं तादशतादशधर्मावच्छिन्नाविषयकप्रतीतिविषयतावच्छेदकं यत्स्वं तद्रूपावच्छिन्नम् ।

સ્વપદથી જેમાં લક્ષણ લઈ જવું હોય તે લેવું. (વ્યભિચારમાં લક્ષણ લઈ જવું છે.)

વ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતાવચ્છેદકીભૂતયત્કિંચિત્-વિષયિતામાં વ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા આવે કે મેયત્વવિ.વ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા આવે. એમાં વ્યભિ.ત્વાવવચ્છિન્નવિષયિતા એ મેયત્વવિ. વ્યભિચારિત્વાવચ્છિન્નાડનિરૂપિતા છે તેમ ઘટત્વાવચ્છિન્નાડનિરૂપિતા પણ છે અને મેયત્વવિ. વ્યભિચારત્વાવચ્છિન્નાવિષયતા એ ભલે મેયત્વ વિ.વ્યભિચારત્વાવચ્છિન્નાડનિરૂપિતા નથી પણ ઘટત્વાવચ્છિન્નાડનિરૂપિતા છે. એટલે વ્યભિચારિત્વાવચ્છિના વિષયિતા તો મેયત્વવિ.વ્યભિચારત્વ કે ઘટત્વ-અવચ્છિન્નાડનિરૂપિતા છે. માટે તાદશ-મેયત્વવિશિષ્ટ વ્યભિ.ત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક કે ઘટત્વાવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારત્વ છે જ માટે તેમાં લક્ષણ સંગતિ થઈ ગઈ.

હવે મેયત્વવિ.વ્યભિચારત્વમાં અતિવ્યાપ્તિ પણ ન આવે તે જોઈ લઈએ.

(સ્વ) મેયત્વ વિ.વ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂત યત્કિંચિતવિષયિતામાં મેયત્વવિ. વ્યભિચારિત્વ આવે. તેમ વ્યભિ.ત્વાવચ્છિન્ના વિષયિતા પણ આવે. આ વ્યભિચારિત્વાવચ્છિન્ના વિષયતા એ મેયત્વવિશિષ્ટ-વ્યભિચારત્વથી અનિરૂપિતા છે. હવે મેયત્વવિ. વ્યભિચારત્વાવચ્છિન્ના-વિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક તાદશ મેયત્વવિ.વ્યભિ.ત્વ. તો નથી જ માટે તેમાં લક્ષણ ન ગયું.

એ જ અતિવ્યાપ્તિ કેમ ન આવે ? એને ગદાધર પોતે કહે છે તે જોઈએ. મેયત્વવિ.વ્યભિચારિત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતાસામાન્યાવચ્છેદકીભૂત વિષયિતા તે શુદ્ધવ્યભિ.ત્વાવચ્છિન્ના વિષયિતા બની શકે. (ભલે

મેયત્વવિ.વ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતા પણ બને કિન્તુ યત્કિંચિત પદથી તો ગમે તે લેવાય એટલે અતિવ્યાપ્તિ ન લાવવા શુદ્ધવ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતા લીધી.) આ વ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતા મેયત્વવિશિષ્ટ વ્યભિ.ત્વાવચ્છિન્નાડનિરૂપિતા છે જ. તાદશમેયત્વવિશિષ્ટ વ્યભિ.ત્વાવચ્છિન્નાડવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદકત્વ (સ્વ) મેયત્વવિશિષ્ટવ્યભિ.ત્વમાં જ ન હોવાથી સ્વપદથી મેયત્વવિશિષ્ટવ્યભિ.ત્વને ન પકડાય. અને તેથી અતિવ્યાપ્તિ ન આવે.

હવે ગદાધર એ જ લક્ષણનો વ્યભિચારમાં સમન્વય પણ કરી બતાવે છે. વ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વ....વિષયિતા કાં તો વ્યભિ. ત્વાવચ્છિન્ના વિષયિતા બને કાં તો મેયત્વવિ.વ્યભિ.ત્વાવચ્છિન્ના વિષયિતા બને. આમાંની કોઈ પણ વિષયિતા એ શુ.વ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા-અનિરૂપિતા તો બની શકે નહિ. હા, તેમાંની વ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા છે તે મેયત્વવિ.વ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા-અનિરૂપિતા બને અથવા તો ઘટત્વાવચ્છિન્ના વિષયિતા-અનિરૂપિતા પણ બને. અને તેમાંની મેયત્વવિશિષ્ટવ્યભિ.ત્વાવચ્છિન્ના વિષયિતા એ માત્ર ઘટત્વાવચ્છિન્ના વિષયિતા અનિરૂપિતા બને. તદવચ્છિન્ના એટલે મેયત્વવિ.વ્યભિચારિત્વાવચ્છિન્ના કે ઘટત્વાવચ્છિન્ના-અવિષયકપ્રતીતિ વિષયતાવચ્છેદક વ્યભિચારત્વ બની જાય માટે તેમાં લક્ષણ સમન્વય થઈ જાય.

આ જ રીતે **धूमव्यभिचारिवह्निमान् धूमवान् वह्नेः** સ્થળે હવે અવ્યાપ્તિ શી રીતે દૂર થાય છે તે જોઈ લઈએ :

ધૂમભાવવદ્ધૂમવ્યભિ.વહ્નિમત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા સામાન્યાવચ્છેદકીભૂતવિષયિતામેયત્વવિશિષ્ટધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્ના વિષયિતા આવે અથવા તો શુદ્ધધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્વાવચ્છિન્ના વિષયિતામેયત્વવિ.ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્ન વિષયતા આવે આમાંની ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્ના વિષયિતા-અનિરૂપિતા છે તેમ ઘટત્વાવચ્છિન્નવિષયિતા-અનિરૂપિતા પણ છે. અને એમાંની મેયત્વવિ.ધૂમાભાવવદ્ધૂમ-વ્યભિચારિવહ્નિમત્ત્વાવચ્છિન્નવિષયિતા એ માત્ર ઘટત્વાવચ્છિન્નવિષયિતા-અનિરૂપિતા છે. આમ યાદશયાદશધર્મ તરીકે ઘટત્વ અને મેયત્વવિશિષ્ટધૂમાભાવવદ્ધૂમ-વ્યભિચારિવહ્નિમત્વ ધર્મો પકડાયા. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિવહ્નિમત્ત્વ બની જ જાય છે એટલે તેમાં લક્ષણ સમન્વય થઈ

ગયો. આ રીતે અહીં અવ્યાપ્તિ પણ દૂર થઈ જાય છે.

અવ્યાપ્તિને દૂર કરવાના પહેલા બે 'ન ચ' કલ્પ નિષ્ફળ ગયા એટલે આ ત્રીજો 'ન ચ' કલ્પ તે અવ્યાપ્તિને દૂર કરવા યત્ન કરે છે અને આપણે જોઈ શકીએ છીએ કે તે અવ્યાપ્તિ દૂર પણ થઈ જાય છે.

પરંતુ આમ કરવા છતાં તેને બાધવિ.વ્યભિચારમાં અતિવ્યાપ્તિનો દોષ આવી જાય છે. એટલે ચોથો 'ન ચ' કલ્પ એ અવ્યાપ્તિ દૂર કરે છે પણ તેને ય તે જ બાધવિ.વ્યભિ. સ્થળે અતિવ્યાપ્તિ દોષ આવી રહે છે. આમ બે ય અંતિમ કલ્પને એક જ દોષ આવે છે માટે તે દોષ પહેલાં ન લેતાં ગદાધર **અથવા (ન ચ ચતુર્થકલ્પ)** કરીને પહેલાં ચતુર્થકલ્પ મૂકે છે. અને ત્યારબાદ બે ય ને સાથે જ અતિવ્યાપ્તિ દોષ આપશે.

યદ્ધર્માવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબધકતાસામાન્યાવચ્છેદકી-ભૂતવિષયિતાત્વં યદ્ધર્માવચ્છિન્ન્નિરૂપિતત્વ વ્યાપ્યં તદ્ધર્મત્ત્વમેવ દોષઃ ।

(વ્યભિ.માં લક્ષણ લઈ જઈશું.)

વ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્ન પ્રતિબંધકતાસામાન્યાવચ્છેદકી-ભૂતવિષયિતાત્વ એ મેયત્વવિશિષ્ટવ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતામાં રહે તેમ વ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતામાં પણ રહે. આ બે ય વિષયિતાત્વ વ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતત્વનું વ્યાપ્ય છે જ. જ્યાં જ્યાં વિષયિતાત્વ છે ત્યાં ત્યાં વ્યભિચારત્વાવચ્છિન્ન નિરૂપિતાત્વ છે જ. અર્થાત્ મેયત્વવિ.વ્યભિચારત્વાવચ્છિન્ન-વિષયિતા એ વ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતા છે જ. શુદ્ધ વ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતા એ વ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતા છે જ. આમ બે ય વિષયિતામાં વિષયિતાત્વ છે તે વિષયિતામાં તાદશનિરૂપિતત્વ પણ છે જ.

હવે મેયત્ત્વવિ.વ્યભિચારમાં લક્ષણની અતિવ્યાપ્તિ ન આવે તે પણ જોઈ લઈએ.

યદ્ધર્મ=મેયત્વવિશિષ્ટવ્યભિ.ત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂતવિષયિતાત્વ મેયત્વવિશિષ્ટ વ્યભિ.ત્વાવચ્છિન્ન-વિષયિતામાં છે તેમ વ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતામાં પણ છે અને તે વ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતા મેયત્વવિ.વ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતા નથી એટલે વ્યભિ.ત્વાવચ્છિન્નવિષયિતામાં વિષયિતાત્વ હોવા છતાં ત્યાં મેયત્વવિ.વ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતત્વ તો નથી એટલે વિષયિતાત્વ એ નિરૂપિતત્વવ્યાપ્ય ન બનવાથી તેમાં લક્ષણ ન જાય એટલે અતિવ્યાપ્તિ ન આવે.

હવે **धूमव्यभिचारि वह्निमान् धूमवान् वह्नेः** સ્થળની અવ્યાપ્તિ શી રીતે દૂર થાય છે ? તે પણ જોઈ લઈએ.

धूमाभाववद्धूमव्यभिचारिवह्निमत्वावच्छिन्नविषयकत्वावच्छिन्न-प्रतिबंधकतासामान्यावच्छेदकीभूतविषयितात्व मेयत्ववि. धूमाभाववद्धूमव्यभिचारि वह्निमत्त्वावच्छिन्नविषयितामां छे तेम धूमाभाववद्धूमव्यभिचारिवह्निमत्वावच्छिन्न-विषयितामां पण छे. आ बे य विषयितामां धूमाभाववद्धूमव्यभिचारिवह्निमत्त्वा-वच्छिन्ननिरुपितत्त्व पण छे. એટલે लक्षणसंगति तेमां थई जतां अव्याप्ति न रही.

गादाधरी : बाधविशिष्टव्यभिचारत्वावच्छिन्नेऽतिप्रसङ्गात् तादृशधर्मा-वच्छिन्नविषयकत्वावच्छिन्नबाधज्ञानप्रतिबन्धकतायां केवलव्यभिचार-विषयितायाः तादृशव्यभिचारज्ञानप्रतिबन्धकतायां च केवलबाध-विषयिताया अनवच्छेदकत्वेन बाधविशिष्टव्यभिचारत्वाद्यवच्छिन्न-विषयिताया एव तथाविधप्रतिबन्धकतासामान्यावच्छेदकत्वं, तस्यां च तादृशधर्मविशिष्टनिरूपितत्वस्यावश्यकत्वात् प्रथमकल्पे स्वपदेन चरमकल्पे च यद्धर्मपदेन तस्योपादानसम्भवात् ।

प्रथम पूर्वपक्ष : હવે 'न च'ના આ બે य કલ્પોએ અવ્યાપ્તિ હટાવી છતાં તેને અતિવ્યાપ્તિ દોષ આપવામાં આવે છે.

ગદાધરે ચતુર્થ **'न च'** કલ્પને લઈને જ અતિવ્યાપ્તિ દોષ બતાવ્યો છે. પહેલાં આપણે તે જોઈ લઈએ.

બાધવિશિષ્ટવ્યભિચારમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય છે માટે यद्धर्मपदથી બાધવિશિષ્ટવ્યભિચારત્વ પકડાય.

બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નપ્રતિબંધકતાસામાન્યાવચ્છેદકી-ભૂતવિષયિતાત્વ એ બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતામાં છે તેમ મેયત્વવિશિષ્ટ બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતામાં પણ છે. અને બેય વિષયિતામાં બાધવિશિષ્ટવ્યિભિચારત્વાવચ્છિન્ન નિરૂપિતત્વ પણ છે. તેથી તાદેશ નિરૂપિતત્વવ્યાપ્ય તાદેશવિષયિતાત્વ બની જતાં બાધવિશિષ્ટવ્યભિચારમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ ગયું.

અહીં ગદાધર કહે છે કે બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્ન-વિષયકત્વાવચ્છિન્ન-

બાધજ્ઞાનપ્રતિબંધકતાનો કેવળ વ્યભિચારવિષયિતા અવચ્છેદક બની શકતો નથી. તેમ તાદૃશવિષયકત્વાવચ્છિન્નવ્યભિચારજ્ઞાનપ્રતિબંધકતાનો કેવળ બાધજ્ઞાનવિષયિતા અવચ્છેદક બની શકતો નથી. એટલે તાદૃશપ્રતિબંધકતાનો અવચ્છેદક તો બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતા જ બને (કે મેયત્વવિશિષ્ટ બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નવિષયિતા બને) તે બન્ને ય વિષયિતામાં બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નનિરૂપિતત્વ પણ છે જ એટલે આ ચતુર્થ **ન ચ** કલ્પમાં અતિવ્યાપ્તિ રહી જ છે.

(ગદાધરે અહીં તૃતીયકલ્પને આ રીતે આ સ્થળમાં ઘટાવ્યો તો નથી છતાં ય 'પ્રથમ કલ્પે સ્વપદેન' કહ્યું છે. એટલે એમ લાગે છે કે અહીં તે ઘટનાની પંક્તિ ઊડી ગઈ છે.)

હવે આપણે તૃતીય કલ્પમાં પણ આ અતિવ્યાપ્તિ ઘટાવી લઈએ.

બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નવિષયકત્વાવચ્છિન્નપ્રતિબંધકતા-સામાન્યાવચ્છેદકીભૂતયત્કિંચિતવિષયિતામાં બાધવિશિષ્ટવ્યભિચાર-ત્વાવચ્છિન્નવિષયિતા અને મેયત્વવિશિષ્ટબાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા આવે. આમાં મેયત્વવિશિષ્ટબાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા એ માત્ર ઘટત્વાવચ્છિન્નાડનિરૂપિતા છે જ્યારે પહેલી બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્ના વિષયિતા એ ઘટત્વાવચ્છિન્નાડનિરૂપિતા હોવા સાથે મેયત્વવિશિષ્ટ બાધવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્નાડનિરૂપિતા પણ છે. આમ યાદૃશપદથી મેયત્વવિશિષ્ટ બાધવિશિષ્ટવ્યભિચારત્વ અને ઘટત્વ પકડાયા. તે મેયત્વવિશિષ્ટબાધવિશિષ્ટવ્યભિચારત્વ અને ઘટત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષય-તાવચ્છેદક બાધવિશિષ્ટવ્યભિચારત્વ છે જ એટલે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ ગયું.

આપણે જાણીએ છીએ કે વિશિષ્ટાન્તરાઘટિતત્વનો નિવેશ સિદ્ધાન્તીએ કર્યો ત્યારે પૂર્વપક્ષે **અથ** કરીને **धूमव्यभिचारि वह्निमान् धूमवान् वह्नेः** સ્થળને લઈને સિદ્ધાન્તીને અવ્યાપ્તિ આપી. આ અવ્યાપ્તિ દૂર કરવા સિદ્ધાન્તીએ ચાર વખત 'ન ચ' (જો કે છેલ્લીવાર અથવા છે) કરીને એ અવ્યાપ્તિ દૂર કરવા યત્ન કર્યો. પણ હજુ સુધી એકે ય રીતની વિવક્ષા કરવામાં સિદ્ધાન્તી ફાવ્યા નથી કેમકે **અથ** પૂર્વપક્ષ ફરી ફરી તે તે વિવક્ષા કરતાં બીજા દોષો આપી દે છે અને તેથી તે વિવક્ષા અયોગ્ય ઠરતાં મૂળ અવ્યાપ્તિ સિદ્ધાન્તીના માથે ઊભી જ રહે છે.

<u>गादाधरी</u> : अथ वह्न्यभावादिधर्मितावच्छेदककवह्न्यादि-

प्रकारकबुद्धेरिव धूमव्यभिचारविशिष्टवह्न्यादिधर्मितावच्छेदककस्य धूमव्याप्यतया वह्न्यादिप्रकारकग्रहस्याऽनाहार्यस्याऽसम्भवेन तादृशपक्षतावच्छेदकावच्छिन्नपक्षकसमूहालम्बनानुमितेरप्रसिद्ध्या तादृशानुमितिप्रतिबन्धकताघटितयथाश्रुतलक्षणस्य तद्रूपावच्छिन्न-पक्षकवह्न्यादिहेतुकदोषेऽव्याप्तिं स्वयमेव वक्ष्यतीति तद्वारणायायासोऽयं वृथेति चेद् ?

હવે સિદ્ધાન્તીનો એક સલાહકાર સિદ્ધાન્તીને કહે છે કે આ અવ્યાપ્તિ દૂર કરવાની આપણે કાંઈ જરૂર જ નથી. કેમકે આપણું વિશિષ્ટાન્તરાઘટિત જે પ્રતિબંધકતાઘટિત લક્ષણ છે તે દોષદુષ્ટ તો છે જ અને તેથી જ આગળ ઉપર તેને પ્રતિબંધકત્વાઘટિત લક્ષણરૂપમાં ફેરવવાનું છે. એ નિષ્કૃષ્ટ કલ્પમાં પણ **धूमव्यभिचारिवह्निमान् धूमवान् वह्नेः** સ્થળનો જ સ્પષ્ટ ઉલ્લેખ કરવાના છે અને ત્યાં એ અવ્યાપ્તિ દોષ નિષ્કૃષ્ટ કલ્પથી દૂર કરી જ દેવાના છે એટલે હવે અહીં આપણે આ અવ્યાપ્તિ દૂર કરવાનો આયાસ કરવાની જરૂર નથી. એ તો આગળ ઉપર દૂર થઈ જ જવાની છે.

આમ સલાહકારે સિદ્ધાન્તીને કહેવા દ્વારા તે પૂર્વપક્ષને કહી દીધું કે તારી આ અવ્યાપ્તિ તો દૂર થઈ જ જવાની છે.

આ જ હકિકતને હવે ગદાધરની પંક્તિથી આપણે જોઈ લઈએ.

अथ (સલાહકાર)

निर्वह्निः पर्वतो वह्निमान् એ वह्न्यभावादिधर्मितावच्छेदकક અને वह्न्यादिप्रकारक બુદ્ધિ છે. આ જેમ અનાહાર્ય બુદ્ધિ નથી અર્થાત્ આહાર્યબુદ્ધિ છે તેમ **धूमव्यभिचारिवह्निमान् धूमवान् धूमव्याप्यवह्निमांश्च** ઈત્યાકારક જે धूमव्यभिचारविशिष्टवह्न्यादिधर्मितावच्छेदकક (धूमव्यभिचारि-वह्निमान्) બુદ્ધિ એ પાછી धूमव्याप्यवह्निप्रकारक હોવાથી અનાહાર્ય સંભવી શકતી નથી. (**धूमव्यभिचारिवह्निमान् धूमवान्** એટલી જ બુદ્ધિ આહાર્ય ન બને માટે **धूमव्यभिचारिवह्निमान् धूमवान् धूमव्याप्यवह्निमांश्च** બુદ્ધિને આહાર્ય કહી. જે અયોગોલક धूमव्यभिचारिवह्निमान् છે તે धूमव्याप्यवह्निमान् છે એવી તેમાં બુદ્ધિ કરવી તે આહાર્ય નહિ તો બીજું શું ?)

હવે આવી આહાર્યબુદ્ધ્યાત્મક સમૂહાલંબન અનુમિતિ જ અપ્રસિદ્ધ હોવાથી તે પ્રતિબંધક તો ન બને (આહાર્યનિશ્ચય પ્રતિબંધક નથી બનતો.) અને તેથી પ્રતિબંધકતાઘટિત આ લક્ષણ તેમાં જાય નહિ. પણ હા. તે અનુમિતિગત હેતુ દુષ્ટ છે એટલે લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ જરૂર રહે. પણ તે અવ્યાપ્તિનો તો દીધિતિકાર સ્વયં આગળ જઈને આ સ્થળના ઉલ્લેખપૂર્વક નિરાસ કરવાના છે એટલે તેના વારણનો પ્રયાસ અહીં કરવો એ વ્યર્થ છે.

આમ પૂર્વપક્ષની આ સ્થળની અવ્યાપ્તિ આ સ્થળના ઉલ્લેખ સાથે હટી જવાની છે એમ પૂર્વપક્ષને જણાવી દેવાથી હવે પૂર્વપક્ષ અન્ય સ્થળે અવ્યાપ્તિ આપે છે. જે સ્થળનો આગળ ઉપર જઈને ઉલ્લેખ કરવાનો નથી. (**अथ** થી શરૂ થયેલો પૂર્વપક્ષનો **इति चेत्** આગળ એક ભાગ પૂર્ણ થયો.)

<u>गादाधरी</u> : भवतु तावदेवम्, तथापि विशेषगुणाभाववान् घटो गुणसामान्याभाववानित्यादौ दर्शितसमूहालम्बनानुमिति-प्रसिद्ध्या विशेषगुणवद्घटरूपाश्रयाऽसिद्धेर्गुणवद्घटरूप-बाधघटितायाः संग्रह आवश्यकः ।

પૂર્વપક્ષ : विशेषगुणाभाववान् घटो गुणसामान्याभाववान् घटत्वात् । અહીં વિશેષગુણવદ્ઘટ રૂપ આશ્રયાસિદ્ધિ છે (ઘટ વિશેષગુણાભાવવાન્ હોઈ શકે જ નહિ એટલે આશ્રય જ અસિદ્ધ છે.) અને ગુણવદ્ઘટરૂપ બાધ છે. (પક્ષ ઘટમાં ગુણ સામાન્યાભાવનો અભાવ છે માટે) હવે અહીં વિશેષગુણવદ્ઘટરૂપ આશ્રયસિદ્ધિ એ બાધઘટિત છે. માટે વિશિષ્ટાન્તરાઘટિતત્ત્વઘટિત લક્ષણની આ આશ્રયાસિદ્ધિમાં અવ્યાપ્તિ આવે છે.

વિશેષગુણવદ્ઘટત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિવિષયતાવચ્છેદક ગુણવદ્ઘટત્વ બને.

તદ્=ગુણવદ્ઘટત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વિશેષગુણવદ્ઘટ નથી જ. એટલે તેમાં વિશિષ્ટાન્તરનું અઘટિતત્ત્વ ન આવવાથી લક્ષણ અવ્યાપ્ત થયું.

<u>गादाधरी</u> : यदि च तत्र घटत्वावच्छेदेन गुणवत्त्वमेव बाधः, आश्रयासिद्धिश्च तत्सामानाधिकरण्येन तदवच्छेदेन वा विशेषगुणवत्त्वम्, तस्याञ्च गुणत्वरूपसामान्यधर्मावच्छिन्नघटत्वव्यापकताघटितोक्तबाधस्य

न प्रवेशः, विशेषगुणत्वेन घटत्वव्यापकतायास्तत्र प्रवेशेऽपि सामान्यरूपेण व्यापकतायास्तदनन्तर्भावादिति न तादृशाश्रयाऽसिद्ध्य-संग्रहप्रसङ्ग इत्युच्यते,

सिद्धान्तीः गुणवद्घट એ घटत्वावच्छेदेन જ બાધ બને. (બાધ सामानाधिकरण्येन प्रतिबंधक ન બને.) અર્થાત્ घटत्वावच्छेदेन गुणवत्वं बाधः = गुणत्वावच्छेदेन घटत्वव्यापकत्वं घटकीभूतं.

आश्रयासिद्धिः घटत्वसामानाधिकरण्येन घटत्वावच्छेदेन वा विशेषगुणवत्त्वરૂપ બને=घटत्वसामानाधिकरण्येन विशेषगुणत्वावच्छेदेन घटत्वव्यापकत्वं घटकीभूतम् ।

અહીં આપણે જોઈ શકીએ છીએ કે આશ્રયાસિદ્ધિમાં વિશેષગુણવત્ત્વ એ घटत्वावच्छेदेन घटत्वसामानाधिकरण्येन घटકીભૂત છે પણ ગુણત્વ એ घटत्वावच्छेदेन घटકીભૂત તો નથી જ. અર્થાત્ ગુણત્વાવચ્છેદેન घटत्वव्यापकता રૂપ બાધ તો વિશિષ્ટગુણત્વાવચ્છેદેન घटत्वसामाना.રૂપ આશ્રયસિદ્ધિમાં घटક તરીકે નથી જ અને તેથી અવ્યાપ્તિ સંભવતી નથી કેમકે વિશિષ્ટાન્તર તરીકે જે બાધ બન્યો તાદૃશ બાધત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક આશ્રયાસિદ્ધિત્વ છે જ અને તેથી તે વિશિષ્ટાન્તરાઘટિત બની જતાં તેમાં લક્ષણ સંગતિ થઈ જ જાય છે.

<u>गादाधरी</u> : तदापि विशेषगुणाभाववान् द्वितीयक्षणावच्छिन्नो घटो गुणसामान्याभाववानित्यादौ द्वितीयक्षणावच्छिन्ने घटे विशेषगुणवत्त्व-रूपाश्रयासिद्धौ तदवच्छिन्ने घटे गुणवत्त्वरूपबाधप्रवेशस्या-वश्यकत्वात्, लक्षणे च तत्संग्रहस्यावश्यकतया उक्तविशेषणदा-नानुपपत्तिः।

पूर्वपक्ष : વારુ. તો અમે તમને આ જ સ્થળને થોડું ફેરવીને આપશું જ્યાં અવ્યાપ્તિ દોષ દુર્વાર છે. विशेषगुणाभाववान् द्वितीयक्षणावच्छिन्नो घटः (પક્ષ) गुणसामान्याभाववान् घटत्वात्. અહી કાલાવચ્છેદેન પક્ષ મૂક્યો છે. જ્યાં દેશ કે કાલાવચ્છેદેન બાધ હોય ત્યાં તે અવચ્છેદકાવચ્છેદેન પ્રતિબંધક ન બને પણ સામાનાધિકરણ્યેન જ બને. એ લક્ષ્યમાં રાખીને જ આવું સ્થળ પૂર્વપક્ષે લીધું છે.

गुणवद्द्वितीयक्षणावच्छिन्नो घटः બાધ છે. विशेषगुणवद्द्वितीयक्षणावच्छिन्नो घटः

આશ્રયાસિદ્ધિ છે. બાધ : ઘટત્વસામાનાધિકરણ્યેન ગુણવત્ત્વં પ્રવિષ્ટં અતઃ ગુણત્વાવચ્છેદેન ઘટત્વસામાનાધિકરણ્યમેવ ઘટકીભૂતમ્ (ન તુ ઘટત્વવ્યાપકત્વં)

આશ્રયાસિદ્ધિઃ - ઘટત્વસામાનાધિકરણ્યેન વિશિષ્ટગુણવત્ત્વં પ્રવિષ્ટં । અતઃ વિ.ગુણત્વાવચ્છેદેન ઘટત્વસામાનાધિકરણ્યમેવ ઘટકીભૂતં.

આમ બે યમાં ઘટત્વવ્યાપકતા તો ઘટકીભૂત બનતી નથી. એટલે અહીં આશ્રયાસિદ્ધિ એ બાધ ઘટિત જ બની જાય છે. (પૂર્વે તો એકની ઘટત્વ વ્યાપકતા હતી બીજાની ઘટત્વસમાનાધિકરણતા હતી તેથી બાધથી ઘટિત આશ્રયાસિદ્ધિ ન બની હતી) અને તેથી બાધત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક આશ્રયાસિદ્ધિત્વ ન બનતાં તેમાં લક્ષણ અવ્યાપ્તિ થાય જ છે.

આમ 'વિશિષ્ટાન્તરાઘટિતત્વ' રૂપ વિશેષણ દાન કરવા પર તેની અનુપપત્તિ થઈ જાય છે.

<u>गादाधरी</u> : वस्तुतस्तु 'अत्र वदन्ती' त्यादिनिष्कृष्टकल्पे मेयत्व-विशिष्टव्यभिचारादिवारणाय विशिष्टान्तराऽघटितत्वस्य निवेशनीयतया दर्शितबाधाद्यसंग्रहः दोष एव ।

સિદ્ધાન્તી : પ્રતિબંધકતાઘટિત આ લક્ષણનો પૂર્વોક્ત વ્યભિચારઘટિતબાધમાં અને બાધઘટિતાશ્રયાસિદ્ધિમાં સમન્વય નથી થતો એટલે અત્યારનું અમારું આ લક્ષણ દોષયુક્ત જ છે. અને તેથી જ આ દોષદુષ્ટ લક્ષણમાંથી એક નિષ્કૃષ્ટ લક્ષણ આગળ ઉપર કહેવાના છીએ જેમાં મેયત્વવિશિષ્ટવ્યભિચારાદિના વારણ માટે 'વિશિષ્ટાન્તરાઘટિતત્ત્વ'નો નિવેશ પણ કરવાના છીએ. એ નિષ્કૃષ્ટ લક્ષણથી જ આ દોષો દૂર થઈ જાય છે. બાકી આવા દોષોનો અત્યારના પ્રતિબંધકતાઘટિતલક્ષણમાં તો સંગ્રહ થઈ શકતો નથી. (અને તેથી જ આમાં પણ અમે સુધારો કરીને નિષ્કૃષ્ટ કલ્પ આગળ ઉપર મૂકવાના છીએ. એમાં વિશિષ્ટાન્તરાઘટિતત્વનો નિવેશ કર્યા બાદ પણ આ દોષોનો સંગ્રહ ન થાય તો જરૂર તે દોષ માટે જ કહેવાય. બાકી અહીં તે દોષોનો અસંગ્રહ રહે તેમાં કંઈ વાંધો અમને નથી.)

<u>गादाधरी</u> : एतेन स्वावच्छिन्ननिरूपितविषयित्वावच्छिन्नयत्किञ्चित्प्रतिबन्धकतावच्छेदकविषयिताकविशिष्टनिरूपितविषयितात्वव्यापकस्वावच्छिन्ननिरूप्यताकधर्मवत्त्वं समुदितलक्षणार्थः।

प्रमेयत्वविशिष्टव्यभिचारत्वादिकं नैतादृशं स्वं, तदवच्छिन्नविषयक-त्वावच्छिन्नप्रतिबन्धकतावच्छेदकविषयिताकशुद्धव्यभिचारादिविषयि-तात्वस्य तदवच्छिन्ननिरूपितत्वाऽव्याप्यत्वात् । उक्तस्थले विशेषगुणविशिष्टघटादिरूपाऽऽश्रयासिद्ध्यादिविषयकत्वावच्छिन्न-विशिष्टपक्षग्रहादिनिरूपितयत्किञ्चित्प्रतिबन्धकतावच्छेदकविषयिता-कविशिष्टनिरूपितविषयितात्वस्य तादृशाश्रयासिद्ध्यादिनिरूपितत्व-व्याप्यत्वात्तत्र लक्षणसमन्वयः । प्रतिबन्धकतायां यावत्त्वानिवेशा-न्नोक्तरीत्या बाधविशिष्टव्यभिचारादावतिप्रसङ्गः ।

स्वावच्छिन्नाऽनिरूपितविशिष्टविषयित्वानवच्छिन्नयर्त्किञ्चित्प्र-तिबन्धकतावच्छेदकस्वावच्छिन्नविषयिताको यो धर्मस्तद्वत्त्वं समुदितलक्षणार्थः । प्रमेयत्वविशिष्टव्यभिचारत्वादिकं नैतादृशं स्वम्, तदवच्छिन्नानिरूपितशुद्धव्यभिचारत्वाद्यवच्छिन्नविष-यित्वावच्छिन्नायामेव प्रतिबन्धकतायां तदवच्छिन्नविषयिताया अवच्छेदकत्वात् ।

उक्तस्थले चाऽऽश्रयासिद्धिविषयकत्वस्य तदनिरूपितबाधविषयि-त्वानवच्छिन्ना या विशिष्टपक्षग्रहप्रतिबन्धकता तदवच्छेदकत्वाल्लक्षण-समन्वय इति परास्तम् ।

અહીં કેટલાક કહે છે કે પ્રતિબંધકતાઘટિત આ લક્ષણમાંથી પણ આવી વિવક્ષા કરવામાંથી દોષો દૂર થઈ જાય છે. સ્વાવચ્છિન્નનિરૂપિત-વિષયકત્વાવચ્છિન્ન યત્કિંચિત્પ્રતિબંધકતાવચ્છેદકવિષયિતાકવિશિષ્ટનિરૂપિતવિષયિતાત્વવ્યાપક-સ્વાવચ્છિન્નનિરૂપિતત્વં તદ્ધર્મવત્ત્વમ્ ।

વ્યભિ.ત્વાવચ્છિન્ન....યત્કિ.પ્રતિબંધકતાવચ્છેદકવિષયિતાક વિશિષ્ટ=વ્યભિચાર કે મેયત્વવિ.વ્યભિચાર બને. આ બે ય ની વિષયિતા વ્યભિચારત્વાવચ્છિન્ननिરૂપિતા છે માટે વિષયિતાત્વવ્યાપક વ્યભિચારત્વાવચ્છિન્ન નિરૂપિતત્વ બન્યું એટલે વ્યભિચારત્વાવચ્છિન્ન વ્યભિચાર એ હેત્વાભાસ બન્યો.

મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં અતિવ્યાપ્તિ નહિ આવે કેમકે તેને સ્વ પદથી પકડતાં વિશિષ્ટ વ્યભિચાર અને મેયત્વવિશિષ્ટવ્યભિચારઃ તે બે ય ની વિષયિતા એ મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વાવચ્છિન્ન્નિરૂપિતા નથી માત્ર મેયત્વવિશિષ્ટવ્યભિચારરૂપ-વિશિષ્ટની વિષયિતા જ તેવી છે માટે વિષયિતાત્વવ્યાપકનિરૂપિતત્વ ન બનતાં તેમાં લક્ષણ ન ગયું.

પૂર્વોકત જે વ્યભિચારઘટતિબાધ છે તેમાં અવ્યાપ્તિ પણ નહિ આવે. વ્યભિચારઘટિતબાધવિષયત્વાવચ્છિન્ન....વિશિષ્ટ બને મેયત્વવિશિષ્ટવ્યભિચાર-ઘટિતબાધ અને વ્યભિચારઘટિત બાધ તે બે યની વિષયિતા વ્યભિચારઘટિતબાધત્વ-વચ્છિન્ન્નિરૂપિતા છે જ એટલે તેમાં લક્ષણ ચાલી ગયું.

(જો યાવત્પ્રતિબંધકતા કહી હોત તો તો અહીં અતિવ્યાપ્તિ આવત. કેમકે વ્યભિચારવિશિષ્ટબાધપ્રતિબંધકતા પણ પકડાય અને તેથી પ્રતિબંધકતાવચ્છેદક-વિષયિતાકવિશિષ્ટ વ્યભિચારવિશિષ્ટબાધ બને અને તે તો સ્વ=વ્યભિચારવિશિષ્ટબાધત્વા-વચ્છિન્ન નિરૂપિત છે જ માટે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય.

બાધઘટિતઆશ્રયાસિદ્ધિ સ્થળે પણ અવ્યાપ્તિ નથી રહેલી કેમકે ત્યાં યત્કિંચિત્પ્રતિબંધકતા....વિશિષ્ટ બાધઘટિતઆશ્રયાસિદ્ધિ બને. તે બાધઘટિત આશ્રયાસિદ્ધિત્વાવચ્છિન્ન્નિરૂપિતા છે જ.)

યત્કિંચિત્ પ્રતિબંધકતા કહેવાથી વ્યભિચારવિશિષ્ટબાધ સ્થળે અતિવ્યાપ્તિ પણ નહિ આવે કેમકે વ્યભિ.વિ.બાધત્વાવચ્છિન્ન... યત્કિંચિત્પ્રતિબંધકતામાં અનુમિતિનિરૂપિતપ્રતિબંધકતા પકડાય અને વ્યાપ્તિજ્ઞાનનિરૂપિત પ્રતિબંધકતા પકડાય. આવી પ્રતિબંધકતાવચ્છેદકવિષયિતાકવિશિષ્ટ શુદ્ધબાધ કે શુદ્ધ વ્યભિચાર બને. તેની વિષયિતા એ સ્વ=વ્યભિચાર-વિશિષ્ટબાધત્વાવચ્છિન્ન નિરૂપિતા નથી જ એટલે તેમાં લક્ષણ અતિવ્યાપ્ત ન થાય.

આમ આ વિવક્ષા કરવાથી કોઈ દોષ સંભવતો નથી પછી શા માટે કહેવું જોઈએ કે પ્રતિબંધકતાઘટિતલક્ષણમાં દોષ રહેલા જ છે ?

બીજા પણ આ જ રીતે કહેતાં કહે છે કે નિમ્ન વિવક્ષાથી પણ આ જ લક્ષણમાં દોષ રહેતા નથી. (આ વિવક્ષામાં પૂર્વની વિવક્ષાએ લાઘવ એ છે કે ભલે નગ્દ્વયથી પ્રવિષ્ટ હોય પણ તેમાં વ્યાપકત્વનો નિવેશ કરવામાં આવ્યો નથી.) **स्वावच्छिन्नाऽनिरूपितवि-शिष्टविषयित्वानवच्छिन्न यत्किंचित्प्रतिबंधकतावच्छेदक स्वावच्छिन्न-**

विषयताको यो धर्मः तद्वत्त्वम् ।

व्यभिचारावच्छिन्नाऽनिरूपितविशिष्ट=मेयत्वविशिष्टव्यभिचारतदीयविषयितात्वानवच्छिन्नयत्किंचित् प्रतिबंधकतावच्छेदक=व्यभिचारत्व बने छे. ते स्व=व्यभिचारत्वावच्छिन्नविषयिताक धर्म पण छे ज तेथी तेमां लक्षण संगति थई गई.

प्रमेयत्वविशिष्टव्यभिचारमां अतिव्याप्ति न आवे केमके प्रमेयत्वविशिष्टव्यभिचारत्वावच्छिन्नाऽनिरूपित विशिष्ट-शुद्धव्यभिचार बने. तेनी जे विषयिता, एनाथी अनवच्छिन्ना प्रमेयत्वव्यभिचारप्रतिबंधकता जो बनत तो प्रतिबंधकतावच्छेदक प्रमेयत्वविशिष्टव्यभिचारत्व बने. ते स्व=प्रमेयत्ववि.व्यभिचारत्वा-वच्छिन्नविषयिताक धर्म पण बनत. पण व्यभिचारविषयिताथी अनवच्छिन्न प्रमेयत्वविशिष्टव्यभिचार-प्रतिबंधकता बनती ज नथी. एनुं कारण એ छे के शुद्धव्यभिचारविषयितानो अवच्छेदक जे प्रतिबंधकता बने ते ज प्रतिबंधकता प्रमेयत्वविशिष्टव्यभिचार विषयितानो अवच्छेदक बने. अर्थात् जे शुद्धव्यभिचारविषयितानो अवच्छेदक प्रतिबंधकता न बने ते मेयत्वविशिष्टव्यभिचारविषयितानो पण अनवच्छेदक प्रतिबंधकता ज रहे. आम, व्यभिचारविषयिताथी अवच्छिन्ना जे प्रतिबंधकता छे ते मेयत्वविशिष्टविषयिताथी अवच्छिन्ना पण छे ज. अर्थात् मेयत्वविशिष्टव्यभिचारविषयिताथी अनवच्छिन्ना ते प्रतिबंधकता बनती नथी. आम थवाथी त्यां लक्षणनी अतिव्याप्ति पण न थाय. आ ज रीते व्यभिचारघटितबाधमां पण लक्षण समन्वय थई जतां अव्याप्ति पण न आवे.

व्यभिचारघटितबाधत्वावच्छिन्नविषयित्वानिरूपितत्वविशिष्ट=मेयत्त्वविशिष्टव्यभिचारघटितबाधविषयीता । એनाथी अनवच्छिन्नयत्किंचित् प्रतिबंधकतावच्छेदक=व्यभिचारघटितबाधत्व એ व्यभिचारघटितबाधविषयिताक धर्म छे ज. माटे तेमां लक्षण संगति थई गई.

आ रीते आ लघुभूत लक्षणनी विवक्षा करवा पर कोई दोष रहेतो नथी.

<u>गादाधरी</u> : यद्विषयकनिश्चयस्य विरोधिविषयिताप्रयुक्त इत्यादिनिष्कृष्टकल्पे अनुमितिप्रतिबन्धकताया अघटकत्वात् प्रतिबन्धकतायां विशिष्टान्तरविषयकत्वानवच्छिन्नत्वविशेषणदानस्याऽसम्भवेन यत्पदार्थस्यैव तादृशपदार्थान्तराऽघटितत्वेन विशेषणीयतयोक्तबाधाऽव्याप्तेरशक्यपरिहारत्वात् ।

ગદાધર કહે છે કે આવું કહેનારા પૂર્વોક્ત અમારા કથનથી પરાસ્ત થઈ ગયા - આવા સ્થળે ભલે કદાચ તેઓ દોષ દૂર કરે પણ આહાર્યાનુમિતિ પ્રતિબંધક બનતી નથી અને તેનો હેતુ દુષ્ટ હોય જ છે અને આ પ્રતિબંધકતાઘટિત લક્ષણ અપ્રતિબંધક એવી આહાર્યાનુમિતિના હેતુમાં જઈ શકતું જ નથી તેથી આ લક્ષણમાં દોષો રહેલાં જ છે.

નિષ્કૃષ્ટકલ્પમાં તો પ્રતિબંધકતા ઘટક જ નથી. એટલે ત્યાં વિશિષ્ટાન્તરાઘટિતત્વ વિશેષણ પ્રતિબંધકતામાં આપવાનું રહેતું જ નથી. (આ બન્ને ય કલ્પે તો પ્રતિબંધકતામાં તે વિશેષણ આપ્યું છે.) એટલે તે વિશેષણ ત્યાં યદ્રૂપમાં (પૂર્વોક્ત સિદ્ધાન્તી લક્ષણમાં જેમ યદ્રૂપમાં જ આપ્યું છે તેમ) આપવાનું રહેશે અને તેથી તે દોષો ઊભા જ રહેવાના છે એટલે એનું વારણ કરવા માટેનો ઉક્ત ઉપાય સંભવી શકતો જ નથી.

<u>गादाधरी</u> : अत्र केचित् । स्वसजातीयविशिष्टान्तराऽघटितत्वमेव यत्पदार्थे देयम् । साजात्यं च हेत्वाभासविभाजकरूपेण । तच्च रूपं बाधत्वव्यभिचारत्वादि, तेन च रूपेण व्यभिचारादेर्न बाधादि-साजात्यमिति व्यभिचारघटितबाधादौ नाऽव्याप्तिः ।

अत्र केचित् - આ લોકો કહે છે કે ભલે યત્પદાર્થ (યદ્રૂપ)માં જ નિષ્કૃષ્ટકલ્પ કે પ્રતિબંધકતાઘટિતપ્રસ્તુત કલ્પ વિશેષણ તરીકે વિશિષ્ટાન્તરાઘટિતત્વને આપે પણ સ્વસજાતીયવિશિષ્ટાન્તરાઘટિતત્વને યત્પદાર્થમાં વિશેષણ બનાવવું જોઈએ. સાજાત્ય હેત્વાભાસ વિભાજકધર્મેણ કહેવું જોઈએ. બાધત્વનું સજાતીય વિશિષ્ટાન્તર બાધત્વ જ બને. વ્યભિચારનું સજાતીયવિશિષ્ટાન્તર વ્યભિચાર જ બને. આમ થતાં હવે ક્યાંય પણ દોષ નહિ રહે. વ્યભિચારઘટિતબાધ એ ભલે વ્યભિચારથી ઘટિત છે પણ બાધથી ઘટિત નથી માટે તે સ્વસજાતીયવિશિષ્ટાન્તરથી અઘટિત જ છે માટે તેમાં લક્ષણ સંગતિ થઈ જાય. એ જ રીતે વ્યભિચારઘટિત આશ્રયાસિદ્ધિ પણ આશ્રયાસિદ્ધિ રૂપ સ્વસજાતીયવિશિષ્ટાન્તરથી અઘટિત છે જ માટે તેમાં પણ લક્ષણ ચાલી જાય.

<u>गादाधरी</u> : न चैवं यद्विषयकनिश्चयस्य विरोधिविषयिताप्रयुक्तो-भयाभावस्तत्त्वमित्यत्र विरोधिविषयिताप्रयुक्तत्वदलस्य वैयर्थ्यम्, घटादेस्तादृशरूपेण सजातीयत्वाऽप्रसिद्ध्यैव तत्र नातिप्रसङ्ग इति वाच्यम्,

સિદ્ધાન્તી - જો આમ કરો તો તો આગળ ઉપર નિષ્કૃષ્ટકલ્પમાં ઘટમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે 'વિરોધિવિષયિતાપ્રયુક્તત્વ'નો જે નિવેશ કર્યો છે તે વ્યર્થ જશે. કેમકે તમારી વિવક્ષાથી જ ઘટમાં લક્ષણ જવાનું જ નથી. સ્વ=વ્યભિચાર એનું સજાતીયવિશિષ્ટાન્તર મેયત્વવિશિષ્ટવ્યભિચાર કે વ્યભિચાર બને પણ ઘટ તો ન જ બને આમ અહીં જ ઘટની વ્યાવૃત્તિ થઈ જાય છે.

<u>गादाधरी</u> : स्वसजातीयविशिष्टान्तरघटितं यद्यत्स्वं तदविषयकप्रतीतिविषयत्वविवक्षणेन अनुयोगिनि स्वत्वानन्तर्भावेण पदार्थान्तरेषु अतिप्रसङ्गवारकतया तद्दलसार्थक्यात् ।

કેચિત્ - ના. તે દલનો નિવેશ વ્યર્થ નહિ જાય. અમારી વિવક્ષામાં અમે સ્વ પદથી લક્ષ્યતાવચ્છેદક ધર્મ નથી લેતા પણ લક્ષ્યતાનવચ્છેદક ધર્મ લઈએ છીએ.

લક્ષ્યતાવચ્છેદક એ અનુયોગી છે અને લક્ષ્યાનવચ્છેદક એ પ્રતિયોગી છે, કેમકે સ્વસજાતીયવિશિષ્ટાન્તરાઘટિતત્વ એટલે સ્વસજાતીયવિશિષ્ટાન્તરઘટિતત્વાભાવ. આ અભાવ સ્વસજાતીયવિશિષ્ટાન્તરાઘટિતમાં રહે એટલે કે તાદશ લક્ષ્યતાવચ્છેદકમાં રહે માટે તે અભાવનો અનુયોગી કહેવાય. અને અભાવનો પ્રતિયોગી સ્વસજાતીયવિશિષ્ટાન્તર-ઘટિતત્વ બને છે તે લક્ષ્યતાનવચ્છેદક છે.

અમે સ્વત્વને પ્રતિયોગીમાં અંતર્ભૂત કરવા માંગીએ છીએ. પૂર્વે તો સ્વ પદથી ઉપરોક્ત અનુયોગી અર્થાત્ લક્ષ્યતાવચ્છેદકરૂપ વિશિષ્ટાન્તરાઘટિતત્વ પકડતાં હતાં. સ્વ=વ્યભિચારત્વસજાતીય વિશિષ્ટાન્તર મેયત્વવિશિષ્ટવ્યભિચાર બને એનાથી અઘટિત જે સ્વ તે વ્યભિચાર જ બને. આમ બે ય સ્વથી લક્ષ્યતાવચ્છેદક(અનુયોગી)માં સ્વત્વ આવતું હતું હવે સ્વજાતીયવિશિષ્ટાન્તરઘટિતરૂપ પ્રતિયોગી અર્થાત્ લક્ષ્યતાનવચ્છેદક જે હોય તેને બે ય સ્થળે સ્વપદથી લેવાનું અમે કહીએ છીએ. એમ થતાં ઘટમાં પણ અતિવ્યાપ્તિ ઊભી જ રહે અને તેથી એના વારણ માટે 'વિરોધિવિષયિતાપ્રયુક્તત્વ' દલ નિવેશ સાર્થક બનવાનો જ છે.

જુઓ. સ્વ=મેયત્વવિશિષ્ટવ્યભિચાર (લક્ષ્યતાવચ્છેદકરૂપ પ્રતિયોગી) કે જે વિશિષ્ટાન્તરઘટિત છે તેનું સજાતીય વિશિષ્ટાન્તર વ્યભિચાર બને એનાથી ઘટિત જે જે સ્વ=મેયત્વવિશિષ્ટવ્યભિચાર. તદવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક વ્યભિચારત્વ બને એટલે તેમાં લક્ષણ સંગતિ થઈ ગઈ. પણ તદવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદકઘટત્વં પણ

બને એટલે તેમાં અતિવ્યાપ્તિ આવી જાય તેના વારણ માટે ઉક્તદલનિવેશ સાર્થક બની જ જવાનો છે.

આ રીતે સ્વત્વ પદાર્થનો અમે અનુયોગીરૂપ લક્ષ્યતાવચ્છેદકમાં અન્તર્ભાવ ન કરીએ અને પ્રતિયોગીરૂપ લક્ષ્યતાનવચ્છેદકમાં અન્તર્ભાવ કરીએ એટલે અતિવ્યાપ્તિ આવવાથી ઉક્ત દલનિવેશ સાર્થક બને જ છે.

<u>गादाधरी</u> : न च व्यभिचारविशिष्टमेयत्वादेर्हेत्वाभासत्वविरहात् हेत्वाभासविभाजकरूपेण स्वसजातीयाऽप्रसिद्ध्या तस्य स्वपदेनोपादातुमशक्यत्वात् मेयत्वविशिष्टव्यभिचारत्वादिकमेव स्वपदेनोपादेयम्, तस्य शुद्धव्यभिचाराद्यभिन्नतया व्यभिचारत्वादिरूपहेत्वाभासविभाजकरूपेण तत्सजातीयप्रसिद्धेरिति तदविषयकप्रतीतिविषयत्वस्य व्यभिचारविशिष्टमेयत्वादौ सत्वात्तत्रातिप्रसङ्ग इति वाच्यम्,

સિદ્ધાન્તી : આ રીતે લક્ષ્યતાનવચ્છેદકને સ્વપદથી પકડશો તો તો અતિવ્યાપ્તિ આવશે.

સ્વપદથી વ્યભિચારવિશિષ્ટમેયત્વને તો પકડી શકાય નહિ. કેમકે જો તેને પકડીએ તો તેમાં હેત્વાભાસત્વ ન હોવાથી તેનું સજાતીય-વિશિષ્ટાન્તર જ ન મળે. એટલે મેયત્વવિશિષ્ટવ્યભિચારને સ્વ પદથી પકડી શકાય=મેયત્વવિશિષ્ટવ્યભિચારસજાતીયવિશિષ્ટાન્તર વ્યભિચાર બને કેમકે યદ્યપિ મેયત્વવિશિષ્ટવ્યભિચાર એ પણ હેત્વાભાસ તો નથી જ તથાપિ **विशिष्टं शुद्धात्नातिरिच्यते न्यायात्** તે શુદ્ધવ્યભિચારથી અભિન્ન છે એટલે તેનું સજાતીય વિશિષ્ટાન્તરવ્યભિચાર બની શકે. તેનાથી ઘટિત જે સ્વ, તે મેયત્વવિશિષ્ટવ્યભિચાર, તદવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારવિશિષ્ટમેયત્વ બની જતાં તેમાં લક્ષણ અતિવ્યાપ્ત થયું.

(અહીં ખ્યાલ રાખવો કે સિદ્ધાન્તીએ વ્યભિચારવિશિષ્ટમેયત્વ એ હેત્વાભાસ બનતો નથી માટે તેનું સજાતીયવિશિષ્ટાન્તર ન મળે એ વાત લક્ષ્યમાં રાખીને સ્વપદથી વ્યભિચારવિશિષ્ટમેયત્વને ન લઈને તેમાં અતિવ્યાપ્તિ આપી છે. મેયત્વવિશિષ્ટવ્યભિચાર એ સ્વપદથી લીધો છે કેમકે તે લક્ષ્યતાવચ્છેદક નથી વળી તે પણ હેત્વાભાસ ન હોવા છતાં વ્યભિચારથી અભિન્ન હોવાથી તેનું સજાતીયવિશિષ્ટાન્તર પ્રાપ્ત થઈ શકે છે.

કેચિત્મત વાળા જે ઉત્તર આપે છે તેમાં તેઓ વ્યભિચારવિશિષ્ટમેયત્વ પણ વ્યભિચાર પદાર્થ છે એમ સિદ્ધ કરવાના છે. એમ જો સિદ્ધ થાય તો સ્વપદથી વ્યભિચારવિશિષ્ટમેયત્વ પણ પકડાય કેમકે પછી તો તેના સજાતીયવિશિષ્ટાન્તર વ્યભિચારાદિ બની શકે અને તેમનાથી તે વ્યભિચારવિશિષ્ટમેયત્વ ઘટિત હોવાથી બીજા સ્વપદથી પણ વ્યભિચારવિશિષ્ટમેયત્વ જ આવી જાય. તદવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારવિશિષ્ટમેયત્વ ન બનતાં તેમાં અતિવ્યાપ્તિ ન આવે.)

<u>गादाधरी</u> : विशिष्टान्तराऽघटितत्वेनाऽघटितस्य विशिष्टसाध्यसाधन-ग्रहाऽविरोधिज्ञाननिष्ठविषयितासम्बन्धेन व्याप्तिग्रहप्रतिबन्धकताऽन-तिरिक्तवृत्तित्वादिरूपस्य व्यभिचारादिविभाजकस्याऽत्र प्रवेशात्, तादृशरूपस्य च व्यभिचारविशिष्टप्रमेयत्वादिसाधारणत्वादित्याहुः ।

હવે તેઓ શી રીતે વ્યભિચારવિશિષ્ટમેયત્વ-મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વ, વ્યભિચારત્વ એ બધાયને વ્યભિચાર પદાર્થ બનાવે છે તે જોઈએ.

જો વિશિષ્ટાન્તરથી અઘટિતને હેત્વાભાસ આપણે કહેતાં હતાં તો જ મેયત્વવિશિષ્ટવ્યભિચાર કે વ્યભિચારવિશિષ્ટમેયત્વ એ વ્યભિચારરૂપ હેત્વાભાસ બનતો ન હતો ને ? કેમકે તેમાં બે ય વિશિષ્ટાન્તર વ્યભિચારથી ઘટિત જ છે.

હવે તે બેયને વ્યભિચાર પદાર્થ બનાવવા હોય તો 'વિશિષ્ટાન્તરાઘટિતત્વ' નિવેશ દૂર કરવો જ જોઈએ.

એટલે જ તેઓ કહે છે કે વિશિષ્ટાન્તરાઘટિત અઘટિત એવું અમે વ્યભિચારપદાર્થનું નિર્વચન કરીએ છીએ.

વ્યભિચાર એ વ્યાપ્તિગ્રહ પ્રતિબંધક છે. વિશિષ્ટસાધ્ય અને વિશિષ્ટસાધનના વિરોધી બાધ-સ્વરૂપાસિદ્ધ્યાદિ છે. અર્થાત્ વિશિષ્ટસાધ્ય-સાધન ગ્રહનું અવિરોધી જ્ઞાન વ્યભિચારજ્ઞાન છે. હવે તે શુદ્ધવ્યભિચારજ્ઞાન બને તેમ મેયત્વવિશિષ્ટવ્યભિચારજ્ઞાન પણ બને અર્થાત્ ત્રણેય વિશિષ્ટસાધ્યસાધનગ્રહાવિરોધી જ્ઞાન છે.

હવે વ્યાપ્તિગ્રહનિષ્ઠપ્રતિબધ્યતાનિરૂપિતપ્રતિબંધકતા બાધાદિ નિશ્ચયમાં ન મળે એટલે તેઓ તાદૃશપ્રતિબંધકત્વાભાવવત્ બને. તાદૃશબાધનિશ્ચયનિરૂપિતવૃત્તિતા બાધમાં રહે. આ વૃત્તિતાનો વિશિષ્ટસાધ્યસાધનગ્રહાવિરોધિજ્ઞાનનિષ્ઠવિષયિતાસંબંધથી મેયત્વવિશિષ્ટ વ્યભિચારાદિ ત્રણેયમાં અભાવ જ મળે. કેમકે તાદૃશસંબંધથી

પ્રતિબંધકતાવત્વ્યભિચારનિશ્ચયનિરૂપિતવૃત્તિતા તે ત્રણેયમાં મળે પણ તાદૃશસંબંધથી પ્રતિબંધકત્વાભાવવત્ બાધનિશ્ચય નિરૂપિતવૃત્તિતાનો તો તે ત્રણેયમાં અભાવ જ મળે. (કેમકે પ્રતિબંધકત્વાભાવવત્ બાધાદિનિશ્ચયમાં વ્યભિચાર વૃત્તિ નથી.) આમ વિશિષ્ટ સાધ્યસાધનગ્રહાવિરોધીજ્ઞાનનિષ્ઠવિષયિતાસંબંધેન વ્યાપ્તિગ્રહપ્રતિબંધકતા-નતિરિક્તવૃત્તિત્વ અર્થાત્ તાદૃશસંબંધેન વ્યાપ્તિગ્રહપ્રતિબંધકત્વાભાવવદવૃત્તિત્વ અર્થાત્ તાદૃશસંબંધેન વ્યાપ્તિગ્રહપ્રતિબંધકત્વાભાવવદ્વૃત્તિત્વાભાવ એ જ વ્યભિચારવિભાજક પદાર્થ છે એમ અમે કહીશું. ઉક્ત સંબંધથી ઉક્તવૃત્તિત્વાભાવ પ્રમેયત્વવિશિષ્ટ-વ્યભિચારાદિ ત્રણેયમાં રહી જવાને લીધે ત્રણેયમાં વ્યભિચારપદાર્થ સામાન્ય આવી ગયું. અમે 'તે વિશિષ્ટાન્તરાઘટિત જોઈએ' એવું તો કહેતાં જ નથી એટલે તમારી માફક મેયત્વવિશિષ્ટવ્યભિચારનો કે વ્યભિચારવિશિષ્ટમેયત્વનો શુદ્ધવ્યભિચારસાજાત્યેન લેવામાં અસંગ્રહ નહિ થાય.

હવે આમ વ્યભિચારવિશિષ્ટમેયત્વ સજાતીયવિશિષ્ટાન્તરવ્યભિચાર મળી જાય. એનાથી ઘટિત જે સ્વ તે વ્યભિચારવિશિષ્ટમેયત્વ બને. તદવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારવિશિષ્ટમેયત્વ તો ન જ બને એટલે તેમાં લક્ષણની અતિવ્યાપ્તિ સંભવતી નથી.

<u>गादाधरी</u> : तन्न, व्यभिचारघटितबाधादावपि विशिष्टान्तराऽघटित-त्वाऽघटितव्यभिचारत्वादिसत्त्वेन तद्घटकव्यभिचारादेर्व्यभिचारत्वादिना तत्सजातीयतया तत्संग्रहानुपपत्तेः ।

સિદ્ધાન્તી : જો તેમ કહેશો તો વ્યભિચારઘટિતબાધમાં લક્ષણની અવ્યાપ્તિ આવી જશે.

વ્યભિચારઘટિતબાધમાં વસ્તુતઃ બાધત્વ હોવાથી તેનું સજાતીયવિશિષ્ટાન્તર બાધ જ બને. પણ હવે તો વ્યભિચારઘટિતબાધમાં ત્વદુક્ત વ્યભિચારત્વ આવવાથી તેનું સજાતીયવિશિષ્ટાન્તર વ્યભિચાર બની જાય. જુઓ, વ્યભિચારઘટિતબાધમાં તાદૃશસંબંધેન તાદૃશપ્રતિબંધકત્વાભાવવદ્વૃત્તિત્વાભાવ છે માટે તેમાં વ્યભિચારત્વ આવી ગયું. એટલે હવે વ્યભિચારઘટિતબાધમાં પણ તમે જે વિશિષ્ટાન્તરાઘટિતશૂન્ય વ્યભિચારત્વ કહ્યું છે તેવું વ્યભિચારત્વ છે જ. અર્થાત્ વ્યભિચારિઘટિતબાધમાં આવું વ્યભિચારત્વ છે. એટલે હવે તેનું સજાતીયવિશિષ્ટાન્તર વ્યભિચાર બને. તેનાથી ઘટિત તે વ્યભિચારવિશિષ્ટબાધ છે. તદવચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક વ્યભિચારવિ.બાધત્વ તો ન જ બને એટલે તેમાં લક્ષણની અવ્યાપ્તિ થાય.

गादाधरी : न च स्ववृत्तियावद्धेत्वाभासविभाजकरूपेण साजात्यं विवक्षणीयं, तथा च बाधादिघटकव्यभिचारादौ बाधत्वाद्यसत्त्वान्न तादृशबाधादिसजातीयत्वम्, अतस्तत्संग्रहसम्भव इति वाच्यम्, एवं सति बाधविशिष्टव्यभिचारादौ स्ववृत्तिबाधत्वव्यभिचारत्वादियावद्धर्म्मेण सजातीयविशिष्टान्तरस्य व्यभिचारविशिष्टबाधादेः प्रसिद्धावपि तद्घटितत्वाऽसत्त्वेन तत्रातिव्याप्तेः । तस्मात् व्यभिचारादिघटितबाधादेः संग्रहप्रकारोऽग्रे प्रदर्शनीय एवाऽऽदरणीयः ।

પ્રશ્ન : સ્વવૃત્તિ જેટલા હેત્વાભાસવિભાજક રૂપ (ધર્મ હોય) તેના વડે અહીં સાજાત્યની વિવક્ષા કરવી. એટલે બાધાદિના ઘટક એવા વ્યભિચારાદિમાં બાધત્વાદિ ન હોવાથી તે વ્યભિચારાદિમાં તાદૃશબાધાદિની સજાતીયતા નહી આવે. અને તેથી તેનો સંગ્રહ સંભવી શકશે.

ઉત્તર : જો આમ માનશો તો બાધવિશિષ્ટવ્યભિચારાદિમાં સ્વવૃત્તિબાધત્વ-વ્યભિચારત્વ વગેરે યાવદ્ધર્મ વડે સજાતીયવિશિષ્ટાન્તર એવા વ્યભિચારવિશિષ્ટ બાધાદિની પ્રસિદ્ધિ હોવા છતાં તદ્ઘટિતત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે.

માટે વ્યભિચારાદિ ઘટિતબાધાદિનો સંગ્રહ કરવાનો પ્રકાર આગળ જે બતાવાશે તે જ આદરવા યોગ્ય છે.

दीधिति : तेन प्रमेयत्वादिविशिष्टे व्यभिचारादौ नातिप्रसङ्गः ।

गादाधरी : मेयत्वविशिष्टे व्यभिचारादौ=तादृशव्यभिचार-त्वाद्यवच्छिन्ने, नातिप्रसङ्गः=न दोषत्वप्रसङ्गः । अत्र मेयत्वविशिष्ट-व्यभिचारो दोषः इत्यादिव्यवहाराभावान्नेष्टापत्तिः सम्भवति ।

દીધિતિમાં વિશિષ્ટાન્તરાઘટિતત્વવિશેષણનો નિવેશ કહ્યો તેના ઉપર કહે છે કે તેમ થવાથી મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

પ્રશ્ન : મેયત્વવિશિષ્ટવ્યભિચારને દોષ કહેવામાં વાંધો શું છે ?

ઉત્તર : લોકવ્યવહાર વ્યભિચારને દોષ નથી માનતો માટે તે લક્ષ્ય બની શકતું નથી.

गादाधरी : न च विशिष्टव्यभिचारादौ शुद्धव्यभिचारत्वादिना दोषत्वस्याक्षततयोक्तविशेषणदानेऽपि तादृशव्यवहारापत्तिर्दुर्वारैवेति, तत्रेष्टापतौ च व्यर्थं विशेषणमिति वाच्यम्,

પ્રશ્ન : विशिष्टं शुद्धान्नातिरिच्यते ન્યાયાત્ મેયત્વવિ.વ્યભિચાર અને શુદ્ધવ્યભિચાર તો એક જ છે અને તેથી તેમાં લક્ષણ જતાં મેયત્વવિશિષ્ટવ્યભિચારમાં દોષવ્યવહારાપત્તિ આવવાની જ છે અને જો તેમાં ઈષ્ટાપત્તિ કરશો તો 'વિશિષ્ટાન્તરાઘટિત'ત્વ નિવેશ વ્યર્થ જાય છે.

गादाधरी : दोषादिपदस्य निरुक्तविशेषणावच्छिन्नानुमितिप्रतिबन्धकतावच्छेदकस्वावच्छिन्ननिरूपितविषयिताकत्वेनान्वयितावच्छेदकधर्म्मबोधकताया व्युत्पन्नतया च मेयत्वविशिष्टव्यभिचारत्वादिरूपस्यान्वयितावच्छेदकस्योक्तविशेषणासत्त्वेनातिप्रसङ्गाभावादिति हृदयम् ।

ઉત્તર : દોષ પદ વક્ષ્યમાણ-અન્વયિતાવચ્છેદકનું બોધક છે. **व्यभिचारो दोषः** અહીં દોષ અન્વયી છે. અન્વયિતાવચ્છેદક વ્યભિચારત્વ છે.

વિશિષ્ટાન્તરાઘટિતવિશેષણવિશિષ્ટ યદ્રૂપ (વ્યભિચારત્વ) હોય તેનો જ બોધક 'દોષ' પદાર્થ અમે કહેવા માંગીએ છીએ. અર્થાત્ નિરૂક્તવિશેષણ વિશિષ્ટ જે અનુમિતિપ્રતિબંધકતાવચ્છેદક સ્વ તદવચ્છિન્નનિરૂપિતવિષયિતા, (દોષનિશ્ચયનિષ્ઠા અનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદિકા) તન્નિરૂપક, યદ્રૂપ=વ્યભિચારત્વ=વિષયિતાક, તાદૃશવિષયિતાકત્વેન વિષયિતાક=(યદ્રૂપ) જે અન્વયિતાવચ્છેદક તેનો બોધક દોષ પદાર્થ છે.

હવે આમ થતાં મેયત્વવિશિષ્ટવ્યભિચારત્વ એ નિરૂક્તવિશેષણવિશિષ્ટ જ ન હોવાથી તે અન્વયિતાવચ્છેદકનો બોધક દોષ પદાર્થ બને નહિ એટલે તેમાં દોષ વ્યવહારાપત્તિ નથી.

गादाधरी : नन्वाश्रयासिद्ध्यादिस्थले पक्षतावच्छेदकाभाववत्पक्षकत्वादिकमेव दोषस्तस्यैव हेतुनिष्ठतया हेतोर्दुष्टत्वव्यवहार-

निर्वाहकत्वात्, तादृशधर्मस्य च तादृशाऽभाववत्पक्षादिरूप-तादृशविशिष्टान्तरघटिततयाऽव्याप्तिः इति ।

પ્રશ્ન : પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વં આશ્રયાસિદ્ધિઃ દોષઃ । પક્ષતાવચ્છેદકાભાવ પક્ષક હેતુ બને તેમાં રહેલું જે પક્ષકત્વ તે જ દોષ બને. તેમ થાય તો જ હેતુ દુષ્ટ બની શકે. હવે આ જ રીતે સાધ્યતાવચ્છેદકાભાવવત્સાધ્યકત્વં સાધ્યાસિદ્ધિ, હેતુતાવચ્છેદકા-ભાવવદ્હેતુકત્વ હેત્વસિદ્ધિ બને. સાધ્યાભાવવત્પક્ષકત્વ બાધ બને. હેત્વભાવવત્પક્ષકત્વ સ્વરૂપાસિદ્ધિ બને. આ બધામાં લક્ષણ અવ્યાપ્ત થાય છે. (આશ્રયાસિદ્ધિમાં ઘટાવી લઈએ.)

પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વત્વાવચ્છિન્નાવિષયકપ્રતીતિ-વિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુ....વિષયતાવચ્છેદક પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષત્વ બને. તદવચ્છિન્નાવિષયક-પ્રતીતિવિષયતાવચ્છેદક પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વ નથી જ. આમ સર્વત્ર અવ્યાપ્તિ લગાવવી.

गादाधरी : अत आह एवञ्चेति ।

दीधिति : एवञ्च पक्षतावच्छेदकादिविरहविशिष्टः पक्षः, पक्षनिष्ठस्तद्विरहो वा, साध्याभाववद्वृत्ति साधनं, साधनवद्-वृत्तिस्साध्याभावो वा हेतुदोषः । येन केनापि सम्बन्धेन तद्वांश्च प्रकृतहेतुर्दुष्टः ।

गादाधरी : तादृशविशेषणदाने चेत्यर्थः । आदिपदात् साध्यादि-परिग्रहः । पर्वतादिधर्मिककाञ्चनमयत्वादिविशिष्टबुद्धौ पर्वतः काञ्चनमयत्वाभाववानित्यादिधर्म्मिविशेष्यकनिश्चयस्येव पर्व्वते काञ्चनमयत्वं नास्तीत्यादिधर्म्मिविशेषणकनिश्चयस्यापि विरोधित्व-मानुभविकमतस्तद्विषयस्यापि दोषत्वमाह पक्षनिष्ठ इति । आधेयता-सम्बन्धेन पक्षविशिष्ट इत्यर्थः । समुच्चयार्थको वाकारः ।

ઉત્તર : અમે પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વને દોષ નથી કહેતા પણ

પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષને જ દોષ કહીએ છીએ. વળી પર્વતધર્મિક કાઞ્ચનમયત્વાદિ વિશિષ્ટબુદ્ધિ પ્રતિ જેમ કાઞ્ચનમયત્વાભાવવત્પર્વત બુદ્ધિનિશ્ચય વિરોધી બને તેમ **પર્વતે કાઞ્ચનમયત્વાભાવઃ** બુદ્ધિનિશ્ચય પણ વિરોધી બને છે એ અનુભવસિદ્ધ છે માટે તેને પણ અમે દોષ કહીશું.

આ રીતે સર્વત્ર કહેવું.

સાધ્યતાવચ્છેદકાભાવવત્સાધ્યં દોષઃ
અથવા સાધ્યે સાધ્યતાવચ્છેદકાભાવઃ દોષઃ } સાધ્યાસિદ્ધિ

હેતુતાવચ્છેદકાભાવવદ્ધેતુઃ દોષઃ
હેતૌ હેતુતાવચ્છેદકાભાવઃ દોષઃ } હેત્વસિદ્ધિ

સાધ્યાભાવવાન્ પક્ષઃ કે પક્ષે સાધ્યાભાવઃ = બાધ

હેત્વભાવવાન્ પક્ષઃ કે પક્ષે હેત્વભાવઃ = સ્વરૂપાસિદ્ધિ

<u>ગાદાધરી</u> : साधनवद्वृत्तिः साध्याभाव इति । साधनधर्मिकसाध्याभाववद्वृत्तिप्रकारकज्ञानं साधनधर्मिकव्याप्तिग्रहप्रतिबन्धकम् । साधनवति साध्याभाव इति ज्ञानेऽपि साधने साध्याभाववद्वृत्तित्वं तुल्यवित्तिवेद्यतया नियमतो भासत इति तदपि व्याप्तिज्ञानप्रतिबन्धकमितिमताभिप्रायेण । तादृशज्ञाने नियमतस्तदभानेऽपि मणिमन्त्रादिन्यायेन तस्यासमानविशेष्यकस्यापि व्याप्तिज्ञानप्रतिबन्धकत्वमिति प्राचीनमताभिप्रायेण वा । दोष इति । न तु पक्षतावच्छेदकाभाववत्पक्षकत्वादिकमिति शेषः । तथा चालक्ष्यत्वान्न तत्राव्याप्तिरिति भावः ।

હવે વ્યભિચારનો ઉક્ત રીતે સમાવેશ થતો નથી. એટલે તેના માટે અમે જુદું કહીશું કે **साध्याभाववद्वृत्तिः हेतुः** અથવા **हेतुमद्वृत्तिः साध्याभावः व्यभिचारो दोषः ।**

સાધનધર્મિકસાધ્યાભાવવદ્વૃત્તિત્વપ્રકારકજ્ઞાન સાધનધર્મિક વ્યાપ્તિગ્રહનું પ્રતિબંધક બને. **वह्निमति धूमाभावः** એવા જ્ઞાનમાં જેમ વહ્નિમદ્વૃત્તિધૂમાભાવ ભાસિત થાય છે તેમ તે જ જ્ઞાનથી વહ્નૌ ધૂમાભાવવદ્વૃત્તિત્વ પણ નિયમતો ભાસિત થાય જ છે. (તુલ્યયા વિત્ત્યા (જ્ઞાનેન) વેદ્યમ્) એટલે વહ્નિમાનમાં ધૂમાભાવજ્ઞાન પણ વ્યાપ્તિગ્રહ પ્રતિબંધક બને.

અહીં પ્રાચીનોનો આ મત છે. તેઓ કહે છે કે **वह्निमति धूमाभावः** જ્ઞાનમાં ધૂમાભાવવદ્વૃત્તિત્વં વહ્નૌ નિયમતઃ ભાસિત ન પણ થાય તો ય **वह्निमति धूमाभावः** જ્ઞાન પ્રતિબંધક બની શકે. અહીં પ્રશ્ન થાય કે વ્યાપ્તિજ્ઞાન તો વહ્નિવિશેષ્યક છે અને આવું વ્યભિચારજ્ઞાન તો વહ્નિપ્રકારક છે આમ સમાનવિશેષ્યક તો ન બન્યું પછી શી રીતે તે વ્યાપકજ્ઞાનપ્રતિબંધક બને ? તેના ઉત્તરમાં અમે કહીશું કે છતાં ય તે પ્રતિબંધક બને કેમકે **वह्निमति धूमाभावः** જ્ઞાન ધૂમાભાવવદ્વૃત્તિત્વવિ.વહ્નિવિષયક તો જરૂર છે અને તેથી ભલે જ્ઞાનનો સમાન આકાર નથી પણ તે જ્ઞાનનો વિષય તો તે પણ પડે જ છે અને તેથી તે રીતે **वह्निमति धूमाभावः** જ્ઞાન પણ વ્યાપ્તિજ્ઞાન પ્રતિબંધક બની શકે.

આ રીતે દીધિતિકારે દોષના આકાર જુદા બતાવ્યાં અને તેથી પૂર્વપક્ષીય અવ્યાપ્તિ ન રહી.

गादाधरी : ननु पक्षतावच्छेदकाभाववत्पक्षादीना हेत्ववृत्तित्वात् कथं हेतौ दुष्टताव्यवहार इत्यत आह येन केनापीति । एकज्ञानविषयत्वादिनेत्यादिः । तद्वान्=तदवच्छिन्नः, दुष्टः=दुष्टप्रतिपाद्यः । तथा च हेतौ तादृशदोषानधिकरणत्वेऽपि न क्षतिः, दुष्ट इत्यादौ सामान्यतः सम्बन्धिन एव निष्ठार्थत्वात् । एवं च एकज्ञानविषयत्वादिना वह्न्यभाववद्ह्रदादिरूपदोषस्य धूमादौ सत्त्वेऽपि पर्वतादौ वह्न्यादिसाधने तस्य दुष्टत्वव्यवहारविषयतायास्तद्रूपावच्छिन्नपक्षसाध्यहेतुवाचकपदसमभिव्याहारस्थले तद्रूपावच्छिन्नपक्षसाध्यहेतुकानुमितिप्रतिबन्धकतावच्छेदकस्वावच्छिन्ननिरूपितविषयितताकधर्म्मावच्छिन्नसम्बन्धी दुष्टपदेन बोध्यते, ईदृशव्युत्पत्त्या पूर्ववद्वारणेऽपि पूर्ववदेव वह्निना धूमसाधने रासभो दुष्ट इत्यादिव्यवहारो निस्तदोषमात्रस्य दुष्टत्वव्यवहारविषयतावच्छेदकत्वे दुर्वार इति प्रकृतहेतुतावच्छेदकविशिष्टसम्बन्धो निष्ठार्थतावच्छेदको वाच्यः । एतल्लाभाय प्रकृतहेतुरित्युक्तम् ।

પૂર્વ પક્ષ : પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષ એ જો દોષ બને તો તે હેતુમાં તો વૃત્તિ નથી?

પછી હેતુમાં દુષ્ટત્વ વ્યવહાર શી રીતે થાય ?

ઉત્તર પક્ષ : સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવચ્છેદકવત્વ સંબંધેન દોષ હેતુમાં જતાં ત્યાં દુષ્ટત્વવ્યવહાર થઈ શકે.

वह्न्यभाववान् ह्रदो धूमश्च એવું સમૂહાલંબન જ્ઞાન થાય એ વહ્ન્યભાવવિષયક જ્ઞાન છે. એમાં વિષય તરીકે પ્રકૃતહેતુતાવચ્છેદકવાન્ ધૂમ છે. તદ્વત્ત્વસંબંધથી દોષ ધૂમમાં જતાં ધૂમ દોષવિશિષ્ટ અર્થાત્ દુષ્ટ બન્યો.

દુષ્ટમાં **क्त**નો અર્થ સંબંધી કરવો. દોષનો સંબંધી (ઉક્તસંબંધથી) હેતુ બને.

જો અહીં 'પ્રકૃતહેતુઃ દુષ્ટઃ' પદ ન મૂક્યું હોત તો **वह्निना धूमसाधने रासभो दुष्टः** વ્યવહાર થઈ જાત કેમકે **वह्न्यभाववान् ह्रदः रासभश्च** એવા સમૂહાલંબન જ્ઞાનમાં સ્વવિષયકજ્ઞાનવિષયત્વસં.થી રાસભમાં દોષ ચાલી જતાં તેમાં દુષ્ટત્વવ્યવહારાપત્તિ આવત. હવે **प्रकृत हेतुः** કહ્યું એટલે સંબંધ તરીકે માત્ર સ્વવિષયકજ્ઞાનવિષયત્વ ન લેતાં સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવચ્છેદકવત્ત્વ સં. લેવાનો એ એનું તાત્પર્ય છે. અને તેમ થતાં એ સંબંધથી રાસભ દુષ્ટ ન બને.

પૂર્વપક્ષ : 'પ્રકૃતહેતુઃ' પદ ન હોત તો વહ્ન્યભાવવદ્ હ્રદ રૂપ દોષથી પર્વતપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિક ધૂમ હેતુ દુષ્ટ ન બને ? કેમકે વહ્ન્યભાવદ્ હ્રદ રૂપ દોષથી ધૂમ દુષ્ટ થયો એટલે પછી સદ્ધેતુસ્થલીય ધૂમ પણ દુષ્ટ થયો જ ને ?

ઉત્તરપક્ષ : ના, 'પ્રકૃતહેતુઃ' નિવેશ ન પણ હોય તો ય ઉક્તાપત્તિ તો આવે તેમ નથી કેમકે તદ્રૂપાવચ્છિન્નપક્ષ-સાધ્યહેતુવાચકપદ-સમભિવ્યવહારસ્થલે તદ્રૂપાવચ્છિન્નપક્ષસાધ્ય-હેતુકાનુમિતિપ્રતિબંધકતા-વચ્છેદકસ્વાવચ્છિન્ન્નિરૂપિતવિષયિતાકધર્માવચ્છિન્નસંબંધી દુષ્ટપદેન બોધ્યતે ।

હવે એમ થતાં વહ્નિસાધ્યક હ્રદપક્ષક ધૂમસમભિવ્યાહાર સ્થલે તાદશાનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદક જે વહ્ન્યભાવવદ્ હ્રદત્વ, તદવચ્છિન્ન્નિરૂપિતવિષયિતાક ધર્મ વહ્ન્યભાવવદ્ હ્રદત્વ અવચ્છિન્ન જે વહ્ન્યભાવવદ્ હ્રદ તેનો સંબંધી ધૂમ દુષ્ટ બને.

પણ પર્વતપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદકસ્વાવચ્છિન્ન-નિરૂપિતવિષયિતાકધર્મ વહ્ન્યભાવવદ્ હ્રદત્વ છે જ નહિ. માટે તદવચ્છિન્ન સંબંધી તે ધૂમ નથી માટે તેમાં બાધને લઈને દુષ્ટત્વવ્યવહારાપત્તિ સંભવતી જ નથી.

હા, પર્વતપક્ષકવહ્નિસાધ્યકાનુમિતિ પ્રતિબંધકતાવચ્છેદક સ્વાવચ્છિન્ન્નિરૂપિતવિષ-

યિતાકધર્મ વહ્ન્યભાવવત્પર્વતત્વ બનત તો તદવચ્છિન્ન વહ્ન્યભાવવત્પર્વતસંબંધી તે ધૂમ દુષ્ટ બનત. પણ વહ્ન્યભાવવત્પર્વત જ અપ્રસિદ્ધ હોવાથી તાદશાપત્તિ સંભવતી જ નથી.

દુષ્ટપદનો બોધક આવો બને એટલું કહેવા પર પણ 'રાસભ' દુષ્ટ બની જવાની આપત્તિ આવે જ છે કેમકે તાદશ ધર્માવચ્છિન્ન જે વહ્ન્યભાવવદ્હ્રદ એનો સંબંધી એકજ્ઞાનવિષયત્વસંબંધથી રાસભ બની જ જાય.

આ આપત્તિ દૂર કરવા માટે પ્રકૃતહેતુઃ પદ આવશ્યક બને છે.

<u>गादाधरी</u> : ह्रदे वह्नेः साधने धूमो दुष्ट इत्यत्र ह्रदत्वावच्छिन्नपक्षकवह्नित्वावच्छिन्नसाध्यकधूमत्वावच्छिन्नलिङ्गकानुमितिप्रतिबन्धकतावच्छेदकस्वावच्छिन्नविषयिताकधर्मावच्छिन्नसम्बन्धी धूम इत्यन्वयबोधः, तत्र प्रतिबन्धकतावच्छेदकस्वावच्छिन्नविषयिताकधर्म्मविशिष्ट एव दुष्धातोरर्थः, साधनपदं लक्षणया धूमत्वावच्छिन्नहेतुकानुमितिपरं, तत्र ह्रद इति सप्तम्यन्तार्थह्रदत्वावच्छिन्नपक्षकत्वस्य, वह्नेरिति षष्ठ्यन्तार्थस्य वह्नित्वावच्छिन्नसाध्यकत्वस्य चान्वयः, तादृशानुमित्यन्वितसप्तम्यर्थनिरूपितत्वस्य दुष्धात्वर्थैकदेशे प्रतिबन्धकत्वेऽन्वयः । एवञ्च पर्व्वते वह्नेः साधने धूमो दुष्ट इत्यत्र पर्व्वतत्वावच्छिन्नपक्षकवह्नित्वावच्छिन्नसाध्यकधूमत्वावच्छिन्नहेतुकानुमितिप्रतिबन्धकतावच्छेदकस्वावच्छिन्नविषयताकधर्म्मविशिष्टसम्बन्धी धूम इत्येव प्रतीयते, तत्र तादृशधर्म्मश्चाप्रसिद्ध एवेति न तथा व्यवहारः ।

पक्षविशेषादिकमनन्तर्भाव्य धूमो दुष्ट इति व्यवहारस्त्वबाधित इष्यत एवेति दिक् ।

શાબ્દબોધ : ह्रदे वह्नेः साधने धूमो दुष्टः=હ્રદત્વાવચ્છિન્નપક્ષક, વહ્નિત્વાવચ્છિન્નસાધ્યક, ધૂમત્વાવચ્છિન્નહેતુક અનુમિતિપ્રતિબંધકતા-વચ્છેદકસ્વાવચ્છિન્નવિષયિતાકધર્માવચ્છિન્નસંબંધી ધૂમઃ ઇત્યન્વયબોધઃ ।

અહીં દુષ્ ધાતુનો અર્થ પ્રતિબંધકતાવચ્છેદકસ્વાવંચ્છિન્નવિષયિતાકધર્માવચ્છિન્નઃ

(દોષ) છે. સાધનપદ લક્ષણાથી ધૂમત્વાવચ્છિન્નહેતુકાનુમિતિ પરક છે.

હ્રદે - સપ્તમ્યન્તાર્થ હ્રદત્વાવચ્છિન્નપક્ષકત્વ....૧

વહ્નેઃ - ષષ્ઠ્યન્તાર્થ-વહ્નિત્વાવચ્છિન્નસાધ્યકત્વ....૨

સાધને - સ્થળે જે સપ્તમી છે તેનો અર્થ નિરૂપિતત્ત્વ. એનો અન્વય પ્રતિબંધકતામાં અર્થાત્ સાધનનિરૂપિતા જે પ્રતિબંધકતા.

હવે પર્વતે વહ્નેઃ સાધને ધૂમો દુષ્ટઃ એવા વાક્યનો અન્વયબોધ કરવો હોય તો આવો પ્રતીત થાય.

પર્વતત્વાવચ્છિન્નપક્ષક, વહ્નિત્વાવચ્છિન્નસાધ્યક, ધૂમત્વાવચ્છિન્નહેતુકાનુમિતિ-પ્રતિબંધકતાવચ્છેદક સ્વાવચ્છિન્નવિષયિતાકધર્માવચ્છિન્નસંબંધી ધૂમઃ ।

પણ અહીં તાદૃશ ધર્મ જ અપ્રસિદ્ધ છે માટે તેવો વ્યવહાર થઈ શકતો નથી. અને તેથી તત્રસ્થ ધૂમ હેતુમાં દુષ્ટત્વવ્યવહારાપત્તિ સંભવતી નથી.

હા, પક્ષવિશેષ્યકનો નિવેશ કરવામાં ન આવે તો તો **વહ્નિસાધને ધૂમો દૂષ્ટઃ** એવો વ્યવહાર અબાધિત જ છે અને તે અમને ઈષ્ટ પણ છે જ. (ત્યાં પર્વતપક્ષક કહ્યું નથી વહ્નિસાધને ધૂમો દુષ્ટઃ થી હ્રદપક્ષકધૂમ જ અંતતઃ તો દુષ્ટ થવાનો. કેમકે પ્રકૃતાનુમિતિપ્રતિબંધકતાદિ કહેતા સદ્ધેતુધૂમમાં દુષ્ટત્વાપત્તિ સંભવવાની નથી.)

<u>गादाधरी</u> : साधननिष्ठसाध्याभाववद्वृत्तित्वादेरेव व्यभिचारतया प्रसिद्धिर्न तु तद्विशिष्टसाधनादेरतो न तस्य दोषत्वमिति कश्चिदाह । व्याचष्टेऽपि लक्षणमन्यथैव, अन्यथाऽतिप्रसङ्गात् । तादृशव्याख्यामुपन्यस्यति यादृशेति ।

<u>दीधिति</u> : यादृशधर्मिणि यादृशधर्म्मवत्ताज्ञानमनुमिति-प्रतिबन्धकं तस्य धर्मिणस्तादृशधर्म्मवत्त्वं हेतुदोष इत्यपि कश्चित् ।

<u>गादाधरी</u> : यद्रूपावच्छिन्नेत्यर्थकम् । ज्ञानम्=ज्ञानत्वावच्छिन्नम् । तस्य धर्मिणः=तद्धर्मावच्छिन्नस्य, तेन सम्बन्धेनेति शेषः । तादृशधर्मवत्त्वम्=तद्रूपावच्छिन्नधर्म्मवत्त्वम् ।

કેટલાંક કહે છે કે સાધનનિષ્ઠસાધ્યાભાવવદ્વૃત્તિત્વ એ જ વ્યભિચાર છે પણ સાધ્યાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટંસાધનં વ્યભિચાર નથી એ જ રીતે **પક્ષે સાધ્યાભાવ** એજ બાધ છે પણ **સાધ્યાભાવવદ્પક્ષઃ** બાધ નથી. હવે તેમના હિસાબે તો ઉક્તલક્ષણ સાધ્યાભાવવત્પક્ષમાં પણ જાય એટલે અતિવ્યાપ્તિ આવી ગણાય. એને દૂર કરવા માટે અર્થાત્ **પક્ષનિષ્ઠઃ સાધ્યભાવઃ, સાધનનિષ્ઠં સાધ્યાભાવવદ્વૃત્તિત્વં** માં જ લક્ષણ જાય એવું લક્ષણ તેઓ બનાવે છે.

યાદૃશધર્મિણિ યાદૃશધર્મવત્તાજ્ઞાનં અનુમિતિપ્રતિબન્ધકં તસ્ય ધર્મિણઃ તાદૃશધર્મવત્ત્વં હેતુદોષઃ ।

વહ્નિત્વાવચ્છિન્નવહ્નિમાં ધૂમાભાવવદ્વૃત્તિતાત્વાવચ્છિન્ન ધૂમાભાવવદ્વૃત્તિત્વજ્ઞાન અનુમિતિપ્રતિબંધક છે માટે વહ્નિમાં ધૂમાભાવવદ્વૃત્તિત્વવત્ત્વં એ હેત્વાભાસ કહેવાય.

હવે આમનું લક્ષણ ધૂમાભાવવદ્વૃત્તિત્વવિશિષ્ટવહ્નિમાં ન જાય એટલે તેમને અતિવ્યાપ્તિ ન આવે.

<u>ગાદાધરી</u> : સાધનાદિવિશેષણકસાધ્યાભાવવદ્વૃત્તિત્વાદિવિશેષ્યક-જ્ઞાનસ્ય વ્યાપ્ત્યાદિજ્ઞાનપ્રતિબન્ધકત્વેઽપિ સાધ્યાભાવવદ્વૃત્તિત્ત્વા-દેરાધેયતાસમ્બન્ધેન સાધનીયત્વાદિકં ન દોષઃ, સાધનાદેઃ સાધ્યાભાવવદ્વૃત્તિત્વાદિધર્મતાવિરહાત્ ।

પ્રશ્ન : ભલે તેમ હો પણ **વહ્નૌ ધૂમાભાવવદ્વૃત્તિત્વ** માં જેમ તે લક્ષણ ગયું તેમ **ધૂમાભાવવદ્વૃત્તિત્વે વહ્નિઃ** સ્થળમાં પણ તે લક્ષણ જતાં તે પણ દોષ બનશે ને ? જુઓ, ધૂમાભાવવદ્વૃત્તિત્વત્વાવચ્છિન્ન ધૂમાભાવવદ્વૃત્તિત્વે વહ્નિત્વાવચ્છિન્નવહ્નિજ્ઞાન અનુમિતિ પ્રતિબંધક છે તો ધૂમાભાવવદ્વૃત્તિત્વરૂપ ધર્મીનો વહ્નિઃ દોષ બને.

આમ ધૂમાભાવવદ્વૃત્તિત્વ આધેયતાસં.થી અહીં સાધનમાં રહી પણ જાય. એટલે તે દોષ બની જાય ને ?

ઉત્તર : ના, આધેયતા સં.ને અમે વૃત્ત્યનિયામક સંબંધ માનીએ છીએ એટલે સાધનમાં વૃત્ત્યનિયામક સંબંધથી સાધ્યાભાવવદ્વૃત્તિત્વ રહી શકતું જ નથી. હા, સાધનમાં સાધ્યાભાવવદ્વૃત્તિત્વ સ્વરૂપસંબંધથી જરૂર અમે રાખ્યું છે પણ તે તો વૃત્તિનિયામક સંબંધ છે.

આમ વહ્નિમાં ધૂમાભાવવદ્વૃત્તિત્વાભાવ સ્વ.સં.થી રહે છે તો તેના પ્રતિ તે જ સંબંધથી વ્યભિ.જ્ઞાન પ્રતિબંધક બને પણ સાધનનું આધેયતાસંબંધથી ધૂમાભાવવદ્વૃત્તિત્વમાં જ્ઞાન તે પ્રતિબંધક જ ન બને એટલે આમ વૃત્યનિયામકસંબંધતયા તેમાં અતિવ્યાપ્તિ સંભવતી નથી.

<u>गादाधरी</u> : अत्राप्यवच्छेदकत्वं पूर्ववन्नतु स्वरूपसम्बन्धविशेषः । पक्षतावच्छेदकावच्छिन्ननिष्ठकेवलाभावत्वावच्छिन्नवत्त्वादावतिप्रसङ्गात्, तदवच्छिन्नधर्मिकतद्रूपावच्छिन्नवत्ताज्ञानत्वस्यापि प्रतिबन्धकता-वच्छेदककोटिप्रविष्टत्वात्,

આ મતમાં અવચ્છેદકતા પૂર્વવત્ લેવી જોઈએ. પણ સ્વરૂપસંબંધરૂપ નહિ.

પહેલાં આપણે આ લક્ષણનો આકાર જોઈ લઈએ.

यादृशधर्मिणि.....ह्रदत्वावच्छिन्नविशेष्यताक वह्न्यभावत्वावच्छिन्न-प्रकारताकज्ञानमनुमितिप्रतिबंधकं अतः ह्रदधर्मिणः वह्न्यभाववत्त्वं=ह्रदे वह्न्यभाववत्त्वं दोषः ।

અહીં પ્રતિબંધકતાવચ્છેદક વહ્ન્યભાવવદ્હ્રદવિષયિતા બને તે જે સ્વરૂપ સં.રૂપ લઈએ તો અતિવ્યાપ્તિ આવે કેમકે તાદશ અવચ્છેદકતા તો અભાવવદ્હ્રદમાં પણ છે જ એટલે હ્રદે અભાવવત્ત્વ પણ દોષ બની જાય.

<u>गादाधरी</u> : अवच्छेदकतापर्य्याप्तिविवक्षणे तु ह्रदत्वावच्छिन्ननिष्ठ-वह्न्यभावत्वाद्यवच्छिन्नवत्त्वेऽव्याप्तेः, वह्नित्वादिना घटाद्यवगाहिनो ह्रदो न वह्निमानित्यादिनिश्चयस्य ह्रदो वह्निमानित्याद्यनुमितिप्रतिबन्धकतया ह्रदत्वावच्छिन्नविशेष्यकवास्तववह्न्यभावत्वावच्छिन्नप्रकारतानिरूपिता-भावत्वावच्छिन्नप्रकारताकनिश्चयत्वेनैवातस्तादृशमेव रूपं प्रतिबन्धकता-वच्छेदकतापर्य्याप्त्यधिकरणं न तु ह्रदत्वावच्छिन्नधर्म्मिकवह्न्यभावत्वा-वच्छिन्नप्रकारकत्वमिति यद्रूपपदेन वह्न्यभावत्वाद्युपादानं न सम्भवति,

पर्वतो वह्न्यभाववानित्यादौ पर्वतत्वावच्छिन्ननिष्ठवह्नित्वावच्छिन्न-

रूपबाधादेरसंग्रहभयेन यद्रूपावच्छिन्ने धर्मिणि यद्रूपावच्छिन्न-प्रकारतानिरूपितयद्रूपावच्छिन्नप्रकारताकनिश्चयत्वेन प्रतिबन्धकता तद्रूपविशिष्टे तद्रूपावच्छिन्नविशेषिततद्रूपावच्छिन्नवत्त्वं दोष इत्यादिविवक्षाया असम्भवात् ।

હવે જો સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ લેવાની વિવક્ષા કરીએ તો અતિવ્યાપ્તિ ટળી જાય અધિકરણ તેમ આ મત તો **ह्रदे वह्न्यभावत्व** ને જ દોષ માને છે. વહ્ન્યભાવવદ્હ્રદને દોષ નથી માનતો એટલે તેમાં પણ અતિવ્યાપ્તિ દૂર થઈ જાય. માત્ર સ્વરૂપસં.રૂપ અવચ્છેદકતા તો વહ્ન્યભાવવદ્હ્રદમાં પણ છે જ·એટલે તે દોષ બનતો હોવાથી અતિવ્યાપ્તિ આવતી હતી. હવે પર્યાપ્ત્યા અધિકરણ કહેવાથી વહ્ન્યભાવવદ્હ્રદમાં અતિવ્યાપ્તિ ન આવે, કેમકે આ જ્ઞાન ભ્રમપ્રમાસાધારણ છે અને તેથી ત્યાં સખંડવિષયતા જ લઈને ઊભયજ્ઞાનની પ્રતિબંધકતા કહેવી પડે. હવે તેવી સખંડવિષયતાવચ્છેદકતા તો વહ્નિત્વેન ગુજ્જાવગાહિ, અભાવત્વેન મઠાવગાહિ, હ્રદત્વેન ઘટાવગાહિ જ્ઞાન હોવાથી ગુજ્જાદિવિષયોમાં પણ છે. અને તેમ થતાં અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ માત્ર વહ્ન્યભાવવદ્હ્રદ ન જ બને. આમ તેમાં લક્ષણ ન જતાં અતિવ્યાપ્તિ ન આવે. પણ હ્રદે વહ્ન્યભાવવત્ત્વમાં રૂપ લક્ષ્યમાં અવ્યાપ્તિ આવી જાય છે. આ પણ જ્ઞાન ભ્રમ પ્રમાસાધારણ બનવાથી અહીં પણ માત્ર હ્રદે વહ્ન્યભાવ પર્યાપ્ત્યા અવચ્છેદકતાનું અધિકરણ ન બની શકે એટલે અવ્યાપ્તિ આવે.

અહીં ખ્યાલ રાખવો કે પૂર્વે પર્યાપ્ત્યા અધિકરણ લેતા અસંભવ દોષ બતાવેલો અહીં અવ્યાપ્તિ દોષ બતાવે છે કેમકે **वह्न्यभाववान् पर्वतः** અનુમિતિ પ્રતિ વહ્નિમત્પર્વત બાધ છે એમાં ઉક્ત રીતે અવચ્છેદકતા લેવા પર પણ લક્ષણ સંગતિ થઈ જાય છે. એમ થવાનું કારણ એ છે કે વહ્નિમત્પર્વત એ જ્ઞાન વહ્નિત્વાવચ્છિન્નપ્રકારતાનિરૂપિતપર્વત-ત્વાવચ્છિન્નવિશેષ્યતાક છે. એટલે અહીં સખંડવિષયતા જેવું લેવાનું કાંઈ રહેતું જ નથી. વહ્ન્યભાવવદ્હ્રદસ્થળે તો ભ્રમ સ્થળે વહ્ન્યભાવત્વાવચ્છિન્નપ્રકારતા લેવાતી ન હતી એટલે એને સખંડવિષયતામાં ફેરવી નાંખ્યું. પણ વહ્નિમત્પર્વતઃ સ્થળે તો ભ્રમપ્રમાત્મક કોઈ પણ જ્ઞાન લેતાં સખંડવિષયતા કરવાની જરૂર રહેતા જ નથી જે પ્રમાત્મક સ્થળે આકાર છે તે જ આકાર તે જ્ઞાન ભ્રમાત્મક બને ત્યારે પણ રહે છે. આમ જ્યારે સખંડવિષયતાનું અનુસરણ નથી ત્યારે ગુજ્જાદિપદાર્થાન્તરનો તેમાં નિવેશ નથી. અને

તેથી અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ વહ્નિમત્પર્વત બની જ જાય આમ તેમાં લક્ષણ સંગતિ થઈ જાય છે એટલે અસંભવદોષ ન કહેતાં અવ્યાપ્તિ કહી.

આ રીતે અવ્યાપ્તિ આવે છે માટે અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ પણ લઈ શકાય નહિ અને તેથી માત્ર સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકતા લેતાં **હ્રદે અભાવવત્ત્વં** પણ દોષ બની જતાં અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે.

હવે આ અતિવ્યાપ્તિ દૂર કરવા આમ કહી શકાય. ઉક્ત લક્ષણનો અર્થ આ રીતે કરવો જોઈએ. **यद्रूपावच्छिन्ने यद्रूपावच्छिन्नप्रकारतानिरूपितयद्रूपावच्छिन्न-प्रकारताकनिश्चयत्वेन प्रतिबंधकता, तद्रूपाविशिष्टे तद्रूपावच्छिन्नविशिष्ट-तद्रूपावच्छिन्नत्वं दोषः ।**

હ્રદત્વાવચ્છિન્ને હ્રદજ્ઞાને વહ્નિત્વાવચ્છિન્નપ્રકારતાનિરૂપિત અભાવત્વાવચ્છિન્ન-પ્રકારતાકનિશ્ચયત્વેન પ્રતિબંધકતા છે તો **हृदत्वविशिष्टहृदे वह्नित्वावच्छिन्न वह्निविशिष्ट-अभावत्वावच्छिन्न अभाववत्त्वं=(वह्न्यभाववत्त्वं) दोषः ।**

હવે અતિવ્યાપ્તિ નથી રહેતી. કેમકે ત્યાં અભાવત્વાવચ્છિન્ન-પ્રકારતાનિરૂપિત કોઈ પ્રકારતા જ નથી અને તેથી વહ્નિની જેમ અહીં અભાવ કોઈથી વિશેષિત બનતો જ નથી.

પણ આ રીતે અતિવ્યાપ્તિ ટાળી શકાતી નથી કેમકે તેમ કરવા જતાં વહ્ન્યભાવવત્-પર્વતાનુમિતિપ્રતિબંધક વહ્નિમત્પર્વતનિશ્ચયીય વહ્નિમત્પર્વતરૂપબાધમાં અવ્યાપ્તિ આવી જાય. અહીં **पर्वते वह्निमत्त्व** દોષ છે. હવે વહ્નિત્વાવચ્છિન્નપ્રકારતાનિરૂપિત કોઈ પ્રકારતા જ નથી અને તેથી વહ્નિ કોઈથી વિશિષ્ટ બનતો જ નથી.

એટલે ફરી **હ્રદે અભાવવત્ત્વં** સ્થલીય અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે.

એટલે જ અહીં પૂર્વવત્ અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા લેવી જોઈએ. હ્રદે વહ્ન્યભાવજ્ઞાનરૂપ અભાવના નિશ્ચયમાં ભલે પ્રતિબંધકતાવચ્છેદકતા છે પણ શુદ્ધ **"हृदे अभावः"** જ્ઞાનમાં તો તાદશાનુમિતિપ્રતિબંધકતા નથી જ એટલે પ્રતિબંધકતાતિરિક્ત વૃત્તિ અવચ્છેદકતા બની જતાં તે અનિતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા ન હોવાથી તેમાં હવે અતિવ્યાપ્તિ ન આવે.

<u>गादाधरी</u> : अत्र साधननिष्ठसाध्याभाववद्वृत्तित्वादेरिव साध्याभाव-वद्वृत्तिसाधनादेरपि दोषत्वे क्षतिविरहात् एतावानायासोऽनर्थक

इत्यस्वरसः कश्चिदित्यनेन सूचितः ।

આ રીતે કશ્ચિત્‌ના મતની સંગતિ સાબિત કર્યા બાદ તેમાં અસ્વરસ બતાવે છે. આ મત સાધનનિષ્ઠસાધ્યાભાવવદ્‌વૃત્તિત્વાદિને દોષ માને છે તો તેની માફક સાધ્યાભાવવદ્‌વૃત્તિત્વવિશિષ્ટ સાધન પણ દોષ બને તેમાં તેમને અરૂચિ શા માટે હોવી જોઈએ ? અને તેના દોષ તરીકેના વારણ માટે આટલો બધો તેમને આયાસ કરવો પડે એ અનુચિત છે. અનર્થક છે.

गादाधरी : यथाव्याख्यातयथाश्रुतार्थे निर्वह्निः पर्वतो वह्निमानित्यादौ प्रकृतपक्षतावच्छेदकविशिष्टे प्रकृतसाध्यतावच्छेदकावच्छिन्नप्रकारकानुमितेरप्रसिद्ध्याऽव्याप्तिर्दर्शयिष्यते, तत्र विशिष्य पक्षतावच्छेदकाद्यप्रवेशे नाऽप्रसिद्धिरतस्तन्निवेशप्रयोजनमाह अथेति ।

दीधितिः : अथ पर्वतत्वेन पक्षत्वे वह्नित्वेन साध्यत्वे विशिष्टधूमत्वेन च हेतुत्वे पर्वतादेः काञ्चनमयत्वविरहः, ह्रदस्य वह्निधूमशून्यत्वम्, पर्वतस्य महानसीयवह्निधूमविरहित्वम्, मेयत्वस्य केवलधूमस्य वा वह्निव्यभिचारो, विशिष्टधूमस्य वा पर्वतीयवह्निव्यभिचारो न दोषः ।

गादाधरी : पर्वतादेः काञ्चनमयत्वविरह इत्यादौ सर्वत्र न दोष इति सम्बध्यते । तथा च पक्षतावच्छेदकाद्यप्रवेशे पूर्वोक्तयुक्त्याऽसम्भवात्, तद्वारणाय यत्किञ्चिद्धर्मावच्छिन्नपक्षसाध्यहेतुकानुमितिसामान्यप्रतिबन्धकत्वमेव निवेश्यमिति पर्वतो वह्निमान् धूमादित्यादौ पर्वतादिनिष्ठकाञ्चनमयत्वाभावादावतिव्याप्तिः, तस्यापि काञ्चनमयत्वादिसहितपर्वतत्वादिरूपयत्किञ्चिद्धर्मावच्छिन्नपक्षसाध्यहेतुकानुमितिप्रतिबन्धकज्ञानविषयत्वादिति भावः । आदिपदञ्च वस्त्वन्तरसंग्राहकम् ।

હવે આપણે પ્રતિબંધકતાઘટિત વિશિષ્ટાન્તરાઘટિત મૂળ લક્ષણ ઉપર આવીએ. અત્યાર સુધીના પરિષ્કૃત લક્ષણ કરવા છતાં હજુ **निर्वह्निः पर्वतो वह्निमान् धूमात्** સ્થળે

અવ્યાપ્તિ આવે છે. એનું કારણ એ છે કે આ આહાર્યાનુમિતિ અપ્રસિદ્ધ છે. વળી પ્રત્યક્ષેતર આહાર્યજ્ઞાન પ્રતિબંધક બનતું નથી. એમ થવાથી પ્રતિબંધકતા ઘટિત આ લક્ષણ આવા સ્થળે જતું નથી. અહીં પણ ધૂમ હેતુ દુષ્ટ તો છે જ એટલે તે લક્ષ્ય તો છે જ માટે તેમાં લક્ષણ જવું તો જોઈએ. અને જતું નથી. માટે અપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ અહીં ઊભી જ રહે છે. હવે જો પક્ષતાવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ ન લઈએ તો અહીં પણ સાધ્યતા-હેતુતા અપ્રસિદ્ધિ રહેતી નથી, કેમકે અહીં પક્ષતાવચ્છેદક વહ્ન્યભાવત્વ અને પર્વતત્વ છે. હવે આપણે વહ્ન્યભાવવત્પર્વતત્વ કે જે અવચ્છેદકતાનું પર્યાપ્ત્યાધિકરણ છે તેને તો લેવું નથી કેમકે તેમ થતાં તે અપ્રસિદ્ધ બની જાય છે. હવે તો માત્ર પક્ષતાવચ્છેદકનું અધિકરણ લેવાનું એટલે પક્ષતાવચ્છેદક તો પર્વતત્વ પણ છે તેથી પર્વતત્વાવચ્છિન્નપક્ષકવહ્નિત્વા-વચ્છિન્નસાધ્યકધૂમત્વાવચ્છિન્નહેતુકાનુમિતિ **पर्वतो वह्निमान् धूमात्** - પ્રસિદ્ધ જ છે એટલે કે આ અનુમિતિ પણ પર્વતત્વાવચ્છિન્ન પક્ષક, વહ્નિત્વાવચ્છિન્નસાધ્યક, ધૂમત્વાવચ્છિન્નહેતુક છે જ. માટે આ પણ પ્રસિદ્ધ બની જાય છે અને તેથી અપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ સંભવતી તો નથી. છતાં ય આગળ ઉપર અપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ અહીં કહેલી છે તેનું પ્રયોજન શું ?

આ પ્રયોજન દીધિતિકાર આપણને અહીં બતાવે છે. તેનું કહેવાનું તાત્પર્ય એ છે કે જો અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ નહિ કહીએ તો અન્યત્ર અતિવ્યાપ્તિ આવે એટલે તેનો નિવેશ અનિવાર્ય છે અને તેથી અપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ ઊભી જ રહે છે.

અહીં અવચ્છેદકતાનું પર્યાપ્ત્યાધિકરણ તો હવે લેવું જ જોઈએ. અને તેમ થતાં આખું જે લક્ષણ બને તેના પ્રત્યેક પદોની હવે વ્યાવૃત્તિ કરીને પણ બતાવે છે.

પહેલાં તો આખું લક્ષણ રાખીને તેમાંથી અવચ્છેદકતાનું પર્યાપ્ત્યાધિકરણ ન લઈએ તો શું થાય ? તે જોઈ લઈએ. **पर्वतो वह्निमान् धूमात्** અનુમિતિ સ્થળે કાઞ્ચનમયત્વાભાવવાન્ પર્વતઃ આશ્રયાસિદ્ધિ દોષ લાગી જતાં અતિવ્યાપ્તિ આવે કેમકે **काञ्चनमयपर्वतो वह्निमान् धूमात्** અનુમિતિ પણ પક્ષતાવચ્છેદક પર્વતત્વા-વચ્છિન્નપક્ષક, વહ્નિત્વાવચ્છિન્ન સાધ્યક, ધૂમત્વાવચ્છિન્નહેતુક છે જ એટલે બે ય સમાન અનુમિતિ થઈ. તેની પ્રતિબંધકતા **काञ्चनमयत्वाभाववान् पर्वतः** આશ્રયાસિદ્ધિ નિશ્ચયમાં છે એટલે તે જેમ **काञ्चनमयपर्वतो वह्निमान्** અનુમિતિ પ્રતિદોષ બને, તેમ **पर्वतो वह्निमान्** અનુમિતિ પ્રતિ પણ દોષ બને. અને તેમ થતાં તેનાથી સદ્ધેતુ દુષ્ટ બની જવાથી અતિવ્યાપ્તિ આવે. તેને દૂર કરવા અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ લેવું

જોઈએ. તેમ થતાં અવચ્છેદકતાનું પર્યાપ્ત્યા અધિકરણ પર્વતત્ત્વ જ છે. અને તદિતર અનુમિતિમાં તો પર્યાપ્ત્યા અધિકરણ કાઞ્ચનમયપર્વતત્ત્વ છે એટલે સમાન અનુમિતિ ન બનતાં આપત્તિ ન આવે.

જો પક્ષતાવચ્છેદકાદિનો કોઈ જ નિવેશ ન કરે તો તો અસંભવ દોષ જ આવી જાય, કેમકે ગમે તે અનુમિતિપ્રતિબંધકતા ગમે તે અનુમિતિ સ્થળે આવી જાય. તેના વારણ માટે યત્કિઞ્ચિત્ધર્માવચ્છિન્ન-પક્ષ-સાધ્યહેતુકાનુમિતિપ્રતિબંધકતા કહેવી જોઈએ. અને તેમ થતાં ફરી **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે કાઞ્ચનમયત્વાભાવવત્પર્વત દોષ બનતાં અતિવ્યાપ્તિ આવે, કેમકે પર્વતત્વાવચ્છિન્ન યત્કિંચિત્ ધર્માવચ્છિન્ન પક્ષક આ અનુમિતિ છે તેમ કાઞ્ચનમયપર્વતત્વ રૂપ યત્કિંચિત્ ધર્માવચ્છિન્નપક્ષક **काञ्चनमय पर्वतो वह्निमान्** અનુમિતિ પણ છે જ. તેની પ્રતિ જે પ્રતિબંધક બને તે પ્રથમાનુમિતિ પ્રતિ પણ પ્રતિબંધક બની જતાં અતિવ્યાપ્તિ આવે.

'પર્વતત્વાદેઃ કાઞ્ચનમયત્વવિરહઃ' દીધિતિ સ્થળે આદિપદ ઘટત્વાદિ વસ્ત્વન્તરનું સંગ્રાહક સમજવું.

<u>गादाधरी</u> : प्रकृतानुमित्यविषयपदार्थाभावेऽतिव्याप्तिं सूचयित्वा तद्विषयसाध्याद्यभावे तां सूचयति ह्रदस्येति । ह्रदनिष्ठं वह्निशून्यत्वं धूमशून्यत्वञ्चेत्यर्थः । ह्रदादिनिष्ठाभावेऽतिव्याप्तिसूचनञ्च प्रकृतपक्षता-वच्छेदकावच्छिन्नप्रकृतपक्षकत्वरूपसमुदायदलस्यैवानिवेशे बोध्यम् ।

ઉપર આપણને 'કાઞ્ચનમયત્વ' કે જે **पर्वतो वह्निमान्**થી અનુમિતિનો અવિષય હતો તેને લઈને અતિવ્યાપ્તિ બતાવી. હવે **पर्वतो वह्निमान् धूमात्** અનુમિતિના વિષયીભૂત વહ્નિ-ધૂમને લઈને અતિવ્યાપ્તિ બતાવે છે. જો પ્રકૃતપક્ષતાવચ્છેદકાવચ્છિન્નપ્રકૃત-પક્ષકત્વરૂપ સમુદાય દલનો જ અનિવેશ કરીએ તો તો વહ્નિત્વાવચ્છિન્નસાધ્યક-ધૂમત્વાવચ્છિન્ન હેતુકાનુમિતિપ્રતિબંધકતા જ લેવાની રહી. એટલે **पर्वतो वह्निमान् धूमात्** ની સદશ **ह्रदो वह्निमान् धूमात्** અનુમિતિ પણ બની તેની પ્રતિબંધકતા વહ્ન્યભાવવદ્ધ્રદ નિશ્ચયમાં છે તેમ ધૂમાભાવવદ્ધ્રદરૂપ નિશ્ચયમાં છે. આ બે યના વિષય **पर्वतो वह्निमान्** પ્રતિ દોષ બની જતાં અતિવ્યાપ્તિ આવે.

<u>गादाधरी</u> : महानसीयेति । महानीसयवह्न्यभावो महानसीयधूमाभावो

वेत्यर्थः । अत्रातिव्याप्तिसूचनञ्च प्रकृतसाध्यतावच्छेदकप्रकृतहेतुतावच्छेदकयोरनिवेशे बोध्यम् ।

હવે પ્રકૃતસાધ્યતાવચ્છેદકનો અનિવેશ હોય તો **पर्वतो वह्निमान्** અનુમિતિ સદંશ **पर्वतो महानसीयवह्निमान्** અનુમિતિ પણ બને અને તેથી તેના પ્રતિ મહાનસીયવહ્ન્યભાવવાન્ પર્વત દોષ બને છે તેમ તે પર્વતો વહ્નિમાન્ પ્રતિ પણ દોષ બનતાં અતિવ્યાપ્તિ આવે. એ જ રીતે પ્રકૃતહેતુતાવચ્છેદકનો અનિવેશ હોય તો પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ અનુમિતિ સદંશ **पर्वतो वह्निमान् महानसीयधूमात्** અનુમિતિ પણ બને. ત્યાં રહેલો મહાનસીયધૂમાભાવવત્પર્વત દોષ પ્રસ્તુતમાં પણ લાગી જતાં અતિવ્યાપ્તિ આવે.

गादाधरी : इदमुपलक्षणम् - साध्यहेत्वोरनिवेशेऽपि जलत्वाभावादावतिव्याप्तिर्बोध्या, प्रकृतहेतुतावच्छेदकावच्छिन्नहेतुकत्वानिवेशे पक्षधर्मताज्ञानप्रतिबन्धकतामादायातिव्याप्तिं सूचयित्वा व्याप्तिज्ञानप्रतिबन्धकतामादायातिव्याप्तिं सूचयति मेयत्वस्येति । वह्निव्यभिचार इत्यनेनान्वयः । अत्रातिव्याप्तिस्तादृशदलसमुदायस्यैव अनिवेशे बोध्या।

ઉપલક્ષણથી અહીં આ પણ લઈ લેવું. સાધ્યનો અનિવેશ હોય તો **पर्वतो वह्निमान् धूमात्** અનુમિતિ સદંશ **पर्वतो जलत्ववान् धूमात्** અનુમિતિ બને. ત્યાં જલત્વાભાવવાન્ પર્વત બાધ છે તેમ પ્રસ્તુતમાં પણ તે દોષ બનતાં અતિવ્યાપ્તિ આવે. એ જ રીતે હેતુનો અનિવેશ હોય તો પ્રસ્તુતાનુમિતિ સદંશ **पर्वतो वह्निमान् जलत्वात्** અનુમિતિ બને. ત્યાં જેમ જલત્વાભાવવત્પર્વત સ્વરૂપાસિદ્ધિદોષ છે તે પ્રસ્તુતમાં પણ બની જતાં અતિવ્યાપ્તિ આવે.

અને હેતુ તો કહે પણ પ્રકૃતહેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેતુકત્વ ન કહે તો આપણે પૂર્વે જ કહ્યું છે કે **पर्वतो वह्निमान् महानसीय धूमात्** અનુમિતિ સ્થલીય દોષ **पर्वतो वह्निमान् धूमात्** સ્થળે બની જતાં અતિવ્યાપ્તિ આવે. (મહાનસીયધૂમાભાવવત્પર્વત-સ્વરૂપાસિદ્ધિ.)

હવે જો આખુ પક્ષદલ અને સાધ્યદલ રાખે પણ હેતુદલ કાઢી નાંખે તો **पर्वतो**

પૂર્વપક્ષ : આટલું બધું કરવા છતાં ય પ્રમેયત્વવિ.વ્યભિચારમાં અતિવ્યાપ્તિ આવે છે. કેમકે તાદૃશનિશ્ચયોત્તરજાયમાન અનુમિતિમાં **पर्वतो धूमवान् वह्नेः** અનુમિતિ તો ન જ થાય એટલે થનારી અનુમિતિઓમાં ઊભયાભાવ રહી જતાં પ્રમેયત્વવિ.વ્યભિચારમાં અતિવ્યાપ્તિ દુર્વાર રહે છે. હવે આ અતિવ્યાપ્તિ દૂર કરવા યથાશ્રુતવિશિષ્ટાન્તરાઘટિતત્ત્વનો નિવેશ કરો. અર્થાત્ વિશિષ્ટાન્તરાઘટિતયદ્રૂપાવચ્છિન્નવિષયિતાશાલિનિશ્ચયોત્તરાનુમિતિસામાન્યમાં ઊભયાભાવ કહો તો યદ્યપિ અહીં તો વિશિષ્ટાન્તર વ્યભિચારથી ઘટિત જ આ નિશ્ચય હોવાથી તેને લઈ શકાય જ નહિ અને તેથી અતિવ્યાપ્તિ ન આવે પણ તેમ કરતાં **धूमव्यभिचारिवह्निमत्पर्वतः धूमवान् वह्नेः** સ્થલીય વ્યભિચાર ઘટિત ધૂમાભાવવદ્ધૂમવ્યભિચારિ-વહ્નિમત્ત્વરૂપ બાધમાં અવ્યાપ્તિ આવે, કેમકે તે પણ વિશિષ્ટાન્તરાઘટિત યદ્રૂપાવચ્છિન્ન વિષયતાશાલિ નિશ્ચય નથી. જુઓ - તાદૃશવહ્નિમત્વા-વચ્છિન્નાવિષયકપ્રતીતિવિષયતાવચ્છેદક અને પ્રકૃતાનુમિતિ-પ્રતિબંધકતાનતિરિક્તવૃત્તિ-વિષયતાવચ્છેદક વ્યભિચારત્વ યદ્રૂપ (સ્વ) બને. તદવચ્છિન્નાવિષયક પ્રતીતિવિષયતાવચ્છેદક ઉક્ત બાધ નથી.

આમ વિશિષ્ટાન્તરાઘટિતત્વના નિવેશ કરવામાં અતિવ્યાપ્તિ દૂર થવા છતાંય વ્યભિચારઘટિત બાધમાં અવ્યાપ્તિ આવી જાય છે.

ઉત્તર પક્ષ : વારુ, આ બે ય દોષોને અમે અન્ય રીતે દૂર કરીશું. પહેલાં એક વાર અમે વિરોધિવિષયિતાને ઊભયાભાવનો પ્રયોજક ન કહેતાં અભાવાધિકરણતાને પ્રયોજક કહ્યો છે એ ખ્યાલમાં હશે. હવે એને જ અહીં લઈને અમે આપત્તિ દૂર કરીશું. જે વિશિષ્ટાન્તર બને એની વિષયિતાથી અપ્રયોજ્ય હોય અને નિશ્ચયવિષયિતાથી પ્રયોજ્ય હોય એવી અભાવાધિકરણતા હોવી જોઈએ. હવે જો પ્રકારતાકત્વાભાવ નિશ્ચયોત્તરજાયમાન અનુમિતિમાં રહે તો જ ઊભયાભાવ મળે એટલે આ રીતે ઊભયાભાવમાં પ્રયોજક આ અભાવાધિકરણતા, બને આમ ઊભયાભાવમાં પ્રયોજક જે અભાવાધિકરણતા તે સ્વવિષયિતાપ્રયોજ્ય હોય અને વિશિષ્ટાન્તરવિષયિતાઽપ્રયોજ્ય

હોય તો તેવી વિષયિતાવાળો જે નિશ્ચય, તદ્વિષય દોષ બને.

गादाधरी : प्रमेयत्वविशिष्टव्यभिचारादिविषयिताप्रयोज्याया उक्तोभयाभावप्रयोजकव्याप्त्याद्यवगाहित्वाभाववत्तायाः शुद्धव्यभिचारादिविषयिताप्रयोज्यत्वनियमेन प्रमेयत्वविशिष्टव्यभिचारादौ न विशिष्टान्तरविषयित्वाप्रयोज्यस्वविषयिताप्रयोज्यनिरुक्तोभयाभावप्रयोजकाभावाधिकरणताकत्वमिति नातिप्रसङ्गः ।

હવે ઉપરના બે ય સ્થળો જોઈ લઈએ. પ્રમેયત્વવિ.વ્યભિચારમાં હવે અતિવ્યાપ્તિ નહિ આવે કેમકે આ વિષયિતાથી ઊભયાભાવપ્રયોજક અભાવાધિકરણતા પ્રયોજ્ય તો છે જ પણ વિશિષ્ટાન્તરવિષયિતાથી પણ આ અભાવાધિકરણતા પ્રયોજ્ય બની જાય છે. મેયત્વવિ.વ્યભિચારનું વિશિષ્ટાન્તર યદ્રૂપ વ્યભિચારત્વ બને. હવે જે અભાવાધિકરણતાવ્યાપ્ય એવી મેયત્વવિ.વ્યભિચારવિષયિતાથી પ્રયોજ્ય છે તે વ્યાપક એવી વ્યભિચારવિષયિતાથી સુતરાં પ્રયોજ્ય બની જાય. આમ વિશિષ્ટાન્તરવિષયિતાથી અપ્રયોજ્ય ન રહેતાં લક્ષણની અતિવ્યાપ્તિ સંભવતી નથી.

गादाधरी : उपदर्शितव्यभिचारादिघटितबाधादिविषयिताप्रयोज्यायाः पक्षे साध्यावगाहित्वाद्यभावाधिकरणतायास्तद्घटकव्यभिचारादिविषयित्वाप्रयोज्यतया तत्संग्रहः ।

હવે વ્યભિચારઘટિતબાધની અવ્યાપ્તિ આ રીતે દૂર થઈ જાય તે પણ જોઈ લઈએ. વ્યભિ.ઘટિતબાધવિષયિતાથી પ્રયોજ્ય જે ઊભયાભાવપ્રયોજક અભાવાધિકરણતા, તે વ્યભિ.ઘટિત બાધના વિશિષ્ટાન્તર રૂપ વ્યભિચારની વિષયિતાથી અપ્રયોજ્ય જ છે માટે લક્ષણની અવ્યાપ્તિ નથી રહેતી.

गादाधरी : न च विशिष्टपक्षे विशिष्टसाध्यवत्ताग्रहप्रतिबन्धकतावच्छेदिकायास्तादृशबाधादिविषयतान्तःपातिव्यभिचारादिविषयिताया अपि तादृशबाधादिविषयताप्रयोज्यायां विशिष्टपक्षे विशिष्टसाध्यवैशिष्ट्याद्यवगाहित्वाभावाधिकरणतायां प्रयोजकतया तादृशबाधादेर्दुः-

संग्रह इति वाच्यम्,

પૂર્વપક્ષ : વિશિષ્ટપક્ષમાં વિશિષ્ટસાધ્યવત્તાગ્રહ અર્થાત્ (ધૂમવ્યભિ.વહ્નિમત્પર્વતે ધૂમત્વવિશિષ્ટધૂમવત્તાગ્રહ) **धूमव्य. वह्निमत्पर्वतः धूमवान्** ગ્રહનો પ્રતિબંધક વ્યભિચારઘટિતબાધ બને એટલે વ્યભિ. ઘટિતબાધવિષયિતા એ પ્રતિબંધકતાવચ્છેદક બને. પણ તેની સાથે તદન્તર્ગત વ્યભિચારવિષયિતા પણ પ્રતિબંધકતાવચ્છેદક બની જ જાય. હવે વ્યભિ.ઘટિતબાધવિષયિતા જો ઊભયાભાવપ્રયોજકાભાવા-ધિકરણતાની પ્રયોજક છે તો વ્યભિચારવિષયિતા પણ પ્રયોજક બની જ જાય છે આમ વિશિષ્ટાન્તર જે વ્યભિચાર તેની વિષયિતાથી અપ્રયોજ્ય તાદૃશાભાવાધિકરણતા ન રહેવાથી અવ્યાપ્તિ ઊભી જ રહે છે.

<u>गादाधरी</u> : यत्किञ्चिद्विशिष्टतान्तरविषयितात्वव्यापकरूपा-वच्छिन्नाप्रयोज्यतानिवेशेन तत्संग्रहसम्भवात्, व्यभिचारादिविषयिताया बाधविषयतान्तः पातिविषयितामात्रवृत्तिरूपेणैव उपदर्शितसाध्य-वत्ताग्रहप्रतिबन्धकतावच्छेदकतया तेनैवरूपेण तादृशसाध्याव-गाहिताविरहवत्ताप्रयोजकत्वात्तादृशस्य च रूपस्य बाधादिविषयतानन्तः पातिव्यभिचारादिविषयतासाधारणव्यभिचारादिरूपविशिष्टविषयतात्वा-व्यापकत्वात्तद्व्यापकरूपावच्छिन्नाप्रयोज्यत्वस्य उक्तबाधादिविषयिता-प्रयुक्तसाध्यावगाहित्वाभाववत्तायामक्षतत्वात् ।

ઉત્તરપક્ષ : વિશિષ્ટાન્તરવિષયિત્વાપ્રયોજયતા એટલે યત્કિઞ્ચિત્ વિશિષ્ટાન્તરવિષયિતાત્વવ્યાપકરૂપાવચ્છિન્નાપ્રયોજયતા અમે કહીશું. યત્કિઞ્ચિત્ વિશિષ્ટાન્તરવિષયિતાત્વ=બાધઘટિતવ્યભિ.વિષયિતાત્વ એનું વ્યાપકરૂપ (યત્કિઞ્ચિત્ વિશિષ્ટાન્તરવિષયિતાત્વ તરીકે શુદ્ધવ્યભિચારવિષયિતાત્વ લઈએ તો તેનો તો બાધઘટિતવ્યભિચારવિષયિતાત્વ વ્યાપક જ નથી એટલે વસ્તુતઃ આમ તો લેવાય જ નહિ.) શુદ્ધ વ્યભિચારવિષયિતાત્વ બને. હવે આનાથી તો તાદૃશાભાવાધિકરણતા અપ્રયોજ્ય જ રહે છે. આમ અહીં અવ્યાપ્તિ પણ સંભવતી નથી.

<u>गादाधरी</u> : मेयत्वविशिष्टव्यभिचारादिविषयिताया येन रूपेण

व्याप्त्यादिग्रहप्रतिबन्धकतावच्छेदकता तद्रूपेण निरुक्तविषयतात्व-व्यापकेन मेयत्वविशिष्टव्यभिचारादिविषयताप्रयोज्यव्याप्त्याद्यवगा-हित्वाभाववत्तायां नियमतः प्रयोजकत्वान्नातिप्रसङ्गावकाशः ।

મેયત્વવિ. વ્યભિચારમાં અતિવ્યાપ્તિ પણ ન આવે કેમકે મેયત્વ.વિ. વ્યભિચારવિષયિતા વ્યભિચારવિષયિતાત્વેન રૂપેણ વ્યાપ્ત્યાદિગ્રહ પ્રતિબંધકતાવચ્છેદક છે તો તે મેયત્વવિ.વ્યભિચાર વિષયિતાત્વવ્યાપક વ્યભિચારવિષયત્વેન રૂપેણ પણ મેયત્વવિ. વ્યભિચારવિષયિતા પ્રયોજય અભાવાધિકરણતા પ્રયોજય જ બની ગઈ. જે વ્યાપ્યવિષયિતાથી પ્રયોજય હોય અર્થાત્ (અભાવાધિકરણતા) જેનો પ્રયોજક વ્યાપ્યવિષયિતા હોય તેનો પ્રયોજક વ્યાપકવિષયિતા પણ બની જ જાય. આમ વિશિષ્ટાન્તરવ્યભિચારની વિષયિતાથી અપ્રયોજય આ ઊભયાભાવપ્રયોજકા-ભાવાધિકરણતા ન બની એટલે તેમાં અતિવ્યાપ્તિ ન આવી.

<u>गादाधरी</u> : बाधसत्प्रतिपक्षादिविषयकज्ञानस्य नानाविधबाध-विषयकज्ञानस्य वाऽनन्तरं जायमानायामनुमितौ या बाधादिविषयता-प्रयोज्याऽभावाधिकरणता तस्या विशिष्टान्तरविषयिताप्रयोज्यत्वेऽपि स्वपूर्ववर्त्तिज्ञानीयविरोधिविषयताया एव स्वनिष्ठप्रतिबध्यतावच्छेदक-धर्म्माभावाधिकरणताप्रयोजकत्वात्तत्रैकैकविधबाधादिज्ञानानन्तरं जातज्ञाने या तत्तद्बाधादिविषयताप्रयोज्या पक्षे साध्यवैशिष्ट्यावगाहित्वा-भावाधिकरणता तस्या विशिष्टान्तरविषयित्वाप्रयोज्यतया बाधादौ लक्षणसमन्वयः ।

પૂર્વપક્ષ : સત્પ્રતિપક્ષવિષયકજ્ઞાન થયા બાદ તરત બાધવિષયક જ્ઞાન પણ થયું હવે ત્યારબાદ જે અનુમિતિ થાય તેમાં ઊભયાભાવ તો રહે જ પણ આ ઊભયભાવપ્રયોજક જે અભાવાધિકરણતા, તેનો પ્રયોજક જેમ બાધનિશ્ચયવિષયિતા બને તેમ બાધનું વિશિષ્ટાન્તર સત્પ્રતિપક્ષવિષયિતા પણ પ્રયોજક જ બની જાય કેમકે જો બાધજ્ઞાન એ અભાવાધિકરણતામાં પ્રયોજક બને તો સત્પ્રતિ.જ્ઞાન પણ તે જ અભાવાધિકરણતામાં પ્રયોજક બની જ જાય. આમ વિશિષ્ટાન્તરવિષયિત્વાપ્રયોજય અભાવાધિકરણતા ન રહેતાં અવ્યાપ્તિ આવે.

એ જ રીતે (૧) વહ્ન્યભાવવદ્હ્રદ (૨) હ્રદે વહ્ન્યભાવ જે નાનાબાધવિષયકજ્ઞાન, તેમાંની વહ્ન્યભાવવદ્હ્રદવિષયિતા અભાવાધિકરણતાની પ્રયોજક બને તો વહ્ન્યભાવવદ્હ્રદનું વિશિષ્ટાન્તર **હ્રદે વહ્ન્યભાવઃ** વિષયિતા પણ પ્રયોજક બની જ જાય એટલે અહીં પણ અભાવાધિકરણકતા વિશિષ્ટાન્તરવિષયિત્વાપ્રયોજ્ય ન રહેવાથી અવ્યાપ્તિ આવશે.

ઉત્તરપક્ષ : ના, એને દૂર કરવા અમે કહીશું કે સ્વપૂર્વવર્તિજ્ઞાનીય-વિરોધિવિષયિતા જ અભાવાધિકરણતાની પ્રયોજક બને.

હવે બાધનિશ્ચયોત્તર જાયમાનાનુમિતિનિષ્ઠ અભાવાધિકરણતા બાધવિષયિતાથી જ પ્રયોજ્ય બને પણ જાયમાનાનુમિતિની પૂર્વે અવિદ્યમાન બાધના વિશિષ્ટાન્તરરૂપ સત્પ્રતિપક્ષની વિષયિતા પ્રયોજ્ય ન બને.

એ જ રીતે વહ્ન્યભાવવદ્હ્રદ જો જાયમાનાનુમિતિપૂર્વવર્તિ હોય તો તેની જ વિષયિતા અભાવાધિકરણતા પ્રયોજક બને એટલે વિશિષ્ટાન્તર રૂપ **હ્રદે વહ્ન્યભાવઃ** વિષયિતાથી અભાવાધિકરણતા અપ્રયોજ્ય જ રહે એટલે હવે અવ્યાપ્તિ રહે નહિ.

<u>गादाधरी</u> : व्यभिचारघटितबाधादिविषयिताप्रयोज्याया दीधितकारोक्तोभयाभावाधिकरणताया व्याप्त्याद्यवगाहितावरहप्रयोज्यत्वेन यत्किञ्चिद्विशिष्टान्तरविषयितात्वव्यापकरूपावच्छिन्नबाधादिविषयितानन्तःपातिव्यभिचारादिविषयिताप्रयोज्यत्वनियमात्तत्संग्रहाय तादृशोभयाभावप्रयोजकाभावाधिकरणतापर्य्यन्तनिवेशः । तथा सति दर्शितोभयाभावाधिकरणताया उक्तरूपावच्छिन्नव्यभिचारादिविषयित्वप्रयोज्यत्वनियमेऽपि तादृशोभयाभावप्रयोजकसाध्यादिमत्तावगाहित्वाभावाधिकरणताया उक्तरूपावच्छिन्नव्यभिचारादिविषयत्वाप्रयोज्यत्वेन तादृशबाधादेः संग्रहः ।

તાદૃશઉભયાભાવપ્રયોજકાભાવાધિકરણતાનો પ્રયોજક વિરોધિવિષયિતા શા માટે કહી ? તાદૃશ-ઊભયાભાવાધિકરણતાનો જ પ્રયોજક વિરોધિવિષયિતા કહો ને ?

ઉત્તરપક્ષ : એમ કરીએ તો ફરી વ્યભિચારઘટિતબાધમાં અવ્યાપ્તિ ન આવે.

વ્યભિચારઘટિતબાધવિષયિતાપ્રયોજ્ય જે ઉભયાભાવાધિકરણતા છે તે વ્યાપ્ત્યાદ્યવગાહિત્વાભાવ (બીજો અભાવ)થી પ્રયોજ્ય છે. એટલે હવે વ્યભિચારઘટિત-બાધનું યત્કિંચિત્ વિશિષ્ટાન્તરવિષયતાત્વ વ્યાપક જે શુદ્ધવ્યભિચારવિષયિતાત્વ, એનાથી પણ આ ઉભયાભાવાધિકરણતા પ્રયોજ્ય જ બની ગઈ, કેમકે વ્યાપ્ત્યવગાહિત્વાભાવ પ્રયોજ્ય ઉભયાભાવાધિકરણતા તો અન્તઃપાતિ વ્યભિચારવિષયિતાત્વ કે શુદ્ધવ્યભિચારવિષયિતાત્વ બે ય થી પ્રયોજ્ય જ બની જાય. (હા, જો આ ઉભયાભાવાધિકરણતાને **પક્ષે સાધ્યવૈશિષ્ટ્યવગાહિત્વાભાવ** રૂપ પ્રથમ અંશનો પ્રયોજ્ય કહેત, તો તો તે અન્તઃપાતિ વ્યભિચારવિષયિતાથી જ પ્રયોજ્ય જ બને ભલે વ્યભિચારવિષયિતા=સામાન્યથી ન બનત.) હવે જો વ્યાપ્ત્યવગાહિત્વાભાવ એ વ્યભિચારવિષયિતાત્વ પ્રયોજ્ય બને તો વ્યાપ્ત્યવગાહિત્વાભાવ પ્રયોજ્ય ઉભયાભાવ પણ તેનાથી પ્રયોજ્ય જ બની જાય એટલે અવ્યાપ્તિ આવે.

હવે ઉભયાભાવપ્રયોજકાભાવાધિકરણતા વિશિષ્ટાન્તરવિષયિત્વાપ્રયોજ્ય તરીકે વિવક્ષા કરીએ તો આ અવ્યાપ્તિ ન રહે, કેમકે પક્ષે સાધ્યવૈશિષ્ટ્યાવગાહિત્વાભાવા-ધિકરણતા તો બાધ અન્તઃપાત્તિ વ્યભિચારવિષયિતાથી જ પ્રયોજ્ય બને પણ તત્-અનન્તઃપાતિવ્યભિચાર-વિષયિતાથી પ્રયોજ્ય ન બને આમ તત્વ્યાપક એવા વ્યભિચારવિષયિતાત્વથી ઉભયાભાવનો પ્રથમાંશ અપ્રયોજ્ય જ રહે છે. અને તેથી અવ્યાપ્તિ સંભવતી નથી.

<u>गादाधरी</u> : बाधादिविषयिताप्रयोज्यस्य साध्यादिमत्तावगाहिता-विरहस्य सत्प्रतिपक्षादिरूपविशिष्टान्तरविषयताप्रयोज्यत्वनियमादसम्भवः स्यादित्युभयाभावप्रयोजकाभावे विशिष्टान्तरविषयत्वाप्रयोज्यत्व-मनिवेश्य तादृशाभावाधिकरणतायां तन्निवेशः ।

પ્રશ્ન : ભલે તો ઉભયાભાવપ્રયોજક અભાવને જ તાદશવિષયિતા પ્રયોજ્ય કહો ને? તેવા અભાવની અધિકરણતામાં તાદશવિષયિતા પ્રયોજ્યત્વ શા માટે કહો છો ?

ઉત્તરપક્ષ : આનું સમાધાન તો પૂર્વે આવી ગયું છે. ફરી જોઈ લઈએ. જો તેમ કહીએ તો સત્પ્રતિ.વિષયક જ્ઞાન બાદ બાધવિષયકજ્ઞાન થયું. તદ્વિષયિતાપ્રયોજ્ય ઉભયાભાવપ્રયોજક અભાવ બને તેમ વિશિષ્ટાન્તરીભૂત સત્પ્રતિપક્ષવિષયિતા પ્રયોજ્ય પણ બને જ કેમકે અભાવ તો એક જ છે. અને તેથી સર્વત્ર અસંભવ આવે.

गादाधरी : तथा सति अधिकरणताया अधिकरणभेदेन भिन्नतया पूर्व्ववर्तिनिष्ठप्रतिबन्धकतावच्छेदकधर्म्मस्यैव तदुत्तरोत्पन्ननिष्ठप्रतिबध्यतावच्छेदकधर्म्माभावाधिकरणताप्रयोजकत्वेन बाधादिनिश्चयानन्तरोत्पन्नानुमितिनिष्ठसाध्यादिमत्त्वावगाहित्वाभावाधिकरणतायां सत्प्रतिपक्षान्यादृशबाधादिविषयताया अप्रयोजकत्वेन सामञ्जस्यात् ।

હવે અધિકરણતા તો અધિકરણભેદથી ભિન્ન બને એટલે પૂર્વવર્ત્તિનિષ્ઠપ્રતિબંધકતાવચ્છેદક ધર્મ જ તેવી અધિકરણતાનો પ્રયોજ્ય કહી શકાય એટલે બાધવિષયિતાપ્રયોજ્ય તાદૃશઅધિકરણતા સત્પ્રતિ.વિષયિત્વાપ્રયોજ્ય જ રહે અને તેથી લક્ષણ સમન્વય થઈ જાય.

गादाधरी : अथैतादृशोभयाभाववत्त्वघटितलक्षणकरणेऽपि केवलनिर्व्वह्नित्वादिपक्षतावच्छेदककवह्न्यादिसाध्यकस्थलीयनिर्वह्निनिष्ठवह्न्यभावादिरूपबाधादिरूपदोषेऽव्याप्तिस्तादृशबाधादिरूपदोषज्ञानस्याप्रतिबन्धकतया तदीयविषयतायाः प्रतिबन्धकतानवच्छेदकतया तथाविधोभयाभावाप्रयोजकत्वात्, तस्य दोषत्वानुपगमे तत्र हेतोर्दुष्टत्वव्यवहारानुपपत्तेः, इष्टापतौ तु निर्व्वह्निः पर्व्वतो वह्निमानित्यादावपि तत्सम्भवेन एतादृशप्रयासवैफल्यात् ।

પૂર્વપક્ષ : ઊભયાભાવવત્ત્વઘટિત લક્ષણ કરવા છતાં **निर्वह्निः वह्निमान्** સ્થલીય વહ્ન્યભાવવદ્વહ્ન્યભાવવત્ । બાધ દોષમાં અવ્યાપ્તિ આવશે.

તમે પ્રયોજ્ય-પ્રયોજકભાવ સ્થળે પૂર્વે જ કહ્યું છે કે જે પ્રતિબંધકતાવચ્છેદકીભૂતવિષયિતા બને તે વિષયિતાથી પ્રયોજ્ય ઊભયાભાવપ્રયોજકાભાવાધિકરણતા હોવી જોઈએ. હવે વહ્ન્યભાવવદ્નિર્વહ્નિઃ જ્ઞાન પ્રતિબંધક કોનું બને ? જો બનતું હોય તો વહ્નિમદ્નિર્વહ્નિઃજ્ઞાનનું બને. પણ તે તો આહાર્યજ્ઞાન છે એટલે એ પ્રતિબધ્ય બની શકતું જ નથી અને તેમ થતાં વહ્ન્યભાવવન્નિર્વહ્નિઃજ્ઞાન પ્રતિબંધક ન બને એટલે તદીયવિષયિતા પ્રતિબંધકતાવચ્છેદક ન બને અને તેથી કોઈપણ અભાવાધિકરણતા આવી પ્રતિબંધકતાનવચ્છેદકવિષયિતાથી પ્રયોજ્ય ન બની અર્થાત્ સ્વવિષયિતાપ્રયોજ્ય ન બની.

એટલે ઊભયાભાવપ્રયોજક તે વિરોધિવિષયિતા ન બનતાં અવ્યાપ્તિ આવી અને અહીં વહ્ન્યભાવન્નિર્વહ્નિઃ ને દોષ જ નહિ માનો તો પછી દુષ્ટત્વવ્યવહારની જ અનુપપત્તિ થઈ જશે. જો તેમાં ય ઈષ્ટાપત્તિ કહો તો તો **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે દુષ્ટત્વવ્યવહારની અનુપપત્તિમાં ઈષ્ટાપત્તિ જ કરી લેવી હતી. તેમ ન કરતાં ત્યાં તો તાદૃશવ્યવહારઉપપન્ન કરવા તમે **अत्र वदन्ति** કલ્પનું અનુસરણ કર્યું છે. એટલે હવે અહીં પણ ઈષ્ટાપત્તિ તમે કરી શકતા નથી અને તેથી લક્ષણની અવ્યાપ્તિ ઊભી રહે છે.

गादाधरी : न च तत्र अभाववान् वह्निमानित्यनाहार्य्यज्ञानस्य प्रसिद्ध्या तत्प्रतिबन्धकीभूताभाववान् निर्व्वह्निरित्यादिज्ञानविषय एव दोष इति वाच्यम्,

ઉત્તરપક્ષ : વારૂ. અમે કહીશું કે **निर्वह्निः धूमवान्** ભલે આહાર્યજ્ઞાન હોય પણ **अभाववान् वह्निमान्** તો તેમાં અનાહાર્યજ્ઞાન જ છે અને તે તો પ્રસિદ્ધ જ છે. એટલે તેના પ્રતિ **अभाववान् वह्न्यभाववान्** પ્રતિબંધક બને એટલે **अभाववान् निर्वह्निः** જ્ઞાનવિષય જ અહીં દોષ બને અને તેથી ઉક્તાનુમિતિગતહેતુમાં દુષ્ટત્વવ્યવહારની ઉપપત્તિ થઈ જાય કેમકે **अभावत्वावच्छिन्ने (अभावे) वह्नित्वावच्छिन्नप्रकारताकत्वाभाव** એ **वह्न्यभावत्वावच्छिन्ने (वह्न्यभावे) वह्नित्वावच्छिन्नप्रकारताकत्वाभाव** નો વ્યાપક છે. હવે અભાવત્વાવચ્છિન્નવહ્નિત્વાવચ્છિન્નપ્રકારતાકત્વાભાવ રૂપ વ્યાપકાભાવનો જે અભાવવાન્ વહ્ન્યભાવવાન્ નિશ્ચય પ્રયોજક બને તે વ્યાપ્યાભાવરૂપ **वह्न्यभावत्वावच्छिन्ने वह्नित्वावच्छिन्नप्रकारता-कत्वाभाव**નો પ્રયોજક પણ બની જ જાય.

આમ **निर्वह्निः वह्निमान्** બાધમાં અવ્યાપ્તિ સંભવતી નથી.

गादाधरी : अभाववत्त्वसामानाधिकरण्येन निर्व्वह्नित्वग्रहस्य तादृशवह्निमत्त्वग्रहाविरोधित्वात्, अभाववत्त्वावच्छेदेन वह्न्यादि-मत्ताग्रहविरोधित्वेऽपि तादृशवह्न्यादिमत्तावगाहित्वस्य वह्न्यभावादिम-त्त्वरूपपक्षतावच्छेदकविशिष्टे साध्यवैशिष्ट्यावगाहित्वाव्यापकतया तदवच्छिन्ननिरूपितप्रतिबन्धकतावच्छेदकविषयितायास्तथाविधोभया-

भावाप्रयोजकत्वात् तद्विषयस्य दोषत्वानुपपत्तेः, अभाववत्त्वावच्छेदेन निर्व्वह्नित्वग्रहस्य भ्रमरूपतया तद्विषयविशिष्टस्याप्रसिद्धेः ।

पूर्वपक्ष : ઊભા રહો. અમે તમને પૂછશું કે અભાવવાન્ વહ્નિમાન્રૂપ નિશ્ચય તે અભાવત્વસામાનાધિકરણ્યેન છે ? કે અભાવત્વાવચ્છેદેન ?

જો પ્રથમ વિકલ્પ કહેશો તો તો અભાવત્વસામાનાધિકરણ્યેન નિશ્ચય અભાવત્વસામાનાધિ.વહ્નિમત્તાજ્ઞાનનો વિરોધિ બની શકતો જ નથી. અને અભાવત્વાવચ્છેદેન વહ્નિમત્તાજ્ઞાનનો યદ્યપિ તે અભાવત્વસામાનાધિકરણ્યેન નિશ્ચયં વિરોધી બને છે પણ અભાવત્વાવચ્છેદેન વહ્નિમત્ત્વાવગાહિત્વ એ **निर्वह्नित्वावच्छिन्ने वह्निमत्त्वावगाहित्व** નો વ્યાપક જ નથી બનતો એટલે તે અભાવત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તાનિશ્ચય એ અભાવત્વાવચ્છેદેન વહ્નિમત્ત્વાગાહિત્વાભાવનો પ્રયોજક જરૂર બને પણ તે અભાવ વ્યાપકાભાવ ન બનતાં નિર્વહ્નિત્વાવચ્છિન્ને વહ્નિમત્વાવગાહિત્વાભાવ વ્યાપ્યાભાવ ન બનતા તેનો પ્રયોજક તો આ સામાનાધિકરણ્યેન નિશ્ચય ન જ બને એટલે કે અભાવત્વસામાનાધિકરણ્યેન વહ્નિમત્તાનિશ્ચયપ્રયોજ્ય **वह्न्यभावत्वावच्छिन्ने वह्निमत्त्वागाहित्वाभावाधिकरणता** ન બનતાં તેમાં દોષત્વની અનુપપત્તિ થઈ જાય.

હવે જો દ્વિતીય વિકલ્પ (અભાવત્વાવચ્છેદેન વહ્ન્યાભાવવત્તાનિશ્ચય) લો તો તે તો ભ્રમરૂપ છે (કેમકે જે અભાવ હોય તે વહ્ન્યભાવ હોય તેવું બને જ નહિ) એટલે તદ્વિષયવિશિષ્ટની જ અપ્રસિદ્ધિ થઈ જાય એટલે તેમ તો કહી શકાય જ નહિ. આમ તમે અભાવત્ત્વસામાનાધિકરણ્યેન નિશ્ચયવિષયને પણ દોષ કહી શકતા નથી. અને તેથી પાછી **निर्वह्निः वह्निमान्** સ્થલીય બાધમાં અવ્યાપ્તિ ઊભી રહે છે.

<u>गादाधरी</u> : एवं वह्निमान्निर्व्वह्निरित्यादिस्थलीयदोषे नितरामव्याप्ति-र्व्वह्निमत्त्वादेरेव तत्र दोषत्वसम्भवात्, तद्विषयकस्य ज्ञानस्यक्वचिदपि प्रतिबन्धकत्वायोगात् ।

આ જ રીતે **वह्निमान् निर्वह्निः** સ્થળે બાધમાં પણ અવ્યાપ્તિ આવી જાય છે. અહીં બાધ વહ્નિમત્વહ્નિમત્ બને. હવે આનાથી વહ્ન્યભાવવત્ વહ્નિમત્ આહાર્યજ્ઞાન પ્રતિબધ્ય બને જ નહિ એટલે આ પ્રતિબંધક ન બનતાં તદીયવિષયિતા પ્રતિબંધક્તાવચ્છેદક જ ન

બને.

આમ આ બે સ્થળે અવ્યાપ્તિ અમે જાહેર કરીએ છીએ.

गादाधरी : एवं यत्र निर्वह्निः पर्वतो वह्निमानित्यादौ पर्व्वतत्वादि-सामानाधिकरण्येन वह्न्यभावादिमत्त्वस्य पक्षतावच्छेदकघटकता तत्र पर्व्वतत्वसामानाधिकरण्येन वह्न्यादिमत्त्वं न दोषः, विशिष्टपक्षग्रहाद्य-विरोधित्वेनाश्रयासिद्ध्यादिरूपत्वानुपपत्तेः, उक्तरीत्यैतल्लक्षणानाक्रान्त-त्वाच्च ।

વળી **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે તમે આશ્રયાસિદ્ધિદોષ માનીને અવ્યાપ્તિને દૂર કરવા આયાસ કર્યો છે. પણ અમે તો કહીશું કે અહીં દોષ જ નથી. જો પર્વતત્વસામાનાધિકરણ્યેન નિર્વહ્નિમાં વહ્નિમત્તાનો નિશ્ચય હોય તો પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તાગ્રહ પ્રતિબંધક ન બનતાં દોષ બની શકતો જ નથી. આમ નિર્વહ્નિત્વવિ.પર્વતગ્રહનો અવિરોધી બનતાં આશ્રયાસિદ્ધિત્વ અહીં અનુપપન્ન થઈ જાય અને આ **अत्र वदन्ति** કલ્પ-લક્ષણ અહીં આક્રાન્ત પણ ન થાય.

गादाधरी : पर्व्वतत्वाद्यवच्छेदेन वह्न्यादिमत्त्वज्ञाप्रसिद्धम्, वह्निशून्यपव्वतादेरपि सत्त्वात् ।

હવે જો પર્વતત્વાવચ્છેદેન નિર્વહ્નિમાં વહ્નિમત્તાનો નિશ્ચય કહો તો તો તે અપ્રસિદ્ધ છે. કેમકે કોઈને કોઈ પર્વત તો વહ્નિશૂન્ય પણ જરૂર હોય આમ અહીં દોષત્વ જ નથી સંભવતું.

गादाधरी : नापि पर्व्वतत्वादिसामानाधिकरण्येन, निर्व्वह्निपर्व्वतत्वाद्यवच्छेदेन वा वह्न्यभावादिमत्त्वरूपबाधादिदोषः । तज्ज्ञानस्य पक्षतावच्छेदकविशिष्टे साध्यवैशिष्ट्यावगाहित्वव्यापक-विषयताघटितधर्म्मावच्छिन्नाप्रतिबन्धकतया तत्र लक्षणगमनायोगात् ।

नापि पर्व्वतत्वावच्छेदेन वह्न्याभावादिमत्त्वम्, अप्रसिद्धत्वादिति न कोऽपि दोषः स्यात् ।

હવે જો આ **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે આશ્રયાસિદ્ધિને ઉક્તકારણસર દોષ જ ન કહેતાં અહીં બાધને દોષ કહીને તમે દુષ્ટ વ્યવહાર ઉપપન્ન કરો તો તે પણ સંભવતું નથી. પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્નિમત્તાગ્રહ પ્રતિ તો પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તાનિશ્ચયપ્રતિબંધક બનતો જ નથી. અને નિર્વહ્નિત્વવિશિષ્ટપર્વતત્વાવચ્છેદેન વહ્નિમત્તાગ્રહ પ્રતિ પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તા ગ્રહ પણ દોષ ન બને કેમકે નિર્વહ્નિત્વવિ.પર્વતત્વાવચ્છેદેન નિર્વહ્નિત્વવિ.પર્વત જ અપ્રસિદ્ધ છે. હવે વ્યાપકાભાવથી વ્યાપ્યાભાવની રીત પણ તમે અજમાવી શકતા નથી, કેમકે એ નિર્વહ્નિત્વાવચ્છેદેન વહ્નિમત્તાગ્રહનો વ્યાપક પર્વતત્વાવચ્છેદેન વહ્નિમત્તાગ્રહ છે. હવે પર્વતત્વાવચ્છેદેન વહ્નિમત્તાવગાહિત્વબુદ્ધિનો આ નિશ્ચય પ્રતિબંધક જ નથી બનતો એટલે વ્યાપ્યાંશનો પણ પ્રતિબંધક ન બને અને તેથી વ્યાપકાભાવનો પ્રયોજક ન બનતાં વ્યાપ્યાભાવનો પણ પ્રયોજક ન બને.

હવે જો અવચ્છેદકાવચ્છેદેન વહ્ન્યભાવવત્તારૂપ નિશ્ચયને દોષ કહો તો તેનો વિષય અપ્રસિદ્ધ બનવાથી તે પણ સંભવતું નથી.

આમ **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે કોઈ દોષ સંભવતો નથી.

આ રીતે પૂર્વોક્ત બે સ્થળે અવ્યાપ્તિ દોષ અને પ્રસ્તુતમાં દોષત્વની અનુપપત્તિ ઊભી રહે છે.

<u>गादाधरी</u> : यत्तु प्रयुक्तत्वं व्यापकत्वम्, यद्विषयकनिश्चयनिष्ठविरोधि-विषयिताया उभयाभावव्याप्यत्वञ्च स्वाश्रयतादृशनिश्चयाव्य-वहितोत्तरानुमितित्वसम्बन्धेन, तादृशसम्बन्धलाभायैव तदुत्तर-मनुमितावित्युक्तम् । एवञ्च विरोधिविषयकयद्विषयकनिश्चयाव्य-वहितोत्तरानुमितित्वव्यापकस्तादृशोभयाभावस्तत्त्वम् इति पर्य्यवसितम् । एवञ्च निर्वह्निर्वह्निमानित्यादिस्थलीयबाधादिस्थलीयबाधादिविषयितायां स्वरूपसम्बन्धरूपोभयाभावप्रयोजकत्वासम्भवेऽपि उभयाभावप्रति-योगितावच्छेदककोटौ यद्रूपावच्छिन्नाविशेष्यकयद्रूपावच्छिन्नप्रकारकत्त्वं निविष्टं तद्रूपावच्छिन्नविशेष्यकतद्रूपावच्छिन्नाभावतद्व्याप्यान्यतर-

प्रकारकत्वस्यैव विरोधिविषयत्वार्थकतया तत्र लक्षणं सुसमन्वेयमेव तादृशप्रयोजकत्वस्यानिवेशात् ।

यत्तु : આ દોષ હટાવવા માટે કેટલાક આમ કહે છે. ઉક્ત લક્ષણમાં પ્રયુક્તત્વનો અર્થ વ્યાપકત્વ કરવો. વિરોધિવિષયિતાવ્યાપક ઊભયાભાવ હોવો જોઈએ. यत्र यत्र विरोधिविषयितात्वं तत्र तत्र उभयाभावप्रयोजकाभावाधिकरणत्वम् ।

વિરોધિવિષયિતા સ્વાશ્રયતાદેશનિશ્ચયાવ્યવહિતોત્તરાનુમિતિત્વ સંબંધથી તાદેશઅનુમિતિમાં જાય ત્યાં ઉભયાભાવ પણ રહી જાય.

આમ **विरोधिविषयक यद्विषयकनिश्चयाव्यवहितोत्तरानुमितिव्यापकः उभयाभावः तत्त्वम्** પર્યવસિત લક્ષણ થયું. (**अत्र वदन्ति** લક્ષણમાં તો ઊભયાભાવ જ લીધો છે. તેને લઈને અહીં કહ્યું છે.)

હવે **निर्वह्निः वह्निमान्** સ્થળે ઊભયાભાવ (સ્વરૂપ સં.રૂપ)ની અપ્રયોજક બાધાદિ વિષયિતા ભલે રહી પણ અમારે તો તે અપ્રયોજક નથી. તમે તો પ્રતિબંધકતાવચ્છેદકીભૂત વિષયિતાને જ પ્રયોજક કહી છે એટલે જ તે અહીં અપ્રયોજક બની પણ અમે તો ઊભયાભાવપ્રતિબંધકતાવચ્છેદકકોટિમાં यद्रूपावच्छिन्नविशेष्यकयद्रूपावच्छिन्न-प्रकारकत्व નિવિષ્ટ હોય तद्रूपावच्छिन्नविशेष्यकतद्रूपावच्छिन्नाभाव-तद्व्याप्य-अन्यतर પ્રકારકત્વને જ વિરોધિવિષયિત્વ કહીશું એટલે અહીં **निर्वह्निः वह्निमान्** સ્થલીય **वह्न्यभाववन्निर्वह्निः** બાધવિષયિતા તેવી હોવાથી તે વિરોધિવિષયિતા બની જ જાય અને હવે ઉક્ત સંબંધથી તે જાયમાન ઘટાદ્યનુમિતિમાં રહી જતાં ત્યાં વિરોધિવિ.ત્વવ્યાપક ઊભયાભાવ મળી જાય એટલે તત્સ્થલીય બાધમાં દોષલક્ષણનો સમન્વય સુતરાં થઈ જાય. (કેમકે તાદેશપ્રયોજકત્વ એટલે કે સ્વરૂપસં.રૂપ પ્રયોજકત્વનો અમે નિવેશ જ નથી કરતાં.)

गादाधरी : न चैवं तत्र वस्तुमात्रेऽतिव्याप्तिर्दुर्व्वारैव, तादृशोभयाभावस्य विरोधिविषयकसमूहालम्बनरूपघटादिविषयकनिश्चयाव्यवहितोत्तरानुमितित्वव्यापकताया अक्षतत्वादिति वाच्यम्,

ઉત્તરપક્ષ : એમ કહેશો તો તો વસ્તુમાત્રમાં અતિવ્યાપ્તિ આવશે. **वह्न्यभाववद्ह्रदो घटश्च** અહીંની ઘટવિષયિતા પણ વિરોધિવિષયિતા બની જાય એટલે

ઉક્ત સંબંધથી તે ઘટાદ્યનુમિતિમાં જાય અને તેથી તાદૃશવિષયિતાવ્યાપક ઊભયાભાવ બની જતાં ઘટમાં લક્ષણ જતાં અતિવ્યાપ્તિ આવે.

<u>गादाधरी</u> : विरोधिविषयितानतिरिक्तवृत्तिर्यद्विषयिता तच्छालि-निश्चयस्य निश्चयान्तेन विवक्षणाद् घटादिविषयितायास्तत्र निरुक्त-विरोधिविषयितानतिरिक्तवृत्तित्वविरहात् ।

यत्तु : ના, તે અતિવ્યાપ્તિ દૂર કરવા અમે કહીશું કે વિરોધિવિષયિતાનતિરિક્તવૃત્તિ યદ્વિષયિતા હોય તેમાં જ લક્ષણ જાય. હવે ઘટવિષયિતા તો શુદ્ધઘટજ્ઞાનમાં પણ છે અને તે તો વિરોધિવિષયિતાનતિરિક્તવૃત્તિ છે માટે ઘટમાં લક્ષણની અતિવ્યાપ્તિ સંભવતી જ નથી.

<u>गादाधरी</u> : न चैवं विरोधिविषयितानतिरिक्तवृत्तिर्यदीयविषयिता तत्त्वमित्येतावतैव सामञ्जस्ये शेषवैयर्थ्यमिति वाच्यम्,

ઉત્તરપક્ષ : તો તો પછી વિરોધિવિષયિતાનતિરિક્તવૃત્તિઃ યદીયવિષયિતા તત્ત્વમ્ એટલું જ લક્ષણ આવશ્યક છે શેષ સઘળું વ્યર્થ જાય છે ને ?

<u>गादाधरी</u> : यत्र पर्व्वतत्वादिसामानाधिकरण्येन वह्न्यादेः साध्यता तत्र पर्व्वतत्वादिसामानाधिकरण्येन वह्न्यभावादिमत्त्वविषयितायां निरुक्तविरोधिविषयितानतिरिक्तवृत्तितया तत्रातिव्याप्तिवारकतया शेषसार्थक्यात् । तदुपादाने तादृशवह्न्यभावादिमत्त्वविषयकनिश्चयानन्तरं पर्व्वतत्वादिसामानाधिकरण्येन वह्न्याद्यनुमित्युत्पत्त्या तादृशानुमितौ तथाविधोभयसत्त्वेनातिव्याप्त्यनवकाशादिति,

यत्तु : ના, શેષનું વૈયર્થ્ય સંભવતું નથી. જો શેષાંશ ન કહીએ તો તો પર્વતત્વસામાનાધિકરણ્યેન જ્યાં વહ્નિમત્તાગ્રહ હોય ત્યાં પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તાગ્રહ એમાં પણ વિરોધિવિષયિતાનતિરિક્તવૃત્તિ વિષયિતા જ છે અને તેથી વહ્ન્યભાવવત્પર્વતમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય. હવે શેષાંશના ઉપાદાનથી આ અતિવ્યાપ્તિ ન આવે કેમકે પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવવત્તાનિશ્ચય ઉત્તર પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્નિમત્તા બુદ્ધિ ઉત્પન્ન થઈ શકે છે અને તેથી તેમાં

ઊભયાભાવ ન મળતાં વિરોધિવિષયિતાવ્યાપકત્વરૂપ પ્રયુક્તત્વ ઊભયાભાવમાં ન આવતાં લક્ષણ અતિવ્યાપ્ત ન થાય. (તાદશનિશ્ચયોત્તર યદ્યપિ અવચ્છેદકાવચ્છેદેન પર્વતમાં વહ્નિમત્તાબુદ્ધિ ન થાય પણ તેવી બુદ્ધિનો વિષય જ અપ્રસિદ્ધ બનવાથી તે બુદ્ધિ લઈને ઊભયાભાવ લઈ શકાય નહિ.)

गादाधरी : तत्तुच्छम्,

निर्व्वह्निः पर्व्वतो वह्निमानित्यादौ यत्र वह्निमानित्यादौ यत्र पर्व्वतत्वादिसामानाधिकरण्येन वह्न्याभवादेः पक्षतावच्छेदकता तत्र पर्व्वतत्वसामानाधिकरण्येन वह्न्यादिमत्त्वस्य विशिष्टपक्षग्रहाविरोधित्वादाश्रयासिद्ध्यनात्मकहेत्वाभासान्तराभयेनासम्भवल्लक्ष्यभावस्य निरुक्तविरोधिविषयितानतिरिक्तवृत्ति-विषयिताकतयाऽतिव्याप्तेः ।

ઉત્તરપક્ષ : સિદ્ધાન્તી : યત્તુનો આ મત બરોબર નથી. **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે જો પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્ન્યભાવને પક્ષતાવચ્છેદક બનાવીએ તો ત્યાં પર્વતત્વસામાનાધિકરણ્યેન વહ્નિમત્પર્વત એ વિરોધિ ન બનતાં આશ્રયાસિદ્ધિ રૂપ હેત્વાભાસ તો સંભવતો જ નથી. હવે તદતિરિક્ત કોઈ હેત્વાભાસ આ બની શકતો નથી એટલે અતિરિક્ત કોઈ હેત્વાભાસાન્તર બની ન જાય એટલે એ લક્ષ્ય જ સંભવતું નથી અર્થાત્ તેમાં હેત્વાભાસ લક્ષણ ગમન જ વસ્તુતઃ અનાવશ્યક છે. હવે યત્તુના આ મતે તો આમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ જ આવી ગઈ. યત્તુમત તો વિરોધિવિષયિતાનતિરિક્તવૃત્તિ જેની વિષયિતાનો વ્યાપક ઊભયાભાવ બને તેને દોષ કહે છે એટલે હવે વહ્નિમત્પર્વત એ તેમની વિવક્ષા મુજબ તો વિરોધિવિષયિતા છે જ અને તેથી આખું ય લક્ષણ તેમાં સંગત થવાથી વહ્નિમત્પર્વતમાં અતિવ્યાપ્તિ આવી જાય.

गादाधरी : तादृशोभयाभावप्रतियोगितावच्छेदकगर्भे यद्रूपविशिष्टे येन सम्बन्धेन यद्रूपावच्छिन्नवैशिष्ट्यावगाहित्वं निविष्टं तद्रूपावच्छिन्नविशेष्यकतत्संसर्गकतद्रूपावच्छिन्नप्रकारकानुमितित्वावच्छिन्नप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकतावच्छेदकत्वरूपविरोधित्वस्य विषयितायां निवेशे तु शेषवैयर्थ्यम्, उक्तरीत्या निर्वह्निर्वह्निमानित्यादि-

स्थलीयदोषेऽव्याप्तिश्च ।

હવે જો આ આપત્તિ દૂર કરવા તેઓ કહે કે તાદશોભયાભાવ-પ્રતિયોગિતાવચ્છેદક ગર્ભમાં યદ્રૂપવિશિષ્ટે યેન સંબંધેન યદ્રૂપાવચ્છિન્નવૈશિષ્ટ્યાવગાહિત્વં નિવિષ્ટં તદ્રૂપાવચ્છિન્નવિશેષ્યક, તત્સંસર્ગક, તદ્રૂપાવચ્છિન્નપ્રકારકાનુમિતિત્વાવચ્છિન્ન પ્રતિબધ્યતા-નિરૂપિતપ્રતિબંધકતાવચ્છેદકત્વં વિરોધિત્વં, આમ કહેવાથી અહીં તેવી અનુમિતિ જ અપ્રસિદ્ધ બનવાથી વહ્નિમત્પર્વતવિષયિતા એ વિરોધી ન બને એટલે વિરોધિવિષયિતા જ ન રહેતાં અતિવ્યાપ્તિ ન આવે.

તો આ પણ બરોબર નથી. ભલે આ રીતે અતિવ્યાપ્તિ દૂર થતી હોય પણ તેમ થતાં તો ફરી શેષની વૈયર્થ્યાપત્તિ ઊભી જ રહેવાની. વળી આવી રીતે વિરોધિત્વનું નિર્વચન કરવામાં **निर्वह्निः वह्निमान्** સ્થલીય દોષમાં અવ્યાપ્તિ પણ આવશે, કેમકે ત્યાં પણ તાદશાનુમિતિ અપ્રસિદ્ધ બનવાથી વિરોધિવિષયિતા જ ન મળતાં લક્ષણ ન જાય. આમ યત્તુનો મત તો ખંડિત થઈ જાય છે.

આપણે એક વાર યાદ કરી લઈએ કે યત્તુના મતનું સિદ્ધાન્તીએ આ રીતે ખંડન કરી નાંખવાથી **अथैवं** મતે જે બે અવ્યાપ્તિઓ અને **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થલીય દોષમાં દોષત્વાનુપપત્તિ આપી હતી તે તો હજુ ઊભી જ છે.

गादाधरी : यत्तु पक्षतावच्छेदकविशिष्टे निरुक्तसाध्यहेतुवैशिष्ट्यावगाहिनिश्चयावृत्तिविषयितैव विरोधिविषयितापदार्थः । तथा च यन्निरूपिततादृशविषयिताशालिनिश्चयोत्तरानुमितित्वव्यापक उभयाभावस्तत्त्वमिति समुदितार्थः । निश्चयत्वं च विशेषणविशेष्यतावच्छेदकभावानापन्नविरोधिकोटिद्वयप्रकारकैकधर्मिविशेष्यकज्ञानान्यज्ञानत्वम् ।

દ્વિતીય **यत्तुमतः** - વિરોધિવિષયિત્વં નિરુક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિનિશ્ચયાવૃત્તિવિષયિત્વં અમે કહીશું. આમ થતાં **अत्र वदन्ति** બાકીના અંશ સાથે આખું લક્ષણ આવું થાય. **यन्निरूपिततादृशविषयिताशालिनिश्चयोत्तरानुमितित्वव्यापकः उभयाभावः तत्त्वम् ।**

વહ્ન્યભાવવદ્હ્રદવિષયિતા એ વિરોધિવિષયિતા બને. કેમકે વહ્નિધૂમ વૈશિષ્ટ્યાવગાહિ જે **ह्रदो वह्निमान्** નિશ્ચય, તેમાં એ અવૃત્તિ જ છે. એટલે આવી

વિષયિતાશાલિ જે વહ્ન્યભાવવદ્હ્રદનિશ્ચય તદ્ વ્યાપક તદુત્તરાનુમિતિનિષ્ઠ ઊભયાભાવ બની જતાં લક્ષણ સંગતિ થઈ જાય.

સાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ જે નિશ્ચય કહ્યો છે ત્યાં નિશ્ચયત્વં વિશેષણવિશેષ્યતા-વચ્છેદકભાવાનાપન્નવિરોધિકોટિદ્વયપ્રકારકૈકધર્મ-વિશેષ્યકજ્ઞાનાન્યજ્ઞાનત્વ રૂપ લેવું.

ગાદાધરી : कोटिद्वये विशेषणविशेष्यतावच्छेदकभावानापन्नत्वनिवेशात् निर्वह्निः पर्वतो वह्निमानित्यादौ पक्षतावच्छेदकविशिष्टे साध्यादिवैशिष्ट्यग्रहस्य एकत्र विरोधिद्वयप्रकारकत्वनियमेऽपि न तादृशवैशिष्ट्यावगाहिनिश्चयाऽप्रसिद्धिः ।

અહીં અનાપન્નત્વાન્ત ન કહે તો શું થાય તે જોઈએ ? **निर्वह्निः पर्वतो वह्निमान्** જ્ઞાનમાં વહ્ન્યભાવ અને વહ્નિ એવી બે વિરોધિકોટિ પ્રકાર છે અને પર્વત વિશેષ્ય છે. માટે વિરોધિકોટિદ્વયપ્રકારક-એકધર્મવિશેષ્યક આ જ્ઞાન બન્યું પણ આ જ્ઞાનથી અન્ય જ્ઞાન જે નિરૂક્ત (निर्वह्निः पर्वतो वह्निमान् धूमात् स्थलीय જ) સાધ્યવૈશિષ્ટ્યાવચ્છિન્ન બની શકે જ નહિ એટલે આવું જ્ઞાન જ આ આહાર્યજ્ઞાન બને પણ આવું જ્ઞાનાન્યજ્ઞાન તો અપ્રસિદ્ધ જ બની જાય અને તેથી **निर्वह्निः पर्वतो वह्निमान्** એ જ્ઞાનાન્યજ્ઞાન રૂપ ન બનતાં નિશ્ચય ન બને અને તેથી તેમાં અવૃત્તિ વિષયિતા પણ લેવાની ન રહે. એટલે અવ્યાપ્તિ આવે.

હવે અનાપન્નત્વનિવેશથી આ આપત્તિ નથી કેમકે આ **निर्वह्निः पर्वतो वह्निमान्** જે વિરોધિકોટિદ્વયપ્રકારકૈકધર્મવિશેષ્યકજ્ઞાન છે તે વિશેષણ વિશેષ્યતાવચ્છેદકભાવાપન્ન જ છે. તાદૃશભાવાનાપન્ન કોઈ બીજું જ્ઞાન બને તે બીજા જ્ઞાનથી અન્ય જ આ જ્ઞાન બની જતાં નિશ્ચયરૂપ બની ગયું. હવે તેમાં વહ્નિમત્પર્વતરૂપ વિષયિતા તો (જ્ઞાનભેદેન વિષયિતાભેદાત્) અવૃત્તિ જ છે એટલે તે વિરોધિવિષયિતા બની ગઈ તદુત્તરાનુમિતિનિષ્ઠ ઊભયાભાવ તે વિષયિતાનો વ્યાપક બનતા લક્ષણની સંગતિ થઈ ગઈ.

निर्वह्निः वह्निमान् નિશ્ચયમાં **वह्न्यभाववन्निर्वह्निः** ની વિષયિતા અવૃત્તિ છે માટે તે વિરોધિવિષયિતા બની ગઈ. તત્વ્યાપક તદુત્તરજાયમાન ઘટાદ્યનુમિતિમાં ઊભયાભાવ મળી જાય એટલે લક્ષણની અવ્યાપ્તિ ન રહે.

ગાદાધરી : यदीयविषयता तादृशनिश्चयाऽवृत्तिस्तत्त्वमित्येतावति कृते

ह्रदो वह्निव्याप्यधूमवानित्यादौ ह्रदादिनिष्ठवह्न्यभावादिमत्त्वेऽतिव्याप्तिः, वह्न्यादिव्याप्यवत्तानिश्चयस्यापि वह्न्यादिनिश्चयवत्कार्यसहभावेन वह्न्यभावादिग्रहविरोधित्वाद्वह्न्यभावादिमत्त्वविषयतायास्तादृश-निश्चयावृत्तित्वादिति न शेषवैयर्थ्यमिति ।

ઉત્તરપક્ષ : યદીયવિષયિતા તાદૃશનિશ્ચયાવૃત્તિઃ તત્ત્વં એટલું જ લક્ષણ કરો ને ? શેષ વ્યર્થ જાય છે.

यत्तु પૂર્વ પક્ષ : ના. તેમ કરતાં **ह्रदो वह्निव्याप्यधूमवान्** નિશ્ચયસ્થળે **वह्न्यभाववद्ह्रददोष** બની જાય એટલે અતિવ્યાપ્તિ આવે. (આ સાધ્ય-હેતુ વૈશિષ્ટ્યવગાહિનિશ્ચય સ્થળે વહ્નિવ્યાપ્યધૂમાભાવદ્ હ્રદ વસ્તુતઃ બાધ દોષ બને છે.) કેમકે નિરૂક્ત સાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં વહ્ન્યભાવવદ્ હ્રદ વિષયિતા અવૃત્તિ છે કેમકે વહ્ન્યભાવવત્તાબુદ્ધિ પ્રતિ વહ્ન્યભાવાભાવવત્તા બુદ્ધિ અને વહ્ન્યભાવાભાવવ્યાપ્યવત્તા બુદ્ધિ વિરોધી બને એટલે વહ્નિ જે નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં વહ્નિવ્યાપ્યવત્તા વિષયિતા છે તેમાં વહ્ન્યભાવવિષયિતા અવૃત્તિ જ રહે. તેમ થતાં આ વિરોધિવિષયિતા બની એટલે વહ્ન્યભાવવદ્ હ્રદમાં અતિવ્યાપ્તિ આવી ગઈ. વહ્ન્યભાવને વિરોધિ જેમ વહ્નિનિશ્ચય (સમૂહાલંબનાત્મક અનુમિતિરૂપ નિશ્ચય) કાર્યસદ્ભાવેન બને તેમ તેનો વિરોધિ વહ્નિવ્યાપ્યધૂમવત્તાનિશ્ચય પણ બને. શેષના ઉપાદાનથી જ આ અતિવ્યાપ્તિ ન રહે, કેમકે આવી વહ્ન્યભાવવદ્ હ્રદવિષયિતા-નિશ્ચયોત્તર અનુમિતિમાં **वह्निव्याप्यधूमवान् ह्रदः** અનુમિતિ તો થાય એટલે તેમાં ઉભયાભાવ ન મળતાં તાદૃશવિષયિતાત્વવ્યાપક ઉભયાભાવ ન રહેતાં અતિવ્યાપ્તિ ન આવે. આમ શેષવૈયર્થ્યાપત્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : तदपि न, वह्निव्याप्यवान् वह्निव्याप्यव्याप्यवांश्च ह्रदो वह्न्यभाववानित्येतादृशाहार्य्यज्ञानोपगमेन वह्न्यभावादिमत्त्वविषयि-ताया वह्निव्याप्यादिमत्त्वनिश्चयवृत्तितया उक्तातिव्याप्त्यनवकाशेन शेषसार्थक्यानुपपत्तेः ।

ઉત્તરપક્ષ : ના, નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં અવૃત્તિ વિષયિતાને

તમે વિરોધિવિષયિતા કહી છે તો જેમ **वह्निव्याप्यधूमवान् ह्रदः** નિશ્ચય અર્થાત્ **ह्रदो वह्निव्याप्यधूमवान् वह्निव्याप्यधूमवाप्यवांश्च** નિશ્ચય નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ છે તેમ **ह्रदो वह्निव्याप्य(धूम)वान् वह्निव्याप्य(धूम)व्याप्यवांश्च ह्रदो वह्न्यभाववान्** એવો આહાર્યનિશ્ચય પણ નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ તો છે જ. હવે આમાં તો વહ્ન્યભાવવદ્ હ્રદવિષયિતા વૃત્તિ જ બની જાય છે. આમ થતાં વહ્ન્યભાવવદ્ હ્રદવિષયિતામાં અતિવ્યાપ્તિ સંભવતી જ નથી. એટલે તેના નિરાસ માટે કરેલું શેષનું ઉપાદાન નિરર્થક જાય જ છે.

<u>गादाधरी</u> : वह्निमान्वह्निव्याप्यवांश्च ह्रदो वह्न्यभाववानित्येतादृशाहार्य्यसाध्यादिवैशिष्ट्यनिश्चये ह्रदो वह्निमानित्यादिस्थलीयबाधादिविषयितायाः सत्त्वेनासम्भवप्रसङ्गाच्च ।

વળી **ह्रदो वह्निमान् धूमात्** એ જેમ ધૂમવહ્નિસાધ્ય-હેતુવૈશિષ્ટ્યાવગાહિનિશ્ચય છે તેમ **वह्निमान् वह्निव्याप्यधूमवांश्च ह्रदः वह्न्यभाववान्** આહાર્યનિશ્ચયમાં પણ નિરૂક્તસાધ્ય હેતુવૈશિષ્ટ્યાવગાહિત્વ છે જ અને એમાં તો વહ્ન્યભાવવદ્ હ્રદ વિષયિતા વૃત્તિ જ છે એટલે હવે વહ્ન્યભાવવદ્ હ્રદમાં પણ લક્ષણ ન જાય આમ સર્વત્ર લક્ષણ ન જતાં અસંભવ દોષ આવીને ઊભો રહે.

<u>गादाधरी</u> : वह्न्यादिरूपधर्म्मितावच्छेदकानवच्छिन्नवह्न्यभावादिविशेषितह्रदादिनिरूपितविषयितायाः साध्यादिनिश्चयावृत्तित्वेऽपि घटादिनिरूपिताया अपि दोषविशेषाद्अवच्छिन्नाया विषयितायाः साध्यादिनिश्चयावृत्तितया घटादावुदासीनेऽतिव्याप्तिवारणाय यादृशविशिष्टविषयितासामान्यं तादृशनिश्चयावृत्ति तादृशविशिष्टनिरूपितविषयिताया एव विरोधिविषयितेत्यनेन विवक्षणीयतया अप्रतीकारात् ।

यत्तु - ના, અમે કહીશું કે વહ્નિવિષયિતાનિરૂપિતવહ્ન્યભાવવિષયિતાનિરૂપિતહ્રદવિષયિતા ભલે ઉક્ત આહાર્યનિશ્ચયમાં વૃત્તિ છે. પણ કેવળ વહ્ન્યભાવવિષયિતાનિરૂપિત હ્રદવિષયિતા તો અવૃત્તિ જ છે ને ? તેથી અસંભવનો પ્રસંગ

તો નથી જ.

ઉત્તરપક્ષ : ઊભા રહો. એ પહેલાં અમે તમને એક બીજી વાત કરી લઈએ. **वह्न्यभाववद्ह्रदो घटश्च** એવા નિશ્ચયમાં ઘટવિષયિતા પણ વિરોધિવિષયિતા ન બની જાય એ માટે તમારે 'વિષયિતા સામાન્ય' કહેવું પડશે એટલે ઘટવિષયિતા તો નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ ઘટવિષયકસમૂહાલંબન નિશ્ચયમાં વૃત્તિ બની જાય એટલે અતિવ્યાપ્તિ ન રહે. હવે જ્યારે વિષયિતાસામાન્યને નિરૂક્તસાધ્યવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં અવૃત્તિ કહેવાની ફરજ પડે છે ત્યારે પૂર્વોક્ત આપત્તિ ઊભી જ રહે છે કેમકે ભલે કેવળ વહ્ન્યભાવનિરૂપિતહ્રદવિષયિતા નિરૂક્તસાધ્યહેતુ-વૈશિષ્ટ્યાવગાહિ આહાર્યનિશ્ચયમાં અવૃત્તિ હોય પણ તે આહાર્યનિશ્ચયીય વહ્ન્યભાવવદ્ધ્રહ્રદવિષયિતા તો તે આહાર્યનિશ્ચયમાં વૃત્તિ જ છે એટલે વિષયિતાસામાન્ય અવૃત્તિ ન રહેતાં અસંભવદોષ ઊભો જ રહે છે.

<u>गादाधरी</u> : भ्रमान्यवृत्तियदीयविषयितासामान्यं तादृशनिश्चयावृत्ति तदीयविषयताविवक्षणेन निर्वाहेऽपि विरोधियद्विषयिताशालिनिश्चयोत्तरानुमितिसामान्ये द्वयोर्व्यतिरेक इत्यनभिधाय यद्विषयकनिश्चयस्येत्यादिवक्राभिधानस्य ग्रन्थकारीयरीतिविरुद्धत्वात् ।

यत्तु : તો હવે અમે કહીશું કે ભ્રમાન્યવૃત્તિ જે વિષયિતા હોય તે જ વિષયિતા નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં અવૃત્તિ જોઈએ. હવે આહાર્ય તો ભ્રમાત્મક નિશ્ચય છે એટલે આહાર્યનિશ્ચયીય વિષયિતા તો ભ્રમવૃત્તિ જ વિષયિતા છે. એટલે તે વૃત્તિ પણ બની જાય તો અમને તેની સાથે કોઈ નિસ્બત નથી. દોષવિષયકવિષયિતા એ ભ્રમમાં વૃત્તિ નથી, ભ્રમાન્યમાં વૃત્તિ છે એટલે આ જ વિષયિતાની અમે નિરૂક્તસાધ્યહેતુવૈશિષ્ટ્યાવગાહિ નિશ્ચયમાં અવૃત્તિત્વની વિવક્ષા કરીએ છીએ. ભ્રમાન્યવૃત્તિવિષયિતાસામાન્ય તો તાદૃશનિશ્ચયમાં અવૃત્તિ છે જ એટલે હવે અસંભવ દોષ રહેતો નથી.

ઉત્તરપક્ષ : હા, આ રીતે જરૂર તમે અહીં તો નિર્વાહ કરી શકો છો પણ જો આમ જ કહેવું હોત તો દીધિતિકારે **अत्र वदन्ति** કલ્પમાં **विरोधियद्विषयिताशालिनिश्चयोत्तरानुमितिसामान्ये उभयाभावः** સીધું જ ન કહ્યું અને **यद्विषयकनिश्चयस्य** ઇત્યાદિ વક્રાભિધાન કર્યું એ ગ્રન્થકારની રીતિ વિરુદ્ધ બની જાય. એટલે તદ્ભયેન ઉક્ત રીતે વિવક્ષા તમે કરી શકતા જ નથી.

અને તેમ થતાં મૂળ **निर्वह्निः वह्निमान्** સ્થલીય અવ્યાપ્તિ તથા **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે દોષત્વની જ અનુપપત્તિ-આ બે દોષ **अत्र वदन्ति** કલ્પમાં ઊભા જ રહે છે.

<u>गादाधरी</u> : एतेन विषयिताया उभयाभावप्रयोजकत्वं तादृशोभयाभावप्रतियोगितावच्छेदकं यद्रूपविशिष्टे येन सम्बन्धेन यद्रूपावच्छिन्नवैशिष्ट्यावगाहित्वघटितं तद्रूपावच्छिन्नविशेष्यकतत्संसर्गकतद्रूपावच्छिन्नप्रकारकत्वविशेषितेनानुमितित्वेनानाहार्यलौकिकसन्निकर्षाद्यजन्यज्ञानत्वेन वा अवच्छिन्ना या प्रतिबध्यता तन्निरूपितप्रतिबन्धकतावच्छेदकत्वम् ।

एवञ्च यादृशविशिष्टविषयिता निरुक्ततथाविधोभयाभावप्रयोजकताश्रयस्तादृशत्वमेव लक्षणम् । विषयितादौ विरोधित्वादिकथनन्तु स्वरूपाख्यानमात्रमेव इति प्रलपितमप्यनादेयमेव । निर्व्वह्निर्व्वह्निमानित्यादिस्थलीयदोषस्य उक्तयुक्त्या दुःसङ्ग्रहात् ।

વ્યભિચારઘટિતબાધસ્થલીય અવ્યાપ્તિને દૂર કરવા માટે **अत्र वदन्ति** કલ્પાનુસરણને બદલે બીજા કેટલાક આવું લક્ષણ કરે છે તે પણ પરાસ્ત થઈ જાય છે કેમકે વ્યભિચારઘટિતબાધસ્થલીય અવ્યાપ્તિ ભલે તેઓ તે રીતે દૂર કરી શકતા હોય પણ ઉક્ત **निर्वह्निः वह्निमान्** આદિ સ્થળના બે દોષ તો તેમને પણ ઊભા જ રહે છે.

એમનો મતઃ - વહ્ન્યભાવવદ્ વિષયિત ઉભયાભાવ પ્રયોજક છે એટલે તેમાં ઉભયાભાવપ્રયોજકત્વ છે. આ ઉભયાભાવપ્રયોજકત્વ એટલે તાદૃશોભયાભાવપ્રતિબંધકતાવચ્છેદકં યદ્રૂપવિશિષ્ટે યેન સમ્બન્ધેન યદ્રૂપાવચ્છિન્નવૈશિષ્ટ્યાવગાહિત્વઘટિતં તદ્રૂપાવચ્છિન્નવિશેષ્યક-તત્સંસર્ગક-તદ્રૂપાવચ્છિન્નપ્રકારકત્વવિશેષિતેનાનુમિતિત્વેન અનાહાર્યલૌકિક સંનિકર્ષાદિ-અજન્યજ્ઞાનત્વેન વા - અવચ્છિન્ના યા પ્રતિબધ્યતા તન્નિરૂપિત પ્રતિબંધકતાવચ્છેદકત્વમ્ ।

અહીં અનુમિતિપદ ઘટકીભૂત છે એટલે આહાર્ય સ્થળે લક્ષણ અવ્યાપ્ત થાય કેમકે તાદૃશ અનુમિતિ જ અપ્રસિદ્ધ બને.

આ લક્ષણમાં 'વિરોધિ' પદ સ્વરૂપકથન માટે જ પ્રવિષ્ટ સમજવું કેમકે વિષયિતાને જે રીતે ઉભયાભાવ પ્રયોજક બનાવી છે તે રીતે વિરોધિ એવી જ વિષયિતા પકડાય છે.

આ રીતે આ લક્ષણમાં પણ ઉક્ત દોષ દુર્વાર હોવાથી ત્યાજ્ય છે.

गादाधरी : अत्र केचित् कश्चिदित्यन्ताग्रिमकल्प इवात्रापि कल्पे न दीधितिकृतो निर्भरः, निर्व्वह्निर्वह्निमानित्यादिस्थलीयदोषासङ्ग्रहेणास्वरसस्याग्रिमकल्पे कश्चिदित्यनेनेवात्रापि कल्पे वदन्तीत्यनेन सूचितत्वात्। निर्भरस्तु केचिदित्यादिकल्पे एव। अत एव तत्र प्रकर्षबोधनाय प्राहुरित्युक्तमिति ।

अत्र केचित् - અહીં કેટલાક કહે છે કે આગળના એક કલ્પમાં આ દોષો દૂર કરવાનો યત્ન કર્યો છે તે રજૂ કરીને इत्यपि कश्चित् એવું દીધિતિકાર પદ મૂકે છે. એ સૂચવે છે કે દોષોનો નિરાસ કરવામાં દીધિતિકારનું અસ્વારસ્ય છે. અર્થાત् अत्र वदन्ति – કલ્પમાં પણ ઉક્ત દોષ રહે જ છે. એવું દીધિતિકારનું કથન છે. અને તેથી જ દીધિતિકારે આ લક્ષણને પણ 'अत्र वदन्ति' કરીને મૂક્યું છે. આમ આ કલ્પમાં દીધિતિકારને દોષ-નિરાસ અભિમત નથી.

હા, 'केचित्' કરીને વધુ આગળ જતાં તેઓ એક કલ્પ મૂકવાના છે તેમાં જે રીતે દોષ નિરાસ કરવામાં આવે છે તેમાં જ તેમને રુચિ છે. અને તેથી જ તેમણે તે કલ્પમાં પ્રકર્ષ સૂચવવા इति प्राहुः (इति केचित्)કહ્યું છે.

गादाधरी : परे तु घटाभावादिधर्म्मितावच्छेदककवह्न्यादिमत्त्वज्ञानम्प्रति तद्धर्मितावच्छेदककवह्न्यभावादिमत्त्वज्ञानप्रतिबन्धकत्वे कल्पनीये धर्म्मितावच्छेदकभेदेन तदकल्पनप्रयुक्तलाधवानुरोधेन धर्म्मितावच्छेदकमनिवेश्यानाहार्य्यवह्न्यादिविशिष्टबुद्धित्ववह्न्यभावादिनिश्चयत्वाभ्यां समानधर्म्मितावच्छेदकत्वप्रत्यासत्त्यैव प्रतिबध्यप्रतिबन्धकभावः कल्प्यते ।

હવે ગદાધર સ્વયં 'परे तु'ના કથનદ્વારા ઉક્ત દોષોનો નિરાસ કરે છે.

वह्निमान् બુદ્ધિ **वह्न्यभाववान्** બુદ્ધિ પ્રતિ પ્રતિબંધક બને છે. હવે જો

સમાનપ્રકારકત્વેન આ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ કહીએ તો **ઘટાભાવવદ્‌ભૂતલ વહ્નિમત્** બુદ્ધિ માત્ર **વહ્ન્યભાવવાન્** બુદ્ધિ પ્રતિ પ્રતિબંધક બની જવાની આપત્તિ આવે. વસ્તુતઃ તાદૃશબુદ્ધ્યુત્તરક્ષણે **વહ્ન્યભાવવાન્** બુદ્ધિ ઉત્પન્ન થઈ શકે છે. એટલે કહેવું જોઈએ કે તદ્ધર્મિતાવચ્છેદકકબુદ્ધિ તદ્ધર્મિતાવચ્છેદકકતદભાવવત્તા બુદ્ધિ પ્રતિ પ્રતિબંધક બને. હવે ઘટાભાવવદ્‌ભૂતલં વહ્નિમત્ બુદ્ધિમાં 'ઘટાભાવ' ધર્મિતાવચ્છેદક છે. એટલે **ઘટાભાવવદ્‌ભૂતલં વહ્ન્યભાવવત્** બુદ્ધિ જ તેનાથી પ્રતિબધ્ય બને. અર્થાત્ માત્ર **વહ્ન્યભાવવત્** બુદ્ધિ પ્રતિબધ્ય ન બને.

પણ આમ કહેવામાં ધર્મિતાવચ્છેદક રૂપ ઘટાભાવપટાભાવાદિ અનંત પડતાં ગૌરવ આવી જાય એટલે ઉક્તાપત્તિ દૂર કરવા આમ જ કહેવું જોઈએ. ધર્મિતાવચ્છેદકતાસંબંધેન (સંસર્ગકોટિમાં લઈ લીધું) અનાહાર્યવહ્નિપ્રકારકબુદ્ધિં પ્રતિ ધર્મિતાવચ્છેદકતાસંબંધને અનાહાર્યવહ્ન્યભાવપ્રકારકનિશ્ચયઃ પ્રતિબન્ધકઃ ।

ઘટાભાવવત્ ભૂતલં વહ્ન્યભાવવત્ નિશ્ચય ધર્મિતાવચ્છેદકતા સં.થી ઘટાભાવમાં રહે. તો ત્યાં તે જ સંબંધથી **ઘટાભાવવત્‌ભૂતલં વહ્નિમત્** નિશ્ચય પ્રતિબધ્ય બની જાય.

<u>ગાદાધરી</u> : एवञ्च तद्देशनिष्ठस्य स्वपूर्ववर्त्तिप्रतिबन्धकज्ञान-निरूपितप्रतिबन्धकतावच्छेकसम्बन्धस्य उत्तरवर्तिज्ञाननिष्ठ-प्रतिबध्यतावच्छेदकसम्बन्धेन तद्देशासम्बन्धित्वं प्रति प्रयोजकतया वह्न्यभावादिनिष्ठवह्न्यभावादिप्रकारकज्ञानीयधर्म्मितावच्छेदकता-ख्यविषयतायास्तदुत्तरोत्पन्नानाहार्य्यवह्न्यादिप्रकारकज्ञानस्य वह्न्यभावादिधर्म्मितावच्छेदककत्वविरहप्रयोजकत्वाद्वह्न्यभावादि-विशिष्टे वह्न्यादिवैशिष्ट्यावगाहित्वविरहस्य वह्न्यभावादिधर्म्मिता-वच्छेदकताकवह्न्यभावादिप्रकारकनिश्चयविषयिताप्रयुक्तत्वमक्षतमेवेति तादृशनिश्चयविषयस्य दोषत्वमव्याहतमेव ।

હવે આમ થતાં પ્રસ્તુતમાં **નિર્વહ્નિઃ વહ્નિમાન્** સ્થલીય અવ્યાપ્તિ દૂર થઈ જાય છે. એતત્સથલીય **વહ્ન્યભાવવાન્ વહ્ન્યભાવવાન્ નિશ્ચયોત્તર ઘટાભાવવાન્**

(**वह्न्यभाव** વિશેષ્યકવહ્નિપ્રકારકત્વ જ્યાં છે ત્યાં વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકત્વ છે જ. વહ્ન્યભાવિશેષ્યકઘટવહ્નિ-પ્રકારકત્વ જ્યાં છે ત્યાં પણ વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકત્વ છે જ એટલે વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકત્વ વ્યાપક બને.)

વહ્નિમાન્ વગેરે અનુમિતિ જ થાય પણ **वह्न्यभाववान् वह्निमान्** અનુમિતિ ન જ થાય. હવે જે અનુમિતિ થાય તેમાં ઘટાભાવાદિધર્મિતાવચ્છેદકક જ હોય પણ વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકક તે ન હોય અર્થાત્ તેમાં વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકકત્વાભાવ જ રહે. આ અભાવમાં પ્રયોજક તાદૃશાનુમિતિ પૂર્વે ઉત્પન્ન **वह्न्यभाववान् वह्न्यभाववान्** જ્ઞાનીય વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકત્વરૂપ સંસર્ગાખ્ય વિષયતા જ બને (કેમકે તેના હોવાથી જ જાયમાન અનુમિતિમાં તાદૃશાભાવ મળે છે.) હવે વહ્ન્યભાવધર્મિતાવચ્છેદકકત્વાભાવનો પ્રયોજક જે ઉક્ત વિષયતા બને તે વહ્ન્યભાવવિશેષ્યકવહ્નિપ્રકારકત્વાભાવનો પણ પ્રયોજક બને, કેમકે વહ્ન્યભાવધર્મિતા-વચ્છેદકત્વ એ વહ્ન્યભાવવિશેષ્યકવહ્નિપ્રકારકત્વનો વ્યાપક છે એટલે વ્યાપકાભાવનો પ્રયોજક તે વ્યાપ્યાભાવનો પ્રયોજક સુતરાં બની જાય. આમ વહ્ન્યભાવવિશેષ્યક-વહ્નિપ્રકારકત્વઘટિત ઉભયાભાવનો **वह्न्यभाववान् वह्न्यभाववान्** જ્ઞાનીય વહ્ન્યભાવનિષ્ઠ ધર્મિતાવચ્છેદકત્વરૂપ સંસર્ગાખ્યવિષયતાકવહ્ન્ય-ભાવપ્રકારકનિશ્ચય-વિષયિતા પ્રયોજક બની જતાં વહ્ન્યભાવવદ્-વહ્ન્યભાવવત્ દોષ બની જાય. આમ લક્ષણની અવ્યાપ્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : न च धर्म्मितावच्छेदकनिष्ठप्रत्यासत्त्या विपरीतज्ञानस्य प्रतिबन्धकत्वे निर्वह्निविशेष्यकवह्निज्ञानं जायतामित्याकारकेच्छा-जन्यनिर्वह्निर्वह्निमान् घटाभाववांश्च वह्निमानित्याद्यांशिकाहार्य्यज्ञानस्य विपरीतज्ञानप्रतिबध्यतावच्छेदकानाक्रान्ततया घटाभाववान् वह्न्यभाववानित्यादिनिश्चयकाले तथाविधेच्छासत्त्वे घटाभावविशिष्ट-विशेष्यकवह्निज्ञानं जायतामित्याकारकेच्छां विनैव तादृशज्ञानापत्तिरिति वाच्यम्,

પૂર્વપક્ષ : **घटाभाववद् भूतलं वह्न्यभाववत्** નિશ્ચય હોવા પર

वह्न्यभाववद्भूतलं वह्निमत् એવી ઈચ્છા ઉત્પન્ન થઈ એમ થતાં **वह्न्यभाववद्वह्निमत् हि घटाभाववच्च वह्निमत्** જ્ઞાન તૃતીય ક્ષણમાં થઈ જવાની આપત્તિ આવશે. અહીં પ્રથમ નિશ્ચયોત્તર જે ઈચ્છા થઈ છે તદ્બલાત્ આવું જ્ઞાન થઈ જાય તો તો **घटाभाववद्भूतलं वह्न्यभाववत्** નિશ્ચય હોવા છતાં **घटाभाववद्भूतले वह्निमत्** જ્ઞાન થઈ જાય. આ ઈષ્ટ નથી કેમકે તાદૃશનિશ્ચય તો પ્રતિબંધક બનતાં આવું જ્ઞાન થઈ જવું ન જોઈએ. હા, જો ઘટાભાવવદ્વહ્નિમત્ ઈચ્છા જ હોત તો તો આ જ્ઞાન થઈ શકે. કેમકે તે બાધકાલીન ઈચ્છાજન્ય બનતાં આહાર્ય બને એટલે પ્રતિબધ્ય થઈ શકે નહિ. પણ તેવું તો અહીં છે નહિ એટલે **वह्न्यभाववद्भूतलं वह्निमत् घटाभाववच्च भूतलं वह्निमत्** એવું આંશિક આહાર્યજ્ઞાન થઈ જવાની આપત્તિ જરૂર આવે. ઘટાભાવવદ્વહ્ન્ય-ભાવવદ્ રૂપ પ્રથમ નિશ્ચય એ અનાહાર્ય છે એટલે ઘટાભાવવદ્વવહ્નિમત્ નિશ્ચય પ્રતિબધ્ય થવો જ જોઈએ પણ ઉક્તરીત્યા તે અનાહાર્ય અંશ સમૂહાલંબન આહાર્યમાં આવી જાય છે એટલે હવે અહીં ઘટાભાવવદ્વવહ્ન્યભાવવત્ નિશ્ચય ધર્મિતાવચ્છેદકતાસંબંધથી ઘટાભાવમાં રહેવા છતાં ઘટાભાવવદ્વહ્નિમત્ રૂપ અનાહાર્યબુદ્ધિ પ્રતિ પ્રતિબંધક બની શક્યો નથી. અર્થાત્ ઉક્તેચ્છાબલાત્ આવા જ્ઞાનની તમને આપત્તિ આવશે.

<u>गादाधरी</u> : यतः सामान्यतो वह्न्यादिज्ञानेच्छाविशिष्टान्यत्वरूपमनाहार्य्यत्वं न प्रतिबध्यतावच्छेदककोटौ निवेशनीयम्, किन्त्वाहार्य्यज्ञानोत्पत्त्यर्थं विशेष्यतानिष्ठं यत्स्वविषयतावच्छेदकत्वं तदवच्छेदकतावच्छेदकत्वसम्बन्धावच्छिन्नप्रतियोगिताकवह्न्यादिज्ञानेच्छाविरहस्य या स्वाव्यवहितप्राक्क्षणावच्छिन्नाधिकरणता तद्विशिष्टधर्म्मितावच्छेकताया एव प्रतिबध्यतावच्छेदकसम्बन्धत्वमुपेयते, तादृशेच्छाविरहस्य प्रतिबन्धकाविशेषणत्वमेव वा विशेषणताविशेषधर्म्मितावच्छेदकतासम्बन्धघटितसामानाधिकरण्यसम्बन्धेनोपगन्तव्यम्, उक्तस्थले च घटाभावादौ तादृशेच्छाविरहस्य सत्त्वान्नोक्तापत्तिरधिकमन्यत्रानुसन्धेयमिति वदन्ति ।

પરે તુ (ગદાધર) : **वह्न्यभाववत् वह्निमत्** જ્ઞાનેચ્છાવિશિષ્ટ જ્ઞાન તે આહાર્ય બને. અને તદન્ય જ્ઞાન અનાહાર્ય બને, એમ અમે નથી કહેતાં. અર્થાત્ 'અનાહાર્યબુદ્ધિં પ્રતિ' પ્રતિબધ્ય કોટિમાં અનાહાર્યત્વં બાધકાલીનજ્ઞાનેચ્છાવિશિષ્ટાન્યત્વં અમે નથી કહેતાં. પણ હવે અમે ઉક્તાપત્તિ દૂર કરવા 'અનાહાર્યત્વ'નો ઉલ્લેખ ન કરતાં તેનું સંસર્ગમુદ્રયા ભાન કરી લઈશું. **જુઓ તે સંબંધ :**

વહ્ન્યભાવવદ્વિશેષ્યક વહ્નિપ્રકારકજ્ઞાનવિષયણીચ્છાવદાત્મા.

ઈચ્છાનો વિષય જ્ઞાન બને. ઈચ્છીયવિષયતા જ્ઞાનમાં રહે. ઈચ્છાનું વિશેષણ જ્ઞાન છે માટે તે અવચ્છેદક બને. જ્ઞાનમાં અવચ્છેદકતા રહે = ઈચ્છીયવિષયતાનિરૂપિતજ્ઞાન-નિષ્ઠાવચ્છેદકતા : જ્ઞાનમાં વહ્ન્યભાવવદ્ વિશેષ્ય છે અને વહ્નિ પ્રકાર છે= વહ્ન્યભાવવદ્માં વિશેષ્યતા છે. આ વિશેષ્યતાનો નિરૂપક જ્ઞાન છે. માટે નિરૂપકત્વસંબંધથી આ વિશેષ્યતા જ્ઞાનમાં જઈને રહે. એમ થતાં જ્ઞાન તાદશવિશેષ્યતાવત્ બને. એટલે વિશેષ્યતા એ વિશેષણ બનતાં અવચ્છેદક બને. તેમાં અવ.તા રહે. આ વિશેષ્યતાનિષ્ઠાવચ્છેદકતા ઉક્ત જ્ઞાનનિષ્ઠાવચ્છેદકતાથી નિરૂપિતા બને.=तन्निरूपिता या निरूपकत्वसंबन्धावच्छिन्नविशेष्यता निष्ठावच्छेदकता

હવે વહ્ન્યભાવવત્માં આ વિશેષ્યતા રહે છે માટે વહ્ન્યભાવવત્ એ સ્વનિષ્ઠત્વસંબંધથી વિશેષ્યતામાં રહે અને તેથી વહ્ન્યભાવવદ્વદ્વિશેષ્યતા બનતાં વહ્ન્યભાવવદ્ એ વિશેષ્યતાનું વિશેષણ બને. એટલે તે વહ્ન્યભાવવદ્ અવચ્છેદક બને અને તેથી વહ્ન્યભાવવદ્માં અવચ્છેદકતા રહે આ અવચ્છેદકતા પૂર્વોક્તવિશેષ્યતાનિષ્ઠા-વચ્છેદકતાથી નિરૂપિતા બને.= तन्निरूपिता या स्वनिष्ठत्वसम्बन्धावच्छिन्ना वह्न्यभाववन्निष्ठावच्छेदकता

હવે વહ્ન્યભાવવત્માં વહ્ન્યભાવ સ્વરૂપસંબંધથી રહે એટલે વહ્ન્યભાવ વિશેષણ બનતાં અવચ્છેદક બને તેમાં અવચ્છેદકતા રહે. આ અવચ્છેદકતા પૂર્વોક્ત વહ્ન્યભાવ-વન્નિષ્ઠાવચ્છેદકતા નિરૂપિતા બને=तन्निरूपिता या स्वरूपसम्बन्धावच्छिन्ना वह्न्यभाववन्निष्ठावच्छेदकता

આવી અવચ્છેદકતાઓથી ઘટિત જે તાદશ અવચ્છેદકતા સંબંધ, તેનાથી અવચ્છિન્ના જે ઈચ્છાનિષ્ઠાપ્રતિબંધકતા, તન્નિરૂપિક ઈચ્છાભાવ બને=तादृशावच्छेदकतासम्बन्धा-वच्छिन्नप्रतियोगिताको यः निर्वह्निविशेष्यकवह्निप्रकारकज्ञानं जायतां इत्याकारक

ईच्छाभावः ।

આ ઈચ્છાભાવ ઘટાભાવવદ્વહ્ન્યભાવવન્નિશ્ચય છે. એટલે સ્વાવ્યવહિતપ્રાક્ક્ષણાવચ્છિન્ના ઘટાભાવનિષ્ઠાધિકરણતા બની=तस्य या स्वाव्यवहित-प्राक्क्षणावच्छिन्ना घटाभावनिष्ठाधिकरणता

આવી અધિકરણતા ઘટાભાવમાં છે તે જ ધર્મિતાવચ્છેદક હોવાથી તેમાં જ ધર્મિતાવચ્છેદકતા પણ છે. એટલે સામાનાધિકરણ્યેન ઈચ્છાભાવા-ધિકરણતાવિશિષ્ટ ધર્મિતાવચ્છેદકતા બની = तादृशाधिकरणताविशिष्टा या धर्मितावच्छेदकता

આવા ધર્મિતાવચ્છેદકતા સંબંધથી तत्प्रकारकबुद्धित्वावच्छिन्नं प्रति तदभावप्रकारकनिश्चयः प्रतिबन्धकः ।

હવે ઉક્ત સંબંધથી ઘટાભાવમાં વહ્ન્યભાવનિશ્ચય પ્રથમતઃ પડેલો છે માટે ઈચ્છા થાય છતાં ય ઘટાભાવમાં વહ્નિબુદ્ધિ તાદશસંબંધથી રહી શકતી જ નથી અર્થાત્ **निर्वह्निः वह्निमान् घटाभाववांश्च वह्निमान्** એવી બુદ્ધિ થઈ શકતી જ નથી.

અહીં આપણે ઈચ્છાભાવાધિકરણતાનું વૈશિષ્ટ્યધર્મિતા-વચ્છેદકતામાં લીધું. તેમ ન લેતાં લાઘવાત્ ઈચ્છાભાવનું વૈશિષ્ટ્ય પ્રતિબંધક (નિશ્ચય)માં જ આપી શકાય=તાદશ(ઈચ્છાભાવવિશિષ્ટ જે ઘટાભાવવદ્વિષયકનિશ્ચય) સ્વરૂપસંબંધથી ઈચ્છાભાવ ઘટાભાવમાં રહે અને ધર્મિતાવચ્છેકતાસંબંધથી ઘટાભાવવદ્વહ્ન્યભાવવત્ નિશ્ચય પણ રહે. એટલે ઈચ્છાભાવવિશિષ્ટ નિશ્ચય બની જાય.

આ ગદાધારે પોતાનો વિચાર મૂક્યો :

गादाधरी : निर्व्वह्निः पर्व्वतो वह्निमानित्यादिस्थलीयदोषसाधारण्याय प्रकारान्तरेण लक्षणं वर्णयतां केषाञ्चिन्मतमाह

दीधितिः : तादृशपक्षे तादृशसाध्यवैशिष्ट्यस्य तादृश-साध्यनिरूपितव्याप्तिविशिष्टतादृशहेतुवैशिष्ट्यस्य चावगाहिनो ज्ञानस्य यद्विषयकं ज्ञानं विरोधिविषयकं तत्त्वम्,

---

गादाधरी : तादृशपक्ष इति । पक्षतावच्छेदकविशिष्टपक्ष इत्यर्थः। तादृशसाध्येति । साध्यतावच्छेदकविशिष्टसाध्येत्यर्थः। तादृशहेत्विति ।

हेतुतावच्छेदकविशिष्टहेत्वित्यर्थः, ज्ञानस्य विरोधिविषयकं यद्विषयकं ज्ञानमिति योजना ।

निर्वह्निः पर्वतो वह्निमान् સ્થલીય દોષમાં અવ્યાપ્તિના વારણ માટે દીધિતિકારે **अत्र वदन्ति** કલ્પનું અનુસરણ કર્યું છે. આ મત તે અવ્યાપ્તિ દૂર કરવા આ રીતે લક્ષણ બનાવે છે.

तादृशपक्षे तादृशसाध्यवैशिष्ट्यस्य तादृशसाध्यनिरूपितव्याप्ति विशिष्टहेतुवैशिष्ट्यस्य च अवगाहिनो ज्ञानस्य, यद्विषयकं ज्ञानं विरोधिविषयकं तत्त्वम् ।

હ્રદમાં વહ્નિ વૈશિષ્ટ્ય ધૂમવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન તે **ह्रदो वह्निमान् धूमात्** જ્ઞાન છે. તેનું વિરોધિવિષયક જ્ઞાન તે વહ્ન્યભાવવદ્હ્રદ જ્ઞાન છે. તે યદ્વિષયક હોય તદ્વિષય દોષ બને=વહ્ન્યભાવવદ્હ્રદ દોષ બને.

<u>गादाधरी</u> : ज्ञानम्=ज्ञानसामान्यम्, तेन घटादिविषयकस्य यस्य कस्यचित् समूहालम्बनज्ञानस्य तादृशज्ञानविरोधिबाधादिविषयकत्वेऽपि नातिप्रसङ्गः ।

જ્ઞાનપદથી અહીં જ્ઞાનસામાન્ય લેવું. અન્યથા **वह्न्यभाववद्ह्रदो घटश्च** સમૂહાલંબનજ્ઞાન પણ વિરોધિવિષયકજ્ઞાન છે. તે ઘટવિષયક હોવાથી ઘટ દોષ બની જવાની આપત્તિ આવે. હવે ઘટવિષયકજ્ઞાનસામાન્ય વિરોધિવિષયક નથી માટે તેમાં અતિવ્યાપ્તિ સંભવે નહિ.

આમ 'સામાન્ય' પદ લેતાં જ્ઞાનત્વં સ્વાવચ્છિન્નવિષયકત્વવ્યાપક-તાદશજ્ઞાનવિરોધિવિષયિતાકધર્મવત્ત્વં પર્યવસિતાર્થ થયો. વહ્ન્યભાવ-વદ્હ્રદત્વાવચ્છિન્નવિષયકત્વ-વ્યાપક વહ્નિમાન્જ્ઞાનીયવિરોધિવિષયિતા (વહ્નિમદ્હ્રદ) છે. તેવી વિષયિતાની નિરૂપક જે વહ્ન્યભાવવદ્હ્રદબુદ્ધિ, તેનો ધર્મ જે તાદશબુદ્ધિત્વ. તે જ વિરોધિવિષયકજ્ઞાનત્વ ।

<u>गादाधरी</u> : स्वावच्छिन्नविषयकत्वव्यापकतादृशज्ञानविरोधि-विषयिताकधर्म्मवत्त्वमिति तु फलितार्थः । अत्र च विषयितानिष्ठं

स्वरूपसम्बन्धात्मकतादृशज्ञानविषयकग्रहप्रतिबन्धकतावच्छेदक-तात्मकतादृशज्ञानविरोधित्वमेव निवेशनीयम्, न तु विषयनिष्ठं निर्वाच्यतादृशज्ञानविरोधित्वम्, तस्यैव लक्षणत्वसम्भवेन शेषवैयर्थ्यप्रसङ्गात् । अत्र च विषयनिष्ठस्य निर्व्वाच्यतादृशज्ञानविरोधित्वस्यैव तदपेक्षया लघुतया तदेवाह तादृशज्ञानविरोधित्वं वेति ।

दीधितिः : तादृशज्ञानविरोधित्वं वा हेतुदोषत्वम् । ज्ञानविरोधित्वञ्च तद्विषयविषयकग्रहविरोधिग्रहविषयत्वम् । एवंविधैव रीतिरुत्तरत्र सर्वत्र सव्यभिचारलक्षणादावनुसर्त्तव्या इत्यापि कश्चित् ।

गादाधरी : तादृशज्ञानविरोधित्वं यदि तादृशज्ञानप्रतिबन्धकतावच्छेदकस्वाववच्छिन्नविषयिताकधर्मवत्त्वं तदा पूर्वनिरुक्तयथाश्रुतमूलार्थ एव पर्य्यवसानात् निर्वह्निः पर्वतो वह्निमानित्यादिस्थलीयदोषाव्याप्तितादवस्थ्यमिति तन्निर्वक्ति ज्ञानविरोधित्वञ्चेति । तद्विषयविषयकेति। तथा च निर्वह्निः पर्वतो वह्निमानित्यादौ तादृशज्ञानविरोधिज्ञानाप्रसिद्ध्यापि तद्विषयविषयकस्य निर्वह्निः पर्वत इति ज्ञानस्य प्रतिबन्धकं यद्वह्निमान् पर्वत इति ज्ञानं तद्विषयतामादायैव वह्निमत्पर्वतादिरूपतत्स्थलीयाश्रयासिद्ध्यादौ लक्षणसमन्वयः ।

આ લક્ષણ કરવા છતાં ય **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળે વહ્નિમત્પર્વતમાં અવ્યાપ્તિ ઊભી રહે છે કેમકે આ નિર્વહ્નિત્વવિ.પર્વતમાં વહ્નિવૈશિષ્ટ્ય અને ધૂમવૈશિષ્ટ્ય છે તેવું જે **निर्वह्निपर्वतो वह्निमान् धूमात्** જ્ઞાન. એનુ વિરોધિવિષયક વહ્નિમત્પર્વત જ્ઞાન બનતું જ નથી કેમકે ઉક્તઆહાર્યજ્ઞાનનું તે વહ્નિમત્પર્વતજ્ઞાન વિરોધી બની શકે નહિ આમ વિરોધિવિષયકજ્ઞાન જ અપ્રસિદ્ધ હોવાથી આગળ લક્ષણની સંગતિ કરવાની વાત જ ક્યાં રહી ?

આ અવ્યાપ્તિ દૂર કરવા માટે જ કશ્ચિત્ મત "तादृशज्ञानं यद्विषयकज्ञानविरोधि" न

કહેતાં **तादृशज्ञानविरोधित्वं तत्त्वम्** એટલું જ કહેવા દ્વારા આ દ્વિતીયકલ્પનું અનુસરણ કરે છે. તેમાં વિરોધિત્વં તદ્વિષયવિષયકગ્રહવિરોધિવિષયત્વં કહે છે.

હવે તાદૃશ એટલે કે **निर्वह्निपर्वतो वह्निमान् धूमात्** જે જ્ઞાન તેનો જે વિષય નિર્વહ્નિપર્વતઃ એ છે વિષય જેનો એવો જે નિર્વહ્નિપર્વતગ્રહ, તેનો વિરોધિ વિષય વહ્નિમત્પર્વત બની જ જાય. આમ તાદૃશજ્ઞાનવિરોધિ વહ્નિમત્પર્વત બની જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

હવે આ દ્વિતીય કલ્પમાં વિરોધિ વિષય બન્યો છે માટે વિરોધિત્વ વિષયનિષ્ઠ બને છે. પ્રથમકલ્પમાં 'વિરોધિ જે વિષયિતા' એમ કહ્યું છે માટે વિરોધિત્વ એ વિષયિતાનિષ્ઠ બને છે. અર્થાત્ સ્વરૂપસંબંધાત્મક જે જ્ઞાનવિષયવિષયકગ્રહનિષ્ઠપ્રતિબધ્યતાનિરૂપિત-પ્રતિબંધકતાવચ્છેદકતા, તાદૃશઅવચ્છેદકતાત્મક જે તાદૃશજ્ઞાનવિરોધિત્વ એ વિષયિતાનિષ્ઠ લેવું.

જો વિષયનિષ્ઠ તાદૃશજ્ઞાનવિરોધિત્વં અહીં જ લઈ લઈએ તો તે જ અગ્રિમકલ્પઘટિતલક્ષણાન્તર બની જતાં 'यद्विषयकं ज्ञानं विरोधिविषयकं' એવા શેષ અંશની અહીં વ્યર્થતા સાબિત થઈ જાય માટે તેમ ન કરવા માટે વિષયિતાનિષ્ઠ વિરોધિત્વ જ અહીં લેવું.

હવે આ કલ્પને છોડવાનું એક કારણ એ બતાવે છે કે આ કલ્પ ગુરુભૂત છે માટે લઘુભૂત દ્વિતીય કલ્પનું અનુસરણ કરવું આવશ્યક છે. આગળ વધતાં **कश्चित्** ના પ્રથમ કલ્પમાં **निर्वह्निः पर्वतो वह्निमान्** સ્થળની અવ્યાપ્તિ ઊભી જ રહે છે માટે દ્વિતીય કલ્પનું અનુસરણ અને તેમાં પણ **विरोधित्वं तद्विषयविषयकग्रहविरोधिग्रहविषयत्वं** કહેવું જરૂરી છે એમ કહે છે એમ થવાથી જ તાદૃશજ્ઞાનવિરોધિજ્ઞાન અપ્રસિદ્ધ હોવા છતાં ય હવે અવ્યાપ્તિ રહેતી નથી.

<u>गादाधरी</u> : अथ घटवद्भूतलादिरूपोदासीनपदार्थविषयकसमूहालम्बनात्मकपक्षतावच्छेदकावच्छिन्नविशेष्यकसाध्यतावच्छेदक-विशिष्टसाध्यतद्व्याप्यहेतुप्रकारकज्ञानविषयविषयकघटवद्भूतलादि-ज्ञानप्रतिबन्धकज्ञानविषयघटाभाववद्भूतलादावतिव्याप्तिः।

ઉત્તરપક્ષ : આમ કહો તો તો તમારા લક્ષણની ઉદાસીન પદાર્થમાં અતિવ્યાપ્તિ આવે

છે. **ह्रदो वह्निमान् धूमात् भूतलं च घटवत्** એવા સમૂહાલંબનજ્ઞાનવિરોધિજ્ઞાનવિષય ઘટાભાવવદ્‌ભૂતલંમાં લક્ષણ ચાલી જતાં **ह्रदो वह्निमान्** સ્થળે **घटाभाववद्‌भूतलं दोष** બની જતાં અતિવ્યાપ્તિ આવી.

